જેહાંગીર કરાણીવાલી ગુજરાતી પુસ્તક માળા.

રસીક વાર્તાઓ.

જુદાં જુદાં કસાયલાં મખ્યાત લેખકોથી લખાયલી
રસીલી વાર્તાઓનો સંગ્રહ.

આધિપતી—રફીક.

પ્રસિદ્ધ કરનાર
દી. લખમીદાસની કું૦,
(લેટ કરાણીની કું૦, લીમીટેડ.)
સ્ટાન્ડર્ડ પ્રીંટીંગ પ્રેસ.
પારસી બજાર, કોટ,
મુંબઇ.

કીમત આઠ આના.

જેહાંગીર કરાંણીવાલી ગુજરાતી પુસ્તક માળા.

રસીક વાર્તાઓ.

૫૮-૧૮

જુદાં જુદાં કસાયલાં પ્રખ્યાત લેખકોથી લખાયલી
રસીલી વાર્તાઓનો સંગ્રહ.

પ્રસિદ્ધ કરનાર
ધી. લખમીદાસની કું૦,
(લેટ કરાંણીની કું૦, લીમીટેડ.)
સ્ટાન્ડર્ડ પ્રીંટીંગ પ્રેસ.
પારસી બજાર, કોટ,
મુંબઇ.

કીમત આઠ આના.

૫૯૮૩

અનુક્રમણીકા.

રસીક વાર્તાઓ.

ગુનેહગાર કોણ?

(લખનાર—મીસ મહેરબાનું કા. દાવર.)

પ્રકરણ ૧ લું.

એક વીચીત્ર મુલાકાત.

"આપણું ઘડયાલ ઘણું જલદી ચાલેછે. જયાં છે ત્યાં કોઇએ તેનાં કાંટા ફેરવી ઉતાવલું કરી મુકયું છે. ટ્રેન કેમ નહીં આવી?" આ બોલનાર એક સારા દેખાવનો અઢાર ઉમરનો ગ્રહસ્થ હતો.

"નહીં, કાકાજી આપણું ઘડયાલ જેટલું ઉતાવલું નથી, તેટલાં આપણાં ટટુ ઉતાવલાં છે. તમોએ ચારે પગે તેમને છોડી દીધાં હતાં." ગાડીમાં તેની પાડોશમાં બેઠેલી તેની ભત્રીજી "હોપ" બોલી.

આ બે કાકા ભત્રીજી હતાં; કાકાએ લશકરી પોશાક પહેર્યો હતો, તેનું નામ જેનરલ ફ્રેન્ટ હતું, ગાડી પરથી લગામ દુર ફેંકી દઇ, તે નીચે ઉતર્યો, અને પોતાની લાડકી ભત્રીજી હોપને ઉતારવા હાથ આપયો. તે જવાંન છોકરી કાકાનો હાથ ધરી ઝડપમાં નીચે ઉતરી પડી.

તેઓ "મારક બોરીના" સ્ટેશન પર હતાં, ટ્રેન હજી આવી હતી નહીં. "કેમ સ્ટેશન માસ્તર! ટ્રેનને આજે વાર લાગી? વારૂ કાંઇ નવાં પેપર આવ્યાંચ કે?" જેનરલ ફ્રેન્ટે પૂછયું.

"નહીં સાહેબ, પેપર હજી આયાં નથી."

"નહીં? વારૂ પેલા નાપાક નીહીલીસ્ટો પકડાયા કે? મોસ્કોમાં ધોળે દીવસે ખુન ચલાવીને કયાં છુપાઇ બેઠા છે? મોસ્કોની પોલીસનાં વડા ઇવાનનું ખુન કરી તેઓ કયાં ગુમ થઇ ગયાછે?"

"તે વીષે હજી કાંઇ હમને ખબર પડી નથી, જેનરલ સાહેબ."

આ સાંભળી લીધા પછી જેનરલે પોતાની ભત્રીજી હોપનો હાથ પોતાના હાથમાં લઇ પલેટફોરમ પર આમથી તેમ ફરવા માંડયું.

"ગરમ ડ્રેસ કીધોચ કે મધુરી?"

"હા, કાકાજી."

"વારૂ તું તારી સહીને ત્યાં મોજ કરવા જાયછે, એટલાં મને વીસરતી નાં, દીકરી જલ્દી આવજે."

"ત્રણ અઠવાડયા પછી આવીશ, કાકાજી!" તેણી બોલી.

"એટલા વખતમાં પણ તેણી તને આવવા દે ત્યારે કે! મારા "બોબને" પણ મલજે."

બીજી થોડીક વાતચીત પછી ટ્રેન આવી લાગી, તે ટ્રેન થોડો વખત સ્ટેશન પર થોભતી હતી. જેનરલે એક પહેલા વરગની સારી જેવી ખાલી ગાડી જોઇ, તેમાં હોપને ચહડાવી દીધી.

"ચાલ દીકરા! જતાંને વાર કાગલ લખજે!" કાકાએ કહ્યું.

"સૌ પોત પોતાની જગ્યા લેવો," ગાર્ડે પોકાર્યું. અને બધાં લોકો ગાડીમાં ગોઠવાઇ ગયાં.

"અરે! થોભો કાકાજી, આ ગાડી તંબાકુનાં વાસથી ઘણી ગંધાય છે, એનાં વાસથી મારૂં માથું દુઃખી આવશે."

"ઠીક, ઉતાવલ કર! આ પાસેના ડબામાં બેસી જા! એ પણ ખાલી છે."

સહેજવારમાં ગાડી અદલ બદલ કરીને ભત્રીજીએ કાકાને શેકહેન્ડ કરી લીધી.

"બાજુ જાવ" ગાર્ડે પોકાર્યું અને ગાડી આગળ ચાલી.

મીસ હોપ ફૅરન્ટ એક ચોપડી લઇ વાંચવા બેઠી. તેણીનાં માતપીતા હતાં નહીં. તેણી જેનરલ ફૅરન્ટનાં એક પુરા ભાઇની બેટી થતી, અને મા બાપનાં મરણ પછી, પોતાની પુંજી સાથ કાકા આગળ તે રહેતી હતી.

આંખ દુઃખી આવવાથી તેણીએ ચોપડી બાજુએ નાંખી.

"આ એ શું?" તેણીએ પોતાંની ગાડીની બારી આગળ એક મરદને લટકેલો જોયો; તે લોઢાનો સળ્યો ધરી, અંદર કુદી આવવા માંગતો હોય તેમ દીસ્તું. ગરીબ હોપ! તેણી ઘણી ગભરાઇ, અને ફગલાઇ ગઇ. તેણી માંથાથી પગ સુધી ધ્રુજતી બેઠી. ચાલતી ગાડીએ ચીશ પાડે તો શું ફાયડો? તેણીનું કોણ સાંભળે? અંતે પેલો શખ્શ સળ્યો ધરી અંદર કુદી પડયો, મોટી કાલી દહાઢી, અને કાલી મોટી (નાંક સુધી ઉતારેલી) ટોપીથી તેનો ચહેરો ઢંકાઇ ગયો હતો.

"ઓ ખોદા! ઉપડતી વેલા આ ગાડીને મેં ખાલી જોઇ હતી." તે હોપને જોઇ બોલ્યો. "નહી, નહી બીહોનાં બાઇ, હું મારી આબરૂનાં વચન સાથ જણાવું છું કે હું તમોને ઇજા કરનાર નથી. 'મારક બોરો'થી ઉપડતી વેલા, મેં આ ગાડીને ખાલી જોઇ હતી, તેથીજ મેં તેમાં આવવાનો વીચાર કીધો. હું હવે તમારી દયાપર છું. મારૂં સાંભળી લઇ મને ઇનશાફ આપજો."

હોપ તે સાંભલી હવે છુટકારાથી દમ લેવા લાગી, તોપણ તેણીનો ગભરાટ નરમ પડયો નહીં.

"તમોએ શું કીધું છે? અહીં શા વાસ્તે આવ્યા છો?" તેણીએ બીહીતાં પુછ્યું.

"ખાત્રીથી માનજો બાઇ કે મેં કદી પણ જેલમાં જવા જેવું કામ કીધું નથી." પેલા અજાણ્યાંએ ગરદન આસપાસથી લપેટેલો કોઠલો છોડતાં કહ્યું. "તોપણ પોલીસથી હું નહાસું છું. એકલી ઇંગલીશ પોલીસથીજ નહી, પણ રસ્યનનથી પણ. એકલી ઇંગલીશ પોલીસ મારી પુઠે હતે તો હું તેને શરણ થતે. પણ બાનુ! તમો ધ્રુજોછો, તમને મારી હાજરીથી બીહીક ઉપજે છે તે માટે હું પસ્તાવું છું, પણ થોભો; મને યાદ છે કે આપણી પાસેની ગાડી પણ ખાલી છે, ત્યાં હું જઇ મારી હાજરીની તમારી બીહીક નરમ પાડીશ. "અરે! નહી નહી, આવી ચાલતી ગાડીએ ફરીને તમારા જીવને જોખમમાં નાખશો નહીં." હોપે દયા બતલાવી.

"ત્યારે તમારી ચુપકીદીથી તમો મને બંચાવી લેશો?"

"શું તમોએ કોઇને મારી નાંખ્યું છે?" હોપે સામું પુછ્યું.

"એક હજાર વાર નહીં! હું વેષ બદલી નહાસ્તો ફરૂંછું. ફક્ટ તમારા એકજ બોલથી હું સપડાઇ જઇશ! તમારી પર હું વીશ્વાસ રાખું?" એમ બોલતાં તેણે પોતાની ટોપી તેમજ દહાઢી કહાઢી નાખી, અને દુર રસ્તા પર ઉશાડી દીધી. પછી કોઠલામાંથી એક નહાની ટોપી કહાઢી માથે મેલી. હોપ તેને અજાયબીથી જોતી બેઠી. આવો ખુબસુરત ગ્રહસ્થ દેખાવનો આસામી, તેને પોલીસથી નહાસી ફરવાનું શું કારણ મળ્યું હશે?

"મને બચાવી લીધાથી તમો કાંઇ ગુનાહમાં આવી પડશો નહીં. બાઇ, હું રસ્યાનો રહીશ છું, અને નીહીલીસ્ટની ટોલીવાલાઓ સાથે મને દોસ્તી છે. આ નીહીલીસ્ટની ટોલીમાનાં કોઇએ મોસ્કોની પોલીસનાં વડા ઇવાનનું ખુન કીધું, મને બધાંઓ તેમાં સામેલ ધારે છે, પણ તે જખુન કામથી હું વાકેફ હતો નહીં, મને મારા ટોલકીવાલાઓએ આ કામ વીશે આગમજથી વાકેફ

કીધો હતો નહીં; જે દીવશે ખુન થયું તે દીવશે આગમજની ગોઠવણ પ્રમાણે હું રસ્યાથી લંડન આવવા ઉપડયો. હું મારી માંને મલવા જતો હતો. તેજ દહાડે રસ્યામાં ઇવાનનું ખુન થયું. અને મારી ગેરહાજરીપરથી ઘણાંકોને મારી પરજ શક ગયો. મારા એક દોસ્તે મને ચેતાવ્યો છે, કે મારે સંભાલમાં રહેવું, કારણ કે રસ્યન અને ઇંગલીશ પોલીસ મારી પુઠે લાગી છે. મેં નહાસ્વાનો વીચાર કીધો, જ્યારે હું ટ્રેન પર આવ્યો, ત્યારે મેં એક રસ્યન ડીટેકટીવને મારી શોધ કરવાને સાથેની ટ્રેનમાંજ ઉપડવાની તૈયારીમાં જોયો; જે વીશે મેં મારા ઉપલા દોસ્તને જણાવ્યું, તેણે કાંઇક બહાણા કહાઢી તે રસ્યનને ઉપડતો અટકાવ્યો. તેણે મને જોઇ લીધેલો હોવાથી, મારા પોશાકનું વર્ણન પાસેનાં સ્ટેશન પર મોકલ્યું હશે. મેં આગમજથી ગોઠવણ રાખેલી હતી તે પ્રમાણે મેં ડ્રેસ બદલી નાંખ્યો છે. રસ્યાનું કેદખાનું કેવું દોજખી છે, તે જો તમો જાણતાં હોવો તો, મારી દયા ખાધા વીના રહો નહીં. તેવાં દોજખી ધામમાં જવાનાં કરતાં હું એક હજાર મોતે મરીશ. હું જ્યારે મારક બોરોથી ઉપડયો ત્યારે ટ્રેન મેં ખાલી જોઇ હતી, પણ મારી ટ્રેનમાં એક બીજો મુસાફર હતો તેને આવતાં વાર ઉંઘાવા માંડયું, જેથી હું અહીં નહાસી આવ્યો અને મારો અવતાર બદલયો."

"પણ હવે પછી શું કરવા ધારોછો?" હોપે પુછયું.

"ગાડી થોભશે ત્યારે ગડબડ સડબડમાં હું અંધારામાં ભેલાઇ જઇ, ભાડેની ગાડી કરી ચાલતો થઇશ, અને મારૂં નીરદોશપણું જ્યાં સુધી સાબેત ન થાય, ત્યાં સુધી એક ઠેકાંણે ભરાઇ રહીશ. પણ જો મારા ચહેરાનું વરણુન પેલા ડીટેકટીવે લીધું હશે, તો હું પકડાઇ જવાનો. કપડાંનુંજ વર્ણન કીધું હોય તો મને ફીકર નથી. કારણ મેં મારાં કપડાં તો બદલી નાંખ્યાં છે! તમો આ ગાડીમાં કેમ આવી લાગ્યાં? એ તો મેં ઉપડતી વેલા ખાલી જોઇ હતી?"

"હા, પણ ગાડી ઉપડવા માંડી તેવામાં મેં તે બદલી નાખી; મારી ગાડી તંબાકુથી વાસ મારતી હતી, જેથી હું આમાં આવી બેઠી. તમારી સલામતીની મને ખબર કેમ થશે?"

"હું તમને તે લખી જણાવીશ."

"કયે સરનામે?"

"આ!" એટલું બોલી, હસીને, તેણે હોપની ત્રંક બતલાવી; જે પર તેણીનું નામ અને ઠેકાણું લખ્યું હતું. "એ મને યાદ રહેશે. ચાલો, ટ્રેન ધીમી થઇ, સ્ટેશન આવ્યું."

"હા, તમારી સલામતીનાં ઉપાયો લેજો, ખોદા નીરદોશોને બચાવે!" હોપે ઇચ્છયું. ટ્રેન થોભી. ઝપાટામાં ટ્રેનનો દરવાજો ખોલી તે રસ્યન બહાર અંધારામાં ચાલતો થયો. હાથમાં ફાનુસ લઇ સ્ટેશન માસ્તર હોપની ટીકીટ તપાસવા આવ્યો.

"ટ્રેનમાં આવી મોટી ચોરી થાય, ઓ! એ ઘણુંજ ખરાબ છે." એક જને કહ્યું.

"હારે! ઘણુંજ ખરાબ, ચોર ટ્રેનમાંજ હોવો જોઇયે." બીજો બોલ્યો.

"આ લોક શું બોલે છે? ચોરી થઇ, અને ચોર ટ્રેનમાંજ છે, ઓ ખોદા!" હોપે વીચાર્યું.

તેણીએ હવે ચોપાસ જોયું અને પોતાની સહી લેડી થોરનટનનાં ચાકરને ત્યાં ઉભેલો જોયો.

"મીસ! મારા બાઇ સાહેબને ઠંડી લાગી આવીછે, વાસ્તે તેઓ તમને લેવા આવી શકયા નહીં, હું સામન લાવુંછું, તેટલાં બોહામ ખોટી છે તેમાં બેસો."

હોપ નીચે ઉતરી, એટલાં એક ઠીંગણો શખ્સ ત્યાં રડતો અને ફરયાદ કરતો આવી લાગ્યો.

"મને લુટી લીધો! ઓ ખોદા! મારી ચોરી થઇ છે! મારી મોટી રકમ લુટાઇ ગઇ છે!" તે ઠીંગણો શખ્સ ચીચારી પાડી બોલ્યો. એક મોટું ટોલું તે શખ્શ આસપાસ જમ્યું.

હોપે દુર નજર ફેંકી. જ્યાં તેણીનો સાથી મુસાફર, પેલો રસ્યન જવાંન, એક બાજુએ ઉભો રહી, શાંતીથી સીગાર પીતો હતો! તે કાંઇપણ ઉતાવલમાં દીસ્તો નહીં. હાથપર ઓવરકોટ નાંખી તે ઉભો હતો.

"જો ત્યાં શું થયું છે? તે જોઇ આવ." હોપે નોકરને ફરમાવ્યું. અને પોતે વાત જોતી ઓહામમાં જઇ બેઠી. આ અજબ જેવી મુશાફરીથી તેણીને ફેર આવતા હતા. તેણીએ વીચાર્યું કે જો તે રસ્યન ખરેખર ગુનેહગાર હોય તો! ઓ ખોદા! એક ખુની સાથ મુશાફરી કરવી, એ ખ્યાલજ તેણીને કેવો ભયંકાર લાગતો એટલાં ચાકર આવી લાગ્યો, અને ટોપીપર હાથ મુકી તે બોલ્યો:—

"હમણાં ત્રેનમાં મુશાફરી કરતી વેળા એક શખ્શની મોટી ચોરી થઇ છે, મીસ! તે પોતા સાથ ઘણું નાણું લઇ મુસાફરી કરતો હતો, તેની સાથ એક બીજો પણ શખ્શ હતો. તેને જરા વારે ઉંઘ આવી. ત્રેનનાં થોભવાની જરાક વખત આગમજ તે જાગી ઉઠયો, અને જોય છે, તો તેનું નાણું, ઘડયાલ તેમજ તેની સાથ મુસાફરી કરનાર પેલો શખ્શ ત્યાં મલે નહીં! મારકઓરેથી અહીં સુધી ટ્રેન થોભી નથી. ત્યારે આવી ચોરી થાય એ ઘણું નવાઇ જેવું છે."

પ્રકરણ ૨ જું.

ચોર! ચોર!!

જે હીંગણા શખ્શની ચોરી થઇ હતી, તેની હવે ખબર લેવી જોઇયે. તે પાટલો અને નહાંનાં કદનો, ઝીણાં બાલવાલો, બ્લુ આંખવાલો, હીંગુજી હતો. હમણા ફીકરથી ફીક્કો મારી તે ધ્રુજતો હતો. ઇન્સપેક્ટરે આવી તેને ઘણી બારીકીથી સવાલો કરવા માંડયા.

"હવે સાહેબ," ઇન્સપેક્ટર ઉતાવલમાં બોલ્યો. "ઝડફથી અને ટુંકમાં જે જે બન્યું તે કહી જાવો. કારણ હું માનુંછું કે એ બાબદને કોઇ બીજી મોટી બાબદ સાથ સંબંધ છે."

"હા, સાહેબ, તેમ હોવુંજ જોઇયે." લુટાયલો સખ્શ બોલ્યો. મારી પાકેટબુકમાં નોટો, સીક્કા, અને ચેકો મલી લગભગ અગયારસેં પાઊંડ હતા. એ મેં બધેથી મારા શેઠો "શીઅરસ અને જડકીનની" ફરમાસથી એકઠા કીધા હતા. હું મારકઓરેથી ઉપડયો, તે વેળા મેં જોયું કે મારી ગાડીના ખુણાંમાં એક શખ્શ ડબાઇને બેઠો હતો. તેણે મોટી કાલી ટોપી અને દહાઢીથી પોતાનું મોંહ છુપાવ્યું હતું. હું ઠાકેલો હતો, જેથી તુરત ઊંઘી ગયો."

"તે વખતે તમે તમારા પૈસા કયાં મુકયા હતા?"

"દગલાનાં છાતી પરનાં અંદરનાં ગજવામાં. સુતી વેળા મેં મારાં બટનો ખોલી મુક્યાં હતાં."

"બીજા કોઇને ખબર હતી કે તમારી પાસ આટલું બધું નાણું હતું?"

"નહીં કોઇને નહીં, જ્યારે હું ઊંઘમાંથી જાગ્યો ત્યારે મેં મારા સાથી મુસાફરને ગાડીમાં જોયો નહીં, ગાડીનો દરવાજો ખુલ્લો હતો. મેં બીહીને મારી પાકેટ બુકપર હાથ નાંખ્યો, પણ તે ત્યાં હતી નહીં! મારા શેઠોનાં બધા પૈસા ચોરાઇ ગયા, હવે શું થશે!"

"તમારી ગાડીમાં બેઠેલો આદમી કોઇ પરદેશી લાગતો કે?" ઇન્સપેક્ટરે પુછ્યું.

"મને ખબર નથી. પણ મને લાગું કે તે ઇંગ્રેજ નથી."

"તમારૂં નામ મહેરબાની કરી જણાવશો?"

"મારૂં નામ જોસફ કીટીંગ છે, અને હું ઇસલીંગટન ખાતે રહુંછું, હું પાધરો મારા શેઠો પાસે જઇ મારી કમનસીબીની વાત કહુંછું" એટલું બોલી તે ઝપાટામાં ત્યાંથી ચાલી ગયો.

"એટલા બધા જોખમ સાથે આદમી કેટલાં બધાં નબરવશ રહે છે !" તેને જતાં જોઇ ઇનસપેકટરે પોતાનાં સાથીને કહ્યું."

"હારે ! હું ખાત્રીથી માનુંછું કે ચોર પેલો રસ્યન હોવો જોઇયે. ચોરી કરી ચાલતી ગાડીએ કુદી પડયો હશે, તેથી જરૂર તેની ગરદન ભાંગી હશે."

તેઓને શોધ કરતા છોડી, જોસફ કીટીંગ ભારી દીલે, ચોરીની ખબરો પોતાનાં શેઠોને કરવા ગયો. તેનાં ઇસ્લીંગટન ખાતેનાં મકાનમાં તેની આવવાની તૈયારીઓ ચાલી રહી હતી. તે ઘર મેડમ એલનનું હતું, અને જોસફ કીટીંગ એકલો કુંવારો સખ્શ હોવાથી, તેણી તેને રાંધી પણ ખવાડતી હતી. આજે તે આવનાર હતો, જેથી તેનો ઓરડો સાફસુફ કરી હમણા મેડમ ઍલન તેને માટે એક સઘડી સલગાવવામાં રોકાઇ હતી. તેણી ગુંઠણપર પડી વાંકી વલી સઘડીમાં આતશ સલગવાની કોશેશ કરતી. જ્યારે તેણી આ કામમાં રોકાયલી હતી, ત્યારે તેણીની જવાંન છોકરી હસ્તી, રમતી, કુદતી, તે ઓરડામાં દોડી આવી.

"કાં મમા ! હજી બલતું થતું નથી ? તમારી કમર દુખી આવી હશે, મા ! હું બળતું સલગાવું ? બલતું કરવામાં હું હુશયાર છું." મોટેથી હશી તે છોકરી, માને ઉઠાડી, તેની જગ્યા પોતે લીધી.

"મમા ! કાંઇ મીણબતીનો ટુકડો હોય તો લાવોની, તરત બળતું સલગી ઉઠશે."

"ના ઓગસ્ટા દીકરી, મીણબતીની વાસથી ઓરડાની હવા બીગડશે."

"વારૂં મમા !" એટલું બોલી ઓગસ્ટા ઉઠી, અને એક મુઠી ભરી કાગલનાં કડકા, લાંકડાનો થોડોક ચુરો લઇ તે સઘડીમાં નાખ્યો; અને પછી છુટે હાથે દીવાસલીનો ઉપયોગ કરતાં બળતું સલગયું.

"કેમ મમા ! કોણ જીત્યું ?" તે છોકરીએ હસીને માને પુછ્યું, અને ઉભી થઇ.

"ચાલો હવે ખાંણાંને લગતી તૈયારીઓ કરવી જોઇયે. હજુર કીટીંગ આવ્યા કેમ નહીં ? અફશોશની વાત છે કે તેને માટે ફકટ ઠંડું પુડીંગ અને બીફ સીવાય બીજું કાંઇ નથી ચાલ ઓગસ્ટા, ટેબલ બીછાવ ! મોટી બતી સલગાવ. અને સઘડીમાં બળતું ઉસ્કેરયા કરજે."

ઓગસ્ટાને બીજી વાર કહેવું પડે નહીં, તેણીએ જોતાજોતામાં ટેબલપર સફેદ કપડું પાંથરી દીધું, મોટી બતી સલગાવી. અને સઘડીને પુર ગરમી આપતી કીધી.

"આજે કીતીંગને શું થયુંછે ?" બેઉ મા દીકરી આ બોલ ઘણીવાર બોલ્યાં.

વાત જોતાં જોતાં અંતે કીટીંગ આવી લાગ્યો, ફીકે અને લઠડતે પગલે તે અંદર આવ્યો.

"અરે મી૰ કીટીંગ ! તમારી રાહ જોતાં આજ હમે થાંકાં; ચાલ છોકરી સામન એવનના માળપર લઇ જા. હું ગાડીભાડું આપું, કે તમોએ આપ્યું છે ?" મેડમ એલને ઘરપચ કીધી.

"તમો આપો" જોસફ કીટીંગ બોલ્યો. "આજે હું મરતાં બચ્યો."

"કાંય વારૂં ? જીવને તો સારૂં છેની ?" મેડમ એલને ઇંતેજારી બતલાવી.

"આજે મને લુટી લીધો છે. ટ્રેનમાં મારી પાસનાં પૈસાની ચોરી થઇ. મોટી વાત તો એ છે કે ચોરે મને મારી નાંખ્યો નહીં !"

"ઓ ખોદા ! એ શું બોલોછો !" ઓગસ્ટાએ ઇંતેજારીથી પુછ્યું.

"ખરી વાત છે, મને ટ્રેનમાં લુટયો છે. અરે ! મારો જાન જાયછે. કોઇ મને જરા બ્રાંડી પાણી આપો !"

બ્રાંડી પાણી પીધા પછી કીટીંગે મુસાફરીની વાત કહી, અને વધાર્યું કે તે ચોરે તેને જ્યાં છે ત્યાં, ક્લોરોફોમ આપી બેસુધીમાં નાંખ્યો હશે.

"અરે ખોદા! કેવું ભયંકર!" આંખ લુછતાં મેડમ એબન બોલી. "મી૦ કીટીંગ, સારે તમોને ખોદી દેવાની અણીપર આજ હમો હતાં! હું એ સમજીને આજે એટલી નબલી થઇ ગઇછું, કે જો તમો મને એક પીછું મારો તો હું પડી જાવું!"

ઓગસ્ટાથી આ તેણીનાં માના બોલવા પર હસ્યા વીના થોભાયું નહીં.

મી૦ કીટીંગ આ વેળા પોતાંના રૂમાલનો ધુમ ઉપયોગ કરતો. સુકી આંખ લુછી લુછીને લાલ બનાવી દીધી. આંસુની જાત અંદર ઝાઝી હતી નહીં.

"દીલાસો માંની લેવો મી૦ કીટીંગ! કે તે ચોર ચાલતી ગાડીએ કુદી પડતાં, ગરદન બાંજી પડયો હશે, અને તેમ કરતાં તેનીપરના બધા પૈસા પાછા મલશે" ઓગસ્ટાએ સુચવ્યું.

"ખોદા કરેને તેમ થયું હોય!"

"મા! હું એવનને માટે સારૂં જેવું ખાણું કરી લાવુંછું."

"નહીં, હું આજે કાંઇ લઇશ નહીં, ફક્ટ એક હાફબોઇલ ઈંડું, અને થોડુંક ભુંજેલું ગોષ્ટ લઇશ તે સીવાય બીજું કાંઇ નહીં!"

પ્રકરણ ૩ જું.

નવી દોસ્તી—નવો ભાડુત.

મીસ હોપ ફ્રૅરેન્ટ પોતાંની સહી લેડી થોરનટનને ત્યાં ગઇ, તેની બીજી સહવારે આપણે તેણીને નાસ્તો લેતી એક્લી બેઠેલી જોઇશું. લેડી થોરનટન અને તેણીનો ખાવીંદ પોતાના ઓરડામાં નાસ્તો લેતાં હોવાથી, તેણી એખલી નાસ્તો લેતી, તેટલાં તેણીનો પીત્રાઇ "બોબ" ફ્રૅરેન્ટ આવી લાગ્યો.

"હો! હો! તું આવી કે? મારા બાવાજી કેમ છે?" બોબે આવતાં વાર સવાલ મુકયો તે અહીં લશકરમાં જોડાયલો હોવાથી તેનાં બાપથી દુર રહેતો.

"ઘરે કાકાજી સૈ સારી કાંની છે. બોબ, પણ તું કેમ છે? બેસ સાથે નાસ્તો લઇએ." તેણી બોલી.

"તેં કાંઇ સાંભલ્યું કે હોપ?"

"શું?"

"તું જે ગાડીમાં આવી તેમાં મોટી રકમની ચોરી થઇ."

"હા, એ મેં ટ્રેનમાંથી ઉતરતાંજ જાણ્યું."

"તેં ચોરને જોયો કે હોપ?" તેણે પુછ્યું.

હોપ કમકમી, તે ચોર હશે? આવો આબરૂદાર દેખાવનો, ખુબસુરત જવાંન ચોર! તેણીએ વીચાર્યું. હવે શું જવાબ દેવો?

"જેની ચોરી થઇ તેને મેં જોયોછે" તેણીએ પાધરો સવાલ ઉરાડી જવાબ દીધો.

બીજી ત્રીજી વાતચીત પછી બોબ જતી વેળા બોલ્યો.

"હોપ? તને મારી એક ઓળખાણની સહીએ જમવાનું તેડું કીધુંછે. તેણી તને ઓળખેચ."

"હં! તેણીનું નામ શું?"

"મેરી મેનતીઠ;"

ઓહોહો! તેણીને હું ઓળખું છું. મેરી મેનતીઠ મારી આગળી સહી છે. હું જરૂર તેણીને ત્યાં આવીશ.

* * * * * *

થોડા દીવસ પછી જ્યારે ફીટીંગ ઘરમાં આવ્યો ત્યારે તેણે જોયું કે એક પાટલા જેવા શખ્શને તેની ઘરવાલી મેડમ એલન, જે ઘર ભાડે આપતી હતી, તે ઘરમાં બે ઓરડા ખાલી હતા, તે તેણીએ તેને ભાડે આપવાની ગોઠવણ કીધી હતી. આ વીચારથીજ તે ગરીબ બીચારા નહાના ઠીંગણાને ફેર આવવા લાગ્યા. તેનું ભેજું ભમવા લાગ્યું. તેણે તેઓના છેલ્લા બોલો સાંભળ્યા હતા. મેડમ એલન બોલતી હતી:—

"વારૂંજી! ત્યારે તો હું કાલે તમારે માટે આંઠ વાગતાંમાં ખાણું અને બીછાણું તૈયાર રાખીશ."

"તમારી મહેરબાની;" એટલું બોલી તે પટલો લાંબો શખ્શ દરવાજામાંથી બહાર પડતાં મી૦ ફીટીંગને અઠડી પડયો. ફીટીંગે ડોળા ફાડી જોયું, તેને લાગું કે તે કોઇ રસ્યન હતો. આથી તે ધ્રુજવા લાગ્યો.

"મેડમ આ શું તમારૂં નવું ભાડુત કે? તમોને કોઇ બીજું મલ્યું નહીં કે આ-વાને રાખ્યો? આટલા મહીના ખાલી પડયું તો બીજા થોડા દહાડા ખાલી જતે તો ખોટ જતે નહીં."

"નહીંજી. આ ભાડુત કોઇ ગ્રહસ્થ આદમી દીસે છે. તેણે બીચારાએ બહોંસ કરી મને આંગ પર ભાડું સુદ્ધાં આપ્યું છે. જેથી એ મને વધારે સારો આદમી લાગે છે." મેડમ એલન બોલી.

"સંભાલજો! મેડમ, એ તમોને પાછલથી રવડાવે નહીં" ફીટીંગે ચેતવણી આપી.

"હમારી પાસ બલ્યુંચ શું, જે એ હમને રવડાવે?"

"તમારી છોકરી છેની! એવાં રસ્યન લોકોથી હંમેશાં સંભાલવું જોઇયે!"

પ્રકરણ ૪ થું.

એક કાસદ—તેનો પેગામ.

આઠ દસ દીવસ વહી ગયા, પણ હોપે પોતાનાં સાથી મુસાફરને લગતી કાંઇ પણ ખબર મેલવી નહીં. તેણી પોતાની સહી મીસ મેનતીઠનાં તેડાંને માન આપી, તેણીને ત્યાં જમવા ગઇ.

મીસ મેનતીઠ, અને હોપ, બંને બાગમાં બધે ફર્યાં અને બીજી રમત ગમતો પછી મીસ મેરી મેનતીથે પોતાંને ત્યાંની આલ્બમ હોપ ને બતલાવવા માંગી.

દરેક ચહેરા પર, કાંઇ અને કાંઇ ટીકાઓ સાથ આલબમનાં પાણાં ફરવાં લાગ્યાં. અંતે એક સબી આવી લાગી જે જોતાં હોપ ધ્રુજવા પડી. તે સબી ખુબસુરત ઉમરાવી ચહેરાના એક જવાંનની હતી. એ તો તેજ તેણીનો સાથી મુસાફર! હવે તેનું નામ જાણવાને વખત આવ્યો ખરો! હોપ દગાઇને મુંગે મહોઢે બેઠી.

"આ સબી જો હોપ, તું એને ઓળખેચ કે?" મેરીએ પુછ્યું.

હવે શું જવાબ દેવો? ના કહીને જુઠું બોલવું? કે હા કંહીને સપડાઇ જવું? હા, કહો તો તેને ક્યાં જોયો, તે તેણી પુછે. પણ આ વેળા "બોબ" ઠીક કામ લાગ્યો.

"ગરીબ બીચારો કાંઉન્ટ વીસલીક! જો હોપ? આવું આદમી કદી ખુન કરે?" બોબે તેણીને પુછ્યું "અને વલી ચોરી બી?"

"હા, હા, કરે! કરે!" મેરી મેનતીઠ વચ્ચે બોલી. "એ નીહીલીસ્ટ હતો, અને એને ખુન નહીં કીધું હોય તો, એને તે વીષે ચોકહું તો રચ્યુંજ હશે."

"બીચારા નીહીલીસ્ટો સાથે દોસ્તી રાખે તો લોકો તેને ખુની માને, ચોરી થઇ તેની સાથ મુસાફરી કરે તો લોકો તેને ચોર ઠરાવે!"

"હં! ખુન કીધું હોય, અને પછી નાસી જવા પૈસા જોઇતા હોય, તો પછી તે વળી ચોરાબી કરે, તે કહેશે જે પાછળથી પૈસા ભરી દઇશું," મેરીએ વીચાર બતલાવ્યો.

"તમો તેની વીરૂદ્ધ બોલોછો, મીસ મેનતીઠ." બોબ ગંભીર થઇ બોલ્યો.

"તે વલી જુગારી છે, એમ પણ મેં સાંભલ્યું છે."

"છટ, છટ! તમો તેને ઘણો ગેરઇનસાફ કરો છો."

"તું કાંઇ બોલતી કેમ નહી, હોપ! મુંગે મહોઢે બધું સાંભલે છે શાંની?" મેરીએ હોપને ઉશકેરી.

"હું તેની ચાલ ચલણથી જાણીતી નથી. એટલે શું બોલી શકું?" હોપે બચાવ કીધો.

"એમ બોલાયછે કે "મારક બોરોથી" ઉપડયો, ત્યારે તેનો કોઇએ પીછો પકડયો હતો. પણ ત્યાર પછી તે કયાં અને કઇ તરફ ગયો તે જણાતું નથી."

હોપ જ્યારે મેનતીઠને ત્યાંથી ઘર આવી ત્યારે લેડી થોરનટન તેણીની રાહ જોતી હતી.

"તું આવી કે હોપ? તારે માટે એક શખ્શ બે ત્રણ વેળા પુછી ગયો, બધી વખત ના કહેતાં મને ઘણું ખરાબ લાગ્યું" તેણી બોલી.

"તે કોણ હતો?"

"કોણ જાણે! તેણે મને પોતાનું નામ જણાવ્યું નહીં. ફકત તારી સાથેજ કામ છે એમ બોલ્યો" "તે પાછો આવશે કે?"

"હા,"

હોપ કપડાં બદલી રહી એટલાં એક નોકરે જણાવ્યું "તમને કોઇ મલવા માંગેછે."

"તેને અંદર મોકલ" અને એક પટલો લાંબો શખ્શ અંદર આવી તેણીનાં હાથમાં એક કાગલ મુકયું, અને પુછયું "બાઇ સાહેબ, તમારૂં નામ હોપ ફ્રેન્ટ છે?"

"હા" તેણીએ ધ્રુજતાં જવાબ દીધો.

"ત્યારે આ કાગલ તમોને હાથો હાથ પહોંચાડવા મને મારા દોસ્તે કહ્યું છે." તે અતી ઘણા ધીમા અવાજે બોલ્યો. "મારૂં નામ યુજીન લાઇલ છે."

હોપે કાગલ ઉખેડયું, અને નીચે પ્રમાણે વાચ્યું:—

મીસ ફ્રેન્ટ,

"જે છુટાપણાંની હવા હું હમણા ભોગવુછું તે માટે તમારોજ આભારી છું. તે માટે દુવા હું તમને મારાં જીગરથી દઉંછું. હું ઘણીજ બારીક રીતે છટકાવા પામ્યો છું. કારણ, જે શખ્શે મને પકડવાનું વારંત મેલવ્યું હતું, તેની સાથ હું ખભે ખભાં અઠડી પડયો હતો, પણ તે મને શોધવાની ઉતાવલમાં હોવાથી, તેને પાછલ ફરી મારી તરફ જોયું નહીં, અને હું છટકી ગયો. હાલમાં હું એક સલામત જગ્યે છું. જ્યાં સુધી મારૂં નીરદોશપણું સાબીત થશે નહીં ત્યાં સુધી હું અહીંજ રહીશ.—તમારો ઉપકારી."

કાગલ વાંચી, હોપ બબડી કે તેણે ચોરીને લગતી કાંઇપણ વીગત આપી નથી. ત્યારે તો તેજ ચોર હોવો જોઇયે. ખચીત કેવો ઉમરાવી દેખાવ! બહારનાં દેખાવથી ભુલવું નહીં જોઇયે તે ખરૂં છે.

યુજીન લાઇલ, તે પેલો પટલો લાંબો રસ્યન સખ્શ, હોપ આગલથી નીકળી, સીધો સ્કોટલેન્ડ યારડ*માં ગયો. ત્યાં કેટલોક વખત ગુજારી તે એક મોટા જાહેર રસ્તાપરની એક ગંજાવર ઇમારતમાં ઘુસ્યો. અંદરનો દરવાજો ખુલતાં, એક સણગારેલા ઓરડામાંથી એક નહાની ખુબસુરત છોકરી હસ્તી તેને સામે લેવા આવી.

* લંડનનું છુપું પોલીસ ખાતું.

"ઓ! આવો, બાવાજી? તમો આવ્યા કે? હવે આગળની માફક તમો ઘરમાં કાં નહીં રહેતા?"

"દોસ્તીના હકને ખાતર, દીકરી!" યુજીન તેણીને પસવારી બોલ્યો.

યુજીનને અહીં મુકી હવે કીંટીગની ખબર લેવી જોઇયે. તે ચોરી થઇ ત્યાર પછીથી ગભાતો ચાલ્યો. ઘણો વખત તે પોતાનાં શેઠોને ત્યાં રહેતો. ઓગસ્ટા તેને ધીરજ આપતી. તેણી હંમેશની રમત્યાલ, રમુજી, હસ્મુખી છોકરી હતી. થોડા દહાડા થયા તેણી કીંટીગ જોડે અદરાઇ હતી, કીંટીગ લગનની ઉતાવલમાં હતો. લગન પછી બીજે દેશ હવા ફેરફાર કરવા જવાનો તેનો વીચાર હતો.

યુજીન લાઇલને, ઓગસ્ટા અને કીંટીગની આદરણીની ખબર, થઇ ચુકી હતી.

પ્રકરણ ૫ મું.

ઓચીંત મેલાપ.

"હોપ! તું હવે કાંઇ ઘણી વીચારવંત થઇ ગઇ છે. હમણા તું શાના વીચારમાં છે?" લેડી થોરનટને તેણીને પુછ્યું."

"વીચારવંત? એ ખ્યાલ તમને કયાંથી આવ્યો?" તેણીએ પુછ્યું. તેઓ નદીના દીલ ખુશ દેખાવ જોતાં, એક બારી પાસ બેઠાં હતાં. હવા ખાવાને માટે હમણા તેઓ "આઇલ ઓફ વાહીત" ખાતે આવ્યા હતાં.

"જો હોપ, દુર પાણી પર તને પેલી બોટ દીસેછે?" લેડીએ દુર પોતાનો પંખો ટાંકી બતાવ્યું.

"હા, લેડી, તમારી આંખ ઘણી સારી છે. એ તમને કેટલે દુરથી દેખાઇ! તે અહીં કીનારા તરફ આવેછે." હોપે જણાવ્યું.

લેડી થોરનટન પોતાની તારીફ સાંભલવા હંમેશ તૈયાર હતી. તેણી હોપની વખાણથી હરખાઇ જઇ બોલી "કોઇ કોઇ વેલા મારી આંખે દુરથી પાણીમાં તરતી માંછલીઓ પણ જણાય છે!" આ સાંભલી હોપ હશી.

"વાહ શું સરસ પેલી "યાટનો" દેખાવ છે. ચાલ બા! મને તો જવુંછે. આજે તું કયાં જશે હોપ?"

"કીનારા પર ફરીશ."

"કોણુની સાથે?"

"બે કુતલ્યાંઓને સાથે લઇશ."

"ઠીક, એમને કચરામાં આલેટવા દેતી નાં! સાહેબજી," એટલું બોલી લેડી થોરનટન બહાર ગઇ.

"હોપ પણ હવે ઉઠી અને બહાર પડી. બે કુતરાં આગળ પાછલ દોડતાં. નદીના કીનારા પર ઠંડક હતી. આસ્માન ખુલ્લું બલુ હતું, અને નદીનાં પાણી શાંત અવાજ કરી ધીમાં વહેતાં.

હોપ કીનારે જઇ, એક મોટા ઝાડને અઢેલી, પેલી "યાટ" ગમ જોતી ગાસપર બેઠી. "યાટ" કીનારા તરફ આવી. તેમાં બે શખ્શો હતા. તેઓ કીનારે ઉતર્યા, એકે બીજાના કાનમાં કાંઇ કહ્યું, અને બીજાને ત્યાંજ મુકી, એકજન હોપ તરફ આવ્યો. તેણીએ ઉઠી જવાનું મન કીધું. પણ તેમ તો તેને અપમાન થાય, જેથી તેણી બેસી રહી. તેને નજદીક આવી ટોપી ઉતારી હોપને નમન કીધું. આ તેનો પેલો મુશાફર સાથી રસ્મન હતો! તેણીએ તેને ઓળખ્યો.

"તમો "આઇલ ઑફ વાહીટમાં" રેહવા આવ્યાં છો, તે જાણતાં હું તમને મલવા આવ્યો."

"હું અંહીં આવી તે તમોએ કેમ જાણ્યું?"

"મારા વીરવાસુ દોસ્ત યુજીન લાઇલ તરફથી મેં તે જાણ્યું. તે મને દરેક ખબરો પોંહોંચાડે છે."

"હજી તમને પકડાવાની બીહીક છે?" હોપે પુછ્યું.

"હા! અંહીની પોલીસ ખરી વાત જાણતી નથી. પણ મારૂં નીરદોશપણું રસ્તામાં માલમ પડયું છે. આજકાલ તે અહીંબી જાણીતું થશે, તેટલાં મને પકડાવાની બીહીક છે. તમો મારૂં નામ જાણોછો બાનું?"

"હા!"

"જાણો છો?" તેણે અજાયબીથી પુછ્યું.

"હા! કાઉન્ટ વીસ્લીક."

"એ તમોએ કેમ જાણ્યું?"

"મીસ મેરી મેનતીથ તરફથી મેં તે જાણ્યું." તેણી બોલી "તમો તેણીને ઓળખો છો!"

"હા, પણ તેણી મારી વીરૂદ્ધ ઘણું બોલી હશે?"

"હું કોઇનું માનું તેવી નથી."

"ત્યારે બાઇ તમો મને ગુનેહગાર માનતાં નથી?"

"નહીં."

"શા ઉપરથી!"

"તમારા દેખાવ પરથી—તમારી સભ્યતા પરથી."

"ખુનનાં ગુનાહમાંથી હું તમામ મોકલો થયો છું. જેણે ખુન કીધું છે, તેણે એકરાર કરી દઇ મને મોકલો કીધો છે."

હોપ ખુશાલીથી કુદી ઉઠી.

વાતચીત કરી, હોપે તેને પોતાની સાથ હોટેલમાં લઇ જવાની ઓંહોંશ કીધી. તેઓ હોટેલમાં સાથે આવ્યાં; પણ અંહીં એક પીડા તેઓ માટે તૈયાર હતી. હોટેલમાં કેટલાક પોલીસ સીપાહો શોધ ચલાવતા હતા. તેઓને ખબર પડી હતી કે "આઇલ ઑફ વાહીટ" ખાતે તે રસ્યન ગયો છે. સીપાઇઓ સામસામાં તેઓને મલી ગયા અને તે રસ્યન જવાન કાંઉન્ટ વીસલીકને પોલીસે ઘેરી લીધો.

"મૉસ્કોની પોલીસનાં વડાનું ખુન કરનાર તેમજ 'મારકબોરોથી' ઉપડેલી ટ્રેનમાં ચોરી કરનાર તમોજ રસ્યન કાઉન્ટ છો, એમ હમો પકકું જાણયે છીએ. તમને પકડવા માટે વારંટ હમારી પાસે છે."

હોપ આ સાંભળી ગભરાઇ ગઇ. પણ કાંઉન્ટે તેણીને સમજાવી—"ફીકર નહીં, હું મારૂં નીરદોશપણું સાબેત કરીશ."

કાઉન્ટ, હોપને નમ્યો; અને પોલીસનાં લોકો સાથ ચાલુ મુકયું.

ત્યાર પછી એક દીવસે હોપે "ટાઇમ્સ"માં આ પ્રમાણે વાંચ્યું:—

"કાલે અત્રેની કોર્ટમાં એક રસ્યન જવાનને મૉસ્કોની પોલીસનાં વડાનું ખુન કરવા માટેનાં શક પરથી પકડી ઉભો કરવામાં આવ્યો હતો. તેની તપાસ ચાલતી હતી એટલાં રસ્યાથી ખુલાસેવાર ખબર આવી કે, ખરો ખુની રસ્યામાંથી સપડાયો છે. અને પોતેજ વાંક કબુલ કીધોછે. મારકબોરોથી ઉપડેલી ટ્રેનમાં થયલી ચોરીની બીના હમો બીજા અંકમાં આપીશું."

હોપ તે વાંચી ઘણી ખુશી થઇ.

રફતે રફતે ચોરીની વીગત પણ હવે બહાર આવી. તે પકડી કહાડનાર કાઉન્ટનો દોસ્ત યુજીન લાઇલ હતો. જેને કાઉન્ટે આ ચોરી પકડવા ખાસ રોકયો હતો, લાઇલે જોયું કે કાઉન્ટે

ચોરી તો નથીજ કીધી, ત્યારે પૈસા જાય ક્યાં? વલી ગાડી એટલા વખતમાં એક પણ વખત ઉભી રહી હતી નહીં. જેથી તે શોધી કહાઢવા એક કોઠડી ભાડે લઇ ફીટીંગની પાડોશમાં રહ્યો, અને તેની હીલચાલ તપાસી. તેની પર તેનો શક હતો. હવે જ્યારે ફીટીંગે જોયું કે તેની હીલચાલ પર જાસુસ છોડવામાં આવ્યો છે, ત્યારે તે આપણું ઠીંગણું આદમી ઘણું પસ્તાયું, અને પોતે દાબી રાખેલા પૈસા ગણીને શેઠોને આપી પગે પડી માફી માંગી લીધી. તેણે કહ્યું કે જ્યારે તેને પોતાના સાથીને ઉંઘમાંથી ઉઠયા બાદ ગાડીમાં નહીં જોયો ત્યારે એક પાપી વીચાર તેના મગજમાં આવ્યો; તે એ કે બધા પૈસા પોતે છુપાવી લઇ તે પેલો ચોરી ગયો એમ જાહેર કરવું. અને તે પ્રમાણે તેણે કીધું. પણ ત્યાર પછી તેનાં જીવને ચેન પડે નહીં અને જ્યારે તે શખ્શને વલી ખુનનાં વાંકમાંથી મોકલો થયલો જોયો, ત્યારે તેને ચોરીના શક પરથી પણ મોકલો કરવાને તેણે ઠેડાવ કીધો. વલી પેલા જાસુસ યુજીન લાઇલને રોજ જોવાથી અડધો તો તે મરીજ રહ્યો, હતો. જેથી કબુલ કરી દઇ તેણે અનામત સઘળું નાણું શેઠોને ભરી દઇ પસ્તાવો બતાવ્યો. તે હમેશનો આબરૂદાર અને પ્રમાણીક હતો; સાથે વલી મહેનતુ પણ તે જોઇ શેઠોએ તેને માફ કીધું, પણ પોતાને ત્યાંની નોકરી પરથી તેને અલબતે બરતરફ કીધો.

હવે કાઉન્ટ વીસ્લીક તમામ ગુનાહના શકમાંથી મોકલો ઠર્યો. કેવા ગુંચવણભર્યા શકોમાં તે ગુનેહગાર દેખાતો હતો તે લોકોએ જોઇ લીધું હતું.

* * * * * *

આજે હોપનો કાકો ઘણી ધામધુમમાં છે. કારણ તેની ભત્રીજીનાં લગન રશ્યાના કાઉન્ટ વીસલીક સાથ આજે થાય છે.

આ વાત પૂરી થવા આવે તે પહેલ્લાં હમારાં વાંચકોને લંડનના એક ગીચ વસ્તીવાલાં ઘરમાં લઇ જવા પડે છે. આ ઘરમાં એક ટેબલ આગળ કાગલોનાં ચોડાઓ પર વાંકો વલેલો એક ઠીંગણો જવાન દીસે છે. તેની બલુ આંખમાં પસ્તાવાના કીરણ હજી જણાય છે. આ ઠીંગણા શખ્સની ખુરસી આગલ એક નહાનું બચ્ચું રમે છે.

બીજા ઓરડામાં એક જવાન અબલા ચા બનાવતી એક ટેબલ આગળ ઉભી છે.

"જોસફ ચાલો ચાહ તૈયાર છે," તેણી બોલી. "બચાનેબી લેતા આવજો."

"ઠીક ઓગસ્ટા." એ બોલો સાથ તે શખ્સે કલમ મૂકી દઇ ઉઠીને તે બચ્ચાંને જમીન પરથી ઉપાડયું, અને પાસેનાં ઓરડામાં ગયો.

વાંચનાર ચેતી ગયાં હશે, કે તે નહાનું કુટુંબ જોસફ ફીટીંગનું હતું. જ્યારે તેને નોકરીથી બરતરફ કીધો, ત્યારે તે ઘણો પસ્તાયો અને લંડન આવી રહ્યો, ત્યાં તેને એક સારી નોકરી મલી. જે તેણે પ્રમાણીકપણે બજાવાના કસમ લીધા છે. ભલી ઓગસ્ટાએ તેનાં એક અવીચારી પગલાં પરથી તેને નીવારી નહીં મુકતાં, તેને માફ કીધો છે. અને તેને નોકરી મલ્યા પછી તે તેની સાથ પરણી. ઓગસ્ટા તેનાં ઘણાક ભલા ગુણો જાણતી હોવાથી તેને તેણીએ આપેલું વચન તોડયું નહીં. આજે તેઓ સુખથી વસેછે. મેડમ એલન પણ તેઓ સાથજ છે. જ્યારેબી ફીટીંગને પોતાની ભુલ યાદ આવેછે, ત્યારે તે પસ્તાવાનાં આંસુ પાડે છે, પણ ભલી ઓગસ્ટા તેને દીલાસો દે છે.

ફલી અને ફેની:
મીત્રાઇનો એક નાદેર નમુનો.

લખનાર—"સાબેર."

પ્રકરણ ૧ લું.

એક અકસમાત—એક મેલાપ.

મારી વાર્તા હું શરૂ કરૂં, તેની અગાઉ મારા વીષે, તેમજ મારા ધંધા વીષે જણાવવાનું અગત્યનું છે. આસરે દસ વરસ અગાઉ, જ્યારે મારી ઉંમર સુમારે ત્રીસની હતી, ત્યારે હું એક સ્ટીમર પર દાકતર તરીકે નોકરી રહયો હતો, તે કુંપનીની સ્ટીમરો હીંદુસ્તાનનાં ઘણાક બંદરો પર સફર કરતી હોવાથી, મને જુદા જુદા ગામો અને માણસો જોવાને ઘણી ટક મલતી હતી. મારી આ નોકરી દરમ્યાન મારી મુસાફરી મુંબઇથી કરાંચી સુધીની મુખ્ય હતી, અને એ બે બંદરો ખાતે આવજાવ કરતાં મને ઘણાં સારાં સારાં માણસો સાથ સારી ઓળખાણ પડી હતી. તેમાંના કોઇ નામદાર તો કોઇ માલદાર હતા; કોઇ ગરીબ તો કોઇ મધ્ય સ્થીતીના હતા. એ આવજાવ થતાં ઉતારૂઓમાંના ઘણાક સાથ મને એટલી બધી તો દોસ્તી બાઝી ગઇ હતી, કે જ્યારે સ્ટીમરના દાકતર તરીકેનો ઓધ્ધો છોડી, હું મુંબાઇ આવી ખાનગી ધંધો કરવા લાગ્યો, ત્યારે પહેલાંથીજ મને સારી ઘરાકી મલવા લાગી.

ઉન્હાલાની તે એક સુંદર રાત્ર હતી. ચાંદરાત તરતનીજ ગયલી હોવાથી, પ્રહેલી રાત્રથી ચંદનીનો તેજસવી પણ ઠંડો પ્રકાશ મારા થાકી ગયલા મનને રાહત આપતો હતો. આખા દહાડાના કામકાજથી થાકી ગયલા બીજા માણસો પણ એ ઘડી ખુલ્લી હવામાં પોતે અને પોતાનાંઓને ફરી ફેરવી "એફબે"નાં દરીયા આગળથી પાછા ઘરે ફરતા હતા. કોઇ ચાલતું તો કોઇ ભપકા બરેલી પોતાની ગાડીમાં ચંદ્રને નીહાલતા, યા તો પોતાની સાથના સાથી સાથ ખુશ મીજાજથી વાત કરતા જણાતા હતા. વખત રાત્રે આસરે સવાસાતનો હતો. જોકે હું પોતે થાકી પણ ગયો હતો, અને તે છતાં પણ મને ઘર જવાને સરેશતાના કરતાં મોડુ થયું હતું તોપણ હું મારી બ્રુમમાંથી નીચે ઉતરી ધીમો ધીમો ચાલતોજ ઘર ગયો. મારૂ ઘર કોટેકોટના રસ્તા ઉપર હોવાથી મને ત્યાં જતા કાંઇ વીલંબ લાગ્યો નહીં. હજી તો હું મારા ઓરડામાં દાખલ થયો કે ત્યાંજ મારી વહાલી બહેન મને સામે મલી, તેણી પણ તરતનીજ ફરીને આવેલી લાગતી હતી.

મને જોતાંજ તેણી મારી ભણી આવી મલી, અને મને મોડું આવવાનું કારણ પુછ્યું. જે મેં તેણીને ટુંકમાંજ કહી, ખાણું કહાઢવાનો હોકમ કર્યો.

મારી ઇચ્છા બજા લાવવાને માટે ચાકરને હોકમ કરી, તેણી તરતજ પાછી મને આવી મલી; અંત્રે મારે જણાવવું જોઇએ કે આખા ઘરમાં હમોજ બે ભાઇ બહેનો રહેતાં હતાં, કારણ હમારા મા બાપ થોડાંજ વરસ થયાં એક પછી એક ગુજર પામ્યાં હતાં. હમો બન્ને કુંવારીજ જીંદગી અસાર લગીન ભોગવતાં હતાં. હમો બન્ને એકમેકના આરસપરસ પ્યારમાંજ સુખી અને સંતોષી હતાં.

"ફ્રેની આજેજ સહવારે જ્યારે મેં તારા મોંહમાથી તારી શાલગરી વીષે જાણ્યું, તેની અગાઉ મને તે વીષે જરાબી ખ્યાલ નહી હતો. લે! તેની ખુશાલીમાં તારે માટે આ એક સુંદર બ્રેસલેટ મેં વેચાતી લીધીછે, તે તું સુખી રહી લાંબો વખત સુધી વાપડજે. પણ ચાલ જલદી કરની, નાટકની આ બે ટીકીટ છે, તેથી જલદી જમી લઇએ નહીં તો વરી અવાર થઇ જશે."

"થેંક્યું, થેંક્યું, મારા વાહલા ભાઇ, હું તમારી કેટલી બધી આભારી છું," એમ બોલી તેણી અંતકરણનાં ખરા જીગરનો ઉભરો કહાડવા લાગી.

ખાણાને સારી રીતે ઇનસાફ આપી, મારી પ્યારી બહેનને શુભ શાલગરી ઇચ્છી, હમો નાટક જોવાને ગયાં. તે નાટક તેની દરેક ખુબી—ગાયન શીનરી વગેરેમાં સંગીન હોવાથી, શોખીન તમાશગીરનું તે સારૂં ધ્યાન ખેંચી રહયો હતો. તેથી ત્યાં હમેંશના કરતાં ઘણુંક જના પોતાના કુટુંબ સાથ ઉતરી પડ્યાં હતાં.

નાટક પુરો થયો કે સઘળા જના ઉતાવલે ઘર જવાની દોડાદોડી કરવા મંડી ગયાં. પણ સઘળા લોકો ખલાશ થઇ જાય, ત્યારપછી ધીમેથી બાહાર નીકળવાનો મેં વીચાર કીધો. પોણું ઉપર લોક બહાર નીકળી રહ્યું નહીં એટલામાં એકાએક અકસમાત રીતે નાટકશાલાની સઘળી ગેસની બતીઓ બુજાઇ ગઇ. જેથી સઘળે અંધકાર ફેલાઇ ગયો. બાકી રહેલાં લોકો ગાભરા બની ગયાં. આથી પોતાને રસ્તે બાહાર પડવાને લોકોને ઘણી મહેનત પડી. આ ગભરાત અકલાતમાં એક ભયંકાર અકસમાત થયો. આ વખતે મારી ફ્રેની મારી આગળ ચાલતી હતી. નાટકશાળામાંથી બહાર નીકળવાને માટે ત્રણ ચાર સીઢી ઉતરવી પડતી હતી. અને અંધારાને લીધે મારી બહેન એક પગઠયું ચુકી, અને પોતે પડી જતાં અટકાવવાને માટે આગલ ચાલતા એક ગ્રહસ્થને અઠડી પડી, જેના આચકા સમેત તે બીચારો જમીન ઉપર ઉંધો મસ્તક પડી ગયો, પણ તુરતજ પાછલથી મારી બેહનનો હાથ મેં ઝાલી લીધાથી, તેણી પડતી બચી ગઇ. તે જમીન ઉપર પડી ગયલા ધણીએ પાછું ઉઠવાને કોશેશ કરી, પણ સઘળું ફોકટ. દુઃખની એક ચીચીયારી પાડીને પાછો તે નીચે પડયો.

"શું છે શેઠ!" તેની આગળ એકદમ ધસી જઇને મેં તેને સવાલ પુછયો. "તમોને શું ધાયું વાગું છે."

"હં, હં, હં, નહીં." કરતાં કરતાં તેણે પોતાના હોઠ દુઃખ ખમી ન શકવાથી કરડયા. "હું ધારૂં છું કે મારો પગ ભાંગી ગયો છે."

આસપાસ લોક એકઠું થયું અને તુરતા તુરત બતી વગેરે લાવી તેઓ તેની સારવાર કરવા મંડી ગયા.

"જરા બાજુ જશો શેઠો, મને જરા તપાસવા દેવો, હું દાકતર છું" લોકો આસપાસ ફરી વલવાથી મેં તેઓને બાજુ થવાને અરજ કીધી.

મારા આ કહેવાથી સઘળા જણા અજુબાજુ થઇ જઇ, મારે માટે ખુલ્લો માર્ગ કરી આપ્યો. તે વખતે હું તે બીચારા માણસ આગળ વાંકો વલી તેના સાંધા તપાસવા લાગ્યો. જ્યારે બતીનો ઉજાશ તેનો મોંહ ઉપર પુરતો પડયો ત્યારે તુરતજ મેં તેને ઓલખ્યો, અને અજાયબીથી મારાથી એક ચીસ પણ પડાઇ ગઇ કેઃ—

"અરે ખોદા! આતો ફલી લાહેર છે."

"નહી, નહી! નહી! મારૂં નામ લાહેર નથી, હું તો ફરામજી લવજી છું." આટલા બોલો તે ઘણીજ ઝડપથી પણ ભેદ ભરેલી રીતે બોલ્યો, અને જરા વારમાં તે બેસુદ્ધ થઇ ગયો.

ખરેજ, તેના કહેવા પ્રમાણે તેના જમણાં પગની ઘુંટી લચકાઇ ગઇ હતી, તેમજ તેનો જમણો હાથ પણ ભાંગી ગયો હતો, એવું મારી ટુંક તપાસ પરથી મને તુરત માલમ પડી આવ્યું.

તે દુઃખી માણસના ચેહરા તરફ પાછું એકવાર ટાંકી ટાંકીને જોતાં મારી પક્કી ખાતરી થઇ કે, એ તો મારો જુનો મીત્ર, જેને મેં ઘણાક વરશ થયાં જોયો નહી હતો તેજ હતો. ત્યારે તેના નામમાં એમ એકાએક ફેર કેમ પડી ગયો? હું તો તેને લાહેરના નામથી ઓલખતો હતો જ્યારે આતો પોતે લવજી કરી ઓલખાવે છે? વખતે હું ભુલાવો પણ ખાતો હોવું. કાંઇબી વધુ વખત થોભ્યા વગર મેં તુરતજ વીચાર કરી તે બેસુદ્ધ થઇ ગયલા ધણીને બીજાઓની મદદથી ઊચકીને મારી ગાડીમાં નાંખી મારે ઘર લઇ ગયો.

ઘરે પુગતા મારા કંપાઊંડરની મદદથી તેના હાથ પગને પાતો વગેરે મારી, તેના તુરતા તુરત ઉપાય કરવા લાગ્યો.

પ્રકરણ ૨ જું.

ફલી કોણ?—એક નવી ઓલખાણ.

બીજે દીને સહવારે તેને થોડો ઘણો ફેર પડયો. જો કે તેને થતી કલતર કમી થઇ નહી હતી, તોપણ તે પોતાની પુર હુશીયારીમાં આવ્યો હતો, તે છતાં પણ ઘણું બોલવા તેમજ હલવા ચાલવાને મેં તેને સાફ ના પાડી, કારણ કે મેં જોયું કે તેને જેમ તનનું દુઃખ થયું હતું, તેજ પ્રમાણે તેના મન ઉપર પણ કાંઇક અસર થઇ હતી.

જ્યારે તેનો હાથ અરધી મીત્રાચારીના ગાંઠથી, તેમજ અરધી તેની નાર તપાસવાની મતલબથી મેં મારા હાથમાં ધર્યો, ત્યારે મને માલમ પડયું કે તેની નાર લગાર વધારે ઝડપથી ચાલતી હતી, અને તેને બોખાર થઇ આવવાની નીશાન તે દેખાડતી હતી.

મારી ભણી તેણે લગાર ટગર ટગર જોયા પછી તે બોલ્યો "દાકતર, તમારો સાદ મને ઓલખાણનો હોય તેવો લાગેછે, પણ હું તમોને ઓલખી શકતો નથી."

મને તે બરાબર જોઇ તેમજ ઓલખી શકે, તે માટે તેને પોતાની આગળની બારી ઊગાડવાને મને ફરમાવ્યું, કે જેમાંથી આવતા અજવાલાની મદદથી તે બરાબર મને નીહાલી શકે.

એકાદ બે મીનીટ હું તેના પલંગપર ચહઢીને બેઠો, પણ તેટલા અરસામાં હમો બન્ને જણા વચ્ચે કાંઇબી વાતચીત થઇ શકી નહી. આખરે તે બોલી ઉઠયો,

"હો! હો! તું તો મારો હોમી છે. આપણે કેટલે બધે વરસે પાછા મલ્યા. તુને જોવાથી હું એટલો તો ખુશી થયોછું, કે મારૂં અરધુ દુઃખ મને ઓછું થયલું લાગેછે," સેવટે તે મને ઓલખી લેટી પડીને બોલી ઉઠયો. હમો અગાઉ ઘણા જાણી મીત્ર હોવાથી એકમેકને ફલી અને હોમીના ટુંકા પણ મીઠાસભર્યા નામથીજ બોલાવતા હતા.

"નહી, ફલી, તારા કરતાં હું વધારે ખુશી એટલા માટે છું કે તું મારીજ સારવાર હેઠલ અને મારાજ ઘરમાં છે." મેં તેને કહ્યું. "પણ, હવે તારે થોડો વખત મુગું મુગું પડી રહેવું જોઇએ, કારણ કે તને આરાયસની ઘણી જરૂર છે. પછી રાતે હું તારી આગળ આવીશ ત્યારે આપણે વાત કરશું તેટલા બને તો હમણા તું ઊંઘાઇ જા!"

"વારૂ, વારૂ, દાકતર સાહેબ" તે લગાર હસ્તે ચેહરે બોલ્યો. "તમારૂં કહ્યું હું માથે ચહઢાવુંછું પણ તું એટલું હવે યાદ રાખશે કે હવે મારૂં નામ ફલી લવજી છે. અને નહી કે લાહેર."

ત્યાર પછી તેને માટે જરૂરજોગી દવા વગેરે મોકલાવી મારા ઘરાકોમાં ફરવા જવાને માટે હું નીકલ્યો. બપોર પછી પાછા ફરતા મારી બહેનને એ મારો નવો દોસ્તદાર કોણ છે, તે માટે હું કહેવાનો હતો તે માટે તેણી ઘણી તલપી રહી હતી. અલબતાં મારા હુકમ વગર તેણી તેના ઓરડામાં ગઇ ન હતી.

"મારી બીજી કે ત્રીજી કરાંચી તરફની મુસાફરી વખતે મને આ ફ્રેની લા—અંહં, લીમજી સાથ ઓલખાણ પડી હતી" મેં હેવાલ કહેવાનો શરૂ કર્યો "જેની સાથ મારી પહેલી ઓલખાણ થતાંજ, તે મને વધારે પસંદ આવ્યો. કારણ એની ઉંચી કેળવણી તેમજ બીજાઓ તરફનો પ્યાર પોતાની તરફ ખેંચી લેવામાં એનામાં કાંઇ ઓરજ શકતી હતી.

"તે હસમુખો અને ખુશ સ્વભાવનો હતો. તે છતાં પણ વારંવાર ઘણો ઉદાશ મને માલમ પડતો હતો, જેની દલગીરીમાં ભાગ લેતાં હમારી દોસ્તી વધારે મજબુત થતી ચાલી.

"હમારી મુસાફરીની આખેરીએ હમો એટલાંતો જાણીમીત્ર થઇ ગયા કે એકમેકના વીસ્વાસ પર, તે મને તેની છુપી વાતો પણ જણાવવા લાગ્યો. એક વખત એણે મને જણાવ્યું કે મુંબઇ હંમેશનું છોડી જવામાં જેટલો તેનો વાંક કે કસુર નથી, તેટલું એક બીજા ધણીને ખાતર તેને એમ કરવું પડયુંછે, તેથીજ તેને પોતાના સગાવહાલાં અને દોસ્ત આશનાવોને છોડી દેવા પડયાં છે. જો કે તે કારણ શું હતું તે એણે મને છુપું જણાવ્યું હતું, તેથી એ આપેલાં મારાં વચનને લીધે હું તને તે કહી શકતો નથી. તોપણ હું એટલું તો હીંમતથી કહી શકું, કે એની ચાલ તેમ કરવામાં ઘણી વખાણવા જોગ હતી. ત્યાર પછી તે મને વારંવાર યાદ કરી કાગલ લખતો હતો તેનું કરાંચી જવાનું કારણ કાંઇ ધંધે ચાકરીએ લાગી જવાનું હતું. કે જેથી તે ત્યાં આબરૂથી પોતાનું ગુજરાણ કરી શકે. મુંબઇ મારૂં પાછું આવવું થયા પછી, મારી ઉપર તે જે કાગલો લખતો હતો, તે પરથી મને માલમ પડયું કે તે ત્યાં એક સારી જેવી ચાકરી મેળવવાને જલદી નસીબવાન થયો હતો. પણ નસીબ સંજોગે તેને તેના શેઠો સાથ પહેલાંથીજ સારૂ રહયું નહીં. ત્યાર પછી તે કરાંચીથી નીકલીને પંજાબ તરફ ગયો. ત્યાર પછી મારી ઉપર આવતા જતા કાગલો તદનજ બંધ થઇ ગયાં, તે એટલા વેર કે તે કયાં છે તે હું જાણી પણ શકયો નહીં પણ ગઇ રાતની તારી મહેરબાનીથી (!) મને એ અકસ્માત રીતે મલી આવ્યો.

"હવે ફ્રેની તું એ મારા દોસ્ત વીશે શું ધારે છે?"

"હું શું કહું હોમી" તેણીએ મારી વાત ઘણા ધ્યાનથી સાંભળીને મારા છેલ્લા સવાલનો જવાબ આપ્યો. "તમે મને એટલું બધું તો થોડુ કહ્યું છે હું કાંઇબી એવણને વીશે કહી શકતી નથી. ગરીબ બીચારા ફરામજી! એવણને શું ઘણું લાગુછે? એવણ જલદી સારા તો થશે કેની હોમી?"

સાંજે તેણી પોતાની એક સહીને ત્યાં જવાને માટે તૈયાર થઇ, અને મને પણ તેજ રસ્તેથી જવાનું હતું, તેથી હવે બન્નેજણાં સાથેજ નીકલ્યાં.

ફ્રેનીના આ સહી, બહેલી હોમજીની બાનુબાઇ એક જવાન પણ તવંગર વીધવા હતી. જેણીની સાથ મારી બહેનને છેલ્લા ત્રણ વરસ થયાં ઘણી સારી ઓલખાણ પડી ગઇ હતી. મારી ફ્રેની જોકે એક મધ્યમ સ્થીતીની હતી, જ્યારે બાનુબાઇ એક તાલેવંત ખાનદાનની હોવા છતાં, તેઓ વચ્ચે એવી તો મજબુત દોસ્તી મંદાઇ હતી, કે બન્નેને એકબી દીવસ એકમેકને મલ્યા વગર ચાલતુ હતુંજ નહીં. ઘણીક વેલા ફ્રેની તેવનનેજ ઘર રહેતી પણ હતી. કારણ તેવણ આખાં ઘરમાં એખલાંજ હતાં. આ બેહેલી હોમજીની બાનુબાઇ અઠાવીસ વરસની ભર જુવાન વયે રંડાઇ હતી. તેણીનો ખાવીંદ કાંઇ પણ ફરજંદ પોતાના પાછળ મેલી ગયો હતો નહીં, પણ તેને ઠેકાણે તેણીને એક મોટી એસકામતનો વારસ બનાવી, પોતાની આ દુન્યાની ટુંક મુસાફરી પુરી કરી, લગનનું સુખ માત્ર છજ વરસ ભોગવી, પેલી દુન્યામાં જઇ વસ્યો હતો. છેલ્લા ત્રણ વરસ થયાં તેણીને લકવાની અસર થઇ, જેથી તેણી સહેલાઇથી હાલી કે ચાલી શક્તી હતી નહીં, તે એટલાં વેર કે તેણી કોઇ કોઇવાર પોતાનું બીછાણું પણ છોડી

શકતી હતી નહીં. એટલી લાંબી મુદત થઇ મારીજ સારવાર હેઠલ તેણી હતી, જેથી હમો વચ્ચે તેણીની સાથ સારો એખલાશ વધ્યો હતો. આ તેણીના મંદવાડ ને લીધે, મારી બહેન તેણીને ત્યાં હમેશ જતી આવતી હતી, અને તેણીની પાસેની પાસે રહીનેજ તેણીને મદદ કરવામાં ઠીક કામ લાગતી હતી.

જ્યારે હમારી ગાડી કોલાબા તરફ હંકરાઇને દરીઆના મુખડા ઉપર આવેલા એક નાના પણ સુંદર રચણાના બંગલા આગલ ઉભી રહી ત્યારે મેં ફ્રેનીને કહ્યું કે,

"બાનુબાઇને મારી સલામ કહેજે, કે હું આવતી વખત ફેરે મારી જઇશ."

પ્રકરણ ૩ જું.

એક ખુશ ખબર.

"કેમ છે ફલી! તારા શું સમાચાર?" રાત્રે જ્યારે હું તેની આગળ પાછો ગયો ત્યારે મેં તેની ખબર અંતર પુછીને તેની સાથે મારા વચન પ્રમાણે વાત કરવા મંડયો.

"હમણા તો જરા સારીપેઠે છું. માફ કરજે હંકે! તને મારે લીધે ઘણી મહેનત પડે છે." ફલી મારો ઉપકાર માનવા લાગ્યો. "પણ મને પુછવા દેશો કે મારા કપડાં કયાં છે. ને મારૂં બડીયાન?"

ફલીના આ ઘણા આતુર ભર્યા સવાલની મતલબ હું તુરત ચેતી ગયો. જેથી તેને ધીરજ આવે તેટલા માટે મેં તેને ખાતરી આપી, કે તે મેં એક કબાટમાં ઉંચા મુકેલાં છે. બડીયાનના ગજવામાંના ઘડીયાલ ને કાગલ વગેરે એક ખાણામાં બંધ કીધેલા છે. એમ બોલી તેને તે કબાટ દેખાડી, અને તેની કુંચી તેને સ્વાધીન કરી. તેને વધારે ખાતરી આપવાને માટે મેં તેને જણાવ્યું કે "કોઇએ તેને હાથ લગાડયો નથી અને તે જ્યાં છે ત્યાં તદન સલામત રહેશે."

આ પ્રમાણે તેને કહયાથી તેને ઘણી ધીરજ આવેલી જણાઇ. ત્યારબાદ બીજી પરચુટન વાતચીત કરીને મેં જ્યારે તેની જીંદગી વીશે પુછ્યું ત્યારે તેને જવાબ આપ્યો કે "મારી ગમે તેવી ઉમદા કેળવણીથી હું સારી જેવી ચાકરી મેલવી શક્યો નહીં. ઘણાક ગામોમાં રખડયો, ઘણીક ચાકરીઓ કરી, ઘણીક હાડમારી ભોગવી, ઘણાક દીવસ ભુખમરામાં કહાડ્યા, પણ આખરે સઘળું ફોકટ! મારી છેલ્લી ચાકરીથી એકઠા કીધેલા થોડાક પૈસા લઇ હું મુંબાઇ આવવાને નીકળી પડયો. મને મુંબઇ આવ્યાને આજ લગભગ છ મહીના થઇ ગયા છે, પણ આપણે એકમેકને મલી શકયા નહી. એ ઘણું અજાયબ જેવું છે."

"મારૂં એક કામ કરશો દાકતર," પોતાનો દુઃખ ભરેલો હેવાલ પુરો કરી તેણે મારી પાસ કાંઇ માંગી લીધું.

"મોટી ખુશીથી, તારૂં એવું તે શું કામ હશે કે જે હુંજ નહીં કરી શકાશ?" મેં તેને જવાબ આપ્યો.

"ત્યારે તો મારે તમને ખુલ્લે ખુલ્લુ કહી દેવું જોઇએ" તે લગાર ગંભીરાઇથી બોલ્યો "હાલ જેને ત્યાં હું ઉતરેલો છું તે ઘણો ગરીબ પણ નેક માણુસ છે, મારી ઉપર તેનું કેટલું લહેણું ચહડી ગયું છે, જેથી તેને એવો વીચાર જશે કે હું નાસી ગયો હોઇશ. મારે ખાતર તેને એટલું જણાવવાની મહેરબાની કરશે, કે મને એક સખત અકસ્માત થયો છે, તેથી આવી શકાતું નથી, ને તેને ખાતરી આપજો કે તેના માગતા પૈસા હું આવીશ તેવા તરતજ ભરી દઇશ, પણ મારા પહેરવાનાં કપડાં તેને ત્યાં રહેલાં છે, તેમાંના થોડાં મંગાવશો તો મોટો ઉપકાર થશે."

તેના કહેવાથી મેં ત્યાંજ એક ચીઠી લખી કાઢી અને તેની હેઠલ તેની સહી મેલવી તે પોહોચાડવાની મેં કબુલાત આપી.

મારા અનુભવ ઉપરથી મેં પકકું વીચારયું કે તે તદન સાજો થાય, તેની અગાઉ ઘણાક અઠવાડીયાં વીતી જશે, તેથી તેને માટે શું શું ઉપાયો લેવા તે મેં મનમાંજ વીચારી રાખ્યા હતા.

બીજે દહાડે મારા ઘરાકોમાંથી ફરીને પાછો બપોરની વખતે ઘર ફરતો હતો ત્યારે ફલીએ આપેલી નીશાન મુજબ તેના ઉતારાની જગ્યાએ હું ગયો, અને તેના કહ્યા પ્રમાણે સઘળાં કપડાં લઇ તેમજ માગતા પૈસા સઘળા ચુકવી આપી (અલબતાં ફલીને અંજાણો રાખીને) ઘર આવી તેને હવાલે કીધાં.

દસ બાર દીવસ ઢોલ્યા પરજ કહાઢયા પછી, તે હવે ઓરડામાં જરા જરા ફરવા લાગ્યો.

ફ્રેની જેણી બેહેલી હોમજીના બાનુબાઇને ત્યાંજ છેલા થોડા દીવશ થયા રહી હતી, તેણીએ નાટકશાળામાં બનેલા આ અકસ્માતની ખબર મારી આગમજથી પોતાની માનીતી શહીને કહી હતી, જેથી બાનુબાઇએ પણ ગરીબ "ફલી લવજી" તરફ પણ પોતાની દીલસોજી દેખાડી, અને વારંવાર તેની તબીયતનાં સમાચાર પુછાવ્યા હતા. ઉપર કહેલી મુદ્દત વીત્યા બાદ જ્યારે મારી બહેને જોયું, કે તેનો નવો પરોણો હવે ફરહર કરી શકે છે, ત્યાણે મારી મરજી પુછી તેને મલવાની પોતાની ખાહેશ દેખાડી, તેમ કરતાં તેણે મને કહ્યું કે,

"મારીથી જે તેવણને ખમવું પડયું છે, તેને માટે મારે મોઢે મોઢું તેવણની માફ માંગવી જોઇએ, કે જેથી તેવણના મનમાં કાંઇબી મારે વીષે ખરાબ ખ્યાલ બેસે નહી."

આ તેણીના કહેવા ઉપરથી હું તેણીને માલ ઉપર ફલીના ઓરડામાં લઇ ગયો, અને પહેલાં તો તેઓની એકમેક સાથ ઓલખાણ કરાવી.

પહેલી પીછાણની થોડીક સંભવીત શરમો દૂર થયા પછી હમો, એકમેક સાથ ઘણી છુટથી વાત કરવાં લાગ્યાં. તેટલાં એક ઘરાકને ત્યાંથી મને તાકીદનુ તેડું આવ્યાથી તેઓની રજા લઇ ત્યાંથી હું ચાલી ગયો.

આસરે પોણાએક કલાકમાં પાછુ આવીને હું જોવુંછુ કે મારી બહેન ફલી સાથ ઘણીજ હસી હસીને વાત કરવામાં જબરી ગુંટાઇ ગઇ હતી. જાણે કે તે એકમેકને લાંબો વખતના ઓલખતાં હોય તેમ તેઓ કાંઇબી આંકોશ વગર ટાહેલાં કરતાં માલમ પડી આવ્યાં.

"ફલી, ચાલ તારો વખત ઠીક સોહવાઇ ગયો હશે." એમ બોલી તેની ખુરસી પરનો તકીયો હું સીધ્ધો કરવા લાગ્યો કે જે લગાર વાંકો થઇ ગયો હતો.

"તમો દાકતર થયા પણ હજી બરાબર આવડતું નથી, એમ તે કંઇ તકીયો ગોઠવવાનો હશે કે?" મારી બહેન મને નરમ પણ રમુજી ઠપકો આપી, જાણે મને કંઇ આવડતું નહી હોય તેમ, પોતે ઉઠીને તે સીધ્ધો કરવા લાગી.

"હા બરાબર છે! તને મારા કરતાં વધારે સમજ. બાનુબાઇની સારવાર કરતાં એવી ચીજ તનેજ બરાબર આવડવી જોઇએ." મેં તેનો જવાબ આપી મારો બચાવ કર્યો.

"ઘણી મહેરબાની થઇ." ફલીએ મારી બહેનનો ઉપકાર માન્યો. પણ તે વખતે મેં બરાબર જોયું, કે તે તેમ કરતાં તેની આંખોનો ચમકાટ સાધારણ કરતા જુદીજ રીતનો હતો. તે લગાર કાંઇ નાજુકાઇ, કાંઇ મીઠાસ, કાંઇ માયા, કાંઇ પ્યાર દેખાડતો હતો. એ સઘળું શું? એ એકાએક ફેરફાર કેમ?

આ તેમની પહેલી મુલાકાત કંઇ છેલ્લી ન હતી. ત્યાર પછી ઘણું ખરૂં દરરોજ તેઓ એકમેકને મળતાં હતાં. કહો કે ફ્રેની ફલીની ખબર પુછવાના બહાના હેઠલ તેને મલવા જતી.

અલબત્તાં આ તેઓની દરરોજની મુલાકાત કેવું રૂપ લેતી હતી, તે મારા જોવાને સમજી જવાને જરાબી વીલંબ લાગ્યો નહી.

એક કરતાં અનેક વેળા જ્યારે હું એકદમ ફ્લીના ઓરડામાં જતો, તો હું જોતો હતો કે, તેઓ પોતાની ખુશ ગુફ્તેગોમાં હમેંશ રોકાયલાં માલમ પડતાં. મામલો આ પ્રમાણે વધતોજ ચાલ્યો, તોપણ તેઓએ પોતાના વીશ્વાસમા હજી મને લીધો હતો નહી. અને જાણે કે તેઓની છુપી વાત હું સમજતો નહીં હોવું, તેમ તેની ઉપર આંખ વીચામણાં કરતો હતો તે છતાં—મારા વીચાર પ્રમાણે—એકમેકના વચન બંધાઇ ગયલાં જીગરોને છુટાં પાડવાનું મારૂં મન થયું નહીં.

એ વખતના અરસામાં બહેલીહોમજીના બાનુબાઇને ત્યાંથી મને એક ચીઠ્ઠી મળી, તેમાં તેણીએ લખ્યું હતું, કે તેણીની તબીયત ઠીક ચાલતી ન હોવાથી, બનતી ઉતાવળે મારે આવી જવું. વળી તેમાં વધુ એ લખ્યું કે મારી સાથ એક અગત્યની વાત પણ કરવી છે, તેથી એ વાત ફ્રેની આગળ જણાવવી નહી.

મારા ધારવા કરતાં રખે બાનુંબાઇ વધારે સીક પડી ગયાં હોય તેની ધાસ્તીથી હું લાગલો તેવણને ઘર ગયો. તેણીના "કોલાબા કૉટેજ" વાલા બંગલામાં જઇ પોહોચતાં મારી પેહેલીજ નજરે મેં જોયું કે બાનુબાઇ વધારે ફીક્કાં લાગતાં હતાં.

મારે અતરે કાંઈ પણ શરમાવા વગર જણાવવું જોઇએ કે જોકે બાનુબાઇ પોતાને લાગુ થયલા લકવાની અસરથી વધારે ને વધારેજ નાતવાન થતાં ચાલ્યાં હતાં, તોપણ તેવણ એટલી બધી કાંઇ ધાસ્તી ભરેલી હાલતમાં નહી હતાં, કે જેથી મારે કંઇ ધાસ્તી રાખવી પડે. તોપણ જો લકવાનો એક બીજો હુમલો તેવણ પર થશે, તો તે ખચીતજ પ્રાણઘાટક નીવડશે, એમ મારી પક્કી ખાતરી હતી.

"દાક્તર તમે આવ્યાથી હું ઘણી ખુશી થઇછું" મને જોતાંને વાર તેણી બોલી ઉઠી. "ચોંઠ દહાડે તમે આવી ગયા પછી જરા લગાર મારી તબીયતમાં બીગાડો થતો જાય છે, એવું મને લાગે છે." તેણીની હાલત તપાસી તેણીને દવા લખાને હું પરવાડયો નહીં, એટલામાંજ તેણી બોલી કે:—

"દાક્ટર તમારી સાથ મારે એક અગત્યની વાત કરવાની છે, તેથી બેસો. તે વાત તમારી ફ્રેની વીષે છે. હા તમો હશોછો! હું ધારૂંછ કે તમો સમજી ગયાછો. ત્યારે મને કહો કે એ તેઓની નવી દોસ્તી વીષે તમારો શું વીચાર છે?"

"મને ખરૂં પુછાવતો, બાનુબાઇ, એ વીષે શું વીચાર કરવો તે હું પોતે જાણુતો નથી." મેં જવાબ આપ્યો. "હું ધારૂંછું, કે તેઓ કંઇ પરસપર સમજુતીપર આવેલાં છે, તે છતાં મને તેઓએ કંઇ જણાવ્યું નથી. વખતે હું જાણુંછું તેના કરતાં તમે વધારે જાણુતાં હશો. બૈરાંઓ માટીડા કરતાં એ બાબતમાં વધારે સમજુ હોય છે."

"હા તેમ છે તો ખરૂં" બાનુબાઇ હસ્તું મોંહ કરી બોલ્યાં "બૈરાંઓ પોતાની છુપી વાત બૈરાંઓનીજ આગળ વધારે કરેછે. તે છતાં હવે મને જવાબ દેવો કે ફરાંમજી વીષે કંઇ તમારો શું વીચાર છે."

"તેની તો તમે પક્કી ખાતરી રાખજો કે જો હું તેને બરાબર ઓલખતો હતે નહી, તો તેને મારા ઘરમાં લાંબો વખત બેર રહેવા પણ દેતે નહીં. એટલુંજ નહી, પણ ફ્રેની અને ફ્લીની દોસ્તી આટલી બધી વધી જવા દેતે નહી" મેં મારો વીચાર ખુલ્લો કહયો.

"બરાબર બોલ્યા, દાક્તર એટલું બધું હું કાંઇ જાણુતી હતી નહી. પણ તમો જોવો છો કે ફ્રેનીને હું મારી એક સગી બહેન કરતાં પણ વધારે ચાહુંછું, તેથીજ ખુદરતીજ રીતે તેના ભલાના દરેક કામમાં પણ મારે સંભાલ રાખવી જોઇએ."

"મને પુછવા દેશો કે શું ફ્રેનીએ તમારી આગળ ખુલ્લે ખુલ્લો વીચાર જાહેર કીધોછે?" આ નાજુક બાબદ ઉપર વધારે પક્કી ખાત્રી મેલવવાને માટે મેં પાધરોજ સવાલ પુછયો.

"હા એટલુંજ નહીં પણ," બાનુબાઇ મને જણાવવા લાગ્યાં, "એ બાબત તમોને જણાવવા અને તમારો વીચાર પુછવાને મને ખાશ ફરમાસ કીધેલી છે. વળી ફરામજી પોતે પણ એજ બાબત તમારી આગળ આજકાલ કહેશે, ને તમારો વીચાર શું તે જાણવા માંગશે."

"મારો વીચાર હું તમોને કહી ચુકયોછું," લગાર જરા વાર વીચાર કરીને મેં જવાબ આપ્યો. "પણ તેઓ જો એકાદ બે વરસ થોભી જઇ પછી પરણે, તો હું ફ્રેનીને માટે કંઇ સારી જેવી રકમ એટલાં વખતમાં એકઠી કરી શકું, કે જેથી તેણી કાંઈ પણ ચીજની મોહતાજમંદ રહી શકે નહીં, વળી એટલામાં ફલી પણ પોતાનું અને ફ્રેનીના ગુજરાણનું સાધણ નક્કી કરી શકે."

"હા તમે બરાબર બોલ્યા દાકતર" તેણીએ પોતાની પણ ખુશી દેખાડી. "તમારા વીચાર ઘણા નેક છે. હવે એ બાબત તમારી રાજી ખુશીથી નક્કી થઇની વારૂં?"

"હા બા ખુશીથી" મેં હસીને જવાબ આપ્યો.

"ચાલો ત્યારે એકાદ બે દહાડામાં ફરામજી સાથ મને ઓલખાણ પડશે. જેથી હું પણ તેવણુને નજરે નજરે જોઇ શકીશ."

પ્રકરણ ૪ થું.

બલુ પરબીડાવાલું સીલ કીધેલું કાગલ.

તેજ દહાડે સાંજે ફલીએ પણ મને તેડુ મોકલ્યું કે "તમારી ફુરસદે મને મલી જજો, તમારી સાથ મને જરા અગત્સની વાત સર કામ છે."

તેની એ અગત્સની વાત શું હતી તે મને પક્કી રીતે ખબર હતી, પણ તે વીષે એ શું કહેવા માંગે છે તે જાણવાની અધીરાઇથી, માલ ઉપરના તેના ઓરડામાં હું ગયો.

આ મારા મીત્રને મારી બેહનથી જે અકસમાત થયો હતો તેને લગભગ એક પખવાડયું થવા આવ્યું હતું, તેટલા અરસામાં તે વધારે અને વધારે સુધરવા લાગ્યો હતો. હવે તે પોતાનો જોખમાયલો હાથ થોડો ઘણો વાપડી પણ શકતો હતો, પણ તેના પગમાં હજી ઓછો વધતો દુ:ખારો થતો હોવાથી, તે પોતાની મેલે ચાલી શકતો ન હતો, તે માટે તેને કોઇની મદદની જરૂરજ પડતી હતી. કોઇક વેલા એકાદ માણસના ખભાં ઉપર હાથ ટેકવીને તો વળી ઘણીક વેલા મારી ફ્રેનીની મદદથી તે ઓરડામાં હાલચાલ કરતો હતો.

જયારે હું તેની આગળ ગયો, ત્યારે સરેસતા પ્રમાણે તેની ખબર અંતર પુછયા પછી તે શું કહેવા માંગતો હતો તે વીષે મેં તેને પુછયું. પણ મને ખુલ્લી રીતે માલમ પડયું કે તેના મન ઉપર કંઇક છુપી ચીજનો જબરો ભાર પડતો હતો, જેથી તે બેચન રહેતો હતો. આખરે પોતેજ હીંમત કરીને તે બોલી ઉઠયો,

"ફલી શું તું મારીથી કંટાલી નથી ગયો? મને સારો થતાં એટલો બુધો તો લાંબો વખત થઇ ગયોછે, કે મને પોતાને પણ અહીં પડી રહેતાં શરમ લાગે છે."

"નહીં, નહીં, તારા મનમાં તે તો તું કંઇ લાવતોજ ના. સામી તારી હાજરીથી મને ઘણી ખુશી ઉપજે છે," મેં મારો વીચાર જણાવી કહેવા માંડયું, "ને મેં પકકો વીચાર કીધો છે કે જયાં સુધી તું તદનજ સારો થાય નહીં ત્યાં સુધી તને મારા ઘરમાંથી જવા દેવો નહીં."

"અરે ફલી તારી કેટલી બધી મહેરબાની!" એટલું બોલતાં તે મારો હાથ લઇ પોતાના હાથમાં ખરા અંતઃકરણની ખુશાલીના ઉભરાથી દાબવા લાગ્યો. "ત્યારે ફલી હું તને સાચુ કહુંછું કે મને અહીંથી જવાની જરાબી ઉતાવલ નથી, કારણ હું જ્યાં છું ત્યાં વધારે સુખી છું. પણ તે તું જાણેછે કેની તે—

"વળી એ 'પણ તે' શું, ને 'જાણેછે' શું?" તે શું કહેવા માંગેછે તે સમજતો ન હોવું તેવું ડોલ ઘાલી મેં હસીને પુછ્યું.

"હા! તું જાણેછે, ફલી? તું મને જરા મદદ નહીં કરશે?"

"હું શુ જાણું ને મદદ તે શું કરૂં, તું મને કાંઇ સમજાવતો ખરો!"

"લે હું તને ખુલ્લુ કહુંછું" એક પળ વીચાર કરી મોટેથી હસીને તેણે કહેવા માંડયું. "વાત એમ છે કે તારી બહેન ફ્રેની સાથે હું પ્યારમાં પડયોછું, અને હું તેને તે જણાવી પણ ચુકો છું, ને મને તેણે કહ્યું કે—

"ત્યારે તે શું કહે છે?"

"તેનો પણ વીચાર મારા વીચારનેજ મલતો છે. પણ હવે તારી મરજીની ખોટી છે." તે જરા ગંભીરાઇથી તેમજ કરગરતા અવાજથી મને પુછવા લાગ્યો.

તેના સવાલનો જવાબ દીધા વીના હું મારી ખુરશી ઉપરથી ઉઠી જઇ, ઓરડામાં એમથી તેમ એક બે લતાર મારવા લાગ્યો. તે વખતે મેં બારી નજરે જોયું કે તે મારીજ તરફ ઘણી આતુરતાથી, ગોયા મારા મનમાં શું વીચાર છે તે જાણવાને, જોવા લાગ્યો.

ખુશાલીના ઉભરાથી ઉભાઇ જતા મારા મગજને સ્થીર કરી, હું તેની આગલ આવ્યો, અને મારો હાથ તેની તરફ લંબાવ્યો, જે તેણે પોતાના બન્ને હાથમાં પકડી લેઇ દેખીતાજ ઘણા હરખથી દાબવા લાગ્યો.

"હા, હોમી ત્યારે તારી ખુશી છે. અને ફ્રેનીનું જીગર તારી જાણ વગર ચોરી લેવા માટે, તું મારી ઉપર ગુસ્સે નથી?" એમ બોલતાંજ તે પોતાની ખુરસી ઉપરથી ઉઠવા જતો પણ મેંજ તેને ઇશારત કરી બેસાડી દીધો.

"મારા જીગરોથી હું ખુશી છું; મારા હંમેશના વહાલા ફલી, હું જાણુંછ કે ફ્રેની તને ચાહેછે, અને મને આશા છે કે તું તેણીના ખાવીંદ તરીકે સારોજ નીવડશે."

"બરાબર બોલ્યો. તેણીને માટે હું સખત મહેનત કરીશ અને હુંજ તને દેખાડીશ કે તેં મને આ જે ખજાનો સોંપ્યો છે, તેને હું કેવો સાચો નીવડયો છું."

બાકીની સાંજ ખુશ તોલ તપ્પા અને વાત ચીતમાં વહી ગઇ.

આખરે જયારે હું ત્યાંથી જવાને માટે ઉઠયો, ત્યારે તેનો હાથ પાછો મારા હાથમાં લઇ દાબીને મેં કહ્યું "હવે તારે વાસ્તે મારે કાંઇ સારી જેવી ચાકરી સોધી કહાઢવી જોઇએ. કે જેથી તું તેને સારી રીતે રાખી શકે. અલબતાં મારે ફ્રેનીને માટે પણ કંઇ કરવું પડશે, પણ પાણી હમેંશ વાસણમાં ગરમ ને ગરમ રાખવાને માટે તારીજ ઉપર મોટો આધાર છે. વળી જ્યારે તું સારી રીતે ફરી શકશે, ત્યારે તને પહેલી જોગવાઇએ બેહલી હોમજીના બાનુબાઇને ત્યાં લઇ જઇ, તેણીની ઓલખાણ તારી સાથ કરાવવાની છે."

આજના ખુશાલી ભર્યા એક પછીના એક બનાવોથી રાત્રે બરાબર મને ઉંઘ પણ આવી શકી નહીં. એ મારી જાગરણની વખતે શું શું ઉપાયો લેવા તે મેં મનમાં યોજી રાખ્યા.

બીજે દહાડે હું મારા સોલીસીટરને ત્યાં જવાને માટે નીકલ્યો. તેનુ નામ શાવકશાહ કરી હતું, અને તે શાવકશાહ અને શોરાબશાહની પહેઢીનો વડો ભાગ્યો હતો. આ સોલીસીટર સાથ

મને લાંબા વખતની સારી દોસ્તી હતી, અને એનીજ મદદથી સારે સારે ઠેકાણેના ઘણાંક ઘરાકો હું મેલવવા પામ્યો હતો. બહેલી હોમજીને ત્યાં પણ એનીજ મહેરબાનીથી મને ઓળખાણ પડી હતી.

જેવો મેં મારો કાર્ડ અંદર મોકલ્યો કે, તેવોજ તેણે મને અંદર બોલાવી ઘણી માયા ભરી રીતે મારી સાથ વાતચીત ચલાવી.

"કેમ મારા દાકતર કેમ છો?" મને જોતાંજ તે પોતાની જગ્યા પરથી ઉઠી આગળ વધી ને મને પુછવા લાગ્યો. "કંઇ, તમારૂં આજે અહીંયા આવવાનું થયું? કેમ કાંઇ ધંધાને સર કે કાંઇ ખાનગી કામને માટે, કે કાંઇ અમથા મલવા આવ્યાછો?" તેણે મારૂં આવવાનું કારણ પુછ્યું.

"જ્યારે મને તમોને મલવા આવવાનું હોય ત્યારે જો કાંઇ કામ નીકલે ત્યારે મને ઘણી ખુશાલી ઉપજે છે." મેં તેને જવાબ આપ્યો. "પણ મારૂં આજનું આવવાનું કારણ તો માત્ર એક ખાનગી કામનેજ માટે છે. હું મારૂં વીલ કરાવવા આવ્યો છું."

"હેં! તમો હજી તો તંદરોસ્ત જુવાન છો, ને અત્યારથી વીલ શાનું કરાવોછો?" મારો તે સોલીસીતર મીત્ર લગાર અચરતીથી હસીને બોલી ઉઠ્યો. "પણ જ્યારે તમારી મરજીજ છે તો મારે ક્યાં ના છે? હું સારી પેઠે જાણુંછું કે તમો ઘણા દુરઅંદેશ અને ડાહયા માણસ છો, તેથી તમારૂં એ કામ કંઇ સારાંજ કામને માટે હશે."

"હા તેમ છે તો ખરૂં." મેં જવાબ આપ્યો, "મારે તમને એકદમ કહી દેવું જોઇએ, કે મારી બહેન મારી પુર રાજી ખુશીથી એક ઘણા લાયક જવાન સાથ ગઇ કાલેજ અદરાઇછે, તેથી તે વીશે શું સારા ઉપાયો લેવા તે વાસ્તે તમારી પાકી સલાહ લેવાને માટે હું અહીંયાં આવ્યોછું."

"વાહ! તમો તો ખુશ ખબર લાવ્યા. તે માટે હું તમોને મારા ખરા જીગરની મુબારકબાદી આપુછું. મારી તરફથી તમારી બહેનને મુબારકબાદી આપી કહેજોકે એ વાત સમજીને હું ઘણોજ ખુશી થયો છું. પણ તમારા આ નવા બનેવીનુ નામ પુછવાને મને રજા છે?"

"ખચીતજ, ને તેનાજ કામને વાસ્તે હું તમારી આગલ આવ્યોછું. વાત એમ છે કે તેના નામ તો બે છે. પણ તે ઘણા વરશ થયા મી૦ ફરામજી બમનજી લવજીના ધારણ કીધેલા નામ હેઠલ ફરે છે."

"હં કે તેમ છે કે?" શાવકશાહે લગાર ગંભીરાઇથી પોતાના ભવાં ચહઢાવી મને કહ્યું, "એક ધણી જે પોતે પોતાના ખરા નામથી દુન્યામાં નહીં ઓલખાય, તેના સાથ તમારી બેહન પરણે તે કંઇ ચાલે નહીં."

"હા, બરાબર છે. મને પણ એ વીચાર અત્યાર સુધી સુજ્યો નહીં, પણ મને શક છે કે એજ પોતાની પેહેલી મુશકેલી વીશે તેણે પોતે પહેલાં વીચાર કીધોછે, કે નહીં. પણ મારે તમને તેનું ખરૂં નામ જણાવવું જોઇએ. તેનુ અસલ નામ મી૦ ફરામજી બમનજી લાહેર કરી છે."

"લાહેર"! હે! શું! તમે લાહેર બોલ્યા?" સોલીસીતરે જાણે 'લાહેર' સીવાય બીજું કંઇ નામ સાંભળ્યુ ન હોય તેમ શક ભરેલી રીતે પાછુ પુછ્યું. "લાહેરનું નામ તો મારા ધંધાની રાહે અગાઉ આવી ગયલું મને કાંઇ ધ્યાન છે. દાકતર એક મીનીટ મને માફ કરશો! હું મારા કલાર્કને બોલાવીને પકી ખાતરી કરૂં."

શાવકશાહે પોતાની ટેબલપર મુકેલો એક સુંદર નાનો ઘંટ તરતજ વગાડ્યો, જેના જવાબમાં તેવણનો મેનેજીંગ કલાર્ક અંદર દાખલ થયો.

"મી૦ રૂસતમજી, જોવોની થોડા વરસની વાત ઉપર આપણા હાથમાં જે લાહેરવાલાઓનો કેસ હતો, તેને લગતા સઘલાં કાગજ્યાં મને જોઇએછે. તે શું કેસ હતો તે હુ તદન વીસરી ગયોછું, પણ તે કાગલ્યાંની મદદથી મને તે વધારે સારી રીતે માલમ પડશે."

"હા, સાહેબ," શાવકશાહ સોલીસીતરના વડા કલાર્કે તરતજ જવાબ આપ્યો. "તે કાગલો સોધી કાહાડતાં તો ઘણો વખત લાગશે, કારણકે આપણે તેને મોટી તીજોરીમા બીજા કાગળોની સાથે કેડે મુકેલાં છે. સહવાર સુધીમાં હું તે સોધી રાખીશ, પણ મને ધ્યાન છે કે તમારી ખાનગી તીજોરીમાં મીઃ ફરામજી લાહેરનું નામનું એક કાગલ આજ લાંબા વખતનું પડેલું છે."

"બરાબર હવે મને યાદ આવ્યું" તરતજ મારો આ મીત્ર બોલી ઉઠયો. "લેવો આ કુંચી ને અંદરથી તે હમણા કહાઢી આપો. તેમાંથી આપણુને કાંઇ નવું જુનું મલી આવશે."

માત્ર પાંચ સાત મીનીટના ટુંક વખતમાં તે બાહોશ સોલીસીતરના ચંચલ કલાર્કે તે કાગલ લાવી આપ્યું.

બલુ રંગના મોટા અને જાડા પરબીડામાં તે કાગલને સંભાલીને મુકેલું હતું. કોઇ પારકો ધણી તે કાગલ ઉખેડે નહીં, તેને માટે વધારે સાવચેતી લેવાને તેને ગુંદરથી ચીટકાવ્યા ઉપરાંત, તે પરબીડાંની પાછલી બાજુએ લાલ લાખથી આંઠ જુદે જુદે ઠેકાણે સીલ કરવામાં આવ્યાં હતાં.

તે મોટા પરબીડાં ઉપર ધારા મમાણે સરનામું કરવા ઉપરાંત એક ખુણામાં લખ્યું હતું કે "જો આ કાગલ આજની તારીખથી બરાબર પાંચ વરસની મુદત સુધીમાં ફરામજી લાહેરને મળી ન શકે તો, મીઃ શાવકશાહ સોલીસીતરે, યા તો તે પછીના કોઇ સતાદાર ભાગ્યાએ તે ઉખેડયા યા વાંચ્યા વગર એમનું એમ બાલી નાખવું."

"ત્યારે તમારો આ નવો સગો હું ધારૂછું કે એજ હોવો જોઇએ. પણ આ કાગલ તેને આપણે હવાલે કર્યે તેની અગાઉ આપણુને તેની ખાતરી કરવી જોઇએ." તે વકીલ હવે મને કહેવા લાગ્યો. "મીઃ હોમી, આએ વળી કેવું અજબ જેવું, કે આ કાગલની મુદત પણ પુરી થવા આવીછે, ને માત્ર દસજ દહાડા બાકી છે! તેથી આપણુને હવે વખત ખોવો જોઇતો નથી. તમારો તે દોસ્તદાર કાલે બપોરે અહીં આવી શકશે?"

"નહીં, મીઃ શાવકશાહ, તે લગાર સીક છે, આજે થોડા દાહાડા થયા તેને એક સખત અકસમાત થયાથી ઘરમાંથી બાહાર નીકલી શકતો નથી, પણ તે મારાજ ઘરમાં હાલ રહેલો છે."

"ત્યારે તમે અહીંથી પાધરા તમારે ઘરજ સીધારસો કે?" તે વકીલે પુછયું.

"હા, કેમ?"

"ત્યારે જોવોની દાક્તર, આ કામમાં ઘીલ થવી ન જોઇએ. મને આજે બપોરે કોર્ટમાં કામ છે, તેથી તમારે ત્યાં આવી નહીં શકાશે; વાસ્તે જો તમારી મરજી હોય તો મારા મેનેજીંગ કલાર્ક મીઃ રૂસતમજીને તમારી સાથે ગાડીમાં મોકલું. એવણુ મારા કરતાં ફરામજીને બરાબર ઓલખેછે, ને એવણુની જો ખાતરી થશે તો તરતજ તે કાગલ તેવણુને હવાલે કરશે."

દરેક જાતના શક તરતજ ખુલ્લા કરવાને માટે, આ રીત ઘણીજ સહેલી તેમજ સુતરી હતી; અને તે કાગલજ દેખીતું ઘણુ અગત્યનું હોવાથી મેં તેને મારી સાથે ગાડીમાં લેઇ જવાની તુરતજ હા કહી.

જેવો હું મારા ઘરમાં ગયો તેવોજ મારો નોકર મને કહેવા લાગ્યો, કે ફરામજી શેઠ કાંઇ અગત્યના કામને માટે મને મારાજ ઓરડામાં મલવા માંગેછે, અને તેવણુથી હવે જરા રતી ચલાતું હોવાથી નીચે આવવાને ખુશી છે. મેં હા કહ્યું; અને થોડી મીનીટમાં ફલી મારા ઓરડામાં દાખલ થયો, જ્યાં તે વકીલનું માણુસ પણ બેઠેલું હતું.

"દાક્તર તમે આવ્યાથી હું કેટલો ખુશી થયોછું!" ફલી મને કહેવા લાગ્યો, તે જોકે ઓરડાના ઉંબર આગલજ ઉભો રહયો હતો તોપણુ મારી સાથે બીજુ કોણુ ઓરડામાં બેઠું છે

તે તે જોઇ શક્યો નહીં. "ફ્રેની હમણાજ થોડો વખત થયો અહીંથી બાનુબાઇને ઘર ગઇછે, અને કહી ગઇછે કે બાનુબાઇની તબીયત લગાર વધારે બગડેલી છે, તેથી તમે જમી લઇ જલદી ત્યાં આવજો."

"વારૂં, વારૂં, ફ્લી," મેં કહ્યું, "હમણાજ હું ત્યાં જાવુંછું, તેટલાં આ ગ્રહસ્થ તમારી સાથે કંઇ—"

"દાક્તર સાહેબ, એવણુજ મી૦ ફ્રરામજી લાહેર," તે વકીલના માણસની નજર જેવી ફ્લીપર પડી, તેવોજ તે મને કહેવા લાગ્યો, "મેં એવણુને ઘણી વખત એવણુના મરહુમ ભાઇ મી૦ જમશેદજી લાહોર સાથ ઑફીસમાં આવતા—"

"એ આએ શું ?" ફ્લી એકદમ ચોંકીને બોલી ઉઠયો. "શું જમશેદજી ગુજરી ગયા, ને મને ઓલખવાને માટે તમે અહીં આવ્યાછો ?"

"હું મેશરસ શાવકશાહ અને શોરાબશાહ સોલીસીતરોને મેનેજીંગ કલાર્ક છું," તે ઠંડેપેટે બોલવા લાગ્યો. "પણ સાહેબ, તમે વખતે મને ઓલખતા નહી હશો, પણ હું તમોને સારીપેઠે ઓલખુ છું. મારા શેઠ તરફથી આ કાગલ તેમને હવાલે કરવાની મને ફરમાસ થઇ છે. હું ધારૂંછું કે તમે તમારા ભાઇના અક્ષર ઓલખી શકશો. તમારાં સઘલાં કાગજો આવતી કાલ સુધીમાં હમો હમારી ઓફીસમાં તૈયાર રાખીશું, તે મહેરબાની કરીને જ્યારે ગમે ત્યારે આવીને લઇ જજો. સાહેબજી !"

તે કલાર્કના જવા પછી મારો તે ગરીબડો મીત્ર મારા તરફ ઘણીજ અચરતીથી જોવા લાગ્યો. પણ તેની અજાયબીઓમાં ત્યાંજ તેને ગરકાવ મુકીને હું લાગલો બહેલીહોમજીનાને ત્યાં જવા નીકલી પડયો.

પ્રકરણ ૫ મું.

ફ્લી ઓલખાયો—સુખી સેવટ.

બાનુબાઇના ઘરમાં હજી તો હું જઇ પોહચ્યો નહીં, તેટલામાંજ મારા ગાડીના ખણુખણાટના સાદેજ, મારી બહેન મને આગલા ખંડમાં સામી મલી. તરતજ તેણી મને એક બાજુએ લેઇ જઇ દેખીતી દલગીરીથી કહેવા લાગી.

"હોમી, બાનુબાઇના આજના ચેનચાલા મને કંઇ સારા લાગતા નથી, આખો દહાડો તેવણુ મનમા ને મનમાં કંઇ 'ગઇ ગુજરીની' વાત બબડયા કરે છે, અને બેચનના બેચેન પડી રહે છે. તેવણુ કોઇ દહાડે એવી વાત મારી આગલ કરતાં નહીં હતાં, પણ આજે તો તેવણુ પોતે પરણીયા તેની અગાઉની કાંઇ વાત વીષે બબડયા કરેછે. તેવણુ એમ બોલે છે કે તેવણે તે અગાઉ કોઇની સાથ પવીત્રાઇ ગાંઠથી જોડાવવાની મોહબત બાંધી હતી, પણ તેવણુના કરડા ખવાસના બાવાએ મારામારી કરી, તે તોડી નાંખી તેવણુના બહેસતી વર સાથ જોર જુલમથી પરણાવી. વળી તેવણુ મને એમ કહેછે કે મારાં લગન થશે તેની અગાઉ તો તેવણુ અહીંયા હશેજ નહીં. તેથી મારી પાસ વચન પર વચન લીધુછે કે કાલે કાંઇબી કરીને ફ્લીને લેઇ આવી તેવણુ સાથ ઓલખાણુ પડાવવી. એ તમારાથી બનશે કે હોમી ?"

"હા, એમાં શું છે, જ્યારે તેવણુની એમ મરજી છે, તો તેમ કરવામાં શું અડચણુ છે ? પણુ બાનુબાઇને જોવા હવે મને ઉપર જવા દે."

તેણીને પહેલીજ નજરે જોતાં મેં મારા લાંબા અનુભવથી પકકુ માન્યું કે આજની તેણીની બીમારી કાંઇક વધી હતી.

"દાકતર" મને જોતાંજ તેણી મારો હાથ પોતાના હાથમાં લઇ બોલી "દાકતર મને ઊંઘ આવે તેવી કાંઇ દવાઇ આપો! મને જરાબી ઊંઘ નથી આવતી, તેથી મારૂ માથું ઘણુંજ દુઃખેછ. પણ મને મારી ફ્રેનીનું ઘણું લાગેછે. હું મરી જાવું તેની અગાઉ તેણીને પરણેલી ને સુખી થયલી જોવા મને ઘણુ ગમેછે. નહીં, દાકતર હવે તમો ખોટી ના થાવો! આપણા શાવકશાહ સોલીસીતર સાથે મેં બધી ગોઠવણુ કરી રાખીછે, ને મેં મારૂ વીલ કરીને તેની ઉપર સહી પણ કીધેલી છે. મારી ફ્રેનીને હું ભુલી નથી. હવે દાકતર તમે કંઇબી કરીને ફરામજીને કાલે અહીંયા લેઇ આવજો, એ મારી અરજ છે, વખતે તે છેલ્લીબી હશે, એમ મને લાગેછે."

તેણીના આ છેલ્લા બોલો જોવા વધુ ન બોલવા મેં તેવણુને ઘણું સમજાવ્યું. પણ નહીં! તેવણુ વધારે ને વધારે એવુ ફાંટુ ફાંટુ બોલવાં લાગ્યાં. આખરે તેણીની આગળ મારો કાંઇ પણ ચારો નહીં રહેવાથી, ચુપચુપ બેસીને મને તે સાંભલવું પડ્યું.

જ્યારે હું ઘર ગયો, ત્યારે રાત્રે સુવા જવા પહેલાં, મારા રાબેતા પ્રમાણે હું ફ્લીના ઓરડામાં તેની ખબર અંતર પુછવા, તેમજ તેની સાથ બે ઘડી વાતચીત કરવાને માટે ગયો. આજે મેં જોયુ કે તે હમેશના કરતાં ઘણી આતુરતાથી મારી રાહ જોતો બેઠો હતો.

"આવો, આવો, દાકતર" તે મને જોતાંજ તુરત મારી સામે આવી બોલ્યો, "બેસો આજે મારે તમારી સાથ ઘણીક અગત્યની વાત કરવી છે." મેં જોયું કે તે આજે ઘણીજ ગંભીરાઇથી બોલતો હતે. "એ બધું તમે શું કરી દીધું, પણ તે ગમે તે હોય પણ તમે મને હમણા એક ઘણોજ ફેરવાઇ ગયલો માણુસ જુવોછો, આજે સહવારે હું એક ગરીબ હતો, પણ હમણા હું પૈસાવાલો થયોછું. તેથી વહાલા ફ્લી!" એમ બોલતા તેણે મારો હાથ લેઇને મજબુતાઇથી પોતાના હાથમાં દાબી હસીને બોલ્યો, "હું હવે મારે પૈસેજ પરણી શકીશ. તમે સમજોછ કેની?"

"વાહ! તેં તો આજે મને મોટી ખુશ ખબર કહી. તેથી હું તને મારા ખરા અંતકરણની મુબારકબાદી આપુછું, જે તને આમીન થજો, પણ હવે મને તું કહેશે કે એકદમ એ ફેરફાર તારામાં કેમ થયો."

"વારૂ સાંભળ! મારા વહાલા ભાઇ" તેણે કહેવાને શરૂ કીધું. "તને યાદ તો હશે કે જ્યારે થોડા વરસની વાત ઉપર આપણે એક સ્ટીમર પર એકઠા થયા હતા, ત્યારે મેં કહ્યું હતું કે, હું તુટેલાં હૈયાં સાથ મુંબઇ છોડીને કરાંચી તરફ જતો હતો. તે કારણ એ હતું કે એક નીમકહરામ અને ઘાટકી ચાલની એક સુંદર છોકરી સાથ પરણવાને મેં કબુલ કર્યું હતું, પણ તે એકાએક મને છોડી ગઇ, તેથી મને આ ફેરે હેરાન થવું પડ્યું; અને વળી મારા ભાઇ સાથ એવી કબુલાત કરવામાં આવી હતી કે તેણે જે એક મોટી રકમને માટે ખોટી સહી કીધી હતી, તે જો માલમ પડે તો મારી ઉપર મારી ગેરહાજરીનો લાભ લેઇ તે મારાપર ઢોરવી દેવી; એ બધી વાત જાણેછેકેની હોમી?"

"હા, હા, પછી?" એની વાતમાં મને વધારે રસ પડતો હોવાથી, મેં તેને આગલ ચલાવવાને માટે કહ્યું.

"પણ જે ખરાબ થાય છે, તે સારાનેજ માટે, તેમ એ તો સારૂં થયું, કે મારી આગલી બીયાએ મને છોડી દીધો, કે જેથી આજે તારી ને ફ્રેનીની મીઠી મીત્રાઇમાં હું ઘણોજ સુખી થઇ ગયોછું. હવે હું પેલા કાગલની વાત કહેવું, જેથી બીજી સઘળી બાબદો તને ખુલી માલમ

પડશે. લે તે તુંજ વાંચ!" એમ બોલતાંજ પેલુ બલુ પરબીડાવાલુ સીલ કીધેલું કાગલ મને આપ્યું, જે વાચતાં નીચે પ્રમાણે લખેલું મને માલમ પડયું:—

"મુંબઇ તા૦ ૩૦મી સપટેમ્બર ૧૮૮૧.

"મારા વહાલા ભાઇ ફ્લી,

આ મારૂં છેલ્લુંજ કાગલ છે, કારણ કે હું ઘણો સીક છું અને મારા દહાડા નજદીક આવી ચુકેલા હું જાણુંછું, તેથી આ કાગલબી મેં ટુકમાંજ લખી કાહાડયું છે. આ કાગલ તને મલે તેની અગાઉ હું મરી ગયલોજ હોઇશ. તું કયાં છે, તે સોધવાને મેં ઘણીબી મેહેનત કીધી, પણ મને તારો પતો મલ્યો નહીં, ખોદા માલમ વખતે તું મરીબી ગયો હોય! જે હું ઇચ્છતોજ નથીં. તું જાણીને ખુશી થશે, કે પેલી બાબદ (જે તુંજ જાણેછ) તે કોઇનેબી જણાઇ નથી, તેથી તારૂં નામ પણ ખરાબ થયું નથી, ત્યાર પછી આપણા ફુવા બહેલીલોગીના બમનજી ગુજરી ગયા, ને તેવણે મને દીકરો કરી લીધેલો હોવાથી, મને એક વારસો આપી ગયા છે. તે મેં બરાબર વાપડીને આજે વધારી પણ દીધો છે. તેમાંની પાઇએ પાઇ તને હું આ લખ્યાથી આપી જાઉંછું. જે આજે આશરે રૂ. ૪૮,૦૦૦ જેટલી થવા જાયછે. એને લગતાં સઘલાં કાગલ્યાં, જો આ કાગલ આજથી પાંચ વરસની અંદર તને મળે તો, આપણા સોલીસીતરો મેસરસ શાવકશાહ અને શેરાબશાહ તને હવાલે કરશે. વહાલા ભાઇ! તને મારે લીધે જે જે ખમવું પડયું હોય તે હવે મને માફ કરજે, એવી મારી છેલ્લી અરજ છે. હવે આપણે કદી પણ મલીશું નહીં, તેથી છેલ્લી સલામ!

તારો સદાનો પ્યારો ભાઇ,

જમશેદજી બમનજી લાહેર."

આ ઉપલું કાગલ વાંચી રહેવા પછી થોડા પલ સુધી હમો તદન મુંગા મુંગા બેસી રહ્યા.

આખરે હુંજ બોલ્યો "લે તારો દહાડો ફરી ગયો. તેથી તું ને ફ્રેની તો હવે સુખી થઇ જશો. ને વળી બાનુબાઇ પણ એ વાત સમજીને ખુશ થઇ જશે. હા, મને સારી યાદ આવી. બાનુબાઇ તને મલવાને માટે ઘણાંજ તલપી રહ્યાં છે, તેથી કાલે તને જરૂરજ બોલાવેલો છે. તું આવશે કેની? હું તારી તેવણ સાથ ઓલખાણ કરાવીશ."

"હા, મોટી ખુશીથી" તેણે જવાબ આપ્યો. "એવણને વારતે મેં જેટલું સાંભલ્યું છે તેથી તેવણને મલવાને તેમજ જોવાને હું ઘણોજ ખુશી થઇશ. તમે કેટલે વાગે ચાલશો?"

"ત્રણ વાગે."

"કબુલ."

બીજી સાંજે ઠેડવેલે વખતે હું મારા નવા સગાને લઇને બાનુબાઇના 'કાલાબા કોટેજના' બંગલામાં ગયો, ત્યાં આવતાં હમોને બારીથી જોતાંજ મારી ફ્રેની હમો તરફ આવી, હમોને ઉપર લઇ ગઇ.

ત્યાં જતાં હમોને હમારી રાહબર તરફથી જણાવવામાં આવ્યું, કે તેવણ હમારી વાતજ જોતાં ખોટી થાયછે. હમોને બરાબર આવકાર દેવાને તેવણ એક કોચ ઉપર અલેતાઇને પોતાના સુંદર ઓરડામાં બેઠેલાં હતાં.

ઓરડામાં દાખલ થતાંજ હું જરા આગલ ચાલી ગયો, અને બાનુબાઇને ધારા પ્રમાણે નમીને સલામ કીધી, અને ત્યાર પછી જરા દુર ખસી જઇ ફ્લી જે ફ્રેનીના ખભાં ઉપર હાથ દઇને ધીમે ધીમે આવતો હતો, તેને માટે જગ્યા કીધી.

કોચનો ટકીયો બારણાને પીઠ કરીને મુકેલો હોવાથી, ઓરડામાં કોણ દાખલ થાય છે તે બાનુબાઇ જોઇ શકતાં હતાંજ નહીં કારણ કે તેવણની પીઠ બારણા તરફજ રહી હતી.

ફ્લીને બેસવાને માટે એક ખુરસી બાનુબાઇના કોચ આગલ હું સેરવી લાવ્યો, તેટલામાં ફ્રેની ફ્લી સાથે નજદીક આવી પોંહોંચી તેને આગલ કરી બોલી,

"પ્યારાં બાનુબાઇ, હું જે મારા મી૦ ફ્રરામજી લવજીને માટે કહેતી હતી તેવણ સાથ મને તમારી ઓલખાણ."—

હજી તો આ વાક્ય તેણી પૂરો કરે, એટલામાં તેઓની ચશમ દુચાર થતાજ એક મોટી ચીશ પાડી ફ્લી ખુરશી પર અફ્ડાઇ પડયો.

"બાનું! તું કે?

"મારા ફ્લી!" એમ બોલતાંજ તેણીએ પોતાનો એક હાથ આંખ ઉપર ઢાંકી, બીજો છાતી ઉપર મુકયો.

એ તો હમો ભાઇ બહેનને ખુલ્લુંજ જણાઇ આવ્યું, કે તેઓની નજરો એક થતાંજ તેઓએ એક બીજાને ઓલખ્યાં; આથી બન્નેનાં મગજ ઉપર વીજલીના ચમકારા પેરે કાંઇ જબરો ઝટકો લાગ્યો. પણ તેઓની એ વાતની હમોને જરાબી સમજણ પડી નહી. આખા હોલમાં પંથરાઇ ગયલી ચુપકીદી વખતે એક એક પળ એક એક વરસ જેટલી લાગી.

આખરે આ ભેદ ભરેલા સોધનો કાંઇક ખ્યાલ મને આવવા લાગ્યો. તેથી તરતજ તે અમલમાં મુકવાને માટે વધુ વખત ન થોભતાં ફ્રેનીનો હાથ પકડી હું ઓરડાની બાહેર તેણીને લઇ ગયો.

ગરીબ બીચારી મારી બહેન! ગુપચુપ મારી સાથે ચાલી આવી. પાસેના એક ઓરડામાં જઇ, ત્યાં એક ખુરસી ઉપર તેણીને બેસાડી, હું બોલ્યો:

"વાહાલી ફ્રેની! હીંમત રાખ. એ ભેદ શું છે તે હું સમજી ગયોછું. અને એ તો સૌ સારૂ થશે. ફ્લી સાચ્ચો અને પ્રમાણીક છે. તેની તું કાંઇ ફીકર ના કર."

થોડા પણ અસરકારક બોલોમાં એ બીના શું હતી, તે હું તેણીને જણાવી ગયો, પણ હજી તો હું મારૂં કહેવું બરાબર પુરૂં કરી રહયો નહી, એટલામાં હોલનું બારણું જોરથી અફ્ડાવવાનો સાદ હમારે કાને પડયો, અને બીજી પળે ફ્લીએ ખોડાતો ખોડાતો દોડી આવી બુમ પાડી કે,

"દાકતર, ફ્રેની, ચાલો! જલદી કરો, બાનુબાઇ એકદમ શીક પડી ગયાં છે, જલદી કરો!"

હું તરતજ તેણીના ઓરડામાં ધસી ગયો, તો ત્યાં મને જલદી દેખાઇ આવ્યું કે બાનુબાઇ ઉપર લકવાએ પાછો જબરો ગલમો કર્યો હતો, જેનું કારણ તેવણનું મન ઉશકેરાવાનું હું સમજી ગયો. મને લાગ્યું કે એથી તેવણની અજલ આવી પુગી છે. એવો વીચાર તેણીને પણ લાગવાથી એકાદ બે પળ સુધી મારી તરફ્ ટગર ટગર તેણી જોવા લાગી.

ત્યાર પછી તેણીએ પોતાનો આંખો ફેરવીને પોતાની સાંબે ઉભાં રહેલાં પેલાં પ્યારાં જોડાંને જોયું.

હા! તે દેખાવ કદી પણ મારા મગજ ઉપરથી ભુસાઇ જશે નહી. તેણીનો આતુરતા ભરેલો પણ ફીકો મારી ગયલો ચહેરો, આંસુથી ભીંગાયલી પ્રકાશીત બે નાની નાની આંખો, દબાઇ ગયલાં હાથાં, અને નખાઇ ગયલું શરીર! આહા, એ દેખાવ હું તે કેમ વીશરી શકું?

"મારા બે વાહલાંઓ" આખરે બાનુબાઇએ બોલવાને માટે પોતાનું મોંહ ઉગાડયું. "મેં તમો બન્ને ખરા જીગરથી ચાહેલાં છે. અને હવે તે મારો પ્યાર તમો બન્નેને વહેંચી આપુંછું. ફ્રેની, એ શું વાત છે, તે તને ફ્લી કહેશે, પણ મારે ખાતર તેને તું હમેંશ ચાહતી રહેજે. તમોને મારી એ છેલ્લી અરજ છે અને હવે સાહેબજી—છેલ્લી સલામ—

અને તેણીનો પાક જીવ પેલી દુન્યામાં ચાલતો થયો.

હમોને લાગેલા આ જબરદસ્ત ફટકાનો આંચકો હમોએ કેમ ખમી શકયો તે મારાથી વાચનારને કદી પણ બરાબર કહી શકાયજ નહીં. હમોએ હમારા મગજ હવે જરા લગાર સાંત કીધાં અને હમારી ઉપર આવી પડેલી આ ગંભીર ફરજો અદા કરવાને માટે તૈયારી કરવા લાગ્યાં, એટલામાં મારી નજર એક કાગલ ઉપર પડી, જે ખુણામાં રાખેલી એક નાની ટેબલપર સંભાલીને મુકેલું હતું. તેના ઉપર મારી બહેનનું સરનામું કીધેલું હતું, તેણીને મેં બીજે દીવશે તે આપ્યું.

તે કાગલ ઉખેડી વાચતાં, હમોને માલમ પડયું કે બાનુબાઇએ પોતાનું વીલ અગાઉથી કરી રાખ્યું હતું. જેમાં તેણી ફ્રેનીને એક મોટો વારસો આપેલો છે, એમ તેમાં જણાવ્યું હતું. તેમાં વલી વધુ એ ઉમેર્યું હતું, કે તેણીએ ફરામજી લવજી સાથ પરણવું, અને તે લગન તેણીના મરણ પછી ૭ મહીનાની અંદરજ કરવાં.

હવે મારે અહીંયા કાંઇ વધુ કહેવાનું બાકી રહ્યું નથી. બાનુબાઇના છેલ્લાં ફરમાન પ્રમાણે સઘલું બજાવવામાં આવ્યું ખરૂં, પણ એક બાબદમાં એટલોજ ફેર હતો, કે ફ્રેની, ફરામજી લવજી સાથ નહી, પણ ફરામજી લાહેર સાથ પરણી.

પણ બાનુબાઇ અને ફ્લી વચ્ચે શું શંબંધ હતો, તે તો વાંચનાર ચેતી ગયા હશે. તેઓ અગાઉ એક મેક સાથ અડરાયલાં હતાં, પણ બાનુબાઇનાં પાજી સ્વભાવના પીતાજીએ આ કારજ તોડી નાખી, પોતાની ઓલખાણવાલા એક તવંગર જુવાન સાથ બાનુબાઇની મરજી ઉપરાંત લગન કીધાં. જ્યારે ફ્લીએ એમ જાણ્યું, કે તેણીની એક વેલાની ચાહેલી અને કબુલ થયલી બીજા સાથ પરણી ગઇ છે, ત્યારે તેના ગુસ્સાનો કશો પાર રહ્યો નહી. તે બસ અત્યાર સુધી એમજ સમજતો હતો, કે તેણીએ બેવફા થઇ તેને છોડી દીધો હતો. પણ વાત તો જુદીજ બની હતી. તેનો ખુલાસો છેક છેલ્લી ઘડીએજ તેને માલમ પડયો.

તેઓના લગન પછી, જયાંરે ખંડાલાની એકાંત જગ્યામાં પોતાના લગનના પછીના પહેલા થોડા દીવસ ગુજારી આવીને તેઓ મારે ત્યાં પાછાં આવ્યાં, ત્યારે એક નાની જેવી પારટી મારે ત્યાં થઇ હતી, તેમાં એ સુખી જોડુ, મી૦ શાવકશાહ અને તમારો કમતરીન શેવક પોતે, બીરાજમાન થયા હતા.

નવા પરણેલાં જોડાની સલામતી લેવાડતાં મેં તેઓને જણાવ્યું કે ફ્લી કાંઇ જબરો નસીબવાન છે. જો કે તેને નાનપણમાં થોડુ ઘણુ દુઃખ ખમવું હતું તો પણ દુઃખ પાછલ જેમ સુખ આવે છે, તેમ તેને એક કુલવાન નાર, અને એક કરતાં બબે ગમના વારસા મલ્યા હતા.

એક કીસબી ચોર.

(લખનાર—અદી).

થોડા વરસની વાતપર સપટેમ્બર મહીનાની આખેરીએ ડચેસ **બ—**પોતાના નોકરોનાં એક મોટા રસાલા સહીત, **ગ્લાસગોથી લંડન** આવવા માટે સ્ટેશનપર મેલની રાહ જોતી ઉભી હતી. મેલ આવી પહોંચ્યો અને તેણી પોતાના ખાસ સલુનમાં ચઢી બેઠી. તેણીની સાથ તેનો નાનો ભાઇ પણ હતો. ડચેસના માનીતાં નોકરોમાં **મેકફરસન એલેકઝાંનડર સ્વીટીંગ,** અને **મેરી** નામની એક માનીતી દાસી હતાં. **મેરી** ડચેસની નોકરીમાં પાંચ વરસ થયાં રહી હતી, અને તેટલા વખતમાં તેણીએ ડચેસનો ઘણોજ ચાહ અને વીશ્વાસ મેલવ્યો હતો. ડચેસ વળી ઘણી શીસીઆરીખોર હતી. કારણકે કેઠે પણ તેણી જતી હતી, ત્યાં પોતાનાં કીંમતી ઝવાહેર સાથેજ રાખતી હતી. તેણી તે ઝવાહેરનાં દાબડાને એક લાકડાંની બનાવેલી એક મજબુત પેટીમાં મુસાફરી કરતી વખતે મુકતી હતી; અને દર વખતે તેનો વીમો ઉતરાવવા પણ ચુકતી ન હતી.

જેવી મેલ ત્રેન સ્ટેશન પર આવી ઉભી, કે લોકોની ધમાલ પડી રહી. ટ્રેન ઉપડવાને હવે ફક્ત દસ મીનીટ બાકી હતી, એટલામાં ત્રીજા વર્ગના એક ડબ્બામાંથી કોઇ ઓરતની અસાધારણ કીકીઆરી અને બુમોથી દરેક લોકનું, તેમજ પેલી ડચેસનું પણ ધ્યાન ખેંચાયું. તરતજ ખબર કાઢતાં માલમ પડયું, કે તેણીને ફીફરૂં થઇ આવ્યું હતું. પેલી ડચેસ કે જેણી ઘણાંજ માયાલુ ખવાસની ઓરત હતી, તે તરતજ પોતાની સલુનમાંથી ઉતરી, પેલી અભાગણી સ્ત્રીને જોઇતી મદદ કરવા દોડી; અને પોતાનાં નોકરોને બોલાવી તેણીનાં માથા પર 'કોલનવાટર' વગેરે લગડાવ્યું. થોડા વખતમાં તેણી હોશીઆર થયલી જણાઇ. સૌ સૌ પોતાને 'વગે જગે' થઇ ગયાં, અને ટ્રેન થોડા વખતમાં સડસડાત ઉપડી ચાલી. હવે આપણી ડચેસ પોતાનો સામાન વગેસગે કરાવવા પડી, જેવામાં તેણીને માલમ પડયું કે પેલો કીંમતી ઝવાહેરનો દાબડો કેકે ગેપ થઇ ગયો હતો! તેણીએ તરતજ બંદુસ, ટ્રંકો વગેરે ખસેડાવી જોવડાવ્યું, પણ પેલા દાબડાનો પત્તો હાથ લાગ્યોજ નહી. ખચીત તે ગુમ થઇ ગયો હતો. પણ કયાં અને કયારે, તે કોઇ કંઇ સમજી શકયું નહીં. ટ્રેન તો સડસડાત આગળ ચાલી. ઝવાહેર ખોવાંયાં તેથી મેલ ઉભો રખાવવો તદન ગેરવાજબી જણાયું. **કારલાઇલ** કે જે આસરે ત્રીસેક માઇલ દુર હતું, ત્યાં ટ્રેન થોભે, ત્યાં સુધી થોભવા સીવાય કંઇબી બીજો ઉપાય રહયો ન હતો. પેલી ડચેસને તો ઝવાહેરના દાબડાનાં ગુમ થવાથી બહુજ લાગયું. જોકે તેણીએ તો તેનો વીમો ઉતરાવયો હતો, અને તેથી તેણીને તેની કીંમત જેટલાં નાણાં તો મલનારજ હતાં, પણ તે દાબડામાં કેટલાંક વારસામાં મલેલાં કીંમતી ઘરેણાં હતાં, કે જેને તેણી ઘણાંજ કીંમતી ગણુતી હતી.

અંતે **કારલાઇલ** ખાતે ટ્રેન થોભી. તરત બધેબધ તારો મુકવામાં આવ્યા. જે કંપનીએ વીમો ઉતારયો હતો, તેમને પણ તરતજ આ બાબદથી વાકેફ કરવામાં આવ્યા. અને તેજ રાતનાં તે કંપનીએ મને બોલાવ્યો અને એ કેસ મારા હાથમાં મુકયો.

સઘળી હકીકત સાંભલ્યા પછી, મને આ ચોરીનો મુદ્દો મેળવવું બહુજ મુશકેલ માલમ પડયું. જ્યારે મને સ્ટેશન પર પેલી ઓરતને થયલાં ફીફરાંની વાત જણાવવામાં આવી, ત્યારે ખુદરતીજ મને એકદમ એમ લાગયું, કે જો તે ઓરતને પકડવામાં હું ફતેહ પામું, તો આ ચોરીનો મુદ્દો મારે હાથ લાગયા વગર ન રહે. કારણ કે આ ચોરી તે ગડબડનો લાભ લઇનેજ કોઇએ કીધેલી છે.

આ ચોરી ઘણીજ હીકમત અને હીંમતથી કરવામાં આવી હતી. તેમાં તો કંઇ શક હતોજ

નહી, અને વળી પુખ્ત વીચાર કર્યા પછીજ તેને અમલમાં મેલવામાં આવી હતી. તે રાતનાંજ હું પોતે **લંડન** ઉપડી ગયો, અને તે ડચેસને જઇ મળ્યો. મેં તેણીને તે ચોરાયલી મતાનું વર્ણન આપવા કહ્યું, જે તેણીને મોહડેથી મેં સાંભલી લીધું. પછી મેં માંગી લીધું, કે તેણીની સાથ જેબી નોકરો હતાં, તેઓને બોલાવવાં, અને તેઓની પાસ વારા ફરતી તે ચોરી વીષે બયાંન કરાવવું. તેણીએ મારા સુચવ્યા પ્રમાણે કીધું. અને એક એક પછી બધાંને મોહડે તે બયાંન મેં સાંભલ્યું. **મેરી**નું તે ચોરીનું બયાંન ઘણુંજ બારીક હતું, અને વળી તે બયાંન કરતી વખતે તેણીને પોતાની બાઇનું કેટલુંક લાગતું હોય, તેમ તેણી રડી પડી હતી! જયારે તેણી ઓરડામાંથી ગઇ, ત્યારે મેં ડચેસને પુછયું કે તેણી કેટલો વખત થયો તેમની નોકરીમાં રહેલી છે.

“આસરે ચારેક વર્ષ થયાં એ મારી નોકરીમાં છે” તેણી બોલી. ‘તેણી ઘણીજ પ્રમાણીક અને ચાલાક છે. અને મને એની પર એટલો ચાહ અને વીશ્વાસ છે, કે હું એને એક નોકર તરીકે નહી, પણ એક મારી સહી તરીકેજ ગણુંછું.”

“મને માફ કરજો બાઇ સાહેબ! પણ મારો થોડો ઘણો શક એજ તમારી વીશ્વાસુ દાસી પર છે.” હું બોલ્યો.

મારૂં આ પ્રમાણીક બોલવું સાંભલતાંજ પેલી ડચેસ ગુસ્સાથી લાલચોલ થઇ ગઇ, અને પ્રગટ ધીક્કારથી મારી તરફ જોઇ બોલી “શુ તમને અક્કલજ નથી? આવી એક પ્રમાણીક ઓરત પર શક મુકતાં તમોએ શરમાવું જોઇએ! તમો જો એની પર શક લાવો તો હું એમજ સમજીશ, કે તમો ‘ડીટેકતીવ’ થવાને મુદ્દલ લાયક નથી.”

હુંબી જરાક ઉખડયો “માફ માગુંછું બાઇ સાહેબ! પણ હું કંઇ તમારો નોકર નથી, મને તો વીમા કંપનીએ રોકેલો છે, અને તેથી હું મારી મનશક્તી પર મુસ્તાક રહી, માંરાં મનની વલણ પ્રમાણેજ ચાલવાનો; જેમ કરતાં તમો મને હરગેજ અટકાવી શકનાર નથી.”

ડચેસ આ મારૂં બોલવું સાંભલી, વધારે ઉસકેરાયલી જણાઇ, અને મને તરતજ પોતાને ત્યાંથી રૂખસદ લેવા જણાવ્યું, જેવો હું ડચેસના ઓરડામાંથી બહાર નીકલ્યો, કે મને સામો બટલર મલ્યો. જેણે મને સાથ જમવા બોલાવ્યો, અને મને જમવાના ઓરડામાં લઇ ગયો. જો કે હું જમાવાનો તો નહીંજ હતો તે છતાં મારી પોતાની ગરજ માટેજ મેં તે ઇજન કબુલ કીધું, જયારે હું ટેબલ પર ખાંનું ખાતો બેઠો હતો, તે વખતે **મેરી** ઓરડામાં દાખલ થઇ, અને તે ચોરી વીષે ઘણીજ ઉસકેરાઇ જઇ, પાછી આસપાસનાંઓ સાથ વાત કરવા લાગી. હું તેની તરફ બારીકીથી જોતોજ રહયો, ખાંનું લઇ રહી. જયારે હું જવા ઉઠયો, ત્યારે ઓચીંત મેં **મેરીને, સ્વીટીંગ** નામના ઉપર જણાવેલા ડચેસના માનીતા નોકરને કંઇ અજબ રીતે આંખનો એસારો કરતાં જોઇ. એક યા બે સૅકન્ડનું, તે કામ હતું, પણ તે બેજ સૅકન્ડનાં કામે મારા શકને બહુજ મજબુતી આપી. મારા ધંધાની રાહે મને અનુભવ મલ્યો હતો, અને જેથી હું શીખ્યો હતો, કે બારીક હીલચાલો જે બીજાને નજીવી લાગતી હતી, તે મને મારા ધંધાની શોધોમાં મોટી મદદ કરવાને બહુજ ઉપયોગી થઇ પડતી. આ તેમનો એક એવી જાતને આંખનો લહેકો હતો, જેનો અર્થ મેં મનમાં એમ ઉઠાવ્યો, કે “અહં! ડીતેકતીવ સાહેબ ભોટ જણાય છે, આપણી પર એનો શક તો છેજ નહી.”

મનના અતી ઘણાં શકો વચ્ચે મેં તે ઘર છોડયું, હવે કઇ રીતે એ બદમાસોને ઇનસાફની અદાલતમાં ઘસડવા, તેના વીચારો મારા મનમાં ભમવા લાગ્યા. ખબર કહાઢતાં માલમ પડયું, કે **સ્વીટીંગ** અને **મેરી** તો બંને આશક માશુક થતાં હતાં, અને પેલી ડચેસ તેઓના લગન પણ થોડા વખતમાં પોતાને ખરચે કરી આપનાર હતી. પાછો હું પેલી ડચેસને મલ્યો, અને તેણીને **સ્વીટીંગ** અને **મેરી** પરના શક વીષે વાકેફ કીધી, પણ તેણી વધારે મારી પર ચીરડાઇ, અને પોતાની આગળ ફરીથી આવવા પણ ના ફરમાવ્યું, મેં પેલા ભલા બટલર, જેનું નામ **મી૦ તરનર** હતું, તેની મદદ લેવાનો વીચાર કીધો. હું તેને તેના ખાંનગી ઓરડામાં

મળ્યો, અને તેને મારા શકોથી વાકેફ કરી તેની મદદ માંગી. પહેલાં તેણે મને હસી કહાઢયો, અને જણાવ્યું કે હું આવા નેક (?) આદમીપર શક લઇ જવામાં બહુજ ખોટું કરૂં છું. નાસી-પાસ થઇ, હું ત્યાંથીબી જવા ઉઠયો અને જતાં મેં તેને સવાલ કર્યો "જ્યારે **સ્વીટીંગ** ડચેસની નોકરીમાં દાખલ થયો, ત્યારે તેની કેવી સ્થીતી હતી?" બટલરે જવાબ દીધો, "જો પૈસાની બાબદ વીષે પુછતા હોવો તો તે બહુજ ગરીબ હાલતમાં હતો."

"પણ હવે એની પાસ કંઇ પૈસા છે શું?"

"મને કંઇ એમ લાગેછે ખરૂં. કારણ કે હાલ એ અને એની પ્રીયા **મેરી** કંઇ બહુજ ઉડાઉ થયલાં લાગે છે."

આ વાત કરી હું છુટો પડયો, હવે મારા શકો વધારે મજબુત થયા, અને હું આ ચોરી પુરવાર કેમ કરવી તેનાંજ વીચારમાં પડયો.

એકવાર પાછું મારૂં ધ્યાન પેલી ટ્રેનમાંની રીફરાંવાલી છોકરી તરફ ખેંચાયું; અને મેં પક્કો ઠેરાવ કીધો, કે કંઇબી કરી, તેણીનો પત્તો મેળવવો. બારીક ખબર કહાઢતાં મને માલમ પડયું, કે ડચેસ **લન્ડન** આવી તેજ દહાડે તેણીની સાથ એક જુવાન ઓરત પણ **સ્કાટલાન્ડ**થી આવી હતી, જેણી પણ ત્રીજા કલાસમાંની એક ઉતારૂ હતી. તેણીની પાસ એક નાની પેટી સીવાય બીજો કંઇ પણ સામાન ન હતો, અને તેણી એક ભાડુતી ગાડીમાં બેસી પોતાને મુકામે ગઇ હતી. જે પોરટરે તેણીની પેટી ગાડીમાંથી ઉતારી હતી, તેને બારીકીથી પુછતાં માલમ પડયું કે, તેણીએ ગાડીવાલાને 'ઓક્ષફરડ' મોહલામાં હંકારી જવાને હોકમ દીધો હતો. આટલી ખબર મારે માટે બસ હતી. રાત અને દહાડો હું તે મોહલામાં તે છોકરીનું ઘર સોધી કહાઢવામાં રોકાયો. એક દીવસ રાતનાં તેજ મોહલામાં એક પીઠાનાં બારણાં આગલ હું વીચારમાં ઉભો હતો, તેવામાં મેં કોઇ મારા જાણીતાનો સાદ સાંભળ્યો. તે સાદ કોઇનો નહીં, પણ **સ્વીટીંગ**નો હતો, કે જે રમની એક બાટલી પેલા દારૂવાલા પાસ માંગતો હતો. જેવો મેં તેને જોયો, કે હું તરતજ બાજુ થઇ ગયો, અને જ્યારે તે દારૂની બાટલી લઇ, દુકાનમાંથી બહાર પડયો, કે મેં તેની પુઠ પકડી તે તેજ મોહલાનાં એક ઘરમાં પેઠો. જેવો તે ઘરની અંદર **સ્વીટીંગ** ગયો, કે ખુશાલીથી મારૂં જીગર થલ થલ થઇ રહ્યું. કારણકે મારી તો ખાતરીજ થઇ કે આજ ઘરમાં પેલી છોકરી રહેતી હોવી જોઇએ. અને મારી અટકલ પ્રમાણે તેણી પણ ચોરી કરવામાં સામેલ હોવીજ જોઇએ.

રાત બહુ મોડી થઇ હતી, તેથી હું ઘર પાછો ફર્યો. સુવા અગાઉ, બીજે દહાડે કેવાં પગલાં ભરવાં, તેનો પલાન ઢોલ્યાપર સુતા સુતા મેં ઘડી કહાઢયા.

બીજી સહવારમાં એક બુઢી વીધ્વાનો વેષ મેં ધારણ કીધો, અને જે ઘરમાં આગલી રાતના મેં મારા શીકાર **સ્વીટીંગ**ને જતાં જોયો હતો, તે ઘરનું બારણું જઇને ઠોકયું. એક બુઢા ખખ થઇ ગયલા ડોસાએ તે ઉઘાડયું, જેને મેં તરતજ પુછ્યું કે "આ ઘરમાં **સ્કાટલાંન્ડ**થી તરતની આવેલી કોઇ છોકરી રહેછે?" આ સવાલથી તે મારી તરફ બારીકીથી જોવા લાગ્યો, અને કંઇ જવાબ આપે તે પહેલાં પાછું મેં કહ્યું "તે બાઇએ મને મોહલ્લો તો આજ કહેલો, પણ મને ઘરનું નંબર કહેતાં વીસરી ગયાં, તેથીજ પુછવું પડે છે, કે તે આજ ઘર છે કે?"

"હા, તે ઘર આજ." પેલો હવે બોલ્યો.

"હું તે બાઇને મલવા માંગું છું" મેં કહ્યું.

તે મને ઘરની અંદર લઇ ગયો, અને એક કંગાલ ઓરડામાં બેસાડયો. દસેક મીનીટ બેઠા પછી, વીસેક વરસની સુંદર છોકરી તે ઓરડામાં દાખલ થઇ. તેણી મને જોઇને કંઇ અજબ થયલી લાગી. મેં મારી હમેશની સમયસુચકતા વાપડી તેણીને જણાવ્યું "પેલાં ડચેસ જેવણ તમારી મદદે ટ્રેનમાં આવ્યા હતાં, તેવણે મારી પાસ તમારી તંદરોસ્તી વીષે પુછાવ્યું છે."

જેવું હું આ બોલવું પુરૂં કરી રહયો, કે તેણીનું મોહડું ઉજરૂ ફક મારી ગયલું મેં દીઠું. બહુજ ગભરાયલી તેણી જણાઇ અને તેણીએ ભાગો તુટો જવાબ આપ્યો "હા—હા. પેલાં સ્ટેશનપર બરાબર છે. બીચારાં ડચેસ ઘણાંજ માયાલું ઓરત લાગે છે."

"હું ધારૂં છું કે તમો એ (ણના ઘરેણાં ચોરાયાં છે, તે વાત જાણો છો?"

આ પ્રમાણે મેં સવાલ કીધો. મારા સવાલથી તેણી ઘણીજ ગભરાઇ ગઇ, અને પાસે એક ખુરસીપર ફસડાઇ પડી. હું તરતજ કુદકો મારી ઉઠી બોલ્યો. "તમારો તે ચોરીમાં ભાગ હતો, અને તમો છુટી જવાં માંગતા હોવો તો "ક્વીનસ ઍવીડન્સ"* (Queen's Evidence) થાવો!"

"તું જુઠી છે!" તેણી લગભગ ગુંગલાયલા સાદમાં બોલી.

"નહીં તે તદનજ સાચ્ચું છે. પણ હું એક ગરીબ ઓરત છું, અને તેથી મને કંઇ મોટી રકમ આપશો તો હું આ તમારૂ પાપ છુપાવીશ." હું ઢોંગ કરી બોલ્યો.

"વારૂં, હું તારા કહ્યા સર કરીશ. પણ એક કલાક પછી આવ, કારણ કે હું તે વીષે મારા બપાવાને પુછી રાખું."

આ તેણીનું બોલવું સાંભલી, હું એટલો તો ખુશ થઇ ગયો, કે કંઇ પણ જવાબ આપ્યા વગર, હું તે ઘર છોડી ગયો. ખબર કાઢતાં માલમ પડયું કે તે છોકરીનું નામ **એલન ફ્લેચર** કરી હતું. જેવો હું બાહાર નીકલ્યો, કે મેં ત્યાં પાહરો ભરતા એક સીપાઇને તે ઘર પર દેખરેખ રાખવા મુક્યો, અને હું તેઓને પકડવાને 'વૉરંટ' મેલવવા. પોલીસ કોર્ટમા દોડયો. થોડા વારમાં હું તે ઘરમાં મારા રાખેતાના પોતાનાં પોશાકમાં વોરંટ સાથ પાછો દાખલ થયો, અને પેલી કંગાલ ઓરતને મારા સ્વાધીનમાં લીધી.

જ્યારે તેણીને ચોકીમાં લઇ જવામાં આવી, ત્યારે તેણીએ બધો ખુલાસો કરી દીધો; જે નીચે પ્રમાણે હતોઃ—

"મારા બપાવા જે એવાં નીચ કામો કરીનેજ પોતાનું ગુજરાન કરે છે, તેઓ મને **સ્કાટલંડ** જઇ **ગલાસગોના** સ્ટેશનપર આ રીતનું રમખાણ, લોકોનું ધ્યાન ખેંચું તેવી રીતે કરવા જણાવ્યું. હું તે પ્રમાણે ગઇ અને જ્યારે મારા હું આ ઢોંગો ચલાવતી હતી, ત્યારે ગડબડમાં, બીજા મારા સાથીને તે જવાહેરનો દાબડો ઉંચકી જવો બહુજ સહેલ થઇ પડયું."

પછી તે છોકરીના બપાવા સાંમે વોરંત મેળવીને તેને પણ કેદ કીધો અને એક કલાકમાં **સ્વતીંગ** પણ પોલીસના હાથમાં સપડાયો. તેને જેવો પકડયો, કે તે મને કરગરીને કેહેવા લાગ્યો કે "ખોદા ખાતર **મેરીને** ના પકડતા, કારણ કે તેણી ફક્ત મારી સમજાવતથીજ આ કામમાં સામેલ થઇ હતી."

મેરીને ડચેસને ત્યાં પકડવા માણસો દોડયાં. તેણી કેથે નાસી ગયલી જણાઇ. ઘણીબી સોધ કરવામાં આવી, પણ તેણીનો પટો હાથજ ન લાગ્યો **સ્વીતીંગનો** ડોળો અગાઉથીજ ડચેસના ઘરેણાંપર હતો, અને તે મેળવવા માટે તેને એલનના બપાવાની મદદ લીધી હતી. ચોકથું બહુજ હુશીઆરીથી ગોઠવ્યું હતું. જેવું **એલનને** શીફરૂં (?) થયું, અને બધાનું ધ્યાન તે તરફ ખેંચાયું, કે તે દાબડો પસાર કરી દીધો, અને પોતાના રાખેલા એક સોબતીને તે આપ્યો; જેણે તે દાબડો, ચામડાનો એક ખાલી કેસ, જે પોતાની પાસ રાખેલો હતો, તેમાં તે સેરવી દીધો. અને તેજ ટ્રેનમાં તેબી સેકન્ડ કલાસમાં મુસાફરી કરતો **લનડન** આવ્યો.

જ્યારે તપાસ નીકલી ત્યારે બુઢ્ઢા જ્યોર્જ અને **સ્વીતીંગ** ને દસ વરસના સખત કેદખાનાની સજા કરવામાં આવી, અને **એલન** કે જેણી ફક્ત પોતાના બપાવાનું હથીયાર થઇ પડી હતી, તેણીને એક વર્ષની શીક્ષા ફરમાવામાં આવી.

પેલા ઘરેણા **જ્યોર્જ**નાં ઘરની જડતી લેતાં અનામત મલી આવ્યાં. જે તુમાખી ડચેસને સ્વાધીન કરવામાં આવ્યાં. ડચેસે જ્યારે પોતાનાં વીશ્વાસુ માણસોનેજ ચોર ઠરેલાં જોયાં, ત્યારે તેણી બહુજ દીલગીર થઇ, અને તરતજ મને બોલાવી મારી પાસ પોતાની આગલી તામોસી ચાલ માટે માફ માંગી.

* * * * * *

નોંધ——**મેરીનું** શું થયું તે કોઇને માલમ પડયુંજ નથી.

---

* ગુનાહ કરનારાંઓમાંના એકને માફી બક્ષી, ફરીઆદી તરફનો બનાવેલો શાક્ષી.

અદી અબજપતી.

(લખનાર—*R. B. M.*)

Some there be that shadows kiss;
Such have but a shadow's bliss.

(*Shakespeare.*)

હું કોણ? અદી અબજપતી! તમારા શેઠીયા તો મારી આગળ 'કુચ બીસાદમાં' નહીં. લખાપતીના ભાર શું? કરોડપતીની કોણને દરકાર? માર જેવા અબજપતી દુનીઆમાં કેટલા? એકથી બીજો નહીં; અને તે એક હું પોતે અદી અબજપતી. હું કેમ પૈસાદાર થયો, તેની મને ખબર નથી; હું એકદમ અને ઓચીંત તાલેવંત થયો. મારી દોલત એક અબજની! રૂપીયા ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ એકડો ને ફકત નવ મીંડા! ગણતાં પણ ભુલ આવે, એવી મોટી મારી દોલત! કંઇ આ ગંજાવર દોલતનો વિચાર તમને થાયછે? જરાક ગણત્રી કરી જુઓ. ને નહીં થાય તો, મુંગા મુંગા બેસી રહો, અને દુવા માંગો કે એવી દોલત તમને મળે. શુકરાનો!

તે દોલત મને કેમ મળી? શું તે મેં એકઠી કીધી હતી, વારસામાં મળી હતી, કે ચોરી લાવ્યો હતો? શું મને દરીઆની સોરતી લાય લાગી હતી, કે અફીમના સત્તામાં કમાયો હતો? અથવા શું આખરે કીમીઆું મારે હાથ લાગ્યું હતું? એની કંઇ મને પોતાને ખબર નથી: ખબર કાઢવાને જરૂર પણ નથી. પણ મારી પાસે આ મોટી દોલત હતી, એતો નક્કીજ હતું. એક અબજ રૂપીઆ અને થોડા આના, ને કેટલીક પાઇ ઉપર, એ મારી દોલતનો સરવાલો હતો. પણ આ મારી મોટી દોલત મને એક ભારે બોજા સમાન હતી! તે બધીનું કરૂં શું? મારા કોઇ પણ સગાં કે વારેસો ન હતાં. આ દોલતનું વ્યાજ પણ હું પુરેપુરૂં ખરચી ન શકતો, ત્યારે આખી દોલત ક્યારે ખરચી રહું! સો વરસે પણ તે ન પુરી થાય! અફસોસ! ત્યારે કરૂં શું? આ વિચારોથીજ હું ઘેલો ગાંડો બની ગયો. મારી આ મોટી દોલતથી મારૂં નામ સદા યાદગાર રહી જાય, એવાં કામોં આરંભવાના વિચારો ચલાવામાં મારૂં કાબેલ ભેજું ઘસવા લાગ્યો. એક હોસ્પીતાલ સ્થાપું? નહીં. તે તો ઘણી છે. દવાખાનાં તો ગલીએ ગલી છે. ત્યારે યુનિવરસીટીમાં કંઇ "સ્કોલર શીપ" આપતી કરૂં? તેમાં વલ્યું શું? ત્યારે એક મોટા બાગ બાંધું? તે પણ ઠીક નહીં. ત્યારે વિલાયતના કોઇ ખાતાંને મારી દોલત આપી દેવું? નહીં, તે તો 'પેપરવાલા'ના પેટમાં ચુંકા ચલાવે! દેવલ બાંધું, કે દહેરું સ્થાપું, કે મસજીદ ચણાવું? તેમ કંઇ બને? પારસી થઇને એવું કંઇ થાય? અગીઆરી બાંધું તો તકતકીઆ [કરકરીઆ?] જીવ લે; ને આતશબહેરામ સ્થાપું, તો ભરભરીઆ [ભગરીઆ?] ટોટા પીસે! ત્યારે કરૂં શું! એક અબજ રૂપીઆની કીમતે 'કોહીનુર' ખરીદી, તેનો ભુકો કરી, ફાકી મરૂં? કોઇ કંઇ કહેશો? શું કરૂં? કોઇ ઇલાજ બતલાવો! કોઇ ઉપાય દેખાડો! રસ્તો બતલાવો! પણ બીસમેલ્લા! ઠીક વિચાર આવ્યો. બરાબર છે, દીકરા અદી! ચાલ તારા મીત્ર મીરઝાં મુરત્તાફાની મદદ અને સલાહ લે!

એવો ખ્યાલ લાવી, હું મારા આ કાબેલ ફારસી મીત્ર મીરઝાં હાફેઝ બેન સાદત બેન ગાફેલ મુરત્તાફાને મળવા, ભાયખલા તરફ જવા નીકલ્યો. પહેલી ત્રામ ઉભી રાખી, તેપર ચઢી બેઠો. અફસોસ! ગાડી ઘોડે તો રોજ ફરવાનું હતું, આજે એક દહાડો ત્રામમાં તો બેસી લેવું! અરે! મારા ગરીબાઇના સુખી દહાડા! શું તે કદી પાછા આવશે? ખોદા જાણે. દોલત બલી છે. તે બલાઇ તો કરી લઇએ. દોઢ આનો ભાડું આપવાનું હતું, પણ મેં તે કંડકતરના હાથમાં પાંચ રૂપીઆંની નોટ મૂકી. બાકીના પૈસા તે પાછા આપવા આવ્યો, પણ મેં આ નાં૦ ૮૭૭૮૨

વાલા કંડકતરને કહ્યું, "ભાઇ એ તુંજ રહેવા દે! ખોદા તને સુખી કરે!" તે ભલો આદમી તો મારી તરફ ટીકીટીકીને જોય, અને બીજા અસંખ્ય ઉતારૂઓ, જાણે હું કંઇ 'ઊરાંગ ઊટાંગ' વાંદરો હોવું, તેમ મને એકી નજરે જોયા કરે! પણ આપણે કંઇ તેની દરકાર કરી નહીં. જ્યાં ત્યાંથી પાંચ રૂપીઆનો ભાર તો ઓછો કીધો? જ્યારે હું મીરઝાં મુસ્તાફાના ઘર આગળ ઉતર્યો, ત્યારે મેં જોયું કે પેલા ભલા કંડકતરે, પોતાના મીત્ર ઇનસ્પેકટર, ના૦ ૧૦૦૩ ને કપાલ પર આંગલી મૂકી, કંઇ ઇસારત કીધી, તેનો અર્થ એમ કે હું ચક્રમ છું! યા ખોદા! કેવી બીવફા દુનીયાં? મારી ભલાઇનો આ કેવો બદલો? મારી આ ભારી દોલતનો બોજો ઓછો કરવાની પ્રમાણીક કોશેષ કરૂં, તેથી હું ચક્રમ લેખાવું? ખેર! પાંચ રૂપીઆની તો કાસલ કાઢી હતી!

મીરઝાં હાફેઝ એન સાદત એન ગાફેલ મુસ્તાફાને ઘર આવી, મોગલાઇ ઢબછપથી તાઝીમ તવાઝો બજ્ન લાવી, સરબતનો સ્વાદ અને હુક્કાનો વાસ લીધા પછી, ઇરાનના નામદાર શાહના આ કામદાર ખાનગી કારભારી આગળ, મારી જાહેર પ્રજાનાં ભલાંની છુપી વાત છેડી. "બર-જોરનામામાં" વાંચવા પ્રમાણે મેં બોલવા માંડયું:—

"અય! નામદાર મુસ્તાફા! તારી ઉમર દરાઝ થાવો! દુન્યાંની સપાટીપર સર્વથી મોટા તાજદાર શહેનશાહ નાસરૂદ્દીનની આબાદી થજો! નૌસીરવાનની ગાદીના હાલના એ બુલંદ દર-જાનના શહેનશાહનું રાજ અમર તપો! એવી હું, ટેમુલજી તરકારીનો એક પુરો દીકરો અદી, દુવા ગુજારૂં છું, જે તેમને આમીન થાવો! મારી—ખાકી બંદાની—એક અરજ છે, તે તું દાનાવ પીર મરદ, નામદાર શહેનશાહને કાને લાવ! મારી પાસ એક અબજ રૂપીઆની દોલત છે. તેનું શું કરવું તે મને ખબર નથી. તે હું નામદાર શાહની આગળ ચોક્કસ સરતે ધરવા માંગુ છું. આ રૂપીઆના બદલામાં તેઓએ યઝદ અને કેરમાન, બદખશાન અને ખોરાસાન, જાબુલ-સ્તાન અને તુર્કસ્તાન અને જો મરજીમાં આવે તો મોરદેહસ્તાન, પારસી કોમને આપી દેવાં, અને તેના બદલામાં આ બહાદુર—[અરે! કેવી?]—વિદ્વાન કોમ, શાહાના આસરા હેથલ રહી, વકીલ, બારિસ્તર, ઇજનેર, દાકતર, માસ્તર વિગેરેનો પોતાનો ધંધો ચલાવશે, જો નામદાર શાહે વધારે મહેરબાની હમારી કોમપર કરવી હોય તો, નામદાર સર દીનાશાજીને ખોરાસાનના હાકેમ નેમ—

પણ એનું ખાનું ખરાબ થાય, મારા મીત્ર મુસ્તફાનું! મારી આ બાદશાહી ઉદારતાનો શહેનશાહી જવાબ દેવાને બદલે, એકદમ ઉઠી, કંઇ ફારસી ભાષામાં આશીરવાદ દઇ (!) બારણા તરફ જતાં, પોતાનો ફીસબી જોડો મારાં માથાંપર આબાદ ટાંકી, બહાર નીકલી ગયો. એનો બાપ મરે એનો! આ એક અબજપતીને કેવું અપમાન? હું તો ખરો કે મારી આબરૂ લેવા માટે, એનાપર હાઇકોર્ટમાં રૂ ૧,૭૩,૪૪,૭૪૫ ની ફરીઆદી માંડીશ. કેસ હારી ગયા તો શું છે? વકીલ બારિસ્તરો ખાઇ ખાઇ કેટલા રૂપીઆ ખાશે? શુક્રાના! ખોદા કરેને કંઇ દોલતનો ભાર ઓછો થાય! આવા વિચારો કરતો, અને માથું દાબતો ઉઠવા જતો હતો, જેવામાં પેલો છેડા-યલો શેતાન મુસ્તાફા, બારણા આગળ આવી પાછી બાંગ મારવા લાગ્યો:—

"બરો! અય હેમક! તખ્તીતે બીલાદ ખાન"*

પાંચ છ વખત, હાથ પગ અફાડી, ઉપલા બોલો બોલી તે આખરે ચાલી ગયો. આપણે પણ મુંગા મુંગા બહાર પડયા. 'બરૂ,'ને 'તખ્તી,'ને 'બીલાદાં'ને 'ખાન'ને 'શાકર,' આપણા છેડાયલા આગા સાહેબ બોલ્યા હતા, પણ તે કંઇ હું સમજી શકયો નહીં. "હેમક" બોલ બરાબર સમંજ પડયો! હું અદી અબજપતી મુર્ખો? પારસી કોમનું ભલું કરવા ગયો તો મુર્ખો ઠડયો. કેવો બીકદર મુ-સ્તાફા! પણ મારી પોતાની કોમ એવી બીકદર થશે નહીં, મને તો આશા છે કે મારા જાત

* જા! એ હેમક! ભુગોળ વિદ્યા શીખ! (તરજુમો.)

ભાઇઓ મારા મરણ પછી ૧૩ મે દીવસે, મારી યાદગારી જાલવી રાખવાને એક જાહેર સભા બોલાવશે, તે માટે ૪૭૩ ગ્રહસ્થની એક વગવાલી કમીટી નેમશે, રૂપીઆ ૨૭૩-૯-૧૧ નું મોટું ફંડ એકઠું કરશે, બાવીસ વરસ સુધી તેને વ્યાજે વધવા દેશે, પછી એક ખાસ સભા બોલાવી, એક ગંભીર ઠેરાવ પસાર કરી, ઉપલી રકમના વ્યાજમાંથી, જે યાહુધી, ઝંદ અને પહેલવી ભાષામાં પહેલો આવે, તેને રૂ. ૭-૧૨-૯ ની ત્રણ મહીના સુધી મારે નામની સ્કાલરશીપ આપવાને, ઉપલી રકમ યુનિવરસીટીને સ્વાધીન કરશે.

એવા તુરંગી વિચારો કરતો, હું ઘર પાછો ફર્યો. અફ્સોસ! મારી દોલતનો બોજો હજી કંઇ ઓછો થયો ન હતો. ખેર! મારાં વહાલાં વતન ઇરાનની સેવા બજાવી નહી શકયો તો શું છે? શું પારસીઓ મહારાણીની વફાદાર પ્રજા નથી? શું પારસીઓપર હીન્દ માતાએ હજારો ઉપકાર કીધા નથી? ત્યારે શું હીન્દનું ભલું કરવું આપણી ફરજ નથી? હા! બરાબર! ઠીક વિચાર. આપણા દેશનું કરોડો રૂપીઆનું દેવું છે. ત્યારે તે હું કાં નહીં ફીતાડું? મારા અબજ રૂપીઆ એથી વધારે કયા સારા કામમાં વાપરું? નામદાર મહારાણી મારીપર કેવાં ખુશી થશે? મને બધા કેવું માન આપશે? આપણે યુનિવરસીટીના ફેલો, અને કોરપોરેશનના મેમ્બર, ને મુંબાઇના શેરીફ, ને સર નાઇટ થઇશું. બસ વધારે નહીં. જો નામદાર મહારાણીજી અને વાઇસરાય ધણીજ બહોંસ કરશે, તો પારસી કોમમાં ત્રીજા બેરોનેટનો વધારો કરાવીશ. 'હીન્દના દાદા'ને મારી ખાસ ભલામણથી સર દાદાભાઇ નવરોજી બેરોનેટ બનાવીશ. એવા ભલાઇના વિચારો કરતો, હું બેઠો. પુખ્ત વિચાર અને પુરતો દરીઆફ્ત કરી મેં નામદાર ગવરનરના ખાનગી સેક્રેતરી પર એક કાગલ લખી, હીન્દી તીજોરીને જતી ખોટ ખાતે એક અબજ રૂપી આપવાની માંગણી કીધી. મારી એ પવીત્ર ફરજ બજાવી, સાદું ભોજન લઇ, હું ઉંઘી ગયો.

કોણ જાણે કેટલીક સહવાર સુધી, મારી આ દોલત માટે હાય અફ્સોસ કરતો ઉઠયો. 'યા ખોદા! સરકાર તરફ્થી કંઇ ઠીક જવાબ આવેતો સારૂં'! એવી આશા દેખાડી હું એક દીવસ ન્યુસપેપર વાંચવા બેઠો. "પોલીસને લગતી ખબરોમાં" નીચલી ખુશ ખબર મેં વાંચી!

એક છાકટો ખુની—"ગઇ કાલે વડા મેજીસ્ટ્રેટ મી૦ કુપર સનમુખ કાસમ ડોસા નામના ટ્રામવે કંપનીના ના૦ ૮૭૭૮૨ વાલા કંડકતરને તેની બાયડી મરીઅમનું ખુન કરવા માટે, કોનસ્તેબલ ફસીએ (Constable Fussy) ઉભો કીધો હતો. શાક્ષીઓ પરથી એમ માલમ પડે છે, કે આગલે દીવસે **કોઇ ચક્રમ પારસીએ,** આ અભાગ્યા ધણીને પાંચ રૂપીઆ આપી દીધા હતા. ગઇ કાલે ચાકરીએ જવાને બદલે, બંધવો પોતાની બાયડી અને એકાદ બે મીત્રો સાથ મેજબાનીએ ઉતરી પડયો હતો, અને ત્યાં ઘણો દારૂ પીવાથી છાકટો થઇ રહયો હતો. તેની આવી હાલત માટે તેની અભાગણી ભલી બાયડીએ ઠપકો દીધો હતો, જેથી ચીરડાઇ જઇ, તેણે તેણીના માથાંપર એક મોટા લોખંડના સળીઆ વતી, કેટલાક મોટા ઘા કીધા હતા. તેણીને તરત હોસ્પીતાલમાં લઇ જવામાં આવી, પણ તે રસ્તામાંજ મરણ પામી. જુરીની તપાસ પુરી થાય, ત્યાં સુધી, નામદાર માજીસ્ત્રેટે કાનસ્ટેબલ ફસીની સુચનાથી આવતી તા૦ ૧૮મી સુધી આ મુકરદમો મુલતવી રાખ્યો હતો.—આવા છાકટાઓ કરતાં, તેમને છાકટ થવાનાં સાધણો પુરાં પાડનારને ફાંસી દેવા જોઇએ. એ વિષે હમો આવતી કાલે વધું બોલીશું."

"વાહારે! અધીપતીરાજ! ભલાઇ કરે, તેને ફાંસી દેવો? ઠીક. આવતી કાલે કંઇ મસાલેદાર "હંબગ" વાંચવાનું મલશે ખરૂં!" એવો ખ્યાલ લાવી હું ચા પીવા બેઠો. ખેર! 'પાંચસાં પચાસ' આપણે મરીઅમણને દફ્ણાવાનો ખરચ આપીશું. તેમ કરી આપણા પાપની(!)

તો જેસ કરીશું. જરાક વારમાં પોસ્ટવાલો આવ્યો, ને કંઇ લાંબાં પરબીડીઆંવાલું કાગજ મને આપ્યું, વાંચીને આપણે હેરતજ પામ્યા. એ પણ સભ્યતાનો એક નમુનોજ છે. જુવો!—

ગર્વમેન્ટ હાઉસ; મલબાર હીલ.

મુંબઇ, તા૦ ૪ થી એપ્રેલ ૧૮૯૩.

અરદેસર ટેમુલજી તરકારી એસ્કવાયર,

નામદાર ગવરનર સાહેબ, મને તમને લખી જણાવાની ફરમાસ કરે છે, કે ભવીષ્યમાં એવી જાતની મશખરી માટે તેઓ સખ્ત પગલાં ભરવાને ચુકશે નહીં. પણ તેઓના સદાના ઉદાર સ્વભાવને લીધે, તથા પારસીઓએ સખાવત અને મુખ્ય કરી, ક્રીકેટના મેદાનમાં જે નામદારી મેળવી છે, તે ધ્યાનમાં લઇ, તથા તમારાં પત્રની તારીખ (૧લી એપ્રેલ) નો વિચાર કરી, આ વખ્ત તેઓ તમારી શેખી ભરી ચાલ માટે માફ કરે છે. ભવીષ્યમાં તમારા જેવાના પત્રો પોલીસ કમીશનર અને કોલાબાની દેવાનશાલાના વડાના હાથમાં, ઘટતાં પગલાં ભરવાને મુકવામાં આવશે.

નામદાર ગવરનરના હોકમથી,

* * *

ખાનગી સેક્રેતરી."

જુવો ભાઇ આ ભલાઇની દુન્યા! પહેલે આપણે હેમક ઠરયા, હવે દીવાના બન્યા. પણ ચાલ! "નાખ કટા તો કટા પણ ઘી ઓર ખાન ચતા" નામદાર ગવરનર તરફથી કાગલ તો આવ્યું! પણ ત્યારે મારી મોટી દોલતનું કરૂં શું? હજી તો એનો વિચાર કરૂં, તેવામાં કોઇએ બારણું ઠોકયું. મેં તેને અંદર આવવા ફરમાવ્યું. બંદરી પાઘડી, ટુંકી બાંય ચહઢાવેલી દગલી, પોણો વાર અને સવા તસુ પોહોલો લેંગો, અને લાંબી ચાંચવાલા રાતા ભરૂચી જોડા પહેરેલો એક પારસી, તેના હાથમાં સીંગાપોરી છત્રી સાથ, મારી સામે ખડો આવી ઉભો. સલામ કરી તેણે મને પુછ્યું:—

"શેઠ સાહેબ! તમે મને ઓલખો છો?"

"નહીં"

"નહીં?"

"હા ભાઇ નહીં" મેં ચીરડાઇ કહ્યું.

"તમે મુંબાઇમાં રહોછો?"

"હા!" હું ઘાંટો પાડી બોલ્યો.

"તમે મુંબાઇમાં રહોછો, ને મને નહીં ઓલખો? અજબ! વારૂ તમે મારી સબી જોઇ છે?"

"નહીં ભાઇ, તું કહેછે શું?" મેં ગુસ્સાથી કહ્યું.

"સબર! એક સવાલ. તમે **કૌતક સંગ્રહ** વાંચ્યો છે?"

"નહીં, પણ તારાં કૌતક તો જોવાં પડે છે!" હું બોલી ઉઠયો.

"ત્યારે એમ કહોની મારા સાહેબ! સાંભળો, સાંભલીને અજબ થાવો, હું નામદાર **સોરાબજી સીકંદર** છું!" તે બુબખ છાટી કાઢી બોલ્યો.

"વારૂ મી૦ સોરાબજી સીકંદર, તમે કહેવા શું માગો છો?"

"ઘણું પણ કહેવું છે. સાંભળો! તમોએ મારે વીશે છાપામાં ઘણું વાંચ્યું હશે. છાપાવાલાનું ખરૂં કોઇ દીવસ માનતા નહીં. દુનીઆમાં ઘણાં ભલાં માણસો ભુંડામાં ખપે છે.

તેમાંનો એક હું છું. લોકપર પડતો ભાર ઓછો કરવો એ શું ગુનાહ છે? ખેર! પીઠ પાદશાહની છે. જુઓ મી૦ અરદેસર તરક્તી—

"તરકારી" મેં ખંખારી કહ્યું.

—અરે તરકારી! તમો લખોપતી છો. તમારા રૂપીઆનો શું ઉપ્યોગ કરવો તે તમો સમજતા નથી. હું એક બાદશાહી યોજના તમારી આગળ રજુ કરૂંછું. જેથી તમારા પૈસા બેવડા થશે—

"પણુ મારે બેવડા કરવા નથી. ઓછા કરવા છે. મને પૈસા જોઇતા નથી." હું બોલી ઉઠયો.

"ઠીક આપણુ તેમ કરીશું, શું ધાર્યું? કોલાબેથી વાલકેશ્વર સુધી, બેકબેના કીનારા આગળ એક પુલ બાંધીએ તો કેમ? મારા વિચાર પ્રમાણે તેનો ખરચ આસરે નેવું કરોડ થશે. આઠ કરોડ પુલ ખુલ્લો મેળવાની કીયા માટે લાગશે. તે ખુલ્લો મૂકવા વીલાયતથી આપણે પ્રીન્સ ઓફ વેલસને બોલાવીશું. બાકીમાંથી એક કરોડ આંધળાંઓ માટે આંખને ખુશ કરે એવો એક સુંદર બાગ બનાવાને આપીશું. પછી તમારી પાસે એક કરોડજ રહેશે. એટલે તમારી દોલતનો સઘળો બોજો હલકો થઇ જશે. કેમ કબુલ છેની?"

"કબુલ, સરો ચશમથી કબુલ, ભલા મરદ, ખચીત તને દુનીઆએ ગેરઇનસાફ કીધો છે. લે! મારા દોસ્ત! ૯૯ કરોડનો આ ચેક! ને તારે ગમે તે એ પીડા સાથે કર!" હું ખુશીથી બોલી ઉઠયો.

"સાહેબજી મારા મુરબ્બી." એમ કહી, તે ભલો મરદ મારો ચેક ગજવામાં સેરવી, ખુશાલ, ડોલતો ચાલતો થયો.

"હા! હવે મને આશાયશ થઇ. પણુ બે કરોડ રાખ્યા હતે તો વધારે સારૂં. ત્રણુ રાખતે તો? ના, ચાર, પાંચ, છ, સાત * * * * * * * * * અરરર! કેવી ભુલ કીધી! બધા રાખવા હતા! સબુર સોરાબજી સીકંદર! સબુર! ઉભો રહે! ચોર! ચોર!! કાફર! લુચ્ચા! અહી આંવ!! પકડો! અરે શહેરીયાર! શહેરીયાર!!—

* * * * *

"ઓવીજી શીઠ? શું કેચ. બુમ સેના પાડેચ? સોરૂબજી સીકુંદર કોણુ છે? ચોર કાં છે? ચોઇ પીએચ કે નહીં?"

"હા શેહેરીયાર! જા ચા લાવ! ને આ બધાં ચોપડી ચોપાનીયાં ઉચાં મુંક. કેટલા વાગા?"

"ધોબી નેથી ઑવી. વાગા કાંઇ લૉવેચ?"

"અરે ગાંડા! ગડીઆલમાં કેટલા વાગા?"

"બાર પર ચાર."

"વારૂં જા, ચાહે લાવ!"

"વૅરૂજી—પણુ શીઠ! વરી બુમ ના પાડતી." મારા નમુનેદાર નોકરે ખડખડ હસી, શીખામણુ દીધી.

શાબાસ! આપણે તો મનમાંજ અદરાયા અને મનમાંજ પરણ્યા. 'મામાજીને ઘર જમવા ગયા અને મા પીરસવા આવ્યાં' તેમ થયું, આપણે અબજ ને કરોડ રૂપીઆ સ્વપનામાંજ જોયા! મુસ્તાફા નામના કોઇ ધણીની "ઇરાનની નોંધ," "હીંદુસ્તાનની ગરીબાઇ"નો રેસાલો, અને "કૌતકસંગ્રહ"ના થોડાં પાણું વાંચતાં, ઊંઘ આવી ગઇ હતી. ઊંઘતાં આ સ્વપનો જોયો હતો. પણુ શુક્રાના! આપણી પાસ ખરેખર અબજ રૂપીઆ નથી, કે તેની ચીંતા નથી. તરતજ આ તાજો સ્વપનો મેં ઉતારી લીધો, જે આજ રોજે, કેટલાક માસ પછી, પ્રીય વાંચનાર સનમુખ, બપોરે બરાબર એક વાગે, તોપ પડતાં પૂરો કરી, ધરવામાં આવે છે.

એક અજબ કહાણી.

લખનાર—'બે જોડયા કામા'

પ્રકરણ ૧ લુ.

નોતરૂં.

હું મારી લગાર અજબ જેવી કહાણી શરૂ કરૂં, તે અગાઉ મારી ઓળખ વાંચનારને આપવી જોઇએ. જે હું થોડાક બોલોમાં કહી, મારી વાર્તા શરૂ કરીશ.

મારૂં નામ માર્ટીન બૅનેટ છે, અને કેમ્પબેલ અને બેનેટ નામની એક ખ્યિક્તી પેહેઢીનો હું નાનો ભાગ્યો છું. મારી ઉમર સતાવીસ વર્ષની છે, અને લોકો જણાવે છે કે હું લગાર સોવામણો છું! તે ખરૂં કે ખોટું હોય તે તો હું કહી શકતો નથી, પણ આટલું તો ખરૂં કે, હું જવાન હોવાથી અને થોડીક દોલત ધરાવવાથી ઘણી ગમથી મને તેડાં આવતાં, અને મારા ઘણાક દોસ્તો હતા, જેઓ મને બોહોસ કરી, પોતાને ઘર જમવા લઇ જતા, તે એટલા વેર કે મહીનાનાં થોડાજ દહાડા હું મારે ઘર જમતો. હું વળી કુંવારો હતો, જે તમો બધા જાણો છો તેમ, આતુર માતાઓ અને તેથીબી વધારે આતુર બેટીઓને માટે મોટું ખેંચાણ છે. આટલું બધું છતાં સેવક હજુર સુખદુઃખની ભાગ્યણ શોધી કાઢવાની જરૂર જોતા હતા નહીં; અને નાટકીઓની ભાષામાં બોલું તો કોઇબી નાજનીનની 'મોહબતની જાળમાં' ફસ્યા હતા નહીં! હું મારા ભાગ્યા મી૦ કેમ્પબેલને ઘરજ રહેતો હતો, કારણ જે મારાં માતપીતા બંને સ્વર્ગવાસી થયલાં હોવાથી, અને ઘરડા મી૦ કેમ્પબેલ (જેઓ અત્યારસુધી કુંવારાંજ હતા) તેમની ફરમાસથી હું તેમની સાથેજ રહેતો હતો. આટલી ઓળખ આપી હું મારી અજબ જેવી કહાણી શરૂ કરીશ.

આ વાર્તા લખુંછું તેનેથી બે વર્ષની વાતપર નીચે વર્ણવેલા બનાવો બન્યા હતા. ક્રીસ્ટમસને બે દીન બાકી હતા, જયારે હું ઓફીસમાંથી આવી મનને રાહત આપવા મારી ઇઝી ચેરપર સુઇને 'સીગાર' પીતો હતો. ક્રીસ્ટમસનાં તહેવારને લીધે ઑફીસ તો આજથી બંધ થઇ હતી, અને બે આસાયાસના દીવસો કયાં અને કેમ પસાર કરવા તે મારા આજનાં વીચાર હતા. આ બંધીખાનાં જેવા ઓરડામાં તો મોજ મળી શકેજ નહીં, એટલે કોઇ મીત્રને ત્યાં ઉતરી પડવાનો સેવકનો વીચાર હતો. મને બે ત્રણ તરફથી તો ઇજન વટીક આવ્યાં હતાં, અને એ સઘળાં ઇજનોમાંથી કયું પસંદ કરવું તેની મને અડચણ હતી. એકને ઘર જાવું તો બીજો છેડાઇ પડે, અને અપમાન થયું એમ માને, અને બીજાને ઘર જાવું તો, ત્રીજો છેડાઇ પડે! એમ પંચાતી હોવાથી, નાખતી કરવાને મારો વીચાર હતો, પણ જો હું એમ નાખતી કરૂં તો જવું કયાં? આ સઘળાનો નીવેડો શું લાવવો તે મને સમજ પડે નહીં, એટલે બીજી 'સીગાર' કાહડી પીવા માંડી.

હું આમ વીચાર કરી મારાં ભેજાંનું દહી કરૂંછું, અને 'સીગારનાં' ગોટેગોટા કહાઢી પાંચ છનું એકી વેલા નખોદ વાલુછું, તેટલા મારા ઓરડાનું બારણું ઉઘડી ગયું, અને તાર ઓફીસનો સીપાઇ લાલ પરબીડું લઇ દાખલ થયો.

આપણે નાંમનો એકાએક 'અરજંટ' તાર આવે, ત્યારે આપણી લાગણીઓ કેવી હોયછે, તેનો તો, હું ધારૂંછું કે, એકે એક વાંચનારે અનુભવ લીધો હશે. તેવીજ લાગણી મને બી થઇ. હું છલાંગ મારી ઉઠયો, અને તાર ઝુંટવી લઇ, પરબીડું ફોડી મેં નીચે પ્રમાણે વાંચ્યું:—

ટામસન લોરેન્સ | માર્તીન એનેટ
સાઉથ ફીલ્ડ | લનડન

"હું ઘર પાછો આવ્યો છું. ક્રીસ્ટમસ માટે હમો તારી વાટ જોઇયેછીએ. બનતી ઝડપે નીકળી પડજે."

ઓ! આ તો બીજું ઇજન! જે ના પાડી શકાયજ નહીં. ટામસ લોરેન્સ મારો સ્કુળનો દોસ્ત હતો. હમો સાથેજ સ્કુલમાં ભણતા હતા, સાથેજ જમતા, અને સાથેજ મસ્તી પણ કરતા હતા. શીખીને ટામસ લશકરમાં જોડાયો, જ્યારે હું પહેઢીપર એક કલાર્ક તરીકે રહ્યો. આ વાતને નજદીક વરસો વીતી ગયાં હતાં, જે અરસામાં ટામસ તો દક્ષીણ આફ્રીકા, ન્યુ સાઉથ વેલ્સ, ઉત્તર હીંદુસ્થાન ઇત્યાદી જગ્યાએ જઇ આવ્યો હતો. હમો વચ્ચે કાગળ પત્રો ચાલતાં હતાં, પણ તેબી ઘણી કઢંગી રીતે. કોઇ વખતનાં અઠવાડીયામાં બે કાગળો આવે તો વળી બીજી વખત ત્રણ મહીના વાત જોવું, પણ કાગળની જાત નહીં! છેલ્લા બે મહીનાં સુધીમાં તેની તરફથી મને એકબી કાગળ મલ્યું હતું નહીં, પણ છેક છેલ્લામાં તેનું લશકર કદાચ ક્રીસ્ટમસ તાંકણે ઇંગલાન્ડ પાછું ફરશે, એવો ઇસારો કીધો હતો. હવે છેક સાત વર્ષે તે પાછો આવ્યો, ત્યારે તેને ત્યાંનું ઇજન હું કેમ ના પાડું? વળી આ ટામસની બીએત્રીસ નામની એક સોવામણી બહેન હતી, જેને માટે મેં સાંભળ્યું હતું કે તેની મમાઇ તરફથી તેને વારસો મળ્યો હતો; અને સેવકની તેવણપર ખાટી મીઠી નજર હતી! આથી આ ઇજન કબુલ કરવામાં બેવડો ફાયદો હતો, એક તે ટામસને મળવાનું, અને ક્રીસ્ટમસનો તેહવાર મજાહમાં ગુજારવાનું બને; અને બીજું તો બીએત્રીસ સાથ ઓળખાણ વધે! ઠીકની?

આ વીચાર મારા ભેજામાં આવ્યો, એટલે તેને અમલમાં મુકવાનુંજ બાકી હતું. ઝડપમાં પોર્ટમેન્ટો ભરી લઇ, ને ગાઇડ બુકમાં જોયું તો **સ્મીથ ફીલ્ડ** માટેની ત્રેન ૮ કલાકે ઉપડી જતી હતી. અડધો કલાક બાકી! ચડપ ચડપ દેતો કે ટામસ લોરન્સપર વળતો તાર કીધો. ઘરના સ્ટુઅર્ડને મી૦ કેમ્પબેલને આપવા માટે એક કાગળ લખી આપ્યો, જેમાં મારાં અચાનક ઉપડી જવા માટે કારણ જણાવી, તેમની દરગુજર ચાહી હતી.

ટુંકમાં તાર મળવા પછી, દોઢ કલાકમાં મને ખબર મળી કે સ્ટેશનપર લઇ જવા માટે 'કેબ' (ભાડેની ગાડી) તૈયાર ઉભી હતી. મારો નાના પોર્ટમેન્ટો હાથમાં લઇ, હું ગાડીમાં બેઠો અને સ્ટેશનપર હંકરવા ગાડીવાનને ફરમાવ્યું.

એક વેળા થોડાક વર્ષની વાતપર એક ભાડેની ગાડીમાં મારી બેદરકારીથી એક ૧૦૦ પાઉંડની નોટનો ટુકડો પડી ગયો હતો; અને તેનું નમ્બર યાદ નહીં હોવાથી એ મોટી કીમતની ખોટ મને ખમવી પડી હતી. તે દીનથી દરેક ભાડેની ગાડીનું નમ્બર જોઇ, નોંધ બુકમાં તે ટપકાવી લેવાની મેં ટેવ પાડી હતી. એજ રીતે આજની ગાડીનું નમ્બર જે ૯૧૧ હતું, તેથી મેં ટપકાવી લીધું.

હું તે વેળા થોડુંજ જાણતો હતો, કે એ આગળ ચાલતાં મને કેટલો ફાયદો કરશે!

પ્રકરણ ૨ જું.

ભુત!

"ગાડી સીધી સ્ટેશન તરફ લે!" મેં બેસીને હાંકનારને પાછું જણાવ્યું.

સ્ટેશનપર જવા અડધો કલાક લાગતો હોવાથી, મેં મારી બીડી સળગાવી, અને ગાડીને અઢેલી મારા આગળા દહાડાઓની યાદ કરતો બેઠો. સાત વર્ષની વાતપર હું અને ટામસ લોરેન્સ

કાલેજમાં કેવી સુખી જીંદગી ગુજારતા હતા? મારો વખત પસાર કરવા હમારી આગળી મસ્તીઓની યાદ કરતો હું બેઠો. મસ્તીઓ પરથી માહરૂં ધ્યાન ટામસનાં કુટુંબ તરફ ગયું. હું જ્યાંવેર જાણુતો હતો, ત્યાં વેર તો તેનું આખું કુંટુંબ તેની માતા અને બહેનમાં આવી રહ્યું હતું, મારીજ માફક તેનો બાપ જીવતો હતો નહીં, પણ તે પોતાનાં છોકરાંઓ માટે સારી પુંજી મુકી જવાથી, તેની વીધ્વા અને છોકરીનો આબરૂમાં ગુજારો થઇ શકતો હતો. હું અગાઉ પણ જ્યારે ત્યારે ટામસને ઘર ઉતરી પડતો, અને તેથી તેની મા અને બહેનને હું કાંઇ છેકજ અજાણ્યો નહીં હતો. પણ છેલ્લાં સાત વરસ થયાં હું કોઇ દીને તેમની મુલાકાતે ગયો હતો નહીં અને તેથી હમણાં જતાં હું જરા અચકાતો હતો.

હું આમ ખુશ વીચારોમાં લીન થઇ ગયો હતો, તેટલાં મને કાંઇ મારી પાસે થંડું પડેલું હોય એમ લાગ્યું. મેં ચમકીને જોયું તો—ઓ! મેં શું જોયું?

મારી પાસે એક ફીકકો ભુત જેવો આકાર બેઠો હતો! ખચીત એ આકાર માણુસ જાત જેવો તો હતોજ નહીં. તે ગંભીર અને મુંગો હોય એવું જણાતું હતું.

પણ તે ભુત શાનાં જેવો લાગતો હતો? તેનો આકાર એક ખુશ ચહેરાના જવાનનો જેવો હતો. તેના હોઠપર ઝીણી ઝીણી મુંછ આવેલી હતી, અને તેનાં માથાંપરનાં વાળો સોનેરી અને કરલવાળા હતા. તેની આંખો બલુ હતી અને જ્યારે મેં તેની સામે જોયું ત્યારે તે મારી તરફ આજુજીથી જોતો હોય એમ જણાયું.

તેનો પોષાક ઘણો એશ્કી નહીં, તોબી ગ્રહસ્થ માણુસકે છાજે એવો હતો. તેની આંગલી પર એક હીરાની વીંટી લટકાવેલી હતી અને સોનાનો છેડો તેનાં વેસ્ટકોટ પર લટકેલો હતો.

પણ સબર! આ તેનાં માથાંમાંથી શું વહે છે? તોબાહ! એ તો લોહી છે! તેના માથાંમાં મોટો ઘા પડેલો હતો, જે જગ્યાપર મારી નજર પડતાં તે આકાર પોતાનો હાથ ઉચકી, તે ઘા તરફ આંગળી કીધી! હું ચકીત થઇને આ ખેલ જોવા લાગ્યો.

હા! હવે મહને સઘળું સમજ પડયું. આ ગરીબ જવાનનું ખુન થયલું, અને તેનો કીનો લેવા, તે મારી સામે આવી ઉભો હતો! પણ મારી પાસે કાંય? મેં આ ચહેરો કદી જોયો હતો નહીં—તેની કહાણીબી હું જાણુતો હતો નહીં.

હું અજાયબીમાં ગરકાવ ત્યાં બેઠો હતો, જેટલામાં તે ભુતના (કાંયજે ભુત કરતાં બીજું શું તેને નામ આપવું તે હું જાણુતો નથી) હોંથો હાલવા લાગ્યા, તેણે એક હાય મારી અને પછી બીજી પળે તો તે ગુમ થઇ ગયો!

* * * * * * * * * *

"સ્ટેશન આવ્યું સાબ!" ભાડુતી ગાડીવાળાનો સાદ મારે કાને પડયો, અને પાંચ મીનીટ અગાઉ જે ભપભીત દેખાવ મેં જોયો હતો, અને જે તેની અસરથી હું ઊંઘમાં પડયો હતો, તેમાંથી ચમકી ઉઠયો. મેં ખરેખર સ્વપનો જોયો હતો કે જાગરૂત હાલતમાં પેલા ભુતને જોયો હતો તે હું સમજી શકયો નહીં. હું લઠડતો ગાડીમાંથી ઉતર્યો, અને ગજવાંમાંથી બે ત્રણ સીક્કા કહાઢી, ગાડીવાલાના હાથમાં મુકયા, જે હમેશનાં ભાડાં કરતાં ઘણું વધારે હોવું જોઇએ કાંયજે એકબી બોલ બોલ્યા વગર તે હંકારી ગયો. જેમ તેમ કરીને **સ્મીથફીલ્ડ** ખાતે જવાની ટીકીટ લઇ હું સ્ટેશનપર ત્રેનની વાટ જોતો ઉભો. ત્રેન આવી અને પહેલા વર્ગની એક કુશાદે ગાડીમાં મેં મારી જગ્યા લીધી.

પણ તે રાત્રે મને ઉંઘ આવી નહીં. જેવી આંખ બંધ કરૂં કે પેલો જવાનનો હવાઇ આકાર મારી આંખ સામે આવી ઉભો રહે! ખરૂં પુછાશે તો મને ઉંઘાવાની બીક લાગતી હતી, હું ભુતની વાત માનતો ન હતો, તોબી પેલા દેખાવે મારા પર અજબ અસર કીધી હતી. અને હું ધારૂં છું, કે વાંચનાર જો એ દેખાવ જોતે, તો તેમને પણ ઉંઘ આવતે નહીં.

પ્રકરણ ૩ જું.

ટામસ લોરેન્સનું કુટુંબ.

સહવારનાં ૭ વાગે કકડતી ઠંડીમાં ટ્રેન સ્મીથફીલ્ડનાં લગાર ઉંઘતાં નાનાં સ્ટેશન પર આવી ઉભી.

હું તૈયાર બેઠો હતો, અને જેવું સ્ટેશન આવ્યું, કે ગાડીમાંથી કુદકો મારી ઉતરી પડયો. તે ઠુઠવતાં સ્ટેસનના પ્લેટફોર્મપર એક જવાન ઉભો હતો જેને મેં મારા બચપણના દોસ્ત ટામસ લોરેન્સ તરીકે ઓળખ્યો.

હમો એકમેકને ભેટ્યા. પછી ટામસે મારી તરફ જોઇ પુછ્યું. "પણ મારટીન ? તું એવો ફીક્કો કેમ જણાયછે ? ગાડીમાં કંઇ ભુત બુત સાથ મુલાકત થઇ હતી કે ?"

'ભુત' બોલ સાંભળી હું ચમકયો. મારા રાતના 'કેબમાં' ના પરોણાંને હું થોડો ઘણો ભુલી ગયો હતો, પણ 'ભુત' સાંભળી તે ભયંકર મુલાકત મને પાછી યાદ આવી. તોપણ એ વાત બહાર પાડવાની મારી નીએ હતી નહીં, તેથી મેં હસીને જણાવ્યું કે "ભુત તો કોણ જાણે, પણ આખી રાત ઉંઘ નહીં આવ્યાથી એવો ફીક્કો હું જણાતો હોઇશ."

બહાર ટામસની ગાડી ઉભી હતી; જેમાં હમો બંને બેઠા; અને થોડા વખતમાં હમો ખેતરો પસાર કરતા હતા. ગાડીમાંજ ટામસે પોતાની બધી વાતો મને કહી દીધી. પણ હું જોઇ શકતો હતો કે, સાતવર્ષ અગાઉનાં જેવો તેનો ચેહરો રંગીલો નહીં હતો, તેના ચેહેરાપર કંઇ અજબ જેવા ગમે વાસો કીધો હોય એમ મને લાગતું હતું.

થોડા વખતમાં ટામસનું ઘર આવ્યું, જે એક ઘણી રમણ્ય જગ્યાએ આવ્યું હતું. મારે માટે તૈયાર કીધેલા ઓરડામાં હું ગયો, અને ત્યાં મારી થાક ઉતારી કપડાં બદલી, નાસ્તાવાળા ઓરડા તરફ ગયો. હું બારણું ઉઘાડી દાખલ થયો, જ્યાં મે ટામસને એક ખુબસુરત છોડી પાસ ઉભેલો દીઠો.

ટામસ તરત તે અબલાને પોતાની બહેન બીએટ્રીસ તરીકે ઓળખાવી, હું ત્યાં તેણીની ખુબસુરતીનું બ્યાન કરવા ઉભો રેહવાનો નથી, પણ મને કેહવા દેવો કે હું ધારતો હતો તેથી વધુ મનપસંદ તેણી હતી.

નાસ્તો ખાઇ ટામસ મને પોતાની માતા આગળ લઇ ગયો. જેવણ મને જોઇ બહુ ખુશી થયાં. પણ હું તરત જોઇ શકતો હતો, કે આ ઘરનાં આખાં કુટુંબપર કોઇ જાતની દલગીરીએ ઘર કીધું હતું.

તે આખો દહાડો ઘણી મજાહમાં હમોએ ગુજર્યો. સાત વર્ષ અગાઉ જેમ હમો કાલેજની પાસેનાં ખેતરો કુડાવતા હતા તમે આજે હમો ખેતરો કુડાવા લાગ્યા. બપોરે હું ટામસને લઇ શીકારે ગયો, અને સાંજ પડી, ત્યારે રખડી રઝલીને પાછા આવ્યા દીવાનખાનામાં બીએટ્રીસ અને તેની મા બેઠાં હતાં. રાતનું ખાનું લીધા પછી હમો 'સીગાર' પીવા બાગમાં ગયા અને ટામસની બહેન સૌ સુવા ગયાં.

હું જોતો હતો કે 'સીગાર' પીતી વખત ટામસ કાંઇ ઉંડા વમાસનમાં ફરતો હતો. પાએક કલાક ચંદનીમાં ફર્યા પછી તેણેજ વાત છેડી.

"બીરાદર મારટીન ! તું જોતો તો હશે કે મારી મા, મારી બહેન અને હું પોતે કંઇ તદન ખુશી નથી. હમારા ચેહરાપર તું દલગીરીનો છાપ જોતો હશે. એ દલગીરીનું કારણ છે; જે કારણ હજી સુધી મેં કોઇ આગળ જાહેર કીધું નથી, પણ હમણા એ વાત તારી આગળ ખુલ્લી કરવા મને ગમે છે, કે જેથી મારા મનપરથી તે ભાર ઓછો થાય.

આ સાંભળી હું ખુશી થયો. મારા દોસ્તનું કંઇભી ભલું કરવા હું હમેશ આતુર હતો. અને તેથી તેની વાત સાંભળવા અને તેને મદદ કરવા હું ઘણો ખુશી થયો. આ પછી ટામસે મારી આગળ જે કહાણી કહી, તે એવી અજબ જેવી હતી, કે તે માટે હું નવું પ્રકરણ શરૂ કરીશ.

પ્રકરણ ૪ થું.

એક કહાણી.

"મારટીન! હું જે દુખદાયક કહાણી તારી આગળ ખુલ્લી કરૂંછું, તેમાંના બનાવો ચાર વરસની વાતપર બન્યા હતા. તે બનાવથી માતાજી કવખતે ઘરડા થઇ ગયાં અને તે બનાવેજ હમારા સુખી ઘરમાં દુખ દાખલ કીધું."

"હું ઘણો નાધલો હતો, ત્યારે મારા બાવા સ્વર્ગવાસી થયા અને મારા માતાજી જેવણ તે વેલા જુવાંનીનાં બહારમાં હતાં, તેવણને વીલાપ કરતાં મુકી ગયા; પણ તેવણે એ સંકટ સબુરીથી સહન કીધું અને પોતાની જીંદગીની મજાહ ફકત પોતાનાં બચાંઓના પ્યારમાંજ ચાખવા લાગ્યાં.

"હમો ત્રણ ભાઇ બહેન હતાં, એકતો હું પોતે, બીજી મારી બહેન બીએત્રીસ અને ત્રીજો મારો નાનો ભાઇ ચાર્લી. એઓમાં હું સૌથી વડો હતો અને સૌથી નહાનો ચાર્લી હતો, અને તેથી મારાં માતાજીનો તે સૌથી પ્યારો હતો. હમો ત્રણ જણાં સંપીલા હતાં, અને એ સંપ જોઇ હમારાં માતાજી ખુશ થતાં હતાં. ચાર્લીને ખરા ભાઇનાં પ્યારથી હું ચાહતો હતો અને તેથી તેબી મને ચાહતો હતો. હમો બંને સાથેજ ફરીએ, રમવાનું, શીખવાનું બધું સાથેજ.

"પણ એમ કંઇ આખો વખત ચાલી શકે નહીં. હમો બંને ઉમરમાં આવ્યા, એટલે હમને કૉલેજમા જવું પડયું. આ પછી જયારે હમોને ધંધો પસંદ કરવાનો વખત આવ્યો, ત્યારે હું લશકરમાં જોડાયો અને ચાર્લીએ વૈદાનો અભ્યાસ પસંદ કીધો. મારા માતાજીના એક ઓળખીતા દાકતરને ત્યાં તેને શીખવા મુકયો; અને હવે હમોને છુટાં પડવાનો વખત આવ્યો. મને લશકર સાથ આફ્રીકા જવું પડયું, જયારે ચારલીને લન્ડન જવું પડયું. પોતાનાં બચાંઓથી છુટાં પડતાં હમારાં માતાજીને ઘણું દુઃખ થયું. પણ વધુ દુઃખ તો ચાર્લીથી છુટા પડવાનું હતું. તે મારાં માતાજીની આંખની કીકી જેવો, તેવણનાં દુઃખના અંધારાનો ચેરાગ હતો."

"ચાર વર્ષ એમ કરતાં પસાર થઇ ગયાં. ચાર્લીએ એ અરસામાં વૈદાંની પરીક્ષા પસાર કીધી હતી. વળી મારી પલટણને પણ ડીસેમ્બરમાં ઇંગ્લંડ ફરવાનો હુકમ થયો હતો અને તેથી હું ઘણો ખુશી થયો; કાંય જે ક્રીસ્ટમસની મજાહ ભોગવવા આવવાનું ચાર્લી લખતો હતો. મારાં પ્રીય ભાઇને જોવાને હું તલપી રહ્યો હતો અને તેથી હું ક્રીસ્ટમસની આતુરતાથી વાટ જોતો રહ્યો. મારી રીજમીટ ઇંગ્લંડ પાછી ફરી અને હમને પંદર દાહડાની છુટી મળી, એટલે હું મારાં માતાજીને ત્યાં ગયો. ચાર્લી ક્રીસ્ટમસની એક દહાડો અગાઉ આવવાનો હતો, અને તે તા૦ ૨૩ મી ડીસેમ્બરની રાતની ૧૦-૩૦ વાળી ત્રેનમાં નીકળવાનું લખતો હતો. તેના કારણમાં તે એમ લખતો હતો કે તે દીને સાંજનાં લેડી સાઉથફીલ્ડ નામની બાનુએ તેને ડિનરનીંગ પારટીમાં નોતરીઓ હતો, જે મુકીને તેનાથી અવાય નહીં.

"ચાર્લીનાં આવવાની સૌથી આતુરતાથી વાત જોનાર તે મારાં માતાજી હતાં.

આખો દહાડો બસ તેવણુ તેનીજ વાત કર્યા કરે, અને તા૦ ૨૪ મીની સહવાર ક્યારે પડે, તેની વાત જોયા કરે! અંતે તા૦ ૨૪ મીની સહવાર આવી, અને હું મારા પ્રીય ભાઇને સ્ટેશનપર આવકાર દેવા જવા તૈયાર થયો. તે દીને સહવારનાં પોહરથી હમારા ઘરમાં ગડબડ શરૂ થઇ. તે વેળાનાં જેવા મેં કોઇ દીને ફરીથી મારાં માતાજીને ખુશાળ જોયાં નથી. 'જો! મારા ચાર્લીને બરાબર લાવજે સમજ્યો કે?" હું ગાડીમાં બેઠો એટલે તેવણે હસ્તાં મને કહ્યું.

"ઘોડાને મેં ચારે પગે છોડી મુક્યો, અને ત્રેનની દશ મીનીટ અગાઉથી હું પ્લેટફોર્મ-પર જઇ ઉભો. તે દશ મીનીટ દશ વર્ષ જેવી લાગી: પણ તે દશ મીનીટબી અંતે પસાર થઇ, અને થોડા વખતમાં લન્ડનની મેલત્રેન સ્ટેશનમાં દાખલ થઇ. જેમ જેમ ગાડીઓ પસાર થાય તેમ તેમ આતુર આંખ્યોએ હું અંદર જોતો જાવું, પણ ચાર્લી જેવું તો કોઇ અંદર મળે નહીં! હું જરા અજાયબીથી બધી ગાડીઓ તપાશી ગયો, પણ તે ત્રેનમાં તે આવેલો નહીં તો તે ક્યાંથી મળે?

"એમ કેમ બને? જ્યાં છે ત્યાં એ ત્રેન ચુકી ગયો છે!' એવો મારો પેહેલો વીચાર હતો; પણ તેમ હોય તો તે તુરત તાર કરે. એમ વીચાર કરી હું તાર ઑફીસમાં દોડયો પણ મારે નામનો કોઇબી તાર મને મળયો નહીં. નીરાશ થઇ હું એખલો પાછો ફર્યો. મારાં માતાજી અને બ્હેન ચાર્લીને આવકાર દેવા બાહર હતાં, પણ જ્યારે તેઓએ જાણ્યું કે ચાર્લી આવેલો નહીં હતો, ત્યારે તેમનું દુઃખ બેહદ હતું. મેં તેમને બનતી ધીરજ આપી, પણ માર્ટીન! **મેં મારા ભાઇને પાછો કદી જોયો નહીં**! (ત્યાં ટોમસની છાતી ભરાઇ આવી, પણ થોડીવાર પછી તેણે પાછું શરૂ કીધું)

"ખરેખર, તે પાછો આવ્યોજ નહીં. સહવારના મેલ પછીની બીજી બે ગાડીઓબી ચાલી ગઇ, પણ ચાર્લીની 'ધન નસલ' મળે નહીં. મારા માતાજીની દલગીરીની શી વાત કરૂં? તેવણુ તો બસ પોતાના છોકરાને પાછો જીવતો જોવાની આશાજ મુકી દીધી. તેજ દીને હું જાતે તલાસ કરવા લન્ડન ઉપડી ગયો. સ્ટેશન પર ખબર કાઢતાં જણાયું, કે ચાર્લીનું લગેજ 'લગેજ આફીસ' માં તા૦ ૨૩ મીની સાંજનો આવેલો હતો, પણ તા૦ ૨૩ મીની ૧૦-૩૦ ની ત્રેન માટે **સ્મીથફીલ્ડ** ખાતેની પેહલા વર્ગની ટીકીટ તો એકબી ખપી હતી નહીં! હું અજબ થતો જે ડાકટરને ત્યાં ચાર્લી રહેલો હતો તેને ત્યાં ગયો; પણ તેવણે મને ખબર આપી કે ચાર્લી તો પાધરો 'લેડી સાઉથફીલ્ડની' મેજબાંનીમાંથીજ સ્ટેશન પર જવાનો હતો અને તેથી સાંજથી તેણે લગેજ સ્ટેસન પર મોકલી દીધો હતો. તે મેજબાનીમાં જવા એક ભાડેની કેબમાં બેઠો હતો, તેટલાં જે માણસ તેનો સામાન મુકી આવ્યો હતો તેણે રસીત લાવીને આપી હતી. આ સાંભળી હું હવે પેહેલીજ વખત ગભરાયો. શું મારો ભાઇ એકા એક ભેદ ભરી રીતે ગુમ થઇ ગયો હતો કે? હું ગાંડા ઘેલા જેવો તરત 'લેડી સાઉથફીલ્ડને' ત્યાં દોડયો.

"આ બાનું કંઇ મને છેક અંજાણી નહીં હતી. તે મારાં માતાજીની મોટી સહી હતી, અને પોતાને છોકરાં નહીં હોવાથી, મને અને ચાર્લીને પોતાના છોકરા માફક ચહાતી હતી. તેણી મને એમ એકદમ નીકળી આવેલો જોઇ અજબ થઇ.

"કેમ મારટીન? એ એમ ઓચીંતો ક્યાંથી નીકળી આવ્યો? સૌ સારી પેઠે તો છે?" મેં તેણી આગળ બધી વાત કહી, અને ચાર્લી કેમ ગુમ થઇ ગયો હતો તે વીસ્તારી મેં જણાવ્યું; અને તે તેણી આગળ આવ્યો હતો કે નહીં તે જાણવા માંગ્યું.

"'ચાર્લી મારાં દંપનને માન આપી સાંજથી આવ્યો હતો' તેણીએ જણાવ્યું 'અને તે વેળા તે ઘણો ખુશાળ હતો. તે જણાવતો હતો કે તેજ રાતની ત્રેનમા તે પોતાની માય

બેહનને મળવા જનાર હતો; અને તેથી તે ઘણો ખુશાળ હતો. આશરે નવેક વાગે તે મારે ત્યાંથી ગયો હતો. ટ્રેનનો વખત થઇ જવાથી તેણે એક ભાડેની ગાડી મંગાવી હતી, જે પછી મેં તેને જોયો નથી.'

"હવે શું કરવું? જો કંઇબી ખબર મળે તો 'લેડી સાઉથ ફીલ્ડને' ત્યાંથી મળે, એમ હતું, પણ ત્યાંબી નીરાશીજ મળી, એટલે હું દલગીર ચહેરે 'લેડી સાઉથફીલડને' ત્યાંથી પાછો ફર્યો. મારાં માતાજીએ આ વાત તદન છુપી રાખવાની મને તાકીદ કીધી હતી એટલે હું તરત **સ્મીથફીલ્ડ** ખાતે પાછો ગયો. બીચારા ચાર્લીના ગુમ થવા વીષે સાંભળી, મારાં માતાજી બેસુધ્ધ થઇ પડયાં, અને તે પછીથી તેમનો ખુશ દેખાવ બદલાઇ ગયો. થોડા દહાડા વેર તેવણ મોહત અને જીંદગી વચે લટકતાં રહ્યાં, પણ પછીથી તેવણ સારાં થવા લાગ્યાં. તેવણે એ વાત એક ચબરાક ડીટેકટીવ સીવાય કોઇને નહીં જણાવવા મને હુકમ કીધો, અને તેમને ખુશી રાખવા ખાતરજ આ વાતની કોઇને ખબર થઇ નહીં. પોતાનો વાહલો બેટો જગની બત્રીસીએ ચહડે એ તમને ગમતું નહતું.

"મેં તુરત એક હુસ્યાર ડીટેકટીવને રોકયો; અને આ સઘળી હકીકત તેને કહી. મારા માતાજી અને બીએત્રીસે ચાર્લીને પાછો જીવતો જોવાની આશા મુકી હતી, પણ મારામાં હજી અશા હોવાથી, મેં તે ડીટેકટીવને જો ફતેહમંદ નીવડે તો એક મોટી રકમ આપવા જણાવી. પણ ફોકટ! સઘળું ફોકટ!! ગુમ થયલા ચાર્લીનો પતો મળી શકયો નહીં! અને નહીંજ! એ રીત તેના ગુમ થવાનો ભેદબી આજ સુધી અંધારામાં રહી ગયો છે. બીરાદર મારટીન! મારી રજા થોડા દીવસમાં પુરી થવાથી, મને તો પાછું લશકરમાં જવું પડયું, પણ મારાં માતાજીનો હુકમ હતો કે આ વાતની કોઇબી જીવતાં માણસને ખબર કરવી નહીં, એટલે મારેથી આ વાતની તનેબી ખબર આપવા બની શકયું નહીં. મારાં કુંટુંબપર જે દલગીરીનો છાપ તું પડેલો જોયછે, તેનું આ દુ:ખી કારણ છે. તે દીન પછીથી જાણે માતાજીની અર્ધી જીંદગી ગુમ થઇ ગઇ છે."

આ મારા દોસ્તની દુ:ખી કહાણી સાંભલી મને ઘણું દુ:ખ થયું. મેં મારેથી બનતી રીતે દીલાસો આપવા માંડયો, પણ દીલાસો કંઇ કામ આવ્યો નહીં.

"જો ફકત જે ગાડીમાં એ 'લેડી સાઉથ ફીલ્ડને' ત્યાંથી નીકળીને ગયો, તેની ભાળ જડે તો અડધો ભેદ ખુલો થઇ જાય" થોડોવાર પછી ટામસે જણાવ્યું.

હમોએ મુગા મુગા થોડોવાર ફર્યા કીધું. પછી ટામસે પોતાની પાકીટમાંથી એક નાનો ફોટોગ્રાફ કહાડી આપ્યો અને મને કહ્યું; "બીચારા ચાર્લીનું આટલુંજ બાકી રહ્યું છે." મેં તે નાની સબી હાથમાં લીધી; પણ જેવી મારી નજર તે પર પડી કે તે સબી મારા હાથમાંથી પડી ગઇ, મેં અજાયબ થઇ બુમ મારી—હું થંબ થઇને ઉભો.

આ તો તેજ ચહેરો હતો, કે જે મેં ગઇ કાલે ભાડેની ગાડીમાં ભુતના આકારમાં જોયો હતો!

પ્રકરણ ૫ મું.

ભેદનો ખુલાસો.

પાંચ મીનીટ વેર તો શું બોલવું તે મહને સમજ પડયું નહીં, પણ પછી હું બોલ્યો "ટામ! મેં—તેને—ગઇ રાતે જોયો છે!"

"ગઇ રાતે જોયો છે?" લૉરેન્સે એક બુમ મારી પુછયું. પણ તે વેળા તેનો સાદ બદલાઇ ગયો હતો. "અને તેં શું મારા ભાઇને જોયો છે? મને બધી વાત કહે!"

અને હવે મને મારી અજબ જેવી, નહીં મનાય એવી, કહાણી કેહવાની ફરજ પડી. મેં તેને આખી વાત બરાબર સમજાવી, અને તેટલાં વેર તેણે વખાણવા લાયક ધીરજ બતાવી, પણ જેવી મેં મારી કહાણી પુરી કીધી, તેવીજ તેની આખી ચાલચલણ બદલાઇ ગઇ. તેનો ચહેરો એવો તો લાલચોલ થઇ ગયો હતો, કે તેજ માણુસ મારો આગળો દોસ્ત હતો કે, તેનો મને ઘડીભાર શક પડયો.

'હા! હું આ શું સાંભલુંછું? ત્યારે મારો ભાઇ અંતે મરી ગયો છે? ને તેબી એક ખુનીને હાથે! ઓ ખોદા! અને તેના એકલા ભાઇનેબી તેની ખબર નહીં! પણ માર્ટીન, હું આ કસમ લઇને કહું છું, કે જયાંસુધી તે ખુનીને હું ઇનસાફની અદાલતમાં ઉભો કરીશ નહીં ત્યાંવેર ઠરીને બેસવાનો નથી.'' આમ હાંથી ત્યાં જોસમાં ફરતો તે બોલ્યો. મેં તેને ઠંડો પાડવા ઘણુંબી કીધું, પણ તે ઠંડો પડયો નહીં. અંતે હમોએ તુરતાતુરત લન્ડન જવાનો ઠેડાવ કીધો.

લન્ડન જઇ શોધ કરવાનો હમારા હાથમા એક રસ્તો હતો. જે ભાડુતી ગાડીમાં ચાર્લીનાં ભુતે (!) મારી મુલાકાત લીધી હતી, તેનું નમ્બર મેં અજાણપણે અને નીરદોષપણામાંજ ઉતારી લીધું હતું; અને તે હાલ મારી નોંધ પોથીમાં નોંધાયલું હતું. આ વાત મેં ટામસને જણાવી, અને તેણે કહ્યું કે બનતી ઝડપે લન્ડન જઇ તે તે નમ્બર એક જાણીતા ડીટેકટીવનાં હાથમાં આપવું.

બીજે દીને સહવારનાં પોહરની ગાડીમાં હમો બને જન લનડન ઉપડી ગયા. ટામસે પોતાની મા અને બેહનને સઘળું સમજાવ્યું હતું જેમનું તે વેલાનું દુઃખ નહીં વર્ણી શકાય એવું હતું.

ટામસે પોતાના ભાઇ વીષેની હકીકત એક હુશ્યારી ડીટેકટીવને આપી, અને મેં તે રાત વાળી ભુતની મુલાકતની આખી વાત તેમની આગળ કીધી. હું તો સમજતો હતો કે મારી વાત તે 'નાન્સન્સ' કરી તુછકારી કહાડશે, પણ તે હુશ્યાર ડીકટેકટીવે તો તે ધ્યાનથી સાંભળી લીધી, અને 'કેબનું' નંબર જે ૫૧૧ હતું તે ટપકાવી લીધું. ત્રણ દીવસ હમો લન્ડન ખાતે થોભ્યા, જે પછી ચોથે દીવસે સહવારના પહોરમાં પેલો ડીટેકટીવ હમારે ત્યાં આવી ઉભો, અને હમારી પુર અજાયબી વચ્ચે ખાત્રીથી જણાવ્યું કે ગરીબ બીચારા ચાર્લીનું ખુનજ થયું હતું અને તેનો ખુની હાલ જેલમાં પડેલો હતો અને તેની તપાસ આજે થશે.

હમો બને અકેકના મોહઢાં જોતાજ રહી ગયા. અંતે ડીકટેટીવે પોતાની હકીકત નીચે પ્રમાણે જણાવી:—

"પેહલાં હું પાધરો નંબર ૫૧૧ વાળી કેબનાં ધણી પાસે ગયો, અને તેના હાકનાર વીષે ખબર કાઢી. હાલતો કોઇ નવો હાંકનાર ચાલુ સાલથી બદલાયો હતો; પણ મી૦ લૉરન્સ ગુમ થઇ ગયો તે વખતે કોણ હાંકનાર હતો તે ખબર કાઢવાથી તેણે મને જણાવ્યું કે તે તેનું એક ઘણું જુનું માણુસ નામે 'જીમ બીલીંગ્સ' હતો, જે ચાર વર્ષની વાતપર રીટાયર થયો હતો. મેં આ માણુસ વીષે વધુ હકીકત પુછી, ત્યારે મને જણાવ્યું કે તેને તો કોઇ દુરનાં સગાપાસથી અચાનક વારસો મળી જવાથી, ચાકરી છોડી દીધી હતી, અને હાલ વાહીટચેપલ નામનાં મોહલામાં રહેતો હતો. તેના કેટલાક ભાડુતી ગાડીવાળા દોસ્તો પાસેથી મને ખબર મળી, કે તેનો સઘળો વારસો તેણે દારૂના બુરા લખમાં ઉરાડી દીધો હતો, અને હાલ અડધા ઘેલા જેવો એક કંગાલ કોટડીમાં તે રેહતો હતો. આટલી ખબર મળવા પછી હું એ 'જીમ બીલીંગ્સ'ની શોધમાં નીકળયો. જો કંઇબી ખબર મળે, તો એની પાસથી મળવી જોઇયે, અને ખરૂં પુછાવો તો

મારો એની પર શક હતો. માહમુશકેલીએ મેં એ 'જીમ'ની છુપાવાની જગ્યા શોધી કાઢી, અને ત્યાં જોયું તો તદન છાકટ થઇ પડયો હતો. બીજે દારૂ તેને મંગાવી આપી મેં તાલતલાવટથી બધું પુછી લીધું, અને તે પરથી મને જણાયું કે ગરીબ બાચારા મી૰ લોરેન્સનો ખરો ખુની તેજ હતો. તેણે જે છાકટપણામાં મને બધું કહ્યું તેની ખરી હકીકત નીચે પ્રમાણે છેઃ—

'તે રાતે જયારે મી૰ લોરન્સ 'લેડી સાઉથફીલ્ડ'ની મેજબાનીમાંથી આવી તેની ગાડીમાં બેઠા, ત્યારે તેની નજર તેમનાં આંગલાંપરની હીરાની વીંટી, અને શર્ટપરનાં હીરાનાં બટનપર પડી, અને તેથી તે નાપાકનાં દીલમાં લોભ પેદા થયો. દારૂના પુરા લખથી તે પૈસાની તંગીમાં હતો, અને તેથી આ કીંમતી બટનો તથા વીંટી કોઇબી રીતે મેળવવાનો તેણે ઠેડાવ કીધો. તેની ખાત્રી હતી કે તેનું નમ્બર કોઇએ બી જોયું નથી. આથી જેવી ગાડી અર્ધે રસ્તે પુગી, અને ઘણાજ વસ્તી વગરનાં રસ્તાપર આવી લાગી, ત્યારે તેણે ઝડપમાં ઉતરી આવી પછવાડેની બારીમાંથી પોતાનાં ભોગનાં માથાપર ચાબુકના હાથાથી એક જબરો ફટકો લગાવ્યો, જેથી તે તુરત બેભાન થઇ પડયો. આ પછી આ ખવીસની ખસલતનાં માણસે તેનાં સીનામાં એક ચાલતી છરી ચલાવી દીધી, જેથી તે મુડદું થઇ પડયો. તુરત બટન તથા વીંટી કાઢી લઇ, તેણે તે ગાડી પોતાનાં કંગાલ ઘર તરફ લીધી, અને કોઇ નહીં જોય તેમ તે લાસને કહાડી, મધ્યરાતે તેને પોતાનાં ચુલા તળે દાટી દીધી. જયારે સઘળી ગડબડ ખલાસ થઇ, ત્યારે પેલી વીંટી તથા બટન તેણે વેચી ખાધાં; અને પોતાને વારસો મળયો છે, એમ જણાવી રીટાયર થયો; પણ અંતે તેનું પાપ આજે પકડાયું છે, અને તેણે પોતેજ પોતાને મોહઢે કબુલ કીધું છે. મેં તે કમબખ્ત માણસને જેલમાં મોકળ્યો છે, અને તેની તપાસ આજે થશે.'

આ રીતે આ ચતુર ડીટેકટીવે અંતે ખરા ખુનીને શોધી કાઢયો હતો! અંતે એક નહીં મનાય એવી રીતે, ચાર વર્ષની વાતપર થયલાં ખુનની બાતમી મળી હતી!

પોતાના ભાઇનો ખુની અંતે સપડાયો છે, એ સાંભળીને મેં મારા દોસ્ત ટામસ લોરેન્સનાં ચેહરાપર સંતોશ વ્યાપી રેહલો જોયો. જો કે તેનો ભાઇ તેને મળી શકયો નહીં, તો બી તેને આ દુન્યામાંથી દુર કરનાર બદકારનો પત્તો મલ્યો છે, અને તે શીક્ષા માટે થોભે છે એ સાંભળી તે ખુશી થયો. હમો સંઘા તેને જોવા જેલમાં ગયા.

પણ ત્યાં હમારે માટે નીરાશી હતી. તે કમબખ્ત માણુસ જયારે સુદ્ધીમાં આવ્યો, ત્યારે પોતે તેણે નકી માન્યું કે અંતે પાપનો ઘડો ફુટયો હતો. આ સઘળાંથી તેનાં અરધાં ગાંડાં ભેજાં પર ઘણી ખરાબ અસર થઇ, અને હમો તેની કોટડી આગળ જઇ પુગ્યા તે અગાઉનો તે તદન ઘેલો થઇ ગયો હતો. તે ઝનુંનમાં આવી જે બકબક કરતો હતો તે પરથી તેનાં કીધેલાં ખુન બાબે કશો શક રહયો નહીં. ખરેખર! તેને એમ બોલતાં સાંભળવું એ ઘણું ભયાનક લાગતું હતું; હું અને ટામસ તેને જોતા કેટલોક વાર ઉભા રહ્યા.

તેજ દીને સાંજના 'જીમ બીલીંગ્સ' પોતાના પાપનો જવાબ આપવા, તે દાદગારની દરગાહમાં જઇ ઉભો. તે ગાંડાંપણાંમાંજ મરી ગયો હતો! 'કર ને જો, હ્યાંનું હ્યાં' એ ખરીજ કહેવત છે. અને તેને દુન્યામાં બનતા બનાવોથી ટેકો મળે છે.

* * * *

મારી અજબ જેવી કાહણી હ્યાં પુરી થાય છે.

ઉપલા કેસની આખી હકીકત ન્યુસપેપરોમાં છપાઇ હતી, અને તેથી લોકનાં મગજપર બહુ અસર થઇ હતી. ટામસ તો પાછો સાઉથફીલ્ડ ગયો પણ તોબી છેક મારો ઉપકાર માન્યા

વગર રહયો નહીં. પોતાના ભાઇનાં ખુનનો કીનો લેવા તે સામર્થવાન થયો હતો, પણ તે બદલાનું માન તેણે મનેજ આપ્યું.

ગરીબ બીચારા ચાર્લીના અકાળ મરણથી જોકે મીસીસ લોરેન્સને દુઃખ તો લાગ્યું, પણ જ્યારે તેવણે જાણ્યું કે તેનો કદીણુ ખુની પોતાના પાપે મુવો હતો ત્યારે તેમને બહુ ધીરજ મળી.

બે વરસ વહી ગયા પછી મેં ટામસનની બહેન બીઆત્રીસના હાથની માંગણી કીધી જે અલબત ખુશીથી કબુલ રાખવામાં આવી.

હમણા તેણી મીસીસ મારટીન બેનેટના નામથી ઓળખાય છે.

પણ હું આ કહાણી પુરી કરૂં તે અગાઉ બે બોલ મને કહેવા દેવો.

મુવેલાં માણસોનાં રૂહ આ દુન્યામાં પાછા ફરે, એ વાંચનારને અસંભવીત લાગતું હશે, પણ આ વાતથી (જે ખરેખરી બનેલી છે પણ નામ ઠામ બદલી નાંખ્યાં છે) પુરવાર થાય છે, કે જ્યાં વેર એક મુવેલાંનાં રૂહને ઇનસાફ મળતો નથી ત્યાંવેર તે આ દુન્યામાં તે ભટકતું રહે છે.

એ વાત હું અગાઉ માનતો ન હતો; પણ ઉપલા બનાવે મારી ખાત્રી કરી આપી છે.

પણ વાંચનારે શું મત બાંધવું તે અલબત તેમની મુનસફી પર છે!

યાસમીન સુફી:
તે લંગડો કેમ થયો ?

———:o:———

લખનાર—N.

(નિચલી વાર્તા યાસમાન સુફીએ, દીલ્હીના શહેનશાહ નામદાર ઔરંગઝેબને કહી સંભળાવી હતી)

પ્રકરણ ૧ લું.
યાસમાન પોતે.

હું યઝદ શહેરનો એક રહેવાસી છું, અને મારૂં નામ યાસમાન છે. મારો બાપ એક મોટો સોદાગર હતો, અને યઝદના ઘણા રહેવાશીઓની માફક એક સુફી હતો, અને તેજ પંથમાં મને પણ ઉછેરવામાં આવ્યો. યઝદ શહેર સુફી પંથના ઘણા કાબેલ પુરૂષો માટે પ્રખ્યાત હોવાથી, મને મારા ઉસ્તાદ સૈયદ મહમદ અલ્લીથી તેઓની સાથે ઓળખાણ પડી, અને મારા ઉદ્યોગ, કાબેલીયત અને મારા બાપના પૈસાને લીધે હું આખા શહેરનો એવો તો માનીતો થઇ પડયો, કે દરેક જણ મને સુફી પંથનો સૌથી મહાનપુરૂષ ગણવા લાગ્યા; અને મારા ઉસ્તાદ મહમદઅલીના શીખવ્યા પ્રમાણે આખા શહેરમાં હમેશ ફરી લોકોને વટલાવવાની હું કોશેશ કરવા લાગ્યો, કારણ કે અમારા ધર્મ પ્રમાણે તેમ કરનારને સૌથી આલી બેહેસ્ત મળે છે.

એમ કરતાં મને એક બે જવાનો સાથે ઓળખાણ પડી, અને તેઓ ઇસ્લામી ધર્મ ઉપર બહુજ ચુસ્ત હોવાથી, તેઓને વટલાવાની મારી આતુરતા પણ તે પ્રમાણમાં ઘણી વધી. અને એ કામમાં ફતેહ મેળવ્યાથી હું એક બીજા ફાયદાની આશા રાખતો હતો; તે એ કે સુફી પંથમાં એક દરજ્જે ઉપર ચઢવાનો હતો; અને તેમ થયાથી મારો ઉસ્તાદ જેનાથી હું કંતાલી ગયો હતો તેનાથી હું છુટો પડી શકતે.

અને મારી એ ધારણા પૂરી પાડવાને હું એટલો બધો આતુર હતો કે તે માટે જો સો જનોના ભોગ આપવા પડતે તોબી હું પાછો હઠતે નહી, તેથી આ બે જવાનો ઉપર ઘેરો ઘાલવાને હું અટકયો નહીં, અને તે જવાનો આએજ બે જે તું આલીજનાબની હજુરમાં ઉભા છે તેઓજ છે. અને એઓ પોતાની વારી આવતાં, તેમને વટલાવા અથવા બીજા બોલોમાં કહું તો તેઓનો નાશ કરવાને, હું કેટલો ખંતીલો હતો તે કહી સમજાવશે.

જાતે ઘણો ખુબસુરત અને ઝમાંકરાશ હોવાથી તેઓને ફુસલાવવામાં મને ઘણી મેહેનત પડી નહીં, અને તેઓ અંતે મારી જાલમાં સપડાયા તે પરથી તેઓને હું મારા ઉસ્તાદ આગળ લાવ્યો જે તેઓને જોઇ ઘણો ખુશી થયો.

એવી રીતે યુસફ અને મોહબતઅલી સુફી બન્યા; પણ પોતાનો ધર્મ છોડવાથી શું પરિણામો નીપજશે તે તો હજુર તેઓ ચાખવાના હતા. તેઓના માબાપે તેઓને તજી દઇ પોતાના વારસામાંથી દુર કીધા, અને તેઓનું એ દુઃખ વીસરાવાને હું મારી બનતી કોશેશ કરવા લાગ્યો, અને તેમાં, હું ધારૂં છું કે, હું થોડો ઘણો ફતેહ પામ્યો.

હવે સુફીપણાંની બીજી પંગથી ઉપર ચઢવાનો મારો વખત આવ્યો; અને જે દીવસે હું સૈયદ મહમદઅલીથી સ્વતંત્ર થયો તે દીવસને હું ખરો શુભ દીવસ ગણવા લાગ્યો; અને રસ્તાઓ અને ચકલાઓ ઉપર એવાંતો છટાદાર ભાષણો કરવા લાગ્યો કે મને સૌ કોઇ એક મહાન પુરૂષ તરીકે ગણવા લાગ્યા, અને મારી પાકીજગીનીબી કીર્તી બહુ ફેલાઇ ગઇ. પણ જો કે અમો પાકી

ગણાતા હતા, તોપણ ખાવા પીવાની બાબતમાં તેથી મને લાભ થયો નહીં. મારા એ બે મીત્રોને પાલતાં હું કાયર થવા લાગ્યો, પણ સારા ભાગ્યે મારા બાપની પહેઢી ઉપર એક મેહેતો મરણ પામવાથી, મેં યુસફને તે જગા અપાવી, અને મોહબતઅલી જે મારો ઓશયાલો રહેવાને બહુ કંટાલી ગયો હતો, તેને માટે પણ કાંઇ જગ્યાની ખોલ કરવા લાગ્યો.

હું હવે મારી મોટાઇની છેક અણી ઉપર ચઢયો હતો. અને લોકો માન મને આપતાં હતાં તેથી મારા દીલમાં મગરૂબી વધતી ગઇ, તે એટલે સુધી કે મારી તરફની તેઓની લાગણી બદલાઇ ધીક્કાર છુટવા લાગ્યો. પણ મેં તેની દરકાર કીધી નહી. "લોકો મને ચાહેછે કે નહી" હું વીચારવા લાગ્યો, "તેની મને શું દરકાર છે? હું પૈસાદાર છું અને બીજી દોલત ઘેર બેઠી ચાલી આવે છે મારો લોભ પુરો પડયો છે, અને મારી કાબેલીયત દરેક જણ કબુલ કરે છે લોકોની દોસ્તી મારૂં સુખ કંઇ વધારનાર નથી કે મારો લોભ પણ પુરો પાડનાર નથી."

એક દીવસ હું એક જાહેર રસ્તા ઉપર ચાલતો હતો, તે વારે એક ફકીરે મારી પાસે ભીખ માંગી. ગુસ્સા અને ધીક્કાર ભર્યા ચેહેરાથી મેં તેની તરફ જોઇ, તથા જાણે તેને અડકવાથી અભડાઇ જતો હોવું તેમ મારો જભો ઉંચકી હું તેનેથી પાછળ હઠયો. આ ઉપરથી તે ફકીર બોલ્યો, "ઓ સુફી ત્યાં જો; એક માણસ જે ખોદાના નામપર ભીખ માંગેછે તેનેથી તું એમ પાછળ હઠેછે, તો યાદ રાખ, કે ખોદા કે જેને તું હમેશ તારી સાથે સમજેછે તે પણ એમ તારેથી પાછળ હઠશે, અને તારી હાલત એથી વધારે કંગાલ કરશે. પણ ફીકર નહી, હજુર દુવા માંગુ કે તે સાહેબ તારો બચાવ કરે!"

તે ફકીરના શબ્દોથી મારી ઉપર ઉંડી અસર થઇ, અને હું દલગીરી ભર્યા ચેહેરા સહીત ચાલતો હતો, તેવામાં મારા પંથના થોડાંક માણસોનું ટોલું સામેથી આવ્યું, અને તેઓએ મારી કાબેલીયત અને દોલતની એવી તો વાખવાખી ગાઇ કે હું તે ફકીરના શબ્દો પાછો વીસરી ગયો, અને દરેક ફકીર તરફ પાછો એવા ધીક્કારથીજ વર્તવા લાગ્યો. મારૂં ઉડાઉપણું પણ મારી મગરૂબી અને ઉદ્ધતપણાંની સરોબરનું હતું; અને મારી આવક મોટી હોવા છતાં મારો ખરચ તેથી ઘણો વધી જતો હતો. આ સબબથી મારા પંથવાળાઓની એક મંડલી જે અફગાનીસ્તાનમાં, ત્યાંના સુફીઓની હાલતની ખબર લેવા જતી હતી, તેની સાથે ત્યાંના લોકોને વટલાવવાનું બાહાણું કાઢી મેં પણ જવાનો ઠેડાવ કર્યો; અને તેમ કરવાથી તે કામ માટે જે પણ પૈસા મને આપવામાં આવે તે હું મારા ખરચમાં લાવવાનો વીચાર કરતો હતો. એક મોટું ઉઘરાણું કરવામાં આવ્યું, અને કુચ માટે દરેક ચીજ તૈયાર હતી, તેવામાં એક બનાવ બન્યો જેથી મારી સઘળી યુકતીઓનો છેડો આવ્યો. આ બનાવ મારા બાપનું અચાનુંચ મર્ણું હતું. મારા બાપના વેપારમાં મોટી ખોટ આવવાથી તેની પહેઢીએ દીવાળું કાઢયું; અને આ ખબર સાંભળતાંજ તે બેહોશ થઇ પડયો, અને પછી થોડો વખત ખાટલે પડયો, જેમાંથી તે પાછો સજો થયો નહી. મરતી ઘડીએ તે પોતાની પાસે બોલાવ્યો, અને કહ્યું:—

"દીકરા યાસમીન! હું તને હવે હમેશ સુધી છોડી જવાની અણી પર છું! માટે મારી છેલ્લી શીખામણના બે શબ્દો ધ્યાનથી સાંભળ. હમેશ તારા પંથ ઉપર ચુસ્ત રહેજે, અને કાંઇ પણ કારણ લીધે સુફી પંથ છોડતો ના, અને તેથી દરેક ચીજમાં તું ફતેહ મેળવસે. મારી પાસે હાલ થોડીજ દોલત છે. આ તીજોરીની કુંચી લે; અને તેમાં તું થોડી નોટો તથા દસ્તાવજો છે તે લેજે; પણ આ ઘર તારા કાકાના દીકરાનું છે; તેને તે આવે ત્યારે હવાલે કરજે, અને સંપીને રહેજે."

પ્રકરણ ૨ જું.

લોભ—તેનું પરીણામ.

મારા બાપના મરણ પછી જ્યારે મેં તેની તીજોરી ઉઘાડી, ત્યારે મને તેમાંથી માત્ર એક હજાર તુમાનની થેલી, તથા થોડાક દસ્તાવેજો મલ્યા. આપરથી મેં વિચાર કર્યો કે એમાં કાંઇબી લુચ્ચાઇ હોવી જોઇએ, અને મારા બાપની ખરી દોલત જમીનમાં દાટેલી હશે, તથા તે વીષે મારા કાકાના છોકરા જેવું તે ઘર છે તેને બરોબર ખબર હશે." તેપરથી મારા બાપને દફન કરવા પછી મેં એકસો બેગારીઓ કામે લગાડયા, અને આખાં ઘરની જમીન છ છ ફીટ ઊંડી ખોદવાનો હોકમ કર્યો; તથા કેટલેક ઠેકાણેથી ભીંત પણ ખોદાવી, હું પણ તેઓનાં કામમાં મદદ કરવા લાગ્યો, પણ આખરે થાકી જવાથી એક મસાલ લઇ દરેક ખુણે ખુણાં જોવા લાગ્યો, મારી શોધ વચ્ચે, રસ્તા ઉપરનાં તથા માલપરનાં લોકો તરફથી "આગ! આગ!!"ની બુમોથી ખલલ પડી.

હું જ્યાં હતો, ત્યાંથી પેલી તીજોરીમાંના થોડા ઘણાબી પૈસા મેળવવાને તે ભણી જવાની કોશેષ કરવા લાગ્યો; પણ બેગારીઓની સંખ્યાથી આખો દાદર ભરાઇ ગયો હતો, અને મારેથી તરત ત્યાં જવાઇ શકાયું નહીં. આખરે હું તે ઓરડા લગી જઇ પુગ્યો, અને અંદર દાખલ થવા જતો હતો, તેવામાં એક મોટા અવાજ સહીત તેની જમીન નીચે તુટી પડી, હજુર સુધી પૈસાના લોભથી તે કેવી રીતે મેળવવા તેનો ત્યાં ઉભો રહી વિચાર કરતો હતો, એવામાં જલદી બહાર આવવાની લોકોની બુમો સાંભલી, હું દરવાજા ભણી દોડયો; અને હજુર તો રસ્તાપર પગ મુકું તેની આગમચ, તે ઘેર એક મોટા કડાકા સહીત નીચે પડયું.

કોઇએબી મને સહેજ મદદ કીધી નહીં અને ખરેખર મદદથી કાંઇબી વળે તેવું હતું નહીં; અલબત મારે કબુલ કરવું જોઇએ કે આગનું કારણ હું પોતે હતો, કેમકે હું જે મશાળ ખુણે ખુણામાં લઇ જતો હતો તેનાથી તે સળગી ઉઠી હતી; અને ઘરના તરત તુટી પડવાનું કારણ તે બેગારીઓએ ઉલટમાં ઘરનો પાયો પોકલ કરી નાખવાનું હતું. પણ જાણે આ સઘળો ભયાનક દેખાવ મારૂં દુઃખ પુરૂં નહીં કરી શકયો હોય, તેમ તરત તે ગલીમાં પેલા ફકીરને દાખલ થતાં જોયો. તે તરત મારી આગળ આવ્યો અને ખુશીભર્યા ચેહેરા સહીત બોલ્યો, "ઓ સુફી! મેં તને શું કહ્યું હતું; મેં ધાર્યું હતું તેના કરતાં જલદી તને બદલો મલ્યો છે. પણ, તે સાહેબ તારો નેગેહબાન થાવો!"

પછી તે તરત ત્યાંથી ગયો, અને હું તે ઘરનો નાશ જોતો ઉભો રહ્યો. હું ત્યાં શું કરવા ઉભો રહ્યો હોઇશ, તેની મને યાદ નથી, પણ કદાચ આગ બુજાયા પછી પેલી તીજોરી તથા પૈસા મેળવવાની આશા હશે. ગરીબ લોકો તે આગમાંથી બચેલું કાંઇ મેળવવાની આશાથી તે ઘરની આસપાસ ભેગાં થવાં લાગ્યાં.

થોડાક વખતમાં સઘળું બલી ભશમ થઇ ગયું, અને આગ તદન નરમ પડી. એક બુઢી સ્ત્રી જે પોતાનાં ખભાં ઉપર એક થાંભાનો અરધો બળેલો કટકો ઉંચકી ત્યાંથી ઝડપથી ચાલી જતી હતી તેણીને મેં પુછ્યું, "એ અરધો બળેલો લાકડાંનો ટુકડો તને શું કામ લાગશે?"

"બળતા ઘરમાંથી જેબી બચે તે નયામત સમજવું જોઇએ," તે બુઢી ડોસીએ જવાબ દીધો, "અને ખરેખર, ઓ સુફી! તું જે આટલો બધો એલમ જાણે છે, તેણે તો એ કેહેવત વાંચેલી હોવીજ જોઇએ."

તેણીના ઉધ્ધતપણાથી ગુસ્સે થઇ, હું બોલ્યો. "ત્યારે એ નયામત મારી છે, ઓ નાપાક! નાંખ એ નીચે."

"લે!" તે બોલી અને એવાં તો જોરથી મારા પગનાં અંગોઠા ઉપર તે નાંખ્યો કે મેં દુઃખના સબબથી એક મોટી ચીસ પાડી.

"એ સુફી! તેં શું નયામત મેળવી?" એક બીજો કંગાલ પુરૂષ જે બળેલો કચરો ખોડતો હતો, તે બોલ્યો.

તરત પછવાડે કોઇના હસવાનો સાદ સાંભળી, મેં મારૂં સર ફેરવ્યું, અને પેલો ચંડાળ ફકીર પાછો મારી નજરે પડયો. હું પોતાને લોકોની મશ્કરીનું કારણ જોઇ ગુસ્સે થયો, અને પેલા ફકીરને જોસથી એક તમાચો મારી ત્યાંથી રસ્તો પકડવાને તેને કહ્યું. તે બુઢો ફકીર તેનો કીનો લેવાને બદલે સામો વધારે મોટે ને મોટે હસવા લાગ્યો, અને પછી ખુશાલીથી કુદતો અને પોતાના દુબલાં પેટ તરફ આંગળી કરી, "તારો બી એ હાલ થશે," એમ બોલી ચાલતો થયો.

મારા આ દુઃખના વખતમાં મારા બે જન સાથીઓ થયા, અને તેઓ પેલા મેં વટલાવેલા યુસફ અને મોહોબતઅલી હતા. પહેલાં તો હું એમ સમજ્યો કે તેઓ વાખાના માંથી પોતાનો ફાયદો જોઇ મારી સાથે આવતા હશે. પણ થોડા વખતમાં તેમાં મારી ભુલ મને માલમ પડી. હું જ્યાં પણ જતો ત્યાં ત્યાં તેઓ આવતા. હું થોભતો તો તેઓ થોભતા; હું આગળ ચાલતો તો તેઓ ચાલતા. એવી હાલતમાં હમો મોહોલ્લાઓમાંથી પસાર થતા હતા, ત્યારે લોકોની મશ્કરીથી હમને માલમ પડ્યું કે હમારી આફતની બીના આખા શહેરમાં પવન મીસાલે ફેલાઇ ગઇ હતી. કેટલાક ફકીરો, મારી આબાદીના વખતમાં હું જેમ મારો જબ્બો ઊંચકી તેઓથી દુર ચાલતો હતો તેમ, મારી નકલ કરી મારેથી નહાસવા લાગ્યા. અને જો એક બોલબી બોલું તો તેઓ ચાંપી ઘાલશે, એવી ફીકરથી મેં મુંગે મોહોંઢે ચાલ્યા કીધું.

હમો સૈયદ મહમદઅલીના ઘર તરફ ચાલ્યા, અને ત્યાં સારો આશરો મેલવવાની હમારી ખાતરી હતી. હમો અંદર દાખલ થયા, ત્યારે તે ઊંડા અભ્યાસમાં ગુંટાયલો હતો, ત્યાં કલાક એક થોભ્યા પછી, તેણે ચોપડીમાંથી પોતાની આંખ ઊંચકી, અમારી તરફ ડોકું ધુણાવ્યું; જાણે એમ કે હમણા તેના અભ્યાસમાં ખલલ કરવી નહીં. હમો પાછા બહાર ગયા અને ઓટલા ઊપર ત્રણએક કલાક થોભ્યા, અને પછી કંટાળી હું અંદર ગયો, અને તેનું ધ્યાન ખેંચવાને મોટેથી બોલ્યો, "ઓ સૈયદ! હવે હું એક ફકીર છું."

તે ઊસ્તાદ જેની તરફથી હું એક મોટા આસરાની આશા રાખતો હતો, તે પેગંબરના શબ્દોમાં બોલ્યો, "ઓ, યાસમીન! ફકીરાઇ તો મારી કીર્તી છે!"

આટલું બોલી સૈયદઅલીએ પોતાની આંખો પાછી પોતાની કેતાબ તરફ ફેરવી, અને હમો નાસીપાસ થઇ પાછા બહાર નીકલ્યા. બહાર આવતાંજ મેં મારા મીત્રોને કહ્યું કે તેઓએ હવે તરત શહેરની બહાર આવેલી એક કબર ઊપર જઇ બેસવું, અને મારી ત્યાં રાહ જોવી. તેઓએ મારેથી એક પળ પણ છુટા પડવાની આનાકાની બતાવી; પણ મેં તેઓને ખુલ્લું કહ્યું, કે જ્યાંસુધી તેઓ તેમ કરે નહીં, ત્યાંસુધી પૈસા મેળવવાની મારી ધારણામાં હું ફતેહ પામનાર નથી, ત્યારે તેઓ કબુલ થયા.

પ્રકરણ ૩ જું.

રફીકોનો કોલ.

આ પ્રમાણે કરવામાં મારી ધારણા એ હતી, કે શહેરમાંના કેટલાક વેપારીઓ જેઓ મારા બાપના કરજદાર હતા, તેઓને ત્યાં જઇ પૈસા માંગવાને બને; અને હું આશા રાખતો હતો કે બધાઓ કાંઇ એવા નીચ નહીં હશે, કે પોતાનું હક વાજબી કરજ ના પાડે; અને મારા

મીત્રોથી છુટા પડવામાં મારી મતલબ એ હતી, કે તેઓ મારી ફતેહથી અજાણ્યા રહે, અને મને વધારે પજવે નહીં. પેહેલાં હું એક દાનાવાલાને ત્યાં ગયો, અને બોલ્યો, "કે તુંને ખબર છે કે? છ મહીનાની વાત ઉપર તેં હમારી પહેઢી ઉપરથી આટલા આટલા ઘઉં વેચાતા લીધા હતા, તેના પૈસા હજુર તારી પાસે માંગતા છે; માટે જો હમણાં આપે તો ઉપકાર થાય."

તે જવાબમાં એક શબ્દ પણ બોલ્યો નહી, પણ પોતાનો હાથ લંબાવ્યો. તેનો અર્થ નહી સમજતાં મેં પાછી અરજ કહી સંભલાવી, જે પરથી તે પોતાનો હાથ લંબાવેલોજ રાખી, બોલ્યો, "ચોપડા, દસ્તાવેજ, સહી,—લાવ! લાવ! કાઢ!"

મેં તેને કહ્યું કે, સઘળા ચોપડા તથા દસ્તાવેજો આગમાં બળી ગયા હતાં; "પણ" હું આગલ બોલ્યો, "મારી ખાતરી છે કે ઊપલું કરજ તને યાદ હશે."

આપરથી તે મોટેથી હસી પડયો, અને મારેથી તે નહીં ખમી શકાવાથી, તથા મારા ફફોરા સ્વભાવની ધાસ્તીથી ત્યાંથી હું ચાલતો થયો. રસ્તામાં મને એક બીજો કરજદાર મલ્યો, જેનાં કરજની મેં તેને યાદ આપી.

"એ ભલા આદમી, મને કંટાલો ના આપ, નહી તો તને સીપાઇના હાથમાં આપીશ," એમ બોલી, મને ગાળ ચોપડતો તે ત્યાંથી ચાલતો થયો.

એવીજ રીતે મારા બાપના સઘળા કરજદારો મારી સાથે વર્ત્તયા અને નાસીપાસી પર નાસીપાસી, તથા અપમાન પર અપમાન મને મળતું ગયું. ગરીબાઇ મારી ઉપર તડાપ મારવાને ઉપર બેઠી હતી. હવે મારા બે મીત્રોથી જુદા પડવા માટે હું પસ્તાવા લાગ્યો; કારણ કે મને વીચાર આવ્યો કે મારી ધારણામાં હું તદન નીષ્ફળ થયો હતો એમ તેઓની ખાતરી કરવી મુશ્કેલ હતું.

એમ વીચાર કરતો હું છેક શહેરના દરવાજા આગળ આવી લાગ્યો, અને મારા મીત્રો માત્ર મારેથી થોડે દુર કબર ઉપર બેઠેલા દેખાતા હતા, તેવામાં પાછો પેલો બુઢો ફકીર મારી સામો થયો, અને ઇસારત કરી પોતાની તરફ મને બોલાવ્યો. મારી ઉપર પડેલી આફતથી હું હવે નમનતાઇ શીખ્યો હતો, અને તેથી તેની નીશાનીને તાબે થયો. તે કહેવા લાગ્યો કે મને બોલાવવાનું કારણ મારાં દુ:ખ ઉપર દામ દેવાનું નહીં, પણ એક શીખામણ દેવાનું હતું, "વાસ્તે," તે આગળ બોલ્યો, "જો તું મારી શીખામણ માને, તો યઝદ શહેર તરત છોડી ચાલી જા!"

"યઝદ શહેર છોડું?" હું બોલ્યો "નહાસવાનું મને શું કારણ છે?"

"તારા કાકાનો છોકરો શીરાઝથી આવેલો છે," તે બોલ્યો, "અને તેના ઘરનો નાશ થયેલો હોવાથી, તારી શોધમાં દરેક દીશા ભણી સીપાઇઓ તેણે દોડાવ્યા છે."

આ શબ્દો સાંભળતાજ, તેનો ઉપકાર માન્યો, નહીં માન્યો, કે હું મારા મીત્રો, જેઓ મારી રાહ જોતા બેઠા હતા, તેઓ આગળ ગયો.

તેઓએ તરત ઉઠી, મારી ફતેહ વીષે મને સવાલ કર્યા. પણ મેં તેઓને જ્યારે મારૂં દાસ્તાન કહેવા માંડયું, ત્યારે તેઓના ચહેરા પરથી જણાતું હતું કે તેઓ મારી વાત માનતા હતા નહીં; પણ આખરે મારા કાકાના છોકરા વિષેની તથા યઝદ શહેરમાંથી નાસી જવા વીગેરેની બીના કહી સંભળાવી, ત્યારે તેઓની ખાતરી થઇ.

"અને હમો તારી સાથેજ આવીશું" મારી વાત પુરી થતાં તેઓ એક અવાજે બોલી ઉઠયા. "આપણે સાથેજ જીવીશું અને સાથેજ મરીશું." "એમ નહી, મારા મીત્રો!" હું બોલ્યો, "આપણે દુનીયામાં એકલા ભટકીએ, અને એવી સરત કરીએ કે દશ વરસની મુદ્દત પછી એકવાર ફરીથી યઝદ શેહેરમાં મળીએ. આપણામાંનો એકબી, નસીબના જોરથી, પૈસાદાર બનશે, અને તે પોતાના ઓછા નસીબવાલા મીત્રોને સુખ આપશે."

તેઓએ મારી આ દરખાસ્ત તરત કબુલ કરી, અને હમોએ ઉઠી વીચાર કીધો, કે જ્યાંસુધી યઝદ શહેર દેખાતું બંધ પડે ત્યાંસુધી સાથે જવું, અને પછી છુટા પડવું. પછી એક જગ્યા કે જ્યાં ત્રણ રસ્તાઓ મળતા હતા, ત્યાં હમો આવી પુગ્યા, અને હમારી પાસે જેટલા પૈસા હતા તે સરખે ભાગે વહેંચી, તથા ફરીથી એકવાર સોગંદ લઇ, એકેકથી છુટા પડયા.

પ્રકરણ ૪ થું.

યાસમીન એક મુનશી બને છે.

મેં જે રસ્તો લીધો હતો, તે ઇસફહાન તરફનો હતો. રાત પડતાં એક નાના ગામડાંના ઝુપડાંના ઓટલા ઉપર મેં આશાયશ લીધી. પણ તે રાત બહુ કંગાલીઅતપણામાં ગઇ. સુવાને માત્ર મારી પાસે એક સાદડીનો ટુકડો હતો, અને તકીયાનું તો નામજ નહીં, તથા હવા એટલીતો ઠંડી હતી, કે તે મારાં હાડકાં સુધી પેસતી હતી; એવી રીતે આખી રાત દાંત કચકચાવી કાઢી. સહવાર પડતાં હું ત્યાંથી ઉઠી આગળ ચાલવાની તૈયારી કરતો હતો, તેવામાં એક ઘોડેસ્વાર પવન મીસાલ દોડતો તે ગામડાં તરફ આવ્યો. તે કોઇ મોટો પુરૂષ હોય તેવો લાગતો હતો, પણ તેની સાથે કોઇબી માણસ હતું નહીં. મારી ખાતરી હતી, કે તેનો ઘોડો ચમકેલો હતો, અને તે ઘોડો તથા તેનો સ્વાર બંને મોટી ધાસ્તીમાં હતા, કારણ કે જે તરફ તેઓ જતા હતા તે તરફ નજદીકમાંજ એક મોટી અને પોહોળી નદી હતી, પણ તે વીજલી મીસાલે દોડતા ઘોડાની લગામ પકડવી તદન અશકય હતી; તે પરથી મેં મારેથી બને તેટલી મોટેથી બુમ પાડી, "નદી! નદી!! બને તો તારો ઘોડો ફેરવ."

તે સ્વારે મારા શબ્દો સાંભળ્યા, પણ તેનો કાંઇ ઉપાય હતો નહીં; તેથી ધાસ્તીના માર્યાએ તેણે જમીન ઉપર કુદકો માર્યો, અને મોઠા ઢબકારા સહીત હેઠેલ પડયો. હું તરત તેની મદદે દોડયો, પણ હું ધારતો હતો તેટલી તેને કંઇ ઇજા થઇ હતી નહીં. તરતજ પાણી લાવી, મેં તેના લોહીથી ગગરતાં કપાલ ઉપર તે રેડયું, અને તેનો એક હાથ ભાંગેલો જોઇ, મેં તે સંભાળથી એક ઝોલીમાં બાંધ્યો. અને પછી ત્યાં આવી લાગેલાં બે માણસોની મદદથી તેને એક ઝુંપડાંમાં લઇ ગયો, અને જરા શાંત પડવાને તથા આશાયશ લેવાને તેને કહ્યું; પછી હું મારી આગળી મોતાઇના વીચારમાં પડયો. એવામાં કેટલાક માણસોનો બહારથી અવાજ સાંભલ્યો, અને બહાર આવી મેં ઘોડેસ્વારોની એક ટુકડી જોઇ; જેઓના દેખાવ તથા તેઓના ઘોડાની કંગાલ હાલતથી માલમ પડતું હતું કે તેઓ કોઇની શોધમાં લાંબી મુસાફરી કરી આવ્યા હતા. તેઓએ મને પુછયું, "હાકેમ કયાં છે?" "તમારો હાકેમ સહીસલામત છે," મેં જવાબ દીધો, "પણ તેને સેજ ઇજા થઇ છે."

તેઓમાંનો એક જન હેઠે ઉતરતાં, તેને હું પેલા હાકેમ આગળ લઇ ગયો, અને મને થોડા વખતમાં ખબર પડી, કે તે તેબરીઝનો હાકેમ હતો, તથા કાંઇ કામના સબબે ઇસફહાન તરફ જતો હતો, અને તે ગામડામાં કોઇ હોશીયાર હકીમ નહીં હોવાથી, તેને હવે ત્યાંજ લઇ જવાનો તેઓએ વીચાર કર્યો. પછી તે હાકેમે મને બોલાવ્યો, અને મારો ઉપકાર માની, હું કોણ હતો, તથા ત્યાં શું કામ માટે આવ્યો હતો, તે વતરોગે સઘળી બીના પુછી. હજી હું એટલો મગરૂબ હતો, કે મારી ગરીબાઇ એકદમ જાહેર કરવાને મને ગમ્યું નહીં, અને તોપણ એવી સાવચેતીથી મારી હકીકત કહેવાનો મેં વીચાર કર્યો કે મને તેની મદદની ગરજ છે એમ તે સમજી શકે. તેપરથી હું બોલ્યો કે "હું એક વેપારી કે જેણે વેપારમાં પોતાની સઘળી દોલત ખોઇ દીધી હતી તેના એક પુરૂષનો છોકરો છું, અને ઉપલા કારણથી વેપાર ઉપર ધિક્કાર છુટવાથી, તથા તે ધંધો પસંદ નહીં પડવાથી કાંઇ મારે લાયકના ધંધાની શોધમાં ઇસફહાન તરફ જતો

હતો," તે હાકેમે જ્યારે જોયું કે હું એક ભણેલો પુરૂષ હતો, ત્યારે તેણે મને પોતાના સેક્રેટરીના હાથ નીચેની એક ખાલી જગ્યા મને આપવા કહી. મેં તે તરત કબુલ રાખી, અને પછી તેણે પોતાનાં માણસોને હોકમ કીધો, કે મને સ્વારી માટે એક ઘોડો આપવો, અને પછી ધીમી કુચ કરતા અમો ઇસફ્હાન તરફ ગયા.

ત્યાં જતાંજ મારો વડો સેક્રેટરી જે આગળથી ઇસફ્હાન ગયો હતો તેની સાથે તેઓએ મારી ઓલખાણ કરાવી. તે એક ઉંચો, પાતલો, અને બદ લંપટ બદસુરત આદમી હતો; તેનું મોં લાંમ્બુ, આંખો ઝીણી અને તીક્ષણ, અને તેનો આખો ચેહેરો બાલોથી ઢંકાઇ ગયલો હતો. આ સેક્રેટરીએ ઘણી સભ્યતાથી મારી સાથે ઓલખાણ કીધી; અને તેને કેવી રીતે ખુશી રાખવો તે વીષે તેના સ્વભાવની પરીક્ષા લેતો હતો, તેવામાં થોડાક વખતમાં મને માલમ પડયું કે તે માટેની મારી સઘલી કોશેષો વ્યર્થ જવાની. કારણકે સઘળું છતાં તે સેક્રેટરી મારી ઉપર મેહેરબાનીની નજરથી કદીપણ જોનાર નથી, કેમકે તે જગ્યા તેણે પોતાના ભત્રીજા માટે રાખેલી હોવાથી, મેં તે લેવામાં તેને મનથી અજીમ ગુનાહ કીધો હતો.

તે હાકેમ લખવાનું ઘણું ખરૂં કામ પોતેજ કરતો હતો, પણ ઉપર કહેલા અકસ્માતનાં સબબથી, તેનાથી તે હાલ બની શક્યું નહીં, અને તે બોલે તે મુજબ લખી કાઢવાને તેણે મને બોલાવ્યો. મને તરત માલમ પડયું કે તે તેબરીઝના લોકોની હાલતનો રીપોર્ત તૈયાર કરી શહેનશાહને આપવાનો હતો.

તેથી મને સોંપેલું કામ મેં ઘણી અછી રીતે બજાવ્યું, અને એક હકીમ જે તેની આગળ આવ્યો હતો, તેના ગયા પછી, હું તે તેની આગળ લઇ ગયો; તેણે તે વાંચ્યું, અને મારી એબારત તથા મારા અક્ષરની જાબજા તારીફ કીધી. ઇસમાલ સેક્રેટરી મારી ઉપર આવી રીતે વધતી જતી મેહેરબાનીથી બળી ખાખ થવા લાગ્યો. અને તેથી જેબી વખતે મને બોલાવવાની વકી હોય, તે વખતે તે કંઇ કામે મને બહાર મોકલી દેતો; પણ તે સઘળું છતાં તેનું કાંઇ વલ્યું નહીં.

આખરે તે રીપોર્ત પુરો થવાથી, હાકેમે પોતાના હાથે એક કાગજ લખી શેહેનશાહ ઉપર મોકલ્યો; અને થોડા વખતમાં હાકેમને માટે મોટા સરપાવ સાથનો જવાબ આવ્યો. અને હવે બીજું કાંઇ કામ નહીં હોવાથી પાછી કુચ કરવાની હમોએ તૈયારી કરી. ઇસમાલે મારી તથા હાકેમની હજુરમાં શહેનશાહે મોકલેલો સરપાવ ખોલી જોયો. તેમાં એક અતી કીંમતી વીંટી હતી, જે ઇસમાલે એક દાબડામાં પેક કરાવી; અને તે સઘળો ખજાનો વીશ પોહોરાગીરો સાથે મારે હવાલે કરી, હોકમ કીધો કે મારે હાકેમ તથા તેના માણસોનાં કુચ કરવા પછી બીજે દીવસે ઇસફ્હાનથી નીકળવું.

હું તેના હોકમ પ્રમાણે હાકેમના જવા પછી બીજે દીવસે નીકળ્યો, અને ત્રણ દીવસની કુચ પછી તબરીઝ ખાતે આવી લાગ્યો, જ્યાં પુગતાંજ મેં સઘળો ખજાનો હાકેમને હવાલે કીધો. ઇસમાલ તે સઘલો ખોલી જોવામાં ઘણો ઊંડો ઘુંટાયો, જે પરથી તે હાકમે તેને પુછયું કે તે શું ખોલતો હતો, "સાહેબ!" તેણે જવાબ દીધો, "પેલી કીંમતી વીટી જે આપણે કેટલી બધી વખાણી તે તમને યાદ હશે?"

"હા!" તે બોલ્યો, "પણ તે એમાં છે કેની?"

"હું આશા રાખુંછું કે હશે," ઇસમાલે જવાબ દીધો, "પણ મને તે મળતી નથી. યાસમીન, તે વીટી કયાં છે?"

"ખરેખર સાહેબ!" હું બોલ્યો, "તમોએ દાબડો જેવી હાલતમાં મને આપ્યો હતો, તેવીજ હાલતમાં એ છે, ને મેં એ ઉઘાડયો નથી, તેની શાહેદી તરીકે હું સરદારખાનને બોલાવું છુ."

સરદારખાન તેપરથી આગળ આવી બોલ્યો, "ખરેખર સાહેબ મેં યાસમીનને તે દાબડો ઉઘાડતાં જોયો નથી; પણ તે હંમેશ પોતાની પાસે રાખતો હોવાથી, તથા હમેશ હું કંઇ બરોબર એની સાથે નહીં હોવાથી—

"એહ! ને તું શું કહેવા માંગે છે?" મેં ગભરાઇને પુછ્યું.

"હું કંઇબી કહેવા માગતો નથી," તે બોલ્યો, "પણ હું એટલું ધારૂંછું કે જો તું તે વીંટી કાઢી આપશે, તો હાકેમ તારા ઉપકારી થશે." આ મારેથી ખમી શકાયું નહીં, અને તેને કેસરીપાક આપવાને મેં મારો હાથ પણ ઉચકયો તેવામાં તે સેકરેટરી વચ્ચે પડયો, અને હાકેમના માન ખાતર સબુરી પકડવાને મને કહ્યું.

"ત્યારે શું" હું બોલ્યો, "મને એક ચોર કહે તે ખમી બેસું?"

તે હાકેમ હવે વચ્ચે બોલ્યો, "ઓ જવાન પુરૂષ! સઘળી ચીજ તારી સામે જાયછે; પણ તું જયારે નીરદોષ છે ત્યારે તારા ઝાડા દેખાડવાને તને કોઇ અડચણ નહીં હશે?"

"ખચીત નહીં," મેં જવાબ દીધો, અને તરત મેં મારો દગલો તથા પાઘડી કાઢી નાંખ્યા. દગલામાંથી તો કાંઇ મળ્યું નહીં; પણ તે સેકરેટરીએ પાઘડીના તોરામાંથી તે વીંટી કાઢી, અથવા તો કાઢવાના ઢોંગ કરી, યુકતીથી તે જમીન ઉપર હાકેમના પગ આગળ નાંખી! તેના દેખાવથી હું ગભરાત અને શરમમાં ગરકાવ થયો.

"ખરેખર, સાહેબ." હું બોલ્યો, "કોઇ મારા દુશ્મનનું એ કારસ્તાન છે. હું એ ચોરીથી તદન નીરદોષ છે કે, અથવા તો મારી પાઘડીમાં એ વીંટીના છુપાવા વીષે હું કાંઇબી જાણતો નથી. અને હું આશા રાખુંછું, કે મારા ઝાડા દેખાડવાના મારાં રાજીપણાથી તે વીષે તમારી ખાતરી થઇ હશે."

સેકરેટરી તથા સરદારખાન બંધે જના ચુપકીદી પકડી બેસી રહ્યા, અને હાકેમ મને કહેવા લાગ્યા:—

"ઓ જવાન પુરૂષ! એ બીના માટે મારૂં ખાનગી મત ગમે તેબી હોય, પણ મારી આસપાસના સઘળા લોકોના તારા ગુનાહ વીષે ખાતરી હોવાથી, મારેથી તને એવી હાલતમાં મારી ચાકરીમાં રખાય નહીં, માટે હવેથી આ શહેરમાં ફરીથી કદીબી દેખાવ દેતો ના!"

"શહેરમાં?" હું બોલ્યો, "શું મને દેશનીકાલ કરવામાં આવેછે? ઓ હાકેમ કદાચ જો હું ખરેખરોબી ગુનહેગાર હોવું, તોબી મારી ચાકરીએથી મને દુર કરવાની મને પુરતી શીક્ષા નથી?"

"નહી, ઓ જવાન પુરૂષ, હું તને તેમ કરવાના હોકમ કરતો નથી, પણ માત્ર શીખામણ આપુંછું."

"એટલે?" મેં પુછ્યું.

"હાં આવ!" તે બોલ્યો, "અને મારાં કારણો તારા કાનમાં કહું."

હું આગળ ગયો, અને તે વાંકો વળી મારા કાનમાં બોલ્યો, "તું એક સુરી છે!"

મેં જવાબમાં એક શબ્દ પણ વાળ્યો નહીં, પણ મારો ડગલો તથા પાઘડી પેહેરી ત્યાંથી ચાલતો થયો.

હું ખરેખર ઇસમાલ સેક્રેટરીના કીનાનો ભોગ થયો હતો, અને સરદારખાન ખરેખર તેનો શીખવેલો આદમી હતો, જેણે, હું ધારૂંછું, કે બીજી રાત્રે રસ્તામાં જ્યારે હમોએ ઉતારો લીધો, ત્યારે તે વીંટી મારી પાઘડીમાં ખોસી દીધી હશે; અને તે લુચ્ચો ઇસમાલ જોકે ઝવાહેર પેક કરવામાં દેખાવપરથી બહુ ખંતીલો લાગતો હતો, તોબી પોતાની નીચ યુક્તી બજા લાવવાને, તેણે તે વીંટી પોતાની સાથેજ રાખી હશે. અને હું એક સુરી છું તે હાકેમે કેમ શોધી કાઢ્યું, તેની મને ખબર નથી, પણ હું ધારૂંછું કે તે પણ શોધી કાઢનાર મારો દુશ્મન

ઇસમાલજ હોવો જોઇએ. જેણે તે બાના હાકેમને કહી હશે. પણ હવે મારો કોઇ ચારો રહ્યો નહીં, અને હું મારા નસીબને તાબે થઇ શહેરે બહાર નીકળી ચાલ્યો.

પ્રકરણ ૫ મું
સુફી અને હજામ.

સાંજ પડવા આવી હતી; અને રાતના કેઠે ઉતારો લેવાની ગોઠવણ કરતો હતો, તેવામાં સામેથી મે આરબોની એક ટોળી જોઇ, જેઓ ઘોડા ઉપર ખજુર લાધી લઇ જતા હતા. મેં તેઓની ચાકરીમાં રહેવાની તરત તેમને અરજ કરી, અને તે તેઓએ કબુલ રાખ્યાથી, ત્રણ વરસ સુધી હું આ જંગલના ભટકતા વેપારીઓની સંગતમાં રહ્યો, પણ કોઇબી રીતે પૈસા મેળવવાની મને કાંઇ તક મળી નહીં.

આમ કરતાં એક લાંબી મુસાફરી પછી તે આરબો ઇસફહાન તરફ જતા હતા, અને તેથી મેં હવે તેઓની સોબત છોડી, તે મોટાં શેહેરમાં મારૂં નસીબ અજમાવવાનો વીચાર કીધો, અને એક રાતે તે આરબોને તે વીષે કાંઇબી ખબર આપ્યા વીના, હું છાનોમાનો છાવણીમાંથી ચાલી ગયો, અને થોડા વખતમાં ઇસફાહાન પુગ્યો. જે રાતે હું ત્યાં ગયો, તેજ રાત્રે ભોગજોગે ઇસમાલ સેકરેટરીને ત્યાં એક મોટું ખાણું અપાયું હતું, અને તેથી રસ્તામાં પેહેલોજ પુરૂષ જે મને મળ્યો, તે તેબરીઝના હાકેમનો કોઇ અમલદાર, જે તે ખાણ-માંથી આવતો હતો તે હતો. મને ટીકી ટીકીને તે જોવા લાગ્યો. તે મને તેમ જુએ તેમાં કાંઇ નવાઇ નહી, કારણકે હું હાલ સુરહાલ, અને મેલો ઘેલો હતો, અને એક આરબના જેવોજ દીસતો હતો. તેનેથી છટકવાને હું ઝડપથી આગળ ચાલવા લાગ્યો; તે મારી પાછળ આવ્યો, અને મારી નજદીક આવી બોલ્યો, “ખરેખર! આએ ચહેરો મારા ધ્યાનમાં આવે છે.”

મેં તરત આરબી ભાષામાંજ તેને એક ગાળ ચોપડી. “અહ! તારો બાપ મરે તારો, તું મને ઓળખે છે,” અને તે મારૂં બોલવું નહીં સમજતાં ઊલટી મારી મારી માગી ચાલતો થયો! હું પછી મારી દાઢી કપાવાને તથા હજામત કરાવાને એક હજામની દુકાને ગયો. તેણે તરત તેમ કર્યું, પણ તેટલીજ ઝડપથી મેં કાંઇ તેને પૈસા આપ્યા નહીં; કારણ કે મારી પાસે એક ખોટી અરધી પણ હતી નહીં! તે હજામ મારી તરફ બહુ કરડાઇથી જોવા લાગ્યો, ને હું કઢંગી રીતે તેની તરફ ટીકતો ઉભો રહયો. “ગભરા ના ભાઇ!” હું બોલ્યો, “હું તને કાલે પૈસા આપી જઇશ.”

“કાલે!” તે બોલ્યો, “તમારી રજાથી સાહેબ હું હમણાંજ પૈસા ઓકાવીશ, નહીંતો અહીંથી જવાશે નહીં, ને તે ઉપરાંત હું મારા દરેક ધરાકને તને બતાવી, તારી ફજેતી કરીશ.”

“મારા ભલા આદમી,” હું બોલ્યો, “તારે જોઇએ તેને મને દેખાડ, પણ હું નહીં ધારતો કે મારા જેવો ચહેરો, જેમાં કાંઇબી વીચીત્ર નથી, તે માટે લોકો તને એક ખોટી પાઇ બી આપશે.”

“વાહ! વાહ! એક રખડતા ભીખારીની જબાંની શું ચપલાશી છે? ઠીક મારા હુશીયાર શેઠ! લોકો તને જોઇ પૈસા નહીં આપશે, તો તારી એવી વાતો સાંભળી ખચીત આપશે.”

“કદાચ હોય,” મેં જવાબ દીધો, “પણ ધાર કે હું મારા હોઠ ખોલુંજ નહીં તો?”

“ને તું બી ધાર, કે જો હું તને કાજી પાસે હલકો કરાવું તો? હું ધારૂં છું કે તેથી તારા હોઠ પોતાની મેલે ઉઘડશે.”

“હું ધારતો નથી કે તેથી બી ઉઘડે. પણ કદાચ તેમ થાય. તોબી તેથી તને શું ફાયદો થનાર છે? મારી ઊપર, ઓ ભલા હજામ! ભરોશો રાખ, ને તારી મહેનતનો બદલો હું તને ખચીત આપીશ.”

"તું કોણ છે?" તેણે મને પુછ્યું.

"હું કમનસીબનો વારસ છું. આગલ હું પૈસાદાર હતો–પણ હાલ ગરીબ છું. પણ–

"ભાઇ! ઘાં તારા 'પણને બણને,' વાસ્તે મારો વખત ખોવા માંગતો નથી. વાસ્તે મને મારા પૈસા આપ, નહીં તો તારૂં નખોદ વળવાનું."

"હજામ ભાઇ," હું બોલ્યો, "હું જોવું છું કે તું એક માયાલુ અંતઃકરણ ધરાવે છે."

"ખરેખર! તું એક જબરો બાહોશ પુરૂષ હોવો જોઇએ કે તેમ તું જોઇ શકે છે, કારણ કે હજી સુધી મેં કાંઇ પણ દયા દેખાડી નથી."

"હા તે બી હું જાણું છું" હું બોલ્યો, "પણ તેનું કારણ એ છે, કે તારી કેળવણીએ તારૂં દરેક રીતે માયાળુ અંતઃકરણ બગાડયું છે."

"નહીં, નહીં, મારા મીત્ર એ હવે ચાલવાનું નહીં; તું મને જેવો મુર્ખો કરવા માંગે છે, તેવો હું મુર્ખ નથી; અને મને કહેવા દે, કે તારી કેળવણીએ ચપલાશી ભરેલા શબ્દોથી જો કે તારૂં મોં ભર્યું છે, તો પણ તેથી તારાં ગજવા ઉપર કાંઇ અસર કીધી નથી."

આ તાણો મારેથી ના પાડી શકાય તેમ હતું નહીં, અને તેથી તે એક ખરેખરો મુર્ખો છે કે નહીં, તે શોધી કાઢવાનો મેં ઠરાવ કીધો. તેથી હું બોલ્યો, "મીત્ર! હું જોવુંછું કે તું એક હોશીયાર, પ્રમાણીક અને સાચો માણુસ છે. હાલ મારી પાસે પૈસા મોજુદ છે, પણ ચોક્કસ કારણને લીધે હું તે આપી શકતો નથી. હું એક જાદુગર છું–મારા મીત્ર! ગભરા ના, શાંત રહે, અને ફરીને ભીંત ઉપર ટીકીને જો, જે પર હમણાં કંઇ લખેલી તખ્તી નીકળી આવશે, ને તેપર ધ્યાનથી જોવાથી તું પૈસાદાર થશે." તે હજામ ફરી ભીંત ઉપર ટીકતો ઉભો રહયો, અને હું ત્યાંથી પાછલે પગે હટી 'વટાણા વાવી ગયો.' પણ મારો વિચાર મારા હાથમાં પૈસા આવે તેવા પેહેલે તેને આપવાનો હતો.

પછી આગળ ચાલતાં, રસ્તામાં બે મોગલોને મરાતા જોયા; તેઓ લોહીલુવાન થઇ ગયા હતા, અને મોટી મુશ્કેલીથી તેઓને જુદા પાડવામાં આવતા હતા. લોકોનું ટોળું જે મારામારીની જગ્યાએ એકઠું થયું હતું, તે તેઓની પાછળ ચાલ્યું, અને હું ત્યાં એકલો ઉભો રહયો. જે જગ્યાએ મારામારી થઇ હતી, ત્યાં મેં એક કોથલી પડેલી જોઇ; તે મેં ઊચકી લીધી, અને જોયું તો તેમાં 'તુમાન'* હતા. "આજે ત્યારે મારૂં નસીબ ખોલવા માડયું છે." હું મારાં મન સાથે બોલ્યો. "ઘાંજ હું તેબરીઝના હાકેમની ચાકરીમાં પ્રખ્યાત થયો, અને ઘાંજ મારાં નસીબમાં રહેવાનું બન્યું."

મારા નવા મલેલા ખજાનાનો પહેલો ઉપયોગ જે મેં કીધો, તે પેલા હજામના પૈસા આપવાનો હતો. મને જોતાંજ તેણે ગાલોનો વરસાદ શરૂ કીધો, પણ મારા હાથમાં એક સીક્કો દેખતાંજ તરત તે ઝાપટું નરમ પડી ગયું "મારા વચન પ્રમાણે તારા પૈસા આપવા આવ્યો છું." હું બોલ્યો "અને કદાચ એકાદ શીખામણ જે હું તને કહું તે ધ્યાનથી સાંભળશે, તો તે રદ જશે નહીં. તું એક મૂર્ખ નથી એમ કદીબી ફીસ્યારી કરતો ના. સઘળાં માણુસો મૂર્ખ છે, જો કે તેઓ પોતાને ઘણાં હોશિયાર સમજે છે, અને જ્યાં સુધી દરેક પુરૂષ અથવા સ્ત્રી પોતે મૂર્ખ છે, એમ શોધી કાઢે નહીં, ત્યાં સુધી તે એક અરધીને કામનાં પણ નથી. જો એ શોધ જેમ જલદી થાય તેમ વધારે સારૂં; કારણ કે પછી તેનો લાભ લેવાને આપણને વધારે વખત મળે છે. કેટલાક માણુસો ઘણી મોટી ઉપર સુધી તે શોધી કાઢી શકતાં નથી, ને પછી જે શોધી કાઢવા પામે છે, તો તેઓની જીંદગીનો એટલો થોડો વખત બાકી રહેલો હોય છે, કે

* એક જાતના ઈરાની સીક્કા.

તેનો તેઓથી કાંઇ લાભ લેવાતો નથી, ને કેટલાકો તો તે કદીબી શાયરી કાઢયા વીનાજ મરણ પામે છે.” પછી હું ત્યાં થોડીક ગઝલો બોલ્યો, જે સાંભળતો, તે હજામ દંગજ થઇ ઉભો રહયો.

“ઓહો !” તે બોલ્યો, “શાહના શાએર ગઝબનો તું એક લાયક મદદનીશ થઇ પડશે.”

“શું તેને કોઇ મદદનીશ જોઇએ છે ?” મેં પુછ્યું.

“હા;” તે હજામે જવાબ દીધો. “તને કવિતા લખવા ગમશે ?”

“હા, જો મને સારો પગાર મળે તો, તે કામ કરવાને હું તૈયાર છું,” હું બોલ્યો.

“ને જો તે જગ્યા હું તારે માટે મેળવું, તો તું મને શું આપશે ?” તે હજામે પુછ્યું.

“મારા એક મહીનાના પગારનો ચોથો ભાગ.” હું બોલ્યો.

“ઠીક ત્યારે ત્યાં બેસ,” તે બોલ્યો. “અને તરત મને થોડી કવિતા લખી આપ; હું કાલે તે ગઝબ આગળ લઇ જઇશ, ને જો તે તેને પસંદ પડશે, તો તને પોતાના હાથ નિચેની જગ્યા આપશે.”

હું તેના હોકમને તાબે થયો; અને ગઝબ કયો પંથ પાળતો હતો તે મેં તે હજામને પુછ્યું.

“તે સીહા છે એમ તે કહે છે,” હજામ ધીમા સાદ બોલ્યો; “પણ કેટલાક લોકોને એવો શક છે, કે તે કમબખ્ત સુફી પંથ પાળે છે.”

આ ઉપરથી મેં થોડીક એવી લીટીઓ લખી કે તે ઉપરથી ગઝબ સમજી જાય, કે તેનો લખનાર એક ખરો સુફી હતો; અને એવી રીતથી હું ઇસફહાનમાં એક અછી ચાકરીની આશા રાખતો હતો. પછી તે લખેલું કાગજ હજામના હાથમાં મુકી, બીજે દીવસે તેને ત્યાં આવવાનું કહી, ત્યાંથી ચાલતો થયો.

પ્રકરણ ૬ ઠું.

કવિ ગઝબ.

બીજે દીવસે મને મારી મોટી ખુશી વચ્ચે હજામે કહ્યું કે ગઝબે મને બોલાવ્યો હતો. હું તેથી તેના ઘરની નીશાણી પુછી ત્યાં ગયો; અને તેના ઓટલા પર એક બદસુરત ખુંધાને ઉભેલો જોઇ, “ગઝબ ક્યાં છે” મેં તેને પુછ્યું.

“હું પોતેજ છું.” તે ખુંધાએ મારી મોટી અચરતી વચ્ચે જવાબ દીધો.

પછી તે મને અંદર લઇ ગયો, અને મને બેસવા કહી, મારી સાથે વાત કરવા લાગ્યો. થોડા વખત પછી મેં તેને પુછ્યું કે તેને એક મદદનીશની જરૂર હતી કે નહીં, અને તે મારી ચાકરી કબુલ કરવા રાજી હતો કે કેમ ?

“હા !” તેણે જવાબ દીધો; “રાજ્યના ધારા પ્રમાણે એક મદદનીશનો પગાર પણ એલાહેદો રાખવામાં આવેલો છે, અને અત્યાર સુધી તે હુંજ ચાંપી જતો હતો; પણ શાહના ખજાનચી સાથે મને જરા હમણાં ‘તુટેલુ’ હોવાથી, તેણે સાફ ના પાડીછે, કે જો એક મદદનીશ રાખવામાં નહીં આવે, તો તે પગાર મને મળનાર નથી. તેથી મેં વિચાર કીધો, કે પૈસા તીજોરીમાં પડી રહે તેના કરતાં કોઇના ગજવામાં જાય તો સારૂં. ને તેથી તને રાખવા માંગું છું ને તારી મને વારંવાર ગરજ પડશે, માટે તું ત્યાંજ રહે !”

મેં ખુશીથી તેમ કરવાને કબુલ કીધું, ને તેણે મારૂં નામ પૂછ્યું.

મેં કહ્યું કે “મારૂ નામ યાસમીન છે.”

“એટલુંજ ?” તે બોલ્યો.

“હા,” મેં જવાબ દીધો.

તે પરથી તે બુઢ્ઢાએ હાથમાં એક કલમ લઇ એક કાગજના ટુકડા ઉપર "સુરી" કરીને લખ્યું.

મેં ડોકું ધુણાવ્યું.

"ઠીક, ઠીક," તે બોલ્યો, "એ બોલ વાપડવાની કાંઇ જરૂર નથી; ખરેખર ઇસફહાનમાં જેમ થોડી વખત તે વપડાય તેમ વધારે સારૂં."

પછી પહેલું કામ જે મને સોંપવામાં આવ્યું, તે દર મહીનાની પહેલી તારીખે રાબેતા મુજબ શાહની તારીફમાં જે કવિતા લખી તેને આપવામાં આવતી હતી, તે હતું. મેં મારા પહેલાં લખાણ માટે અતિશ્ય મેહેનત લીધી, અને અહંકાર વીના કહી શકું છું, કે તે શાહને વાંચવા લાયક હતી. પણ વચમાં કફોરી બીના એ હતી, કે તે ગઝબના લખાણ તરીકે શાહને આપવામાં આવી. ગઝબ દરબારમાંથી આવી મને કહેવા લાગ્યો કે તે શાહે વાંચી હતી, પણ કાંઇ ટીકા કીધા હતા નહીં, ત્યારે ખરી બીના, મેં પાછળથી સાંભળી તે પ્રમાણે એ હતી, કે શાહે તે સુંદર કવિતા માટે ગઝબને મોટી શાબાશી આપી હતી.

પણ એ દીવસે ગઝબની જગ્યા જે માટે મોટો પગાર હતો તે મેળવવાની આશામાં હું કાંઇ બોલ્યો નહીં, અને એ પગાર ઉપરાંત, રાજા તરફથી વારંવાર તેને મોટાં ઇનામો મળતાં હતાં, અને હજારો લોકો શાદી તથા લગનના હીંગામે તેને પૈસા આપી કવિતા લખાવતાં હતાં, અને જોકે એ સઘળી મેહેનતમાં મારો થોડો ઘણો ભાગ હતો, તો પણ મને મારા ઠરેલા પગાર ઉપરાંત એક ખોટી અરધી પણ તે આપતો હતો નહીં.

પણ, એ સઘલું છતાં, મારાં કમનસીબે મને પાધરો તેવી હાલતમાં રહેવા દીધો નહીં, પણ બીજી આફતના દરીયામાં હોમાવ્યો. ગઝબનું ઘર જેમાં હું રહેતો હતો, તેની સામે એક મોટું અસલી બાંધણીનું ઘર આવેલું હતું, અને તે ખાલી હોય તેવું લાગતું હતું. આ ઘર વિષે મેં એક દીવસ ગઝબને પુછ્યું.

"આ ઘર" તે બોલ્યો, "એક પૈસાદાર વેપારીનું છે, અને એમાં આગલ એક વખત ખુન થયલું હોવાથી એમાં ભુત છે, એમ લોકો માને છે, ને તેથી કોઇ તે ભાડે લેતું નથી. પણ બે ચાર દીવસની વાત ઉપર મારા સાંભળવા પ્રમાણે, તે વેપારી કાંઇ કામસર **બસોરા** જવાનો હોવાથી એમાં તેની છોકરી આવી રહેનાર છે; અને અરે! યાસમીન, લોકો કહે છે કે તે અતી ખુબસુરત, ખરેખર એક બેહેસ્તની પરી મીશાલની છે."

આ સાંભળ્યા પછી મેં આગલ કાંઇ વાત છેડી નહીં, કારણ હાલ ગઝબની ચાકરીમાં રહેવાને મને એક વરસ થઇ ગયેલું હોવાથી, હું તેનો સ્વભાવ સારી પેઠે સમજતો હતો, અને મને માલમ પડ્યું હતું, કે તે એક બદ નજરનો આદમી હતો. એમ કરતાં તે વેપારીની દીકરી પેલા ઘરમાં આવી રહી, અને અભાગ્યાં નસીબે જે ઓરડામાં બેસી હું કવિતા લખતો હતો, તેજ ઓરડાની સામેનો ઓરડો તેણીએ વપડાશમાં લીધો. તે નાજનીન વખતે વખતે પોતાની બારીનાં ફડકાંમાંથી મારી તરફ જોતી હતી, અને ઓ ખોદા! તેનો ખુબસુરત ચહેરો જોવાને હું કલાકના કલાક બારી આગળ ઉભો રહેતો હતો. એક દીવસ મને લાગ્યું કે તેણી હસી; મેં મારો હાથ મારાં અંતઃકરણ ઉપર મુકયો, અને તે અંદર ચાલી ગઇ.

અમોએ એક મહીનો સુધી એક બીજા તરફ ટીકવાનું જારી રાખ્યું, અને હું તે કન્યા પાછળ એવો તો દેવાનો થઇ ગયો, કે મારી સઘળી કવિતા માત્ર એશક, એશક, એશકથીજ ભરાતી હતી; અને પછી પ્યાર પર થોડી ઘણીજ સરસ લાઇનો લખી તે નાજનીન ઉપર કોઇ રીતે મોકલવાનો હું વિચાર કરતો હતો, તેવામાં ગઝબ મારા ઓરડામાં આવ્યો, અને કહેવા લાગ્યો, કે તેને એક મોટા ઉમરાવ તરફથી થોડીક પ્યારની કવિતાઓ લખી મોકલવાને હોકમ આવ્યો હતો, અને તેથી હું તે બાબદમાં ઘણો હોશીયાર હોવાથી તેમાં મારી મદદની તેને જરૂર હતી.

હું તાબે થઇ, તરત લખવા બેઠો; પણ મારી આંખો બસ સામેના ઘરની બારીઓ તરફ ખેંચાતી હતી, અને સાંજ પડવા આવી, પણ મારેથી એકબી લીટી પણ લખાઇ નહીં; આથી ગઝબને ગુસ્સે નહીં કરવાના વિચારથી, મેં મારી પ્યારીની જે કવિતા તૈયારી કીધી હતી, તે તેને આપી, જે વાંચી તે ઘણો ખુશી થયો.

પણ તે કવિતાનો ઉતારો મેં બીજા એક કાગળ ઉપર કરી લીધો હતો, અને તે હવે ઘણાં સુંદર અક્ષરમાં લખી કાઢી, તે નાજનીન પાસે લઇ જવાના પાછા વિચારમાં પડયો. પાછી મારી કવિતા એટલી તો અઘડી હતી કે તેણી તે સમજી શકશે કે નહીં, તેનો મને શક હતો, પણ તે શહેરની સ્ત્રીઓ ઘણું ખરૂં લખી અને વાંચી જાણતી હોવાથી મેં તેટલી ધાસ્તી માથે ખેંચવાનો ઠરાવ કીધો, અને એક દીવસ સાંજના હું મારા ઓરડાની બારી આગળ ઉભો હતો તેવામાં મારા મીત્ર હજામને બગલમાં અત્તરની એક ટોપલી લઇ તે ઘરના પાછલા દરવાજા તરફ જતાં જોયો; હું તરત તેની પછવાડે પેલું મારી કવિતાનું કાગજ લઇ દોડયો, અને તે તેની ટોપલીમાં મુકી, થોડા 'તુમાન' તેના હાથમાં મુકયા, અને બોલ્યો, "આ ઘરની બાઇને આપજે! હું તને એથી બેવડું ઇનામ આપીશ," તેણે ડોકું ધુણાવ્યું, અને હું મારી ફત્તેહથી ખુશી થતો ઘરમાં પાછો દાખલ થયો.

પ્રકરણ ૭ મું.

ખોદે તે પડે.

બીજે દીવસે હું તે હજામની દુકાને ગયો, તે એક ઘરાકની દાઢી કાપવામાં ગુંટાયલો હતો, અને મને જોતાં ચુપકીદી પકડવાને હોઠપર આંગળી મુકી એક ખુણામાં મને બેસવા કહ્યું, તેનું કામ પુરૂં થતાં મેં તેને મારા કાગજની ફત્તેહ પુછી.

"મેં તે તેણીને આપ્યું છે," તે બોલ્યો, "અને હું ધારૂં છું કે તું ફત્તેહ પામશે. તે નાજનીને તારૂં કાગજ વાંચ્યું, અને શરમાઇ ગઇ; પણ," તે હજામ આગળ આવી ધીમે અવાજે બોલ્યો "તેણીને મેળવવાને તારા એક હરીફને દુર કરવાને તને મહેનત કરવી પડશે."

"એક હરીફ!" હું બોલ્યો, "તેને જીવથી દૂર કરીશ."

"નહીં, નહીં," તે હજામ બોલ્યો, "તેટલા બધાનું કાંઇ કામ નથી; થોડો 'ફુંડી પાક' બસ થશે."

"ઠીક," હું બોલ્યો, "અને તે મારા સુખ વચ્ચે આવનાર કોણ છે?"

"તે કોણ છે," તે હજામ બોલ્યો, "તે કહેવાનો મને હોકમ નથી; કોઇ વખત તું તે જાણુશે; મારી પાસે તો હમણાં માત્ર પુછાવ્યું છે, કે તેને મારવામાં તું મદદ કરશે કે નહીં?"

"હા," મેં જવાબ દીધો, "જોઇએ તો હું પોતેજ મારે હાથે તેને હલકો કરીશ."

"નહીં," તે હજામે જવાબ દીધો, "તેવી પણ કાંઇ ગરજ નથી. આવતી કાલે રાતના બાર વાગાની અગાઉ ત્રણ લુચ્ચાઓ અને એક ગધેડું તૈયાર કર; બાકીનું તું સમજે છે–અંહ નહીં?"

મેં તે સઘળું કબુલ કીધું. અને પછી તેના હાથમાં બીજા થોડા 'તુમાનો' મુકી, ત્યાંથી ચાલતો થયો. "હવે," હું મારા ઓરડાનું બારણું બંધ કરી વિચાર કરવા લાગ્યો, "હવે, યાસમીન તારૂં નસીબ ખીલ્યું છે! હું નહી ધારતો યાસમીન! કે તારા બે મીત્રો તારા જેવા ભાગ્યવાન નીવડશે; આ સઘળાનું કારણ મારી કવિતા, મારી કાબેલીયત, મારૂં સુરીપણું છે, ને હું જ્યારે તે વેપારીની સઘળી દોલત મેળવીશ, ત્યાર મારી માશુકને લઇને યઝદ જઇશ, અને મારી સઘળી જાહોજલાલીને કોરે મુકી, પેલા બે ભીખારી દોસ્તો સાથ મારી દોલત શું હું વહેંચીશ? નહીં, નહીં! મેં ઘણી જહેમત ખેંચી છે ને એ સઘળાંનું ફળ મને

એકલાનેજ મળવું જોઇએ. તે ઉપરાંત જ્યારે મારી બાયડી અને એ બીખારીઓની સોબતમાં જોય, ત્યારે તે મારે વાસ્તે શું ધારે? નહી, નહી, હું તેમ કદીબી કરનાર નથી. હું ઇસફહાન, મારાં વહાલાં શેહેર ઇસફહાનમાંજ રહીશ." હા, મારા મીત્રો! તમો કે જેની સાથે મેં સદાની દોસ્તીના સોગંદ લીધા હતા, તેઓને મારી આબાદીના વખતમાં તજવાનો મેં ઠરાવ કીધો હતો!

હવે ઠેરવેલો વખત નજદીક આવ્યો, અને હું મારો સૌથી સરસ પોષાક પેહેરી, મારી માશુકના ઘર તરફ ચાલ્યો. તે હજામ મારી વાત જોતો ઉભો હતો, અને અમો વચ્ચે ગોઠવેલી નીશાની પ્રમાણે તેણે બારણું ઉઘાડ્યું. ત્રણુ લુચ્ચાઓને પણ તે વખને દાખલ કરવામાં આવ્યા, અને ગધેડાનું કામ પડે ત્યાં સુધી તેને પછવાડે ચોકમાં બાંધ્યું. પછી એક સીધી ગુલામ આવ્યો અને તે હજામ સાથે કાંઇ વાત કરી. હસીને વાંકો વળી, મને સલામ કીધી, અને મને અંદર લઇ ગયો.

પછી એક ઓરડાનું બારણું ઉઘાડી, તેમાં બેસવા કહી તે બોલ્યો, "તમારો હરીફ જેવો હાથમાં સપડાશે કે હું ત્યાં આવીશ;" અને તે ઓરડાનું બારણુ બંધ કરી ચાલી ગયો. હું થોડો વખત ત્યાં થોભ્યો, અને આખરે મેં પેલા તૈયાર કીધેલા લુચ્ચાઓની સોટીનો ભાર મારા અભાગ્યા હરીફના બરડા ઉપર પડતો સાંભળ્યો; અને તે દરેક ચીચયારી સાભળી હું અંદરખાનેથી મગન મગન થતો હતો. આખરે તે અવાજ ધીમો થતો ગયો, અને છેલ્લે બારણા બંધ થવાનો, તથા કોઇનાં મોઢેથી હસવાનો સાદ મેં સાંભળ્યો. તે સીધી પછી પાછો મારા ઓરડામાં દાખલ થયો, અને ચુપકીદી પકડવા કહેવાને પોતાના જાડા હોઠ ઉપર આંગળી મુકી, મને એક મોટાં સુંદર દીવાનખાનામાં લઈ ગયો, જેને એક નાકે તે ખુબસુરત સ્ત્રી મોં ઉપર બુરખો નાંખી બેઠેલી હતી.

હું તરત તેણી આગળ દોડી, તેણીના પગ આગળ પડયો, અને મારા એશકની લાંબી સરાગાત ગાવાનો હતો, તેટલામાં બાજુનું એક બીજું બારણું ઉઘડયું, અને તેમાંથી મારા બોલાવેલાજ લુચ્ચાઓ, જેઓની સાથે એક ઉંચો, અને મજબુત બાંધાનો પુરૂષ હતો, તેઓ અંદર દાખલ થયા. "એ કાફરને પકડ!" તે પુરૂષ બોલ્યો, "અને પેલાને જેવી 'મેહી' આપી, તેવીજ એને પણ આપો." તે ખુબસુરત ઓરત હસી પડી, અને હજામ અને સીધી ખુશાથી દાંત કચકચાવતા ઉભા રહ્યા, તે લુચ્ચાઓ મારી આગળ આવ્યા. અને મેં હઠ કીધી જેપરથી તેઓના સરદારે મારો હાથ પકડયો. મેં તેને એક તમાચો મારી નાંખી દીધો, તેવાજ તે હજામ અને સીધી મારી ઉપર પડયા, અને એક દોરડાં વતી મારા હાથ પગ બાંધ્યા. "એના પગનાં તળીઆંપર એક હજાર ફટકા લગાવો!" પેલા ઉંચા પુરૂષે હોકમ કીધો. "અને આ એને ગળે બાંધો," તે ખુબસુરત ઓરતે મારી કવિતાનું કાગજ, જેનેથી તદન જુદાંજ પરિણામની આશા રાખતો હતો, તે જમીન ઉપર ફેંકી બોલી. "અને જુવો!" પેલોજ પુરૂષ પાછો બોલ્યો "એને પેલા સાથે ગધેડા પર બાંધો, અને સવારના આખા શહેરમાં ફેરવજો!"

ફજેત અને રૂશવાઇ થયલો, તથા મારા હાથ પગ બાંધેલો, લાચાર હું શું કરી શકું? અફસોસ! અફસોસ! મારા પ્યારનો કેવી રીતે અંત આવ્યો? મને સાંકડા દાદરો પરથી ઘસડી એક અંધારા બંદીખાનામાં લઇ ગયા, જ્યાં મારા પગના તળીઆં ઉપર ઘણા ઘાતકીપણાંથી ફટકા લગાવવામાં આવ્યા, અને હવે ચીચયારી અને દયાને માટે બુમ પાડવાની મારી વારી આવી. જ્યારે મારા રીબાવનારાઓએ પોતાનું કામ પુરૂં કીધું, ત્યારે મારા ઓરડાનું બારણુ બહારથી બંધ કરી, તેઓ ચાલી ગયા. સવારના તે બારણું પાછું ઉઘાડયું અને અંદર પેલો દગાખોર હજામ દાખલ થયો, જેને મેં તરત ગાલથી ધોઇ નાંખ્યો.

"સઘળા માણસો મૂર્ખ છે, જોકે તેઓ પોતાને ઘણાં હોશીઆર સમજે છે," તે હજામ મારાજ શબ્દોનો તાણો મારી બોલ્યો: "પણ તું તો દુનિયામાં કોઇએ કદીબી નહીં જોયલો સૌથી મોટો મુર્ખો છે. તને શાહાજાદા ઉપર હાથ ચલાવવાનું શું કારણ હતું?"

"શાહજાદો!" હું બોલ્યો, "હું કેમ જાણી શકું કે તે શાહજાદો હશે?"

"તું જાણતો હતો કે નહીં," તે હજામ બોલ્યો, "તે વાત જુદી છે પણ આટલાં બધાં માણસો વચ્ચે તને હાથ ઉંચકવો નહીં જોઇતો હતો, અને એ તારી મુર્ખાઇનો બદલો તું ચાખે છે. મને ઠપકો ના આપ, તું મારે ત્યાં આવ્યો તેની અગાઉ શાહાજાદાએ મને એ કામ સોંપ્યું હતું."

"પણ ત્યારે," હું બોલ્યો, "તેં મને તેની ખબર કેમ નહીં આપી?"

"કારણ કે, મુર્ખ! તેણે પોતે તારી કવિતા લીધી હતી, અને મેં જેમ કીધું તે પ્રમાણે તારી સાથે વર્તવાને મને કહ્યું."

"ઓ ખોદા!" હું બોલ્યો, "ત્યારે શું મેં જેને તે કવિતા આપી તે તું નહીં હતો?"

"નહીં;" તે હજામે જવાબ દીધો; "તે મારા વેશમાં શાહજાદો પોતે હતો."

"ને મારા દુઃખમાં ભાગ લેનારો પેલો સોબતી કોણ છે?" મેં પુછ્યું.

"તે તું હમણાં જોશે." તે હસી બોલ્યો, અને પછી જરા વારમાં પેલો સીધી આવી, મારા પગ લોહીથી ઝઝરતા હોવાથી, મને બગલમાં ઉંચકી ચોકમાં લઇ ગયો. પણ ઓ ખોદા! મેં શું દેખાવ જોયો! મારા શેઠ ગઝબને એક ગધેડાં ઉપર બાંધેલો હતો.

તેના હાથો મારી માફક બાંધેલા હતા, અને તેનાં પગો, જેને કાંઇ ઇજા કરવામાં આવી ન હતી, તે ગધેડાંના પેટ નીચેથી બાંધેલા હતા. તેણે મને પોતાની રૂશવાઇનો સોબતી જોઇ જે અચરતી બતાવી તે મેં જોઇ, અને કદીબી બે કવિઓ એવા મુર્ખ દીસ્યા હશે નહીં, અમારા બંનેના ગળામાં એક પાટીયાં ઉપર વળગાવી, પેલી કવિતા પીઠ ભણી ઓળખવામાં આવી, અને અમારો ફેસ્તો વધારવાને મારૂં મોં તેના મોંની સાથે સામું બાંધી લીધું, અને એવી રીતે અમોને રસ્તામાં કાઢયા. અને પેલી શેતાનજાદી ઓરત અમોને જોઇ પેટ ધરી ધરી હસવા લાગી, અને જો કે હજુર તો ઘણું સકારૂં હતું, તો બી થોડા વખતમાં લોકોનું ટોળું ભેગું થયું; અને તેઓની મશ્કરી ઠઠ્ઠા વચ્ચે, અમો ગઝબના ઘર આગળ ગયા. અને અમોને ત્યાંજ છુટા મુકવામાં આવ્યા.

તે હજામ જે અમારી સાથે આવ્યો હતો, તે હવે હકીમપણું કરવા લાગ્યો, અને મારા પગને મલમ પટા બાંધ્યા; અને મને કહેવા લાગ્યો, "યાસમીન! તને જે શિક્ષા થઇ, તે માટે હું ઘણો દલગીર છું, પણ તારો એક પગ ઘણી ખરાબ હાલતમાં છે, અને બીજાને તો હું ધારૂં છું કે કાંઇબી ઉપયોગમાંથી સદાનો રદ થશે."

આ માઠા સમાચાર સાંભળી મારા હોશકોશ ઉડી ગયા, પણ કાંઇ ઉપાય હતો નહીં, અને ખોદાની મરજીને તાબે થયો. **આ પ્રમાણે હું લંગડો થયો.**

પછી મેં તે હજામને અરજ કીધી, કે જે બનવાનું હતું તે તો બની ગયું, પણ ઉપલા બનાવોનો સઘલો શું ભરમ છે, તે મને ખોલાસાવાર કહી સંભલાવવું.

પ્રકરણ ૮ મું.

ખોલાસો અને છેવટ.

તે બોલ્યો. "એ મુર્ખ! સાંભળ; તે નાજનીન એક મોટા વેપારીની દીકરી છે; અને શાહાજાદાએ એક દીવસ તેણીને અચ્છરતી જોવાથી, પોતાની બેગમ તરીકે તેને જનાન

આનામાં લાવવાને ઠેરાવ કીધો. તેથી તેણે ગઝબ પાસે થોડી પ્યારની કવિતા માંગી, અને પછી તે ચોકીબાન સીધીને લાંચ આપ્યાથી, મારા વેશમાં તેને અંદર દાખલ કરવામાં આવ્યો. એક દીવસ તે પોતાની પ્રિયા સાથે અંદર બેઠેલો હતો, તેવામાં તે સીધી અંદર એક કાગજ લાવ્યો, અને તે પોતાની બાઇના હાથમાં આપી બોલ્યો, કે તે સામેના શાએર ગઝબે આપ્યું હતું, શાહાજાદાએ અરજ કીધી કે સેજ રમુજને માટે તેણીએ મોટેથી તે વાંચવું; પણ તેની પેહેલીજ લીટી શાહાજાદાએ આપેલી કવિતાની બરોબર નકલ દીઠી, ત્યારે તેણીની અચરતીનો પાર રહયો નહીં. શાહાજાદાએ તરત કબુલ કીધું કે તે પોતે કાંઇ કવિ નહીં હોવાથી, પોતાનો પ્યાર જાહેર કરવાને એક કવિની મદદ લીધી હતી. તેથી તે નાજનીન ઘણી હસવા લાગી, અને ગઝબ કેવો બદસુરત તથા ખુંધો હતો, તે જ્યારે તેણીની આગળ કહેવામાં આવ્યું, ત્યારે તેણીને અત્યંત રમૂજ મળી; અને કાંઇ યુક્તિ કરી તેને અંદર બોલવવા તથા શિક્ષા કરવાનો તેઓએ ઠેડાવ કર્યો; તરત હાલ કાંઇ હાથમાં નહીં આવવાથી, બીજી વખત તેઓને ટક મળે ત્યાં સુધી તે મુલતવી રાખ્યું. આ રમુજી બનાવને થોડા દિવસ થયા પછી, શાહજાદો જ્યારે મારા વેશમાં પોતાની માશુકને મળવા જતો હતો, ત્યારે તેં તેને અટકાવી તેની માશુકને આપવા એક કાગજ આપ્યું, તેણે પોતાનું ડોકું ધુણાવ્યું, અને તું ગધેડા જેવો એમ સમજ્યો, કે તેથી તારૂં કામ ફત્તેહ થવાનું! તે પોતાની માશુક આગળ જઇ બોલ્યો, "પ્યારી! તારે માટે કોઇએ આ કાગજ આપ્યું છે; કદાચ એમાં બીજી કવિતા હશે?" તે પરથી તે વેપારીની છોકરીએ તેને રખેને શક જાય કે કોઇ સાથે તે કાગજ વેહેવાર રાખતી હતી, માટે તેનાં દેખતાંજ તે ખોલ્યું, અને પોતાની નજર પહેલી લીટી ઉપર નાખતાંજ તે હસી પડી, કારણ કે તેમાં બરોબર તેજ મીસાલની કવિતા હતી!

શાહાજાદો તરત તેનો અર્થ ચેતી ગયો, અને તમો બંને શિક્ષા કરવાનો તેણે ઠેરાવ કીધો.

પણ પેહેલાં મને મળ્યા વીના કાંઇબી કામ બની શકે તેમ નહીં હતું, તેથી શાહાજાદો પોતાની માશુકને ત્યાંથી નીકળી પોતાનો પોશાક બદલવા માટે ત્યાં આવ્યો ત્યારે મને તે બીના કહી સંભલાવી, અને બોલ્યો, કે જો તું મારી આગળ તારા કાગજની ખબર પુછવા આવે તો મારે ભોપાળું ફોડી દેવું નહીં, પણ તને ફત્તેહની આશા આપવી, અને મેં કીધી તેવી, તારી સાથે ગોઠવણ કરવી; બાકીનું ઓ યાસમીન! તું સઘળું જાણે છે. માત્ર ફેર એટલોજ કે તારા પગનાં તળીયાં ઉપર ફટકા મરાવવાનો શાહાજાદાનો મુદ્દલ વિચાર હતો નહીં, પણ તમોને માત્ર ગધેડા ઉપર બેસાડી, તમારી કવિતા તમારાં ગળામાં નાંખી, તમારી ફજેતી કરવાનો હતો. પણ શાહાજાદા ઉપર હાથ ઊંચકવાની તારી મુર્ખાઇથી તું આ ફેજે પહોંચ્યો છે."

તે હજામે ત્યાં પોતાની બીના પુરી કીધી, અને હું મારી મુર્ખાઇ તથા મગરૂરી જેણે સદાનો મારો એક પગ રદ કરી નાંખ્યો હતો, તે માટે પસ્તાતો બેસી રહયો.

ગઝબ મને જોવા આવ્યો, અને તેના મોંમાંથી પહેલા શબ્દો જે બહાર પડયા તે એ હતા કે, "તારી કવિતાનું સત્યનાશ જાય!"

"અને સાથે તારી મુર્ખાઇનું બી!" મેં જવાબ દીધો. "કોઇનું લખાણ તારાં પોતાનાં તરીકે અપાવવા વાસ્તે તને ઘણી શીક્ષા થઇ છે." આનો ગઝબથી કાંઇ જવાબ અપાયો નહીં; અને સારાં ભાગ્યે એટલું ઠીક હતું કે તેને 'કેસરી પાક' આપવાને હું કેવો તૈયાર થયો હતો તે, તે જાણતો નહી હતો, નહી તો એક કલાકબી પોતાના ઘરમાં મને રહેવા દેતે નહીં. પછી હું બોલ્યો "પણ બાઇ! એનો આપણને કાંઇ ઇનસાફ મળશે નહીં?"

"ઓ યાસમીન! તું શેહેનશાહ પાસથી ઇનસાફ માગે છે? આ શાહાજાદાની મોટી સત્તા વીષે ત્યારે તું તદન અજાણ્યો છે. આપણે હવે મુંગા મુંગા બેસવું જોઇએ અને

મારે કબુલ કરવું જોઇએ કે મારૂં તો નાક ગયું છે, જેથી શેહેનશાહ આગળ જવાની મારી હીંમત ચાલતી નથી, કારણ કે તેણે આપણી મુર્ખાઇ વીષે અત્યારે સુધીમાં સાંભળ્યું હશે, તે ઉપરાંત, જ્યારે હું આ ચાકરી છોડી જાવું ત્યારે તે આપણા બંનેના કરતાં એક વધારે હોશીયાર માણસ તેને મળનાર છે, અને તે હું ધારૂં છું કે પોતાના મદદનીશ તરીકે પોતાના કોઇ દોસ્તદારનેજ રાખશે.'' આ શબ્દો સાંભળી મેં સેજ આનાકાની બતાવી, જે પરથી તે આગળ બોલ્યો. "ઓ યાસમીન! જો તું વધારે વમળમાં ગુંટાવા નહી માંગતો હોય તો, મુંગો મુંગો એ ચાકરી છોડી, મારી માફક કેઠે બહાર તારૂં ફોડી લે, કારણ કે જો કે તું લુકમાન જેવો ડાહયો, અને હાફીઝ જેવો કામેલ કવિ પણ હોય, તોપણ નામદાર શહેનશાહ, તારા જેવો લંગડો, કે જે એક કવિને બદલે ધુતારા જેવો દીસે છે, તેને રાખનાર નથી.''

આ તાણાનો મારેથી જવાબ આપી શકાયો નહીં, અને મારા બીજા જખમો ઉપર રૂઝ આવતા હું ઇસફાહાન છોડી ચાલતો થયો, પણ તે હજામના કહેવા માફક, એક પગ તો સદાનો રદ થયો; અને થોડા વખતમાં ઇરાનમાં ભટકયા પછી કંટાળી જવાથી, દશ વરસની મુદત પુરી કરવાને, હું હીંદુસ્તાન ગયો. અને ત્યાં કોઇ વખતે ધુતી તો કોઇ વખતે ભીખ માંગી, મારૂં ગુજરાન ચલાવવા લાગ્યો. અંતે મારી જીંદગીથી હું એવો તો કાયર થઇ ગયો, કે આપઘાત કરવાનો મેં ચોકસ ઠેરાવ કીધો હતો, તેવામાં મારી અજાયબી અને ખુશાલી વચ્ચે, યુસફ રસ્તામાં ભીખ માંગતો મને મળ્યો. એણે પોતાની એક આંખ ખોહી હતી, અને બીજીમાં એવું તો દુઃખ થતું હતું કે કાંઇબી ચાકરી કરવાને તે અશક્ત હતો. તે પણ મને જોઇ તેટલોજ અજબ થયો. અને એક બીજા આગળ અમો અમારી વાત કરવાને એક ઠેકાણે એકાંત બેઠા. અને ઓ બાદશાહ જ્યારે તું એ મારા કાણા મીત્રની વાત કોઇ બીજા પ્રસંગે સાંભળશે, ત્યારે તું દાંતમાં આંગળી પકડશે, કારણ કે એની વીચીત્ર વાર્તા આગલ મારી તો કાંઇ હીસાબમાં નહીં ગણાય.

એક મહીનાની મુદત પછી અમારો મીત્ર મોહબતઅલી અમને એકાએક મળ્યો, અને ઘણા પ્યાર સહીત અમો એકે એકને ભેટયા, પણ અમોએ અમારી અજાયબી વચ્ચે જોયું કે તેણે પોતાનો જમણો હાથ ખોયો હતો. તેનાં કારણો એ પોતે ટક મલવે તમને કહી સંભળાવશે. અને હવે ઓ બાદશાહ મને એટલુજ કહેવાનું બાકી રહ્યું છે કે મને જે શીક્ષા થઇ છે તે મારી મગરૂબી, અહંકાર, અને મારા મીત્રો તરફ ધારેલા બીવફાપણાં માટે મને બરોબર અને વાજબી છે.

કાકાજીના વારેસો.

એક વાર્તા.

(લખનાર—R. B. M.)

એક દહાડો હું લખતો બેઠો હતો, જ્યારે પોષ્ટવાલો મારે માટે એક કાગલ લાવ્યો. તે નીચે પ્રમાણે હતો:—

ટાઇની વિલા, પૂણા.
તા૦ ૧૫ મી જાન્યુવારી ૧૮૮૨

પ્યારા માણેક,

મને લખતાં દીલગીરી ઉપજે છે, કે આપણા મુરબી કાકાજી પરમ દીને રાત્રે, લગભગ ઓચીંતા મરણ પામ્યા છે. મેં મારા કારભારીને તારીપર તાર કરવા કહયો હતો, પણ સઘળી ગડબડમાં તે ભુલી ગયો. તું જાણે છે તેમ તેઓ લાંબા વખતના બીમાર હતા; પણ દાકતરો કંઇ એવી ચીંતા ન રાખતા હતા કે તેવણ એટલા જલદી ગુજરી જશે. તેવણુ ઊંઘમાંના ઊંઘમાં કંઇ પણ દુઃખ ખમ્યા વગર બહેસ્તનશીન થયા છે. જોકે હું તેવણુની પાસેનાજ ઓરડામાં સુતો હતો, પણ મને તો કંઇજ તેમનો 'સંસારો' માલમ પડયો નહીં. આ ન ધારેલી ઓચીંત આફતથી મારી તબીયત છેક લહડી ગઇ છે, અને તેથી મારીથી કામપર બરાબર ધ્યાન અપાતું નથી. જણાવાને દીલગીર છું કે કાકાજીની દોલતનો આપણી વચ્ચે એક સરખો ભાગ કરવાની મારી ગમે એટલી સુચના અને આગ્રહ છતાં, તેઓ તારા નામપર ઘણી જુજ રકમ કરી ગયા છે. હું આશા રાખું છું કે તું થોડા દહાડા મારે ત્યાં આવી રહેશે. મને એખલાને કંઇ ચેન પડતું નથી.

હું છું, પ્યારા માણેક,
તારો સદાનો વહાલો પિત્રાઇ
ગુરતાદ રૂસ્તમ રાઇતર.

મારા પિત્રાઇનો આ પત્ર હતો. મારા મુરબીજી કાકાજી ગુજરી ગયા છે, એમ જાણી હું ખરેજ દીલગીર થયો. પણ તેઓ વારસામાં મને નજીવી રકમ આપી ગયા છે, એમ વાંચી, હું કંઇ નિરાશ થયોજ નહીં. હું ધારતોજ હતો, કે વખ્ત આવવે એમ બનશે. પાંચ વરસની વાતપર હું મારા કાકાનો નેમેલો વારેસ હતો. પણ તે વખ્તે તેમની મરજી વિરૂદ્ધ હમારા પંથકી દોરાબદારૂની છોકરી, મારી વહાલી દીના સાથ પરણવા માટે, તેઓ મારીપર ખફા થયા હતા, મને ઘરમાંથી કહાઢી મૂકયો હતો. જુવાનીના ઉછલતાં લોહીને લીધે, અને મારી બાજુના જોરપર મુસ્તાક રહી, મેં તેની દરકાર કીધી નહીં. પણ ગરીબ બીચારી મારી દીના! તેની સાથ એક વરસ પણ સુખમાં મેં કાઢયું નહીં, એટલામાં તે અને તેનો ભલો પીતા, એકજ દીવસે, દુષ્ટ કાલેરા રોગના ભોગ થઇ પડયાં. એ વખ્તની મારી લાગણીઓનું અહીં વર્ણન કરવાની જરૂર નથી. થોડા વખ્ત પછી, મેં ફરી કાકાજી પાસ મારી તેમની સાથ સલાહ કરવાને ઇચ્છા બતલાવી. પણ નહીં. ખફા થયલા કાકાજી કંઇ પીગળ્યા નહીં. તેઓએ મને પોતાથી અને પોતાના વીલમાંથી દૂર કરી, મારા એક બીજા મરહુમ કાકાના છોકરાને પોતાનો વારેસ નેમી, પોતાની સાથ રાખ્યો, મારો આ ભાગ્યવાન પિત્રાઇ ઉપલું કાગળ લખનાર હતો. તેને અને મને કંઇ ઘણી દોસ્તી ન હતી. તે ઉછાછલો અને ઉડાઉ હતો. કાકાજીએ આગળ મારી મારફતે તેના ઘણાં દેવાં વસુલ કરાવ્યા હતાં. હાલ પણ વારંવાર મારે કાને વાત

આવતી હતી કે મારો આ પિત્રાઇ વધારે અને વધારે દેવામાં ડુબતો જતો. વાંચનારની જાણ માટે હાલ એટલી બાબદ પુરતી છે.

કેટલોક વિચાર કીધા પછી, મેં પુણે જવાનો ઠરાવ કીધો. તેજ દીને મારા આ પિત્રાઇ પર દીલાસાનો એક પત્ર લખી, બીજે દીવસે હું પુણે જવા ઉપડયો. ત્યાં આવી પુગતાં, હું મારા મરહુમ કાકાના બંગલા તરફ હંકારી ગયો. ગુસ્તાદ મને સાંમો લેવા આવ્યો. તેનો ચહેરો ફીકો પડેલો હતો, તેનું શરીર ગળી ગયેલું હતું.

" કેમ દોસ્ત માણેક! કેમ છે? તારી મોટી મહેરબાંની થઇ કે તું આવ્યો; મને એખલું રહેતાં જાણે આ બંગલો કરડવા આવે છે, પણ તું થોડા દહાડા મારી સાથ રહેશેની? એ બંગલો દોસ્ત તારોજ સમજજે. મને હવે બધી ચીજ કાકાજી વગર અકારી પડી છે" તે રડવા જેવો થઇ બોલ્યો.

" અકારી શાની ગુસ્તાદ? તું હજી જુવાન છે. કેથે સારે ઘર પરણી જા! પછી તારાં બાલગોપાલ સાથ સુખથી રહી, આ એકાંત બંગલાને એકવાર પાછો ગાજતો કરજે. તું પૈસાવાલો છે, તને કોઇપણ પોતાની દીકરી આપશે; અને પૈસા હોય તો દોસ્તોની શું ખોટ?"

" મને દોસ્તો જોઇતા નથી. મારે પરણવું નથી. આપણી જુવાની વરસોથી નહીં, પણ અનુભવથી ગણવી જોઇએ. દુનિયાએ મને કડવો અનુંભવ આપ્યો છે. મારા આગલા ગરીબાઇના દહાડાઓમાં મેં ઘણું ખમ્યું છે. પૈસા નહીં તેને મીત્રો કયાંથી? જેમ બધી ચીજ પૈસાથી મળે, તેમ મીત્રો અને બાયડી પણ પૈસાથીજ હાથ આવે."

" ગુસ્તાદ! આજે તારૂં ભેજું ખસી ગયુ છે, કે કોઇ અજાણ્યું છોકટાનું ભાષણ સમજી આવ્યો છે. હા! તેં આગલ ગરીબાઇનાં દુઃખ ખમ્યાં છે, પણ હવે તારો દહાડો બદલાયો છે. તું લખાપતી નહીં, તોપણ સારી પુંજી હવે ધરાવે છે—

' ને તું તેની અદેખાઇ નથી કરતો?"

" શા માટે કરૂં?" મેં અજાયબીથી કહયું "ખોદા બખશેશથી મને પાંચ પૈસાની સારી આવક છે. વળી મારૂં ખાનાર કોણ છે? ત્યારે હું તારી અદેખાઇ શા માટે કરૂં? મને તો લાગે છે કે તું કંઇ એકજ બાબદનો વિચાર મનમાં લાવ્યા કરે છે."

" મનમાં વિચાર? શાનો વિચાર મનમાં લાવું? મેં શું કીધું છે? મારો વાંક શું?"

"ગુસ્તાદ! તું તો ખરેખર ગાંડો થયો છે. એક અચાનક બોલ બોલતાં, તું ગુસ્સે શાનો થાય છે? મારી કહેવાની મતલબ એમ કે તું તારા આગલા કંગાલ દહાડાનો વિચાર મનમાંથી દૂર કરતો નથી." મેં સમજ પાડી.

"અંહ! સમજ્યો. તારૂં કહેવું વાજબી છે. આગલ બની ગયલા નાખુશ બનાવોને યાદ કરવામાં શું ફાયદો? બરાબર. પણ ચાલ અંદર આવ દોસ્ત મને ઠંડી લાગી આવી છે. દોસ્ત! તને કાકાજી ઘણો થોડો વારસો આપી ગયા છે, એમ તને જણાવતાં મને શરમ લાગે છે. તને ફકત ૧૦૦૦ રૂપ્યા આપી ગયા છે. પણ આખા બંગલામાંથી તારે જોઇએ, તથા તને જે કામનું હોય, તે લઇ જજે." મારા આ કંજુસ પિત્રાઇએ મોટા દિલે કહયું.

"ભાઇ!" મેં કહ્યું "એક હજાર રૂપ્યા તારે મનથી નજીવી રકમ હોય, પણ હમો ગરીબોને મનથીતો તે નાંધલી જેવી દોલત છે. એટલી રકમમાંથી તો હું ઘણું સુખ મેળવી શકીશ."

"તું કેવો નસીબવાન છે! પૈસા નહીં છતાં તું સુખી અને સંતોષી છે!" મારો પિત્રાઇ અદેખાઇથી બોલ્યો.

ગુસ્તાદની આજની ગંભીર વાતો મને પસંદ ન હતી. તેના જેવો રંગીલો આજે એટલો નિરાશ કેમ હતો, તે હું સમજી શકતો નહીં. કાકાના મરણને લીધે તે એટલો બધો દીલગીર હતો, એમ કહેવું મુશ્કેલ ભર્યું ઠરે. વાત ફેરવવા મેં આખો બંગલો એકવાર ફરી જોઇ જવાની મારી ઇચ્છા જણાવી. "જોઇએ તો ખરા! તારા રાજમાં પાંચ વરસમાં શું ફેરફાર થયા છે?" મેં હસી કહ્યું.

પછી હમો બધે બધ ફરવા લાગ્યા. ગુસ્તાદે મને મારા કાકાજીની યાદદાસ્ત રાખવાને કંઇ ફરનીચર કે સણગારનો સામાન પસંદ કરવા કહ્યું. કાકાજીના વખતનું અસલી નકસીદાર ફરનીચર કંઇ પસંદ કરવાની મારી ઇચ્છા હતી. ફરતાં ફરતાં હમો કારભારીના ઓરડા આગળ આવી લાગ્યા. તેના નાંધલા ઓરડામાં એક મોટી "આર્મચૅર' ઘણી જગ્યા રોકતી પડેલી હતી. આ ખુરસી જોઇ હું બોલી ઉઠયો,

"અરે! આ તો કાકાજીની માનીતી ખુરસી! એ અહીં ક્યાંથી આવી?"

"હા! માણેક તું કહેછે તેમ એ કાકાજીના ઓરડામાંજ હતી, પણ હવે મારા હાકમથી કારભારી મેહેલ્લાએ અહીં લાવી નાંખી છે."

"સમજ્યો. પણ જો તને એનું કામ નહીં હોય, તો હું એ ખુરસી મારી સાથ લઇ જઇશ. મારા મુરબીજીની તરફની મારાં માનની નેશાન દાખલ, તે સદા સાચવી રાખીશ. એ ખુરસી જોતાં મને મારા વહાલા કાકાજી સદા યાદ આવશે."

"મોટી ખુશી સાથે લે. મને કંઇ અડચણ નથી; લે! આજેજ હું મેહેલ્લા પાસ તે 'પેક' કરાવી, મુંબઇ મોકલી આપું." જાણે તે ખુરસી હમણાંજ ઘરમાંથી કાઢી નાંખવા માંગતો હોય તેમ, આતુરતાથી તે બોલ્યો. મેં તે ખુરસી પોતાની સાથ જતી વખત લઇ જવાની મરજી દેખાડી. બીજા છ સાત દહાડા ગુસ્તાદને ત્યાં રહી, મારા કાકાજીના વીલમાં જણાવ્યા પ્રમાણે રૂ. ૧૦૦૦ મારા પિત્રાઇ પાસથી લઇ, પેલી મોટી કાકાજીની ખુરસી વારસામાં મેળવી, હું મુંબઇ પાછો ફર્યો.

પણ ખુરસી લાવ્યો તો ખરો પણ મુકવી કયાં? મુંબઇમાં કંઇ હું વાડી બંગલામાં રહેતો ન હતો. મુંબઇ જેવા શહેરમાં ચાલવા હાલવાની જગ્યા પણ, આપણાં રહેઠાણોમાં કેટલી થોડી છે, તે મુંબઇગરાઓજ જાણે છે. જો કબાટ આગળ મુકું તો કબાટ કેમ ઉઘાડું? ને કબાટ ખોલ્યા વગર કપડાં કેમ બહાર કાડું? પલંગ આગળ મુકી, તો પલંગપર જવું ક્યાંથી? બારી આગળ રાખી તો તેની ઊંચી પીઠને લીધે આખા ઓરડામાં અંધારૂં! ત્યારે આ મારા સફેદ હાથીનું કરૂં શું? આખરે મારી સામેના ઓરડાના ભાડુત મી૦ બમનજી બોકરાની સુચનાથી ચાલમાં તેની જગ્યા કરવામાં આવી; થોડા વખતમાં તો હું તે ખુરસીની હસ્તી ભુલી ગયો.

ગુસ્તાદને આપેલાં મારાં વચન પ્રમાણે, હું વારંવાર પુણે જતો; અને રજાના દીવસોમાં ત્યાંજ રહેતો. પણ પુણે પધારવામાં મને કંઇ ઘણી મજાહ પડતી નહીં, કારણ મારો પિત્રાઇ દીવસે દીવસ વધુ ગંભીર અને વધુ ચીરડાળ થતો જતો. તેની તબીયત લઠતથી ચાલતી, અને તે દીવસે દીવસ 'લેવાતો' જતો, અજબ! તેની દોલત તેને અકારી પડી. તેના કહેવા પ્રમાણે તેને દોલત ઘણી મોડી હાથ લાગી હતી. મેં તેને એક દીવસે કહ્યું:—"ગુસ્તાદ! તને હવા ફેરફાર કરવાની જરૂર છે. ચાર દહાડા મુંબાઇ કાં નહીં આવતો!" પહેલાંતો તેને મારી સુચના પસંદ ન આવી, પછી તેણે આનાકાની કીધી, અને આખરે મારા દબાણથી મારી સાથ મુંબાઇ આવવાને કબુલ્યું.

બીજે દીવસે તે મારી સાથ મુંબાઇ આવ્યો. તેજ રાત્રે હું તેને એક નાટક જોવા લઇ ગયો. અસુરેથી ઘરે આવી, મારા પીત્રાઇને મારા પલંગપર આરામ કરાવ્યો, અને હું મી० બમનજી બોકરાના ઓરડા બહાર, મારા કાકાજીની પેલી ઇઝીચૅર પર આરામ કરવાને ગયો. કેટલોક વાર મને ઊંઘ આવે નહીં; આખરે મને જરાક ઊંઘ આવી. પણ જરાક વારમાં હું ચોંકી ઊઠયો. કોઇ એક હાથે મારૂં ગળું દાબી રાખી, બીજે હાથે મારા હોઠ ઊઘાડવાની કોશેષ કરતું હતું! મારાથી બુમ પાડી શકાઇ નહીં! બુમ કેમ પાડું? આંખ ઊઘાડી જોતાં આ કરપીણુ કામ કરનાર તો મારો પિત્રાઇ ગુસ્તાદ માલમ પડયો! એકી વાર મારૂં સઘળું જોર વાપડી, મેં તેનો હાથ મારાં ગળાં પરથી છટકાવી નાંખ્યો; ઊઠી ઊભો થઇ, હું તેને ઠપકાના બોલો કહેવા જતો હતો, પણ મારી અજાએબી વચ્ચે મેં જોઇ લીધું, કે તેની આંખો તો બંધ હતી! અને તે ઊંઘતો હતો! ઊંઘમાં ચાલહાલ કરનાર માણસોને એકદમ જગાડવાનો જોખમ હું સારી પેઠે સમજતો હતો, તેથી ધારેથી તેનો હાથ લઇ, આસ્તે ચલાવતો, તેને મારા ઓરદામાં લાવ્યો, અને પલંગ પર બેસાડયો. આ સઘળાંની તેને કંઇ ભાણ હતી નહીં. તે પાછો ઊંઘી ગયો, અને હું મારી 'ઇઝીચૅર' પર પાછો પડયો. પણ મને વધુ ઊંઘ આવી નહીં.

બીજી સવારે મેં ગુસ્તાદને પુછ્યું "કેમ દોસ્ત? રાતે ઠીક ઊંઘ આવી હતી કે?"

"હા ભાઇ! ઊંઘ્યો તો ખરો, પણ સ્વપનાઓ તો એવા આવતા, કે બોલવાની વાત નહીં. શું કરૂં? આજે કેટલો વખ્ત થયો નીરાંતે ઊંઘતો નથી!"

"ગુસ્તાદ દોસ્ત! તારા મનપર ચીંતા બેઠી છે. તું ધાસ્તી ભર્યા ખ્યાલો તારા મનમાંથી દૂર કર" મેં દીલાસો દેતાં કહ્યું. મેં જોઇ લીધું હતું કે રાત્રે ઊંઘમાં ચાલે છે, તેની મારા અભાગ્યા સગાને ખબર ન હતી.

બીજી રાત્રે મારા મીત્ર મી० બમનજી બોકરાને ત્યાં એકાદ બે પરોણા ઓચીંતા આવી લાગ્યા. તેઓને માટે મી० બોકરાએ પોતાના ઓરદામાં જગ્યા કરી, અને મારા કાકાની પેલી 'ઇઝીચૅર'પર પોતે આરામ લીધો. આ અગવડને લીધે હું અને મારો ગુસ્તાદ એકજ બીછાણે પોઢયા. આગલી રાતના ઊજાગરાને લીધે આજે હું જલદી ઊંઘી ગયો. કેટલોવાર હું ઊંઘ્યો તેની મને ખબર નથી, પણ મારા પાડોશી મી० બમનજી બોકરાની (જેઓ બોબડા પણ હતા) બુમોથી જાગી ઊઠયો—"તોર! તોર!! હુન! હુન!! હુન થાયછે! તોઇ આવો! માલી નાઠસે! ઓ મારા તોધા! બાતરે તોઇ આવો!!" વાગેરેની બુમોથી હું જાગી ઊઠયો. આખા ઘરમાં ગડબડ થઇ રહી. હું ચાલમાં દોડી ગયો. મારી અજાયબીમાં મેં મારા પિત્રાઇને બંધ આંખ સાથ હાથમાં એક ગલાસ લઇને ઊભેલો જોયો. બાજો ભાડુતો પણ દોડી આવ્યાં. મી० બોકરા તો બેફામ થઇ ગયા હતા. આ સઘળી ગડબડથી ગુસ્તાદ ચોંકી જાગી ઊઠયો. એક ન વર્ણુવી શકાય એવી કીકીઆરી પાડી, તે બેફામ થઇ જમીનપર પડયો. તરત દાકતરોની દોડાદોડ ચ.લી. મી० બોકરા તો હોશિયાર થયા, પણ મારો ગુસ્તાદ! હા, તે પણ થોડા વારમાં હોશિયાર તો થયો, તેનું ધક ધ્યાન ખસી ગયું હતું! તે દીવાનો થયો હતો!! "કોણ કહે છે મેં ખુન કીધું? મેં ખુન નથી કીધું. સાબેતી લાવો!" એ તેના રાત દીવસના બોલો હતા. મેં તેને સારા કરવાને ઘટતા ઉપાયો લીધા. પણ ફોકટ. આખરે તેને દીવાનશાળામાં મોકલવો પડયો. તેના નજદીકના બેસી અને વારેસ તરીકે હાઇ કોર્ટે તેની મીલકતનો મને ટ્રસ્ટી નેમ્યો. બીજાં એક બે વરસ નીકલી ગયાં, અને આખરે અભાગ્યો ગુસ્તાદ દીવાનશાલામાંજ દીવાની હાલતમાં મરણ પામ્યો. તેના એકપુરા નજદીકના બેસી અને વારેસ તરીકે હું તે અભાગ્યાની મીલકતનો ધણી થયો. ગરીબ મારી દીના! હજી તે મને ભુલાઇ ન હતી. તેની નાઘલી બહેન જે સ્વભાવે, દેખાવે અને ચાલચલણુમાં દીનાજ જેવી હતી, તેની સાથ મારાં લગન કીધાં.

આથી મારા પૈસા સાથ પોતાની દીકરીઓને પરણાવા નીકલેલી ઘણીક માતાઓ મારી પર ખફા થઇ. પણ શું મારી નાઝા મારી દીના જેવી ન હતી?

* * * * * *

એક દીવસ હું મારા કુશાદે બંગલાના દીવાનખાનામાં, મારા કાકાજીની પેલી 'હાઝીચૅર' પર પડી, ન્યુસપેપર વાંચતો હતો. મારો નાધલો દીકરો ખોસરો મારા પગ આગળ રમતો હતો. રમતાં રમતાં તે ખુરસી હેઠલ ભરાયો. જરાક વારમાં તે રડી ઉઠયો—"ઓ બાવાધી! આવો માલો હાથ બાર નહીં નીટલતો." વાંકા વલી જોતાં, મેં મારા મસ્તાન ચેકુસનો હાથ, ખુરસીની હેઠલની બાજુના એક ખાડામાં સપડાયલો દીઠો. મારા આ મસ્તીખોર કેદીને છુટો કરી, હું વધારે તપાસ ચલાવા વાંકો વલ્યો. મેં આ ખાડામાં એક કાગલનું ઘણુંજ નાધલું બંડલ જોયું. બહાર કાઢતાં જુના ન્યુસપેપરના ટુકડામાંથી એક ચીઠી નીકલી; તેમાં નીચે પ્રમાંણે લખેલું હતું:—

"વાહલા દીકરા માણેક,

તારા ગુસ્તાદથી ખુબ સંભાલમાં રહેજે. એની ચાલચલણ મને પસંદ નથી. લગભગ આઠ હજાર રૂપ્યાનું મેં એનું દેવું આપ્યું છે. આજે મારી પાસે વધારે રૂપ્યા માંગ્યા; મે નથી આપ્યા. તેથી મારી પર ગુસ્સે થયો છે. **કદાચ મારૂં કાસલ કાઢવાને પણ તે ડરશે નહીં.** હું બે ચાર દહાડામાં નવું વીલ કરનાર છું. પેલા 'દુકતાની' ધારતીથી આ કાગલ છુપાવી રાખી, હાથ આવતાં તારી પર મોકલીશ. દીકરા સુખી રહેજે!

લા૦ તારો અભાગ્યો કાકો,

દીનીયારજી.

ત્યારે શું મારો અભાગ્યો પિત્રાઇ એક ખુની હતો? હવે તે જાહેર કરવાનું શું કામ? તે તો કમબખ્ત મરી ગયો છે. ત્યારે તે વીષે ચુનોચેરા કરવાની શી ગરજ? વાંચનારે પોતાનું મત બાંધી, મારે ખાતર તે અભાગ્યાને માફ કરવું. ખરેજ! **અંતે ધર્મોજય છે.**

બુરનો ગુલામ યાને કીનાનો કેહેર.

લખનાર—**'અદી.'**

ટેમ્સડીટન નામનાં એક રમણ્ય સુંદર ગામડામાં, લંડનના કેટલાક મોટા માતબર વેપારીઓએ પોતાની મોજને અર્થે કેટલીક સુંદર બંગલીઓ બંધાવી હતી. જ્યાં તેઓ પોતાના ધંધાથી ફારેગ બની આસાયશને માટે વારંવાર ઉતરી પડતા હતા; તે ઇંગ્લંડની ટેમ્સ નદીને કાંઠે હોવાથી તે ટેમ્સડીટનનાં નામથી ઓળખાતું હતું. તે ગામડાંમાં વેલાતના એક જાણીતા વેપારીએ ખાસ એક મોટી ઇમારત બંધાવી હતી, જેને તેણે ફરનીચર અને બીજા તરેહવાર સામનથી સીંગારી ગોયા એક સુંદર મેહેલ જેવી બનાવી દીધી હતી. તે ઇમારતે એક વખત જાણીતા લુતારૂઓની ટોલીનું ધ્યાન ખેંચ્યું. તેઓ એક અંધારી રાતે તે ઉપર ધાડ પાડી તે ઇમારતમાંથી કેટલો કીંમતી સામાન જર ઝવાહેર મલીને હજારો રૂપયાનો માલ લઇ ગયા. ચોરો કંઇ સારો તેસ્ટ ધરાવતા હોય એવું પણ લાગતું હતું, કારણકે તે ઇમારતમાં ગોઠવેલાં ઘણાંજ કીંમતી ચાર ઓઇલ પેનતીંગ પણ તે લોકો ઉપાડી ગયા હતા.

આ ચોરીએ લોકોનું ઘણુંજ ધ્યાન ખેંચ્યું અને તરેહવાર વધઘટ સાથના હેવાલો બીજે દીવસે ન્યુસપેપરોમાં છપાયા. પોલીસે ખુબ મહેનત કીધી, બાહોશ ડીતેકટીવોને રોકવામાં આવ્યા, ચોરી પકડી આપનારને ૫૦૦૦) રૂપયાનું ઇનામ આપવાની ખબર છપાવવામાં આવી અને બીજા દરેક ઘટતા ઉપાયો લીધામાં આવ્યા, પણ ચોરોનો પટો હાથ લાગ્યોજ નહીં; જોકે એ કેસ મને સોંપવામાં આવ્યો નહતો તે છતાં હું તેમાં ઘણોજ ઉમંગથી ભાગ લેતો હતો. હું પોતે જોવાજ માંગતો હતો કે જે બાહોશ ડીતેકટીવોને એ કેસ સોંપવામાં આવ્યો હતો તેઓ પોતાની શોધમાં ફતેહ મેળવેછે કે નહીં?

વખત પાણીને મુળે જવા લાગ્યો. દીવસો, મહીનાઓ અને લગભગ બે વરસ વખતનાં ભેદી પેટાંમાં વહી ગયાં, તોબી ચોરોનો પટો મલ્યોજ નહીં અને અંતે ટેમસડીટનની મોટી ચોરી તદનજ વીસરી જવામાં આવી.

લગભગ આ ચોરી થયાને અઢી વરસ વહી ગયાં હતાં; અને એક નવેમબર મહીનાની અંધારી રાતે આરગાઇલ સ્ત્રીટમાંથી હું મારો રસ્તો ઝડપથી લેતો હતો. રાત બહુજ અંધારી હતી, અને વરસાદ ઝરમર ઝરમર પડતો હતો; થંડી તો એવી કકડતી પડતી હતી કે મારા ઓઢેલા મોટા ઓવરકોટ છતાં મુશકેલાઇથી હું તે ખમી શકતો હતો. ખરેજ તે એક ભયંકર રાત હતી, જે ચોરો અને લુટારાને મનસે તો ઘણી સગવડ ભરેલી હતી. એવી રીતે હું મારો રસ્તો લેતો હતો, તેવામાં કોઇએ મારા હાથ પર હાથ મુકયો અને મને એકદમ થોબવા જણાવ્યું. જેવો આ પ્રમાણે મને થોબાવામાં આવ્યો તેવોજ મારા તેમજ મને થોબાવનારનાં મોહડાં ઉપર રસ્તે મુકેલાં ફાનસનો ઉજાસ પડયો.''

"તમેજ મી૦ ક્રમ્પટન ડીટેકટીવ કે?

આવી રીતે અંધારાંમાં એકદમ મને અટકાવવાથી મને જરાક અજાયબી લાગી. એકજ આંચકા સમેત મેં પેલો હાથ દુર કરી નાંખ્યો, અને તે ધણી તરફ હું બારીકાઇથી જોવા લાગ્યો તો મેં શું જોયું? ચીંઠડે હાલ કપડાંમાં, (કે જે મુશકેલાઇથી તેણીનું અંગ ઢાંકી શકતાં હતાં તેમાં,) એક ઉંચી, અને પટલી ઓરતને મેં જોઇ, જેબી થોડાં અને કંગાલ કપડાં તેણીએ સજ્યાં હતાં તેપણુ વરસાદથી તરબોર થઇ ગયાં હતાં. તેણીએ પોતાનાં માથાં ઉપર એક ફાટી શાલ નાંખી હતી. તેણીનો ચેહેરો તદન ફીકકો અને તેણીનું શરીર ઘણુંજ નબલું અને લગભગ હાડપીંજર જેવું હતું.

હું ઘણોજ અજબ થયો કે આવું કંગાલ દેખાવનું આદમી આવી કકડતી થંડી આવા ચોઠડે હાલ કપડે કેમ ખમી શકેછે? કહોકે જીવીજ કેમ શકેછે? મારી આ તપાસ મેં થોડીક સેકન્ડમાં કરી નાંખી, અને મેં તેણીને પુછ્યું "તમે કોણ છો? અને તમે મારૂં નામ કેમ જાણ્યું.?"

આય મારો સવાલ સાંભલી તેણી હસી, પણ તે હસવું ઘણુંજ કઠોર અને નાસી-પાસથી ભરેલું હોય એવું મને લાગ્યું. ત્યારપછી તેણીએ થાંસ્વા માંડયું, જે થાંસવાનો ખોખરો સાદબી મને એવો ભયંકર લાગ્યો કે મારી ખાતરી થઇ કે તેણીને કંઇ છાતીનું ઘણુંજ ખરાબ દરદ હોવું જોઇએ. જેવી તેણી થાંસી રહી કે તેણીએ ફરીથી બોલવા માંડયું, "હું એક જીવતું હાડપીંજર છું, મારી તવારીખ બસ એજ છે, અને મારા હેવાલ વીશે તમારે કંઇ પુછવુંજ નહીં."

આવી રીતની તેણીની રીતભાત અને બોલવા ચાલવા પરથી હું તો દંગજ થઇ ગયો. અતરે મારે જણાવવું જોઇએ કે હાલ ગમે તેવી કંગાલ હાલતમાં તેણી જણાતી હતી તે છતાં તેણીએ પેહેલાં સારા દહાડાઓ જોયલા હોય, એવું તેણીની પેશાંની પરથી લાગતું હતું. તેણી જે બોલી તે બોલેબોલ ખરૂં હતું, કારણકે તેણી તદન હાડપીંજર જેવીજ હતી. તેણીની તરફ દયાની નજરથી જોઇને મેં તેણીને પુછ્યું. "પણ તમે મને કહેવા શું માંગોછ?"

"હું કીનો લેવા માંગુંછ, જોકે હું જાણુંછ કે કીનો લેવો એ નીચમાં નીચ આદમીનો ખવાસ હોયછે, અને તેનો દોજખમાં ઠાર થાયછે, તે છતાં મારે તો કીનો લેવોછ અને ફર લેવોછ."

"એ બધું તમો શું બકોછ?"

"મારી સાથે આવો અને તમોને બધું સમજ પડશે."

"તમારી સાથે આવું? કાંય? જ્યારે તમો મને તમારા હાલથી તદન બીનવાકેફ રાખોછ ત્યારે મને તમારી સાથ આવવાની કંઇજ અગત નથી."

"શું તમો મારાથી બીહોછ?" તેણી લગભગ મશકેરીની ઢપે બોલી.

"બીહું? દુન્યાંમા એવું હૈયાત કોઇબી આદમી નહીં હશે કે જેનીથી મને બીહવું પડે."

"ત્યારે મારી સાથ આવવામાં તમોને શું અડચણ છે?"

"તમો મારી પાસ શું કામ કરાવા માંગો છે? તે મને જ્યાં સુધી જણાવશો નહીં, ત્યાં સુધી હું ત્યાંથી એક પગલુંબી આગલ નથી ભરવાનો."

આ મારાં બોલવાથી તેણી પર જરાક અસર થઇ. તેણી છેક મારી આગળ આવી અને કાનમાં લાગી બોલી "બે એક વર્ષની વાતપર ટેમસડીટનમાં જે મોટી ચોરી થઇ હતી તે તમોને યાદ છે?" એકદમ હું ચોંકી ઉઠયો અને ખુબ ખબરદાર રહી તેણીને નીહાલવા લાગ્યો; તરેહવાર વિચારો મારાં મનમાં આવવા લાગ્યા. વરસાદ, ઠંડી, પવન બધું હું ભુલી ગયો અને મેં તરતજ જવાબ આપ્યો:

"હા, હું જાણુંછ, પણ તેનું શું?" મેં તેણીને મારો ઓવરકોટ ઓઢવા જણાવ્યું પણ તેણી બોલી "નહીં, તમો મારે વીષે તદન બેફીકર રહો, હું તો મુવેલીજ છું. ફકત હું જીવુંછ તે કીનાને વાસ્તે જીવુંછ, તે લીધા પછી હું સુખથી મરીશ અને મને સુખથી મરવાબી ગમશે."

"નહીં, નહીં, તમે એમ ના બોલો. તમો આજારી દેખાવો છો પણ તમો ધારો તેટલાં બધાં નથી; તમો મારી સાથે કોઇ કોફી-હાઉસમાં આવો, જ્યાં આપણે વાત કરી શકીએ. તમે ઉભાં રેહવાને તદનજ અશક્ય દેખાવો છો." આય મારૂં બોલવું સાંભલી તેણી પાછી પેહલાંનીજ માફક હસી અને બોલી "આજ વર્ષો થયાં જો કોઇએબી મને માયાનો સુખન કહ્યો હોય અથવા તો મારી દરકાર કીધી હોય તો તે તમેજ છો. મારી લાગણીઓ બધી મરી ગઇછ, અને હું, મેં તમુને જણાવ્યું તેમ, કીનો લેવાજ જીવું છું. બસ મને '**કિનાનો કેહેર**' છે."

મેં જોયું કે તેણી સાથ વધારે ટાહેલું કરવામાં ફાયદો નથી તેથી પાછો હું હમારી વાતપર આવ્યો "પણ વારૂ તમો મને ટેમ્સદીતનની ચોરી વીશે શું ખુલાસો કહેવા માંગોછ?"

"જે કંગાળ આદમીએ એ ચોરી કીધીછ તે કંગાલ **બુરના ગોલામ** ને નામે ઓળખાયછ." એ જાણીતા લુતારાનું નામ મેં સાંભળેલું હતું તેથી હું એકદમ ચોંકયો અને બોલી ઉઠયો "શું તે ગલાંફાંસુએ આ ચોરી કીધીછ?"

"હા" તેણીએ ઉસંકેરાઇ જઇ મને જવાબ આપ્યો "તે કંગાલે મને પૈસે ટકે અને દીલે ખુહાર કીધીછ અને હું હવે તેને ખુહાર કરવા માંગુંછ."

"તે કયાં છે?" એકદમ હું બોલી ઉઠયો.

"હાંથી થોડેક દુર તે છે, હમણાં તે જરાક છાકટ હાલતમાં છે. આજે મને તેની સાથ પંચાતી થઇ, તેણે મને ગાલ દીધી અને મને લાત મારી પોતાનાં ઘરમાંથી હાંકી કાઢી. હું હમણાં કલાઇડ નદીમાં આપઘાત કરવા જતી હતી પણ મને તમો મલ્યા અને મારો વીચાર ફરી ગયો. મેં તેને ઘણી વખત બીધરાવ્યોછ, પણ હાલ હું તેને ખરેખર સપડાવવાજ માંગુંછ."

"તે ખરેખર હાલ છાકટ હાલતમાં છે?"

"હા તેથીજ તમો એને પકડી શકશો. તે એટલો તો જોરાવર છે કે ચાર જણથી તેને પુરા પડવા મુશકેલ છે, પણ હાલ એને પકડવો સેહેલ છે, માટે ઉતાવલ કરો અને મારી સાથ ચાલો."

હું હવે વીચારમાં પડયો કે મારે જવું યા નહીં? જો કદાચ એખલો જાવું તો આવા જોરાવર અને બાહોશ ગલાફાંસુને પકડવામાં નીષ્ફળ પણ થાઉં, પણ જો ઢીલ કરૂંછ તો વળી શીકાર આવેલો છટકી પણ જાય. આવા આવા વીચાર મારાં મનમાં આવવા લાગ્યા. મેં તેણીને રસ્તો દેખાડવા કહ્યું અને તેણીએ ચાલવા માંડયું. પાએક કલાક ગલીગુંચીમાંથી પસાર થયા પછી એક મોટા ઘરનાં બંધ બારણાં આગલ તેણી થોભી અને બોલી "આ ઘરમાં તમારો શીકાર છે, પણ જાવો તેની અગાઉ બહુજ સંભાલજો, આપણે બહુજ સાવચેતીથી જવું જોઇએ."

ઉપર જવાની અગાઉ તે અંધારા મોહલ્લામાંના ચોકીખાન આગળ હું ગયો, અને હું શું કરવા જતો હતો તે વાત મેં તેને વાકેફ કીધો અને પોલીસ સ્તેશનપર જઇ બીજા બે ત્રણ મજબુત માણસોને લઇ આવવા તેને જણાવ્યું. આવી રીતે બરોબર મારૂં કામ બજાવી હું પાછો પેલી ઓરત આગલ પેલાં ઘર તરફ ગયો. પેલી ઓરતે એક કુંચી કહાડી બારણું ઉઘાડયું અને હમો અંધારાંમાં આસ્તે આસ્તે ત્રીજે માળે ગયા. જેવા હમો ત્યાં જઇ પુગ્યાં કે મેં મારૂં ચોર ફાનસ સલગાવ્યું, જ્યારે પેલી ઓરતે બીજી કુંચી કહાડી એક ઓરડાનું બારણું ઉઘાડયું અને ધીમેથી મને પેહેલાં દાખલ થવા જણાવ્યું. ખરેખર આ એક ઘણીજ ભયંકર પળ હતી, થોડાંક પગઠયાં ઉતરીને ઓરડામાં દાખલ થવાનું હતું. મેં તેણીને પેહલાં દાખલ થવા જણાવ્યું. તેણી જરાક ધીલ કરતી જણાઇ. મને વેહેમ પડયો, પણ તરતજ તેણીએ મને પોતાપર વીશ્વાસ રાખવા કહ્યું અને મને હીંમત આપવા લાગી. હું હીંમતથી થોડાંક પગલાં આગળ ચાલ્યો અને એક મોટો સંગારેલો ઓરડો મારી નજરે પડયો. સુંદર સંગે મરમરની ટેબલ ઉપર એક ધીમો દીવો બળતો હતો; મેં દીવાલો ઉપર થોડાંક આલ્હલ પેન્તીંગો ટાંગેલાં જોયાં. તરતજ મારો વીચાર પેલી ચોરીમાં ચોરાયલાં પીકચરો તરફ દેડયો, અને મારી પક્કી ખાતરી થઇકે એ તેજ પીકચરો હોવાં જોઇએ. હવે મને પેલી ઓરત પર મુદ્દલ શક રહયો નહીં, અને પેલા મહાન ગલાંફાસુને પકડવાનાં અને તેને તેની ફેજે પુગાડવાના વીચારોની ખુશાલીમાં હું મશગુલ થઇ ગયો. હું હવે ઓર-

ડામાં એક પગલું આગલ વધ્યો, અને મેં શું જોયું? એક સુંદર સીંગારેલાં બીછાણાં પર કોઇ આકારને મેં ચતોપાટ સુતેલો જોયો. તે ખરેખર ઘણોજ કદાવર દેખાતો હતો, અને તે ઓરત ખરૂંજ બોલી હતી કે તેને ચાર જણ પણ પુરા પડી ન શકે. તેણે ફ્લેનલનો જભ્ભો પેહેડયો હતો, તે ભયંકર શખ્સની ઉંચાઇ લગભગ છ ફીત હતી, તેના હાથો સુપડાં જેવા મોટા અને છાતી ભરેલી અને બાહાર નીકળેલી હતી. ટુંકમાં તે ઘણોજ જોરાવર હતો અને તે મારો ધારેલો શીકારજ હતો. જ્યારે મારી નજર તેની તરફ પેહલી પડી તે વખતે તે લાલચોળ આંખોએ આમથી તેમ નીહાલતો પડયો હતો. તે ઓરતે મને જણાવ્યું હતું કે તે હાલ છાકટ હાલતમાં છે અને તેથી તેને પકડવો સેહેલ પડશે. હું તેણીના તે બોલો ઉપર મુસતાક હતો, એક બીજી પળ અને હું તેની ઉપર હાથમાં બેડીઓ પકડી તુટી પડયો. મારો ઓવરકોત મેં હજી મારાં દીલપર ઓઢેલોજ હતો, પણ મેં જબરી લુલ કીધી હતી. જેમ એક જંગલી વીક્રાલ પ્રાણી જ્યારે અર્ધ ઉંઘાયલી હાલતમાં પડેલું હોય છે, અને કંઇબી ભયની વખતે એકદમ પોતાની સુધીમાં આવી જાય છે તેમજ મારા બાબમાં પણ બન્યું. હજી તો હું તેના ધોલ્યા આગલ ધસુંછ તેવોજ તે એકદમ સુધીમાં આવ્યો હોય તેમ ઉઠયો બલકે કહો કે કુદી પડયો, અને મારી કમર ધરી એકદમ વીજલીની ઝડપે મને નીચે નાંખી દીધો. આ બધું દસ સેકન્ડમાં બન્યું હતું; જેવો તેણે મને નીચે નાંખ્યો કે મારી ગરદન પકડી મારૂં મોહડું ભોંય સાથ ઘસડવાની તજવીજ કરવા પડયો. મારાંતો હાંજાંજ ગગડી ગયાં, અને મેં વીચાર કીધો કે આ તો હવે જીવ સતો-સતની રમત છે વાસ્તે મારવું કે મરવું. અત્યાર સુધી હમારામાંનું એકબી જણ એક પણ શબ્દ બોલ્યું નહી. હવે એક જબરી ઝટાક મારી મેં મારો જમણો હાથ છુટો કીધો અને ખુદાનું નામ લઇ પુર બલથી તેનાં મોહઢાં પર એક મુક્કી મારી. મારી ધારેલી અસર તે મુક્કીએ કીધી. તેની નસકોરી ફુટી ગઇ અને ધર ધર લોહી વેહવા લાગ્યું, પણ મારાં મોહઢાં પર તે પડી મને ઉલટી અડચણમાં લાવી નાંખ્યો. દેખાઇતી રીતે મારો શત્રુ હાલ મારી ઉપર ચઢીઆતી ભોગવતો હતો, કારણ કે હું નીચે અને તે મારી ઉપર હતો. વળી તે ઉપરાંત મેં જે ઓવરકોટ ઓઢેલો હતો તે મને બહુજ અડચણ કરતો. એક પળમાં મને વીચાર આવ્યો કે મારી જીંદગી દોરી પર લટકેલી હતી, કારણકે મારો શત્રુ મને જરા વારમાં ગુંગલાવી નાંખતે. પણ 'ખુદા મેહરબાન તો ગધ્ધા પેહેલવાંન' તેમ ન ધારેલી મને મદદ મલી. પેલી ઓરત જે અત્યાર લગી તદનજ હવે ધ્રુજતી બારણાં આગલ ઉભી ઉભી આ બધું જોતી હતી તેણી મારી મદદે આવી. જે બેડીઓ સાથ હું તે ચોરને પકડવા ધસ્યો હતો તે હાલ ભોંય પર પડી હતી. તેણીએ તે ઉંચકી અને બે હાથે ખુબ જોરથી તેનાં માથાં ઉપર મારી. વજરાં છુટે એવી ખરાબ ગાળ દેતો તે ઉઠયો અને મને મુકી તે તેણીની તરફ ધસ્યો અને બોલ્યો "રાં—દદા આ બધું તારૂંજ કારસ્તાંન છે.' તરતજ હું ઉઠયો અને મારો ઓવર-કોટ ઝડપથી કહાડી નાંખી હું પેલી ઓરતને બચાવવા દોડયો. તે ચંડાલે તેણીને ગળાંમાંથી પકડી હતી અને તેણીને ગુંગળાવી મારી નાંખવાની તે વેતરણ કરતો હતો. મેં પછવાડેથી જઇ તેને કમરમાંથી પકડી દુર ઘસડી કહાડયો. પેલી ઓરત જમીનપર બેસુધ થઇ પડી અને તે બીચારીનાં મોંહમાંથી લોહી વેહવા લાગ્યું. હમો વચ્ચે પાછી એક જબરી કુસ્તી ચાલી. પેલો ચંડાલ તો બહુજ ઉસ્કેરાઇ ગયો અને મને જીવતો ખાઇ જવાના સોગંદ ખાવા લાગ્યો, અને તરેહવાર ગાળો દેવા લાગો. મારી મતલબ તેને બનતાં સુધી બારણા તરફ લઇ જવાની હતી; જ્યારે તેની મતલબ મને ઓરડામાં એક ભઠ્ઠી બળતી હતી ત્યાં લઇ જવાની હતી કે જ્યાં એક લોઢાંનો સળ્યો પડયો હતો. તરતજ હું તેની સેતાનયત મતલબ પામી ગયો

અને મારાં સઘળાં બળથી તેને ઘસડી કહાડી એક આંટી મારી નીચે નાંખ્યો, અને તેની છાતીપર હું ચહડી બેઠો. એક બચ્ચાંની કાંની તેણે મને ઉડારી મુકયો અને હું પાછો ઉઠી ઉભો થયો. આય ગડબડમાં પેલી સંગે મરમરની તેબલ કે જેપર દીવો બળતો હતો તેને જબરો આંચકો લાગો અને તે ઉંધી વલી ગઇ. પેલો દીવો ભાંગી ગયો અને તેમાંનું તેલ સલગી ઉઠયું, અને ધુમાડાના ગોટે ગોટા નીકળવા માંડયા. કેવી ભયંકર પળો! કેવા માઠા બનાવો! મેં પેલી ઓરત તરફ નજર નાંખી પેલા ચંડાલને તેણીને બચાવા હું કાલાવાલા કરવા પડયો; પણ તે તો પાછો મારી ઉપર ધસ્યો અને મને પેલાં બલતાંમાં નાખવાની વેતરણ કરવા લાગ્યો. મેં ઉઠી પાછી તેનાં મોહડાં ઉપર મુકી મારી અને હું બચાવને સારૂ બારણાં તરફ ધસ્યો, પણ યા ખુદા, મેં દાદર પર બે ત્રણ જણના ચહડવાનાં ભારી પગલાં સાંભળ્યાં. મેં બુમ પાડી અને વીજલીની ઝડપે બે જબરા પોલીસવાલાઓ તેની ઉપર તુટી પડયા અને હમો ત્રણેએ ઘણીજ મુશકેલાઇથી પેલા ચંડાલને પકડયો, અને તેને ઓરડાની બાહાર ઘસડી લાવ્યા. આગ તો બહુજ ઝડપથી ફેલાવા માંડી. મને તરતજ પેલી બેહોશ પડેલી ઓરતનો ખ્યાલ આવ્યો અને હું તેણીને બચાવા પાછો ઓરડામાં દોડયો. મેં તેણીને મારા હાથોમાં ઉંચકી લીધી અને જેમ તેમ ધુમાડામાંથી મારો રસ્તો લઇ બહાર પડયો. બધું કામ પેલા પોલીસના સીપાઇઓને સોંપી હું પેલી ઓરતને એક ગાડીમાં નાંખી નજદીકના ડાકટરને ત્યાં ગયો અને તે ડાકટરને તે ઓરતની ઘટતી બરદાસ્ત લેવા જણાવી હું પેલાં ઘર તરફ પાછો ફર્યો. આડોશી પાડોશીઓની મદદથી આગ તો તરતજ બુજાવી દેવામાં આવી. બીજાં લોકોની મદદ લઇ હું પેલા કંગાલને પોલીસ સ્તેશન પર ઘસડી ગયો. મેં પેલી ઓરત વીષે ખબર કહાડાવી તો મારી અતંત્ય દલગીરી વચ્ચે મને જણાવવામાં આવ્યું કે તેણી મરણ પામી હતી. તેણીને ખહીનો મરજ હતો અને તેથી પેલા ચંડાલના છેલ્લા હુમલાથી તેણી મરણ પામી હતી.

પેલા બુરના ગુલામનું ખરૂં નામ જોન વીલસન હતું, અને તેનો ધંધોજ ચોરી કરવાનો હતો. તે ચોરોનો સરદાર હતો અને ટેમસદીટનની મોટી ચોરી પણ એનીજ સરદારી હેઠલ થઇ હતી. તેની તપાસ ચલાવવામાં આવી અને તેને તેનાં કરતુક પ્રમાણે જન્મ દેશ-નીકાલની સજા કરવામાં આવી. ગમે તેટલોબી તેને પોતાનો હેવાલ આપવા સમજાવવામાં આવ્યો પણ તેણે એક બોલ પણ પોતાના તેમજ પેલી ઓરતના હેવાલ વીષે જણાવ્યો નહીં. ફકત એટલુંજ તેણે કહ્યું કે તેણીનું નામ મેરી કરી હતું.

તે ઓરતને મેં મારે ખરચે દાટી અને તેની ઘોરપર એક સંગેમરમરની તકતી જડાવી તેપર ફકત નીચલો સાદો લેખ કોટરાવ્યો:

મેરીની ગંભીર પવીત્ર યાદમાં.

યુસુફ ખાં.

તે કાણો કેમ થયો?

લખનાર—N.

પ્રકરણ ૧ લું.

પેણામાંથી ચુલામાં.

અય જેહાંપનાહ બાદશાહ ઔરંગઝેબ, જ્યારે હું મારા મિત્રો યાસમીન અને મોહબતઅલીથી જુદો પડયો, ત્યારે મને લાગ્યું કે મારા મિત્રોની મદદવિના પૈસા મેલવવાની મારે સઘલી આશાઓ છોડવી, અને મારી હાલની હાલત દેખાડી આપે છે કે મારી ધારતી કેટલી હદ સુધી ખરી પડી છે. પેહેલી જે જગ્યાની મેં ભેટ લીધી તે શીરાઝ હતું, જ્યાં ત્યાંના સરદારની ચાકરીમાં રહેવાનાં મેં ઘણાંએક ફાંફાં મારયાં, અને ઘણીએક અરજીઓ લખી પણ કાંઇ વળ્યું નહિ; જ્યારે મેં જોયું કે એમાંથી કાંઇ ફળ મલવાનું નથી, ત્યારે હું લશ્કરમાં જોડાયો અને એક સીપાઇ બન્યો. ત્યાં મને બહુ ગધેડાં વૈતરૂં કરવું પડતું હતું, કારણકે આખો દીવસ પોહોરો કર્યાપછી રાતના મારા ઘોડાની ચાકરી મને કરવી પડતી, તથા મારાં હથીઆરો હમેશ ઘસી સાફ ચલકતાં રાખવાની મને ફરજ પડતી, જેમ કરવામાં એટલો બધો તો વખત તથા મેહેનત મને લાગતી હતી કે આસાએશને માટે મને ઘણો થોડોજ વખત મલતો હતો, અને ત્યાંથી એક દીવસ નાસી જવાનો મેં ઠેઠાવ પણ કર્યો હતો, તેવામાં અમારાં લશ્કરનો બક્ષી, એટલે પગાર વેહેંચનારો, અમારા પગાર આપવાને આવ્યો, અને તે વખતે તેનો મેહેતો બીમાર હોવાથી, અમને પુછવા લાગ્યો કે અમારાંમાં જે કોઇ લખી વાંચી જાણતો હોય તો તેણે બહાર આવી તેની સાથે નોંધ લેવાને તેને મદદ કરવી.

મેં આ નવાં કામમાં એટલી તો ચંચલાઇ બતાવી કે તે બક્ષીએ મને પેલા મેહેતાની જગ્યા આપવાની મને દરખાસ્ત કીધી, જે મેં તરત કબુલ રાખી, અને તેની સાથે ગામેગામ ફરતાં મને બહુ મગરૂરી અને મિજાજ આવી ગયો, કે બીચારા ગરીબ સીપાઇઓને એવોતો ધિક્કાર તથા બેદરકારી દેખાડવા લાગ્યો, કે મારી ખાતરી હતી કે તેઓ મારી તરફ કાંઇ દોસ્તી ભરેલી લાગણી ધરાવતા નહિ હતા. તે ઉપરાંત વલી તેઓના પગારમાંથી મારી હકસી કાપી લેતો, અને એવી રીતે હું મારાં ખીસાં તર કરવા લાગ્યો. બક્ષી પણ તેમ કરવાને ચુકતો હતો નહિ; અને ઉપરી અમલદારો સાથે તેને ઘણું સારૂં હોવાથી એ પાપ હજી ફુટયું હતું નહીં.

તે મેહેતો જેની જગ્યા ઉપર હું કામ ચલાઉ તરીકે રહયો હતો, તે સારો થઇ આવ્યો; પણ મારા બક્ષીએ મને વધારે ચંચળ, અથવા બીજા બોલોમાં કહું તો, લુચ્ચો જોઇ, મનેજ તે જગ્યા ઉપર રહેવા દીધો, અને બીજી કોઇ જગ્યા નીકલે ત્યાં સુધી ઢીલ પકડવાને તેને કહ્યું. આથી તે મેહેતો મારી ઉપર એવાતો ડોળા કકડાવતો ઉભો કે મારાં હાંજાં ગગડવા લાગ્યાં, અને તેનાં મોં ઉપર જે કીના ભરયો મેં દેખાવ જોયો હતો, તેથી હું બહુ ગભરાવા લાગ્યો કે તે અમોને ખચીત ફસાવશે, અને મોગલાઇ રાજના રેવાજ પ્રમાણે સઘલો વાંક સૌથી નાના અમલદાર ઉપર લાગુ પડતો હોવાથી, મને ગુનેહગાર ઠેડવવામાં આવશે. આથી પગારને ટાંકણે એક દીવસ મારી પાસે પૈસાનો સારો જમાવ હતો, તે વેળા મારી કેડે જેટલા પૈસા બંધાયા તેટલા બાંધી લઇ, મારા બક્ષીને એકલો મારાં તથા પોતાનાં પાપનો જવાબ આપવાને છોડી, હું ત્યાંથી વંજો મારી ગયો.

હું ત્યાંથી એક નાનાં શેહેરમાં ગયો, જ્યાં મારી દાઢીને ભુરી રંગી, પાઘડી કાઢી નાંખી, આરબ લોકોની ટોપી લટકાવી, જેથી મારાંમાં એટલો બધો તો ફેરફાર થયો. કે કોઇબી માણુસ સેહેલાઇથી મને ઓળખી શકે નહીં. ત્યાંથી હું બસોરા ગયો, પણ હજી સુધી હું શીરાઝના હાકેમની સત્તાની અંદર હોવાથી મને ચેન પડયું નહીં, અને બગદાદ તરફ મેં કુચ કરવા માંડી. તે શેહેરમાં પુગતાંજ હું માંદો પડયો; અને આવી રીતે એક દીવસ રસ્તામાં બેશુદ્ધીમાં પડેલો હતો, તે વારે કેટલાક ઘોડા વેચનાર આરબો મને ઉંચકી લઇ જઇ, પોતાના તબેલામાં ઘાસનું બીછાનું કરી મને સુવાડયો, પણ તે ભલાં આદમીઓ પોતાની મેહેનતના બદલામાં વગર પુછવે મારી કેડેથી સઘળા તુમાન સેરવી લઇ બીજાં શેહેર તરફ કુચ કરી ગયા હતા.

આરબ લોકની પરોણાગતનો આ એક નાદર નમુનો હતો. જ્યારે હું તદન સારો થયો, ત્યારે ગુજરાનને માટે કાંઇ ચાકરી જોવા લાગ્યો, અને આખરે એક વેપારીને ત્યાં હું રહયો, જ્યાં મારૂં કામ બહારગામ મોકલવાની ખજુરની ગુણો ભરવાનું હતું. બગદાદમાં મેહેતાગીરીની ચાકરી મેળવવી બહુ મુશ્કેલ છે, અને મારી મેહેનત એટલીતો કઠણ અને લાંબા વખતની હતી કે શેહેરમાં ફરવા નીકળવાને એક પળની પણ મને ફુરસદ મળતી હતી નહીં, પણ શીરાઝના હાકેમના હાથમાંથી છટકયાથી હું પોતાને એટલો તો ભાગ્યશાલી સમજતો હતો કે મેં તેની પણ કાંઇ દરકાર કીધી નહીં.

એમ કરતાં એક દીવસ મારો શેઠ માંદો પડયો, અને તેની આગળ પાછળ બીજું કોઇ નહીં હોવાથી, કોઇ હકીમની શોધમાં હું બહાર નીકળ્યો. રસ્તામાં ચાલતાં મને એક ભીખારી જેવો પુરૂષ મળ્યો, જેણે મને એક બહુ કાબેલ હકીમનું ઘેર દેખાડવા કબુલ્યું. હું તેની પાછલ પાછળ ગયો અને આખરે અમો એક મોટા ચોકની વચ્ચે આવેલા કાળા પથ્થરનાં એકાંત ઘેરમાં આવી પુગ્યા, તેને બહારથી એક નીચું લોઢાંનું બારણું હતું, "એ બારનું ઠોક" તે પુરૂષ બોલ્યો, "અને અંદરથી તુંને ખચીત જવાબ મળશે."

એટલું બોલી તે ચાલતો થયો. મેં મોટેથી સાદ મારયો, અને થોડા વખતમાં અંદર અડગરા તથા સાંકળો ઉઘડવાનો સાદ સંભળાયો, અને તે બારણું ઉઘડયું પણ તે ઉઘાડનારનું હું શું વર્ણન કરી શકું? એવો બદસુરત તથા ભયંકાર આદમી દુનીયામાં કદીબી કોઇએ જોયો નહીં હશે; તે આશરે ત્રણ ફીટ ઉંચો હતો, પણ તેનું માથું એટલું તો મોટું હતું, કે ત્રીસ ફીટ ઉંચા રાક્ષસને પણ તે ઠીક લાગે નહીં; તેના બાલો બધા વીખરાઇ જઇ તેનાં ખભાં ઉપર પડયા હતા; પણ તેની દાઢી ઘણીજ સરસ કાપેલી અને હોરેલી હતી. તેને બે આંખો હતી, પણ તે તેનાં મોં ઉપર એટલી તો ઝીણી લાગતી હતી કે જાણે તેણે કોઇની ભાડે વાપડવા લીધી હોય! તે રાક્ષસનો એક હાથ સુકો છોરાં જેવો હતો, પણ બીજો, જમણો, મજબુત અને જોરાવર હતો; તેનું નાક પોહલું હતું, અને મોહોડાંનો ગાલો તો ઠેક કાનસુધી ફાટેલો હતો.

તેને જોતાં જરા મેં હેબત ખાધી ખરી, પણ તેની સાથે મને શું કામ હતું? થોડોજ હું તેની સાથે ઘેર માંડીને રહેવાનો હતો. એમ વિચાર કરી મેં તે વેપારીની બીમારી વીષે કહ્યું, અને બોલ્યો કે હકીમ જો અંદર રહેતો હોય, તો તેને મારી સાથે આવવાની અરજ કરવી. તે રાક્ષસ મને નમ્યો, અને અંદર જઇ હકીમને બોલાવી લાવ્યો, જે ઘણો વૃદ્ધ વયનો હતો, તથા તેની સફેદ દુધ જેવી દાઢી કમર સુધી પોહોંચી હતી; તેના ચેહેરામાં નમ્રતા હતી અને તેનું દીલ ઉદાર માલમ પડતું હતું; તેનો ઠાઠ જોઇ હું દંગજ થઇ રહયો.

પ્રકરણ ૨ જું.

સત્યાનાસની સવારી.

તે હકીમે મમતાથી મને કોટી કીધી, અને બીમાર આદમીનું ઘેર દેખાડવાની તુરત મને તેણે અરજ કીધી. હું તરત તાબે થયો, અને બારણું આગળ પુગતાં, ખુશી ભરયો, હકીમના આવવાની ખબર આપવા અંદર દોડી ગયો. તે વેપારીનાં બીછાનાંની આસપાસ તેની માઓ તેની બઇરી, અને તેની ખુબસુરત છોકરી જેની સાથે હું ઘડી ઘડી વાતચીત કરતો હતો, તથા જેની ઉપર હું સેહેજ પ્યારની નજરથીબી જોતો હતો, તેઓ ઉભેલાં હતાં. અમબાહ જે તે છોકરીનું નામ હતું તેણે મારી તરફ લગાર કરડાઈથી જોઇ, એકદમ મને બહાર જવાને કહ્યું, કારણ કે તેનો બાપ હમણાંજ ઉંઘમાં પડયો હતો, અને મારા અવાજથી કદાચ જાગી ઉઠતે. મેં તે હકીમ આગળ તેબીના કહી, જે પરથી તે બોલ્યો કે તેવીજ હાલતમાં તે બીમાર આદમીને જોવા માંગતો હતો; તે પરથી અમબાહને અથવા ઓરડામાંના બીજા કોઇબી માણસને તેમ કહ્યાવિના મેં ઓરડાનું બારણું ઉઘાડયું, અને તે હકીમનો હાથ પકડી હું તેને અંદર લઇ ગયો.

જેવાં તે ઓરડામાંનાં માણસોએ તે હકીમને જોયો, તેવાં એકે એક જણે એકદમ ચીચયારીઓ પાડી, અને પોતાનાં મોં ઉપર પોતાના હાથો ઢાંકી દઇ, તેઓ અમોને બેઉ જણને ત્યાંથી ચાલી જવાને હોકમ કરવા લાગ્યાં. તે માંદો વેપારી, ચીચયારીઓ સાંભળી જાગી ઉઠયો, અને પોતાનાં બીછાનામાં ઉઠીને બેઠો અને હકીમને જોઇ તેણેબી એક ચીચયારી પાડી, મુએલા જેવો તે પાછો પડયો. અમબાહ ઓરડામાંથી દોડી ગઇ, અને તે હકીમ મારા કાનમાં કહેવા લાગ્યો, "આપણે બહાર જઇએ" મેં તરત તેમ કીધું અને તેની સાથે હું બહાર આવ્યો, અને રસ્તામાં પગ મુકતાં તે હકીમ મને કહેવા લાગ્યો, "મારી શીખામણ સાંભળ, એ વેપારીના ઘેરમાં ફરીથી જતોના, જો જશે તો યાદ રાખજે કે પસ્તાશે?"

હવે આ સઘળાંની મને કાંઇ સમજ પડતી હતી નહીં. મેં શું કીધું હતું? મેં શું ગુનાહ કીધો હતો? મારો શેઠ સીક હતો, અને હું એક એવા હકીમને બોલાવી લાવ્યો હતો કે જેના કરતાં એક વધારે નરમાશવાલો, સભ્ય, અને ઉદાર દેખાવનો પુરૂષ મેં કદીબી જોયો હતો નહીં; પણ જો કે તે હકીમ મને પસંદ પડતો હતો, તોપણ દરેક બાજુ માણસ તેથી ઉલટો વીચાર ધરાવતું હતું. એ પ્રમાણે, તે હકીમની સોડે સોડ હું ચાલ્યા કરતો હતો; પણ તેને કાંઇ બીજો સવાલ પુછવાને હું મારી નજર ઉંચકી જોઉં છ તો મારી અજાએબી વચ્ચે તે મને જણાયો નહીં, અને બગદાદની વચ્ચે હું એકલો રહી ગયો, અને કયાં જવું તથા શું કરવું તે મને સુઝયું નહીં. "કદાચ" હું વીચારવા લાગ્યો કે, "એઓને એ હકીમ સાથ કાંઇ કજીઓ હશે, અને તેથી એને જોતાંજ તે લોકો ગુસ્સાથી દેવાના જેવાં થઇ ગયાં હશે; પણ તોબી એમ બની શકે નહીં; કારણ કે જો તેમ હતે તો તે હકીમ એવી જગ્યાએ મારી સાથે આવતેજ નહી."

આ સઘળી બાબદ મને સમજ પડી નહીં, અને તેથી તે હકીમને ઘેર જઇ તેનું કારણ પુછવાનો મેં ઠેહાવ કીધો; રાત તો મેં એક ઝુંપડાંમાં ખેંચી કાઢી, અને સવાર પડતાં તેનાં ઘેર તરફ હું ચાલ્યો, અને મન ઘડી ઘડી ઘચુ પચુ થવાથી ત્યાંથી પાછા ફરવાનો મેં વીચાર કીધો, પણ સેતાન ચોઘડીએ મારી બદબખ્તીએ પાછું મારૂં મન ફેરવ્યું, અને એક પથરો ઉંચકી તેવતી મેં તેનું બારણું ઠોકયું. તે રાક્ષસ ફરીથી હસતો અને નમીને સલામ કરતો બાહાર

આવ્યો. મેં તેના શેઠને મળવાની ઇચ્છા જણાવી; તેણે અંદર દાખલ થવાની મને નીશાણી કરી, અને મેં તેમ કીધું.

પછી તેણે તે બારણું જોસથી બંધ કીધું, અને મને ત્યાંજ ઉભો રહેવા કહી તે અંદર ગયો. હું હવે મારી મુરખાઇ માટે પસ્તાવા લાગ્યો, અને તે લોઢાંનો દરવાજો ઉઘાડવાની મેં કોશેષ કીધી, પણ મારી સઘળી મેહેનત ફોકટ ગઇ, તે તો સજ્જડ ખડક માફક જરા હીલ્યો પણ નહીં.

તે રાક્ષસ પાછો ફરયો, અને તેની પાછળ પાછળ આવવાને મને તેણે નીશાણી કીધી પણ હવે મારા હોશ કોશ તો એવા ઉડી ગયા હતા કે મેં તે રાક્ષસને કહ્યું, "ભાઇ જો તારી મરજી પડે તો આજે મેહેરબાની કરી મને જવાદે, હું કાલ બાલ આવીશ" પણ મારા આ સવાલનો જવાબ તે રાક્ષસે આપ્યો નહિ, પણ તે દીવાનખાનામાં બરાબર મારા માથાંની ઉપર ટાંગેલાં એક પીંજરાંમાંના પોપટે આપ્યો, "આવ, અંદર આવ, ભાઇ આવ." અને પછી તે ખરખર હસવા લાગ્યો. હવે તે આખું ઘેર એવાંતો સુગંધી અતરોના વાસથી ભરાઇ ગયું કે મારૂં ભેજું ફરવા લાગ્યું, અને એક ઘેલાની માફક હું અંદર ચાલ્યા કીધો.

આ અદભુત મેહેલમાં મારા દાખલ થવાથી, તેમાંના રહેવાશીઓને બેહદ ખુશાલી ઉપજી હોય તેવું મને લાગ્યું, કેમકે તે રાક્ષસ ખુશાલીથી પોતાના હાથો મસલવા, અને હસવા અને નાચવા કુદવા લાગ્યો; તરત એક મોટી કાલી બીલાડી મારી ગમી દોડી આવી, અને તેપણ ખુશાલીના નીશાણી બતાવી પોતાની ચલકતી કાળી ચામડી મારા પગ સાથ ઘસડવા લાગી; અને એક વાંદરો દોડી આવી તેપણ હજારો ચાળા કરવા અને ખુશી બતાવવા લાગ્યો; પણ આ સઘલું જે મેં જોયું તેમાં મને અચરતી ભર્યું એ લાગ્યું કે તે પોપટ, બીલાડી, અને વાંદરાએ, પોતાની એકેક આંખ ખોહી હતી. તે દીવાનખાનું પસાર કયાંપછી અમો એક પથરના દાદર આગળ આવી પુગ્યા. તે રાક્ષસે ત્રણ વખત તે ઠોક્યું, અને પોતાના મેળે તે ઉઘડી ગયું. અંદર દાખલ થતાં મેં તે હકીમને લાકડાંના એક મોટાં ઢીમરાં ઉપર બેઠેલો જોયો; તે મને જોઇ ઉઠયો, અને મને કોટી કીધી; મેં તેની સલામનો જવાબ આનાકાનીથી વાળ્યો.

તેણે મારૂં ત્યાં આવવાનું કારણ પુછ્યું, અને મેં તેનો જવાબ ટુંકમાં કહી સંભલાવ્યો—કે મારા શેઠનાં કુટુંબની ચાલથી મારાંમાં કેવી પ્રતિજ્ઞા ઉપજી હતી, અને હું તેનો ખુલાસો સાંભળવાને તેની પાસે આવ્યો હતો. "એ જવાન પુરૂષ," તે બોલ્યો, "એ વેપારીનું કુટુંબ અજ્ઞાન છે; પણ તેઓએ મને જે રીતે આવકાર દીધો તેનું કારણ તારી હીંમત ચાલે તો તેઓનેજ પુછ. પણ તું એક શીખેલો અને હોશીયાર આદમી છે, અને જો તારી મરજી હશે તો તું તેનો અછો ઉપ્યોગ કરી શકશે."

"કેવી રીતે?" મેં પુછ્યું.

"મારી ચાકરીમાં રેહ. તુંને દરેક રીતની સગવડ કરી આપીશ, અને તે ઉપરાંત તુંને એક સારો પગાર મળશે."

"ને મારી પાસે શું કામ કરાવવામાં આવશે?" મેં પુછ્યું.

"એવું કામ," તેણે જવાબ દીધો "કે જેથી તુંને ઘણા ફાયદા થશે. મારા ધંધા ઘણા જુદા જુદા છે, હું એક હકીમ છેઊં, અને કીમીઆ પણ જાણુંછું; અને તેથી તારૂં કામ દવાઓ બનાવવાનું, રંગો દળવાનું, મુએલાં જાનવરોમાં ઘાસ ભરવાનું, અને વખતે માણસોના મુદડાંના હાડકાં કાપવાનું વૃતરોગે સોંપવામાં આવશે.

પ્રકરણ ૩ જું.
લોહીલુહાણ.

જે શાંતપણાથી પેલો બુઢો હકીમ ઉપલા સખુનો બોલ્યો તે જોઇ મને ધ્રુજારી છુટી. હું તેથી મુંગો મુંગો ઉભો રહયો, અને તેણે આગળ ચલાવ્યું.

"તુંને વળી તેમ કરતાં મારો ધંધો શીખવવામાં આવશે, અને હું અલબત અગમચેતી કરી શકુંછ કે તેમાં તું બહુ કાબેલીઅત મેળવશે."

પણ એકબારગી હું કબુલબી કરૂં કે હું તેવી કાબેલીઅતબી મેળવું, તોબી જો લોકો અને આજારી આદમીઓ, જેમ તુંને જોઇ બુમ પાડી દુર રહેવા કહેવા લાગ્યાં, તેમ જો મારી સાથેબી કરે તો મને તેમાંથી ફાયદો કેવી રીતે થશે."

"ઓ," તે બોલ્યો, "તું બહું જીગ્નાસુ આદમી છે, અને બારીકે બારીક ચીજની ખબર મેળવવા માંગેછ. ઠીક, જ્યારે તું બોંસજ કરેછ ત્યારે હું તુંને તેનો ખુલાસો કહી સંભળાવું. ખરી વાત એ છે કે જ્યારે કોઇ આદમી આજારી હોયછ, અને દાકતરો તેની તદન આશા મુકાવી દેછ, અને તે છેક મોતની અણી ઉપર આવેછ, ત્યારેજ લોકો છેલા ઉપાય તરીકે મને બોલાવેછ, અને હું તેઓને સાજા કરૂછ, અને અલબત તે આજારી માણુસનાં સગાંઓ પોતાની ખુશાલીમાં મને મોટી મોટી રકમો ભેટ આપેછ. હવે, આએ વેપારી જેને વાસ્તે તું મને બોલાવી લઇ ગયો તે કાંઇ એવી ધાસ્તીમાં નહીં હતો, અને તું મને ત્યાં લઇ ગયો તેથી તે હેબત ખાઇ રીબીને મરી જશે, એમ સમજી તેનાં સગાં વહાલાંઓએ બુમ પાડી."

હું વધારે ને વધારે અચરત થવા લાગ્યો, પણ પાછો મુંગો ઉભો રહયો.

"તું ત્યારે મારી નોકરીમાં રહેછ?" તેણે મને ફરીથી સવાલ કીધો.

મેં આનાકાની બતાવી કારણ કે મને ખુલ્લું દીસતું હતું કે તે હકીમ એક જાદુગર અને ખરાબ ચાલનો આદમી હતો. તેણે ફરીથી સવાલ કીધો અને કહયું કે મારા પગાર તરીકે રોજના મને પાંચ તુમાન આપવામાં આવશે, અને જો એકબી દીવસ તે હકીમ મારો પગાર આપતાં ચુકે તો હું તેની ચાકરી છોડી જવાને છુટો હતો.

"છુટો!" હું બોલ્યો, "કાંય, તું મને પગાર આપે કે નહીં, પણ તું કાંઇ મને તારી ચાકરીમાં જબરી તો કરશે નહીં."

"એ તું ભુલ કરેછ," તેણે જવાબ દીધો, "તારે પાંચ વરસની બોલી કરવી જોઇએ, નહીંતો મુદલ નહીં."

"ત્યારે તો," હું બોલ્યો, "મેં મારો વિચાર ચોક્સ કરયો છે. હું ત્યાંથી જવાની રજા ચાહુંછ, અને ફરીથી તારે દરવાજે કદીબી આવશ નહીં."

"ઓહો, મુરખ!" તે બોલ્યો. "પણ ત્યાંથી જવાને તારો ચોકસ વીચાર હોવાથી, મારે તારી સાથે એક પરોણા તરીકે વર્ત્તવું જોઇએ." એમ બોલી તેણે એક ગુલાબાશ ઉંચકી, અને ઘણી સભ્યતા ભરેલી રીતે તે મારા મોં ઉપર છાંટી, અને પછી મને કોટી કરી, તે ઓરડાનું બારણું ઉઘાડી બોલ્યો, "સાહેબજી! પણ હું ધારૂંછ કે થોડા વખતમાં તુંને માલમ પડશે કે મારા સિવાય કોઇ પણ તુંને ઘેરમાં દાખલ કરનાર નથી, અને જ્યારેબી ત્યાં આવવાની તારી મરજી થશે, ત્યારે ખુશીથી હું તુંને પાછો અંદર લેઇશ."

હું કદીબી ફરીથી તેના દરવાજા આગલ જનાર નથી એમ કહ્યા પછી આ શબ્દો સાંભલી મને ઘણી અચરતી લાગી. હું તેનું મોં ટીકીને જોવા લાગ્યો, પણ તેથી પોતાનું શાંતપણું જરા પણ ખોયા વીના, તે મોટેથી બોલ્યો, "બદનજર!" તે બદસુરતે રાક્ષસ તરતજ

પેલી બીલાડી અને વાંદરા સાથે દાખલ થયો. તે હકીમે તેને હોકમ કીધો કે બહારનું બારણું ઉઘાડી મને જવા દેવો, "પણ," તે આગલ બોલ્યો, "ત્યાંજ ઉભો રહેજે, એ થોડા વખતમાં પાછો આવશે."

આ શબ્દોનો અર્થ હું તે હકીમને પુછવા જતો હતો, તેવામાં તે ઓરડાનું બારણું પોતાની મેલે બંધ થઇ ગયું. હું તેથી તે રાક્ષસની સાથે પેલા દાદર ઉપરથી નીચે ઉતરયો; પણ આ વેલાએ પેલી બીલાડી ઘણાં દુઃખથી પોકાર મારી મીઆઉં મીઆઉં કરતી હતી, તે વાંદરો એક નાનાં છોકરાંની માફક રડતો હતો, અને તે પોપટ મોટેથી દુઃખની ચીચયારીઓ પાડતો હતો, બદનજર, હું ધારૂંછું કે, મુંગો હોવો જાઇએ કારણ કે નહિ તો તે પણ મારા જવાથી પેલા જાનવરોની માફક દલગીરી બતાવતે; જ્યારે હું બહારના દરવાજા આગલ પુગ્યો, ત્યારે જરા મારાં પેટમાં જીવ આવ્યો, અને તે રાક્ષસે જ્યારે દલગીરી ભરેલા ચેહેરા સહીત તે બારણું ઉઘાડયું, ત્યારે ખુશાલીથી એક કુદકો મારી હું બહાર દોડયો, અને થોડો વખત ઉભો રહ્યો પણ નહિ. "તે હકીમ," હું મારા મન સાથે બોલવા લાગ્યો, "કદાચ ઘણો કાબેલ હોશે; પણ આ વેલાએ તો હું એને નાસીપાસ કરૂં અને બતાવી આપું કે હંમેશ કાંઇ તેની અગમચેતીઓ ખરી પડનાર નથી, કારણ કે કદીબી ફરીથી હું તેનાં બારણાં આગલ જનાર નથી. નહિ નહિ, હું હવે તદન સહીસલામત છેઉં અને એમજ રહીશ."

રસ્તામાં મને જે પહેલો આદમી મલ્યો, તે એક આરબ હતો, અને તેણે મને જેવો જેયો તેવો તે બેશુદ્ધ થઇ જમીન ઉપર પડયો, અને હાંફવા લાગ્યો. "ઓ ખોદા!" હું બોલી ઉઠયો, "એનો શું અર્થ હશે?" તેને ઉંચકવાની મેં કોશેષ કીધી, પણ તેથી તે વધારેને વધારે તરફરીઆં મારવા અને હાંફવા લાગ્યો, અને તેથી હું તેને ત્યાંજ મેલી આગલ ચાલ્યો. જ્યારે મેં થોડેક દુર ગયા પછી પાછું ડોકું ફેરવ્યું, ત્યારે મેં તે આરબને ઉઠીને જીવ લઇ નાસતાં જેયો.

"ઠીક," હું બોલ્યો, "એબી અજબ છે કે મારો ચેહેરો જેયાથી તે આરબ ઉપર આવી અસર થઇ; પણ કદાચ મારી દાઢી, કાતરની મુલાકાત લેવા માંગતી હોશે; હું કોઇ હજામને ત્યાં જઇ કપાવી ઠીક કરાવું. ભોગ જેગે હું જે રસ્તાપરથી જતો હતો, ત્યાંજ એક હજામની દુકાન આવેલી હતી, તે બધાં ઘરાકોથી ભરાયલી હતી. હું દાખલ થયો, દરેક જણે પોતાનું ડોકું મારી તરફ ફેરવ્યું, અને તેવીજ દરેક જણે ભયંકર ચીચયારી પાડી; કેટલાકોતો બેશુદ્ધ થઇ પડયા, અને કેટલાકો હાંફતા અને કોરાનની આયતો ભણુતા બહાર નાસી ગયા.

મારા ચેહેરાથી આએ જે ભય પંથરાતી હતી તેનું કારણ શોધી કાઢવાને, મેં તે હજામની આરસી ઊચકી લીધી, અને તેમાં મારૂં મોંહ જેતાં તેનું કારણ મને માલમ પડયું—ઓ ખોદા! મારૂં આખું મોંહો લોહીના ડાઘાઓથી ભરાઇ ગયું હતું, અને તે એવું તો ભયંકાર લાગતું હતું કે જાણે હું દોજખમાંથી નીકલી આવ્યો હોવું; મને હવે કાંઇ શક રહયો નહિ, કે એનું કારણ પેલા ગુલાબાશમાંથી છાંટેલો ગુલાબ હતો. હું તરત એક પાણીનાં માટલાં ભણી દોડયો, અને તે ભુસરવાની કોશેષ કીધી; પણ અફસોસ! તે ડાઘા કદીબી ફીટે નહીં તેવા હતા. હું તે હકીમને હવે દીલોજાનથી શ્રાપ દેવા લાગ્યો, કારણ કે તે ડાઘા કાઢવાને તેને અરજ કરવાને એકવાર ફરીથી, તેના કહેવા પ્રમાણે, તેનાં ઘર તરફ ફરવાની મને ફરજ પડી. કારણ કે સર્વેથી તજાયલો, ધિક્કારાયલો, અને કોઇનીબી સોબત વિના હું કેવી રીતે જીવી શકું!"

તેથી દલગીરી ભરેલાં અંતઃકરણ સહીત મેં તેનું બારણું ઠોકયું, જે તરતજ પેલા રાક્ષસે ઉઘાડયું, અને તેપરથી હું સમજ્યો કે તે મારી રાહ જેતો ઉભો રહયો હશે. "મને તારા શેઠ પાસે લઇ જા." હું બોલ્યો.

તેણે વાંકો વલી સલામ કીધી, અને હું તેની પાછળ અંદર દાખલ થયો; તે પોપટ એકવાર ફરીથી મોટેથી બુમ પાડવા લાગ્યો, "આવ, ભલે આવ!" અને પછી ખરખર હસ્યો તે બીલાડી તથા વાંદરો પણ હુન્નરી રીતે પોતાની ખુશાલી બતાવવા લાગ્યાં. એક વાર ફરીથી હું તેની હજુરમાં દાખલ થયો. તે મને સભ્યતાથી આવકાર દઇ બોલ્યો, "મેં તુંને કહ્યું હતું કેની કે આપણે થોડા વખતમાં પાછા મલશું; દુનિયામાં માત્ર મારાજ ઘેરમાં તુંને આવકાર મલશે."

"આ મારાં મોં ઉપરના ડાઘા કાઢ," હું બોલ્યો, "અને દુનિયામાં મારૂં ગુજરાન કરવાને હું શક્તીવાન થઇશ."

"મુશ્કીલ" તે હકીમ બોલ્યો, "તારે પાંચ વરસ સુધી પહેલાં મારી ચાકરી કરવી જોઇએ. ડાહ્યો થા, મારી સાથે રહેવાને કબુલ કર, અને જો તું મને દરેક બાબદમાં તાબે થશે, તો તે મુદત પછી તુંને કદીબી ચાકરી કરવી પડશે નહીં, અને તું સ્વતંત્ર થશે; પણ મારી દરખાસ્ત નાપાડ, અને હાલ જેવો છે તેવો ફરીથી યાદ રાખજે કે ફરીથી હું તુંને મારાં ઘરમાં દાખલ કરનાર નથી."

હું હવે મારાં કમનસીબ ઉપર વીલાપ કરવા લાગ્યો, અને પેલો આદમી જેણે મને તે ઘર બતાવ્યું હતું તેને શ્રાપ દેવા લાગ્યો, "યા ખોદા હું હવે શું કરૂં?"

"તાબે થા, ચાકરી કર, અને મને માન આપ" તે હકીમ બોલ્યો, "અને જો તું ઉદ્યોગથી કામ કરશે તો દર વરસે તારાં મોં ઉપરના દસ ડાઘામાંના બે ડાઘા ભુસરાતા જશે; બીજી કોઇબી રીતે એ ભુસરવાનો મારો ઇલાજ નથી."

"મને તું વચન આપેછે" હું બોલ્યો, કે "પાંચ વરસ પછી હું પૈસાદાર થઇશ, અને મારા મોંહ ઉપર કાંઇ પણ ડાઘા વિના તું મારો ત્યાંથી છુટકારો કરશે?"

"તેનો તો તારી ઉપર આધાર છે," તે હકીમ બોલ્યો, "જો તું મને તાબે થશે, અને ઉછાંછળો બનશે નહીં, તો તું પૈસાદાર બનશે અને તારો ચેહરો પણ જેવો હતો તેવો થઇ જશે."

હું તેથી ત્યાં રહેવાને કબુલ થયો, અને તેના હુકમને તાબે થવાનું મેં વચન આપ્યું. આ પળે તે વાંદરો અને બીલાડી ખુશાલીથી કુદતાં કુદતાં, હું ધારૂંછ કે તે ખબર નીચે પોપટને કહેવા, હેઠળ દોડી ગયાં, કારણકે થોડા વખતમાં તે પોપટની પણ ખુશાલીનો અવાજ ઉપર આવવા લાગ્યો, પછી બદનજર પાસેના ઓરડામાંથી એક કાગજ લઇ આવ્યો, અને તે ઉપર અમોએ અમારૂં ઉપર મુજબ લખત કીધું અને અમારી સહી મુકી, અને બદનજર સાક્ષી થયો. તે લખત ઉપર મુકેલી શહી વાંચવાથી મને માલમ પડ્યું કે મારા શેઠનું નામ તબનગ હતું; અને આહ! જે દીવસે મેં તબનગ અને બદનજરને જોયા તે દીવસ મારો ખરોજ કમબખ્તીનો દીવસ હતો.

પ્રકરણ ૪ થું.

ધાંચીનો બેલ.

હવે હું તબનગની ચાકરીમાં રહેલો હોવાથી તે ઘરમાં સઘળે ફરીને જોવાની મારી ઇચ્છા થઇ, અને તેથી મારો શેઠ ખુશીથી ઉઠી મને લઇ ચાલ્યો. અમો પેહેલા જે ઓરડામાં ગયા તેમાં તરેહવાર જાતનાં વાહાડકાપનાં હથિયારો, તથા મુવેલાં પક્ષીઓ, અને માણસોનાં મુડદાંઓ હતાં; બીજો ઓરડો પણ તેવીજ જણસોથી ભરેલો હતો; પણ તેમાં એક ચીજ જે મને ઘણી અચરતી ભરેલી લાગી, તે એક શુમારવીનાની મોટી ભેંસનાં શીંગડાંની બનાવેલી એક કમાંન હતી.

"તું તે ખેંચી શકશે?" તે હકીમ બોલ્યો.

"મને ફીકર લાગેછે કે હું તે ખેંચી શકનાર નથી," હું બોલ્યો.

"જો કોશેષ કર," તેણે જવાબ દીધો. "હું ધારૂંછ કે તું જોરાવર છે, અને તે કારણને લીધે તુંને મારી નોકરીમાં રાખવાને હું ઘણો આતુર હતો."

તે પરથી મેં તે કમાન ખેંચવાને મારૂં જેટલું જોર હતું તેટલું કાઢ્યું, પણ તે કમાન જરા હીલીબી નહીં, તોપણ તબનગના કેહેવા પ્રમાણે મેં તેના આગલા સઘળા ચાકરો કરતાં વધારે જોર દેખાડ્યું હતું, અને તેથી તે અત્યંત ખુશી હતો. મેં પછી તેને પુછ્યું કે કોઇબી આદમી તે ખેંચી શકતો હતો યા નહીં? જે પરથી તે બોલ્યો, "હા, એકજ જણ તે ખેંચી શકે છે, અને તે બદનજર છે." એમ બોલી તેણે પોતાના કમરના પટામાંથી એક સીસોટી કાઢી, અને તે મોટેથી ફોડી, જેના જવાબમાં નીચેથી બદનજરે નહીં પણ પેલા પોપટે સીસોટી ફોડી જવાબ આપ્યો, અને તરતજ બદનજર અમારી આગળ આવી ઉભો રહ્યો.

તબનગે પેલી કમાન તરફ આંગળી કરી, અને તે રાક્ષસે એક પગ તે ઉપર મુકી, પોતાના જોરાવર હાથના એકજ આંચકાથી તે કમાન વાળી નાંખી.

પછી અમો તે ઓરડામાંથી બહાર નીકળ્યા, અને તેની જમણી બાજુએ એક બારણું જોયું, જે મને ઘણું અજાબ જેવું લાગ્યું, કારણકે તે તરફથી મેં ત્રણ ફેરા ખાધા હતા, પણ પહેલાં મને તે દેખાયું હતું નહીં, અને તેની બાજુએ વળી એક બીજું બારણું હતું.—અને તે બેઉ કાળાં રંગેલાં હતાં. અમો ઓરડામાં દાખલ થયા, જે ઘણો વીશાળ હતો, અને તેની બરોબર વચમાં એક મોટું ભયંકર ચકર હતું, જેની ઉપર ચાંમડાંનો પટો વીંટાલેલો હતો, અને તે પટો તે પરથી થઇ પાસેના ઓરડામાં લીધેલો હતો. તે મોટાં ચકરની પાસે એક નાનું દાંતા તથા કમાન સાથનું સપાટ ચકર—જેવું કે કેટલેક ઠેકાંણે કુવામાંથી પાણી કાઢવાનાં કામમાં આવે છે તેવું—હતું. એ ચકર કોઇ બળદ પાસે ખેંચાવતા હશે એમ મેં ધારયું, પણ તેની પાસે ઘણી અજબ રીતે બનાવેલી એક જુસરી પડેલી હતી.

"આ ઓરડા વિષે વધારે તું થોડા વખતમાં જાણશે' તે હકીમ બોલ્યો: અને હું ધારૂંચ કે હવે તુંને દેખાડવા લાયક સઘળી ચીજો મેં બતાવી છે, અને બાકી બીજું કાંઇ રહ્યું નથી."

"ને ત્યારે પાસનો ઓરડો તું મને દેખાડતો નથી?"

"ઓ બેવકુફ આદમી!" તબનગ ઘણા ગંભીર અવાજે બોલ્યો, "જો મને ધ્યાનથી સાંભળ—તે ઓરડાનાં બારણાં આગળ જવાની કદીબી હીંમત કરતો ના. તેનાં બહુ ખરાબ પરીણામ નીપજશે. આવતી કાલે કામે વળગવાને સવારના જલદી ઉઠજે. બદનજર એને હવે એના ઓરડામાં લઇ જા."

એમ બોલી તે હકીમ ત્યાંથી ચાલી ગયો, અને રાક્ષસ ત્યારબાદ મને એક નાની સરદીવાલી કોટડીમાં લઇ ગયો, જ્યાં એક ભાગો તુટો ખાટલો પડેલો હતો, અને તેની પાસે એક તીજોરી હતી, જે ઉંઘાડી હતી. તે રાક્ષસે તે તીજોરી બંધ કીધી, અને તેની કુંચી મારા હાથમાં મેળી જે પરથી હું સમજ્યો કે મારા રોજના પાંચ તુમાન તેમાં મેળવાને વાસ્તે તે હશે. સાંજના હું ઘેરના ચોકમાં ફરવા નીકળ્યો, જ્યાં થોડા વખતમાં મારો શેઠ પણ આવ્યો, અને મારી સાથે તે વાતચીત કરવા લાગ્યો, અને માણસોનાં અજ્ઞાનપણાં તથા મુરખાઇ ઉપર તેણે ઘણા સખત ટીકા કીધા, અને દરેક ધર્મ માટે તુચ્છકારથી બોલ્યો. તેમાં કેટલું પાણી છે તે શોધી કાઢવું કાંઇ સેહેલાઇનું કામ નહીં હતું, અને તે સુની, શીઆ, તુરક અથવા કાફર, કે કોણ છે તે મને માલમ પડયું નહીં. તે ખરેખર એક હોશીઆર અને દુનીયામાં ઘડાયલો માણસ હતો, પણ તેમ શેતાન સાથે તે વેહેવાર રાખતો હતો તેબી ચોકસ હતું.

મેં મારૂં ખાનું મારા શેઠની સાથે લીધું, અને તે વેળા બદનજર અમારી આગળ હાથ જોડી ઉભો રહ્યો, અમો ખાઇ રહ્યા પછી તેણે પોતે થોડુંક ખાધું, અને બાકીનું તે પોપટ, બીલાડી અને વાંદરા વચ્ચે વેહેંચી નાંખ્યું.

મેં પછી તે હકીમને પુછ્યું કે "ઘેરમાં મારાં દાખલ થવાથી તે જાનવરોને ઘણી ખુશાલી ઉપજી હતી તેનું કારણ શું હતું?" તે પરથી તે બોલ્યો, "કારણકે જ્યારથી મારો છેલ્લો મદદનીશ ત્યાંથી ગયો, ત્યારથી એ જાનવરોને ઘણુંજ સેહેજ અથવા મુદલ ખાણું આપવામાં આવતું નહીં; અને તેથી તેઓએ બીજાને અંદર આવતાં જોઇ બરોબર વીચાર કરયો કે હવે તેઓને હમેશની માફક ખાણું મળશે."

"પણ," હું આગળ બોલ્યો, "તુંને બીજો મદદનીશ મલે ત્યાં સુધી તેઓને ખાણું નહીં આપવાનું તુંને શું કારણ હતું?"

"હું પોતે પણ સેહેજ ખાતો હતો," તે બોલ્યો, "ખરેખર મારેથી બીજું કાંઇજ થઇ શકે નહીં, પણ મને કાંઇ સવાલો પુછ ના."

"મારે હવે," હું બોલ્યો, "માત્ર એકજ વધારે સવાલ પુછવો છે અને તે એકે તારાં સઘળાં જાનવરોને એકજ આંખ છે તેનું કારણ શું?"

"કારણકે," તે બોલ્યો, "તેઓ સઘળાં બેવકુફ હતાં, અને મારા હોકમને ના તાબે થયાં."

આ ઘણો અસંતોષ ભરેલો જવાબ હતો, પણ મને મુંગો રહેવાની હવે ફરજ પડી. મેં તે રાત શાંત કાઢી, અને સવારના બદનજરે આવી મને ઉઠાડયો, અને ઇશારત કરી મને દીવાનખાનામાં બોલાવી લઇ ગયો, જ્યાં તબનગ અમારી રાહ જોતો હતો. તે રાક્ષસ મને પેલાં ચકરવાલા ઓરડામાં લઇ ગયો, અને તે હકીમ પેલો પાસેનો ઓરડો જેમાં મને લઇ જવાની તેણે નાપાડી હતી તેમાં દાખલ થયો. પણ પેલું સપાટ ચકર જે મેં બળદને વાસ્તે ધાર્યું હતું તે મારે વાસ્તે જોઇ મારી અચરતી વીષે શું બોલું! પેલી નવાઇ જેવી જુસરી મારાં ગળાં ઉપર નાંખવામાં આવી, અને તમ્મર આવતા અટકાવવાને મારે આંખે પાટા બાંધવામાં આવ્યા, તથા મારા બે હાથ એક લોઢાંના સળીઆ ઉપર મુકી પટાથી બાંધી લેવામાં આવ્યા; અને હું એક બળદની માફક ચાલવાની ઇશારતની રાહ જોતો ઉભો. તે ઇશારત એક ચાબકાના ફટકામાં મને મળી. તે મહેનત ઘણીજ સખત હતી, અને મારાં ગુંઠણો રહી ગયાં.

આ ઘાણીના બળદનાં જેવાં કામપર હુ અડધો કલાક સુધી રહયો, એવામાં પાસેના ઓરડામાંથી એક સીસોડી ફુટી, જેથી હું સમજ્યો કે તે કામ અટકવાની નીશાણી હશે, પણ તેને બદલે તો મારા બરડા ઉપર એક જોસથી ચાબકનો ફટકો પડયો, અને તબનગનો ઝીણો અવાજ સંભળાયો, "જલદી, જલદી." મારા શેઠ અને હાંકનારને બેઉને ખુશી કરવાને હવે મને બનતી કોશેષ કરવી પડી. આખરે એક મોટો અને લાંબો વખત ચાલુ રહેલો સીસોડીનો અવાજ સંભળાયો, અને તે રાક્ષસે મારા ગળાં ઉપરથી જુસરી કાઢી નાંખી અને મને છુટો કીધો. હું પરસેવાથી ગરકાવ ઢાંકેલો જમીન ઉપર પડયો. થોડા વખતમાં તે હકીમ, અડધો નાગો, મારા ઓરડામાં દોડી આવ્યો, અને હાંફતો હાંફતો જમીન ઉપર પડી 'પાણી, પાણી' કરી બુમ પાડવા લાગ્યો, જે તે રાક્ષસે તરત લાવી આપ્યું.

હું ધારતો હતો કે મેં ઘણું ખમ્યું હતું, પણ તે હકીમના અંદરનાં દુઃખનું તો વર્ણનબી થઇ શકે નહીં; અને આખા ઘેરમાં માત્ર તે રાક્ષસજ શાંત ઉભો હતો, કારણ કે પેલી બીલાડી, વાંદરો અને પોપટ પણ દુઃખના પોકારો મારતાં હતાં. થોડા વખત પછી તે હકીમ ઉઠયો, અને મને તે ઓરડામાંજ રહેવા દઇ, બદનજર તેને ઓરડામાંથી લઇ ગયો. હું એકજ દીવસમાં મારાં કામથી ધરાઇ ગયો હતો, અને ત્યાંથી જવાને આતુર બન્યો. પણ હું શું

કરી શકું ? તે નાપાક હકીમે મારાં મોં ઉપર જે ડાઘો મુક્યા હતા તેથી મારો ઠેડાવ અમલમાં લાવતાં હું અટકી શકયો.

પછી તે રાક્ષસ મને પણ તે ઓરડામાંથી લઇ જઇ બારણું બંધ કીધું. હવે પાસેના ઓરડામાં શું થતું હતું તે જોવાની મને બહુ જીજ્ઞાસા થઇ, પણ તે રાક્ષસ મુંગો, અને હકીમે તેમાં જવાની ના પાડેલી, એટલે મારી ઇચ્છા પુરી પાડવાનો હાલ તરત તો મેં કાંઇ સંભવ જોયો નહિ. સાંજના મને તે રાક્ષસ આવી બોલાવી લઇ ગયો, અને હું તેની સાથે મારા શેઠના ઓરડામાં ગયો, ત્યાં મેં તેની સાથે, મને જે રીતે વર્તવામાં આવ્યો હતો, તે માટે તકરાર કરવાનો મેં ઠેડાવ કર્યો. તે પોતાના ઓરડામાં આગલા દીવસોની માફકજ શાંત ચેહેરા સહીત બેઠેલો હતો, અને તેની આગલ પલાવ અને મીઠાઇ, તથા શરબત અને ઠંડાં પાણીનો કુંજો હતો; તેની સાથે ખાનું ખાવાને તેણે મને સભ્યતાથી બોલાવ્યો.

"નહીં." હું બોલ્યો, "એક કે જેને એક જાનવર ગણવામાં આવ્યો, તે પલાવ અને મીઠાઇ ખાવા હવે બેસી શકે નહિ."

તે હકીમે તેનો કાંઇ જવાબ દીધો નહિ, પણ પોતે પેટ ભરતું ખાઇ સુવા ગયો. હું ઘણો ભુખો હોવાથી તે રાક્ષસ જે ખાણાંની રકાબી ઊંચકી લઇ જવા આવ્યો, તેની સાથે બહાર ગયો, અને તેમાંથી થોડુંક મેળવવાની આશા રાખતો હતો; પણ અફસોસ ! તરતજ તે વાંદરો અને બીલાડી તે રાક્ષસનાં ખભાં ઉપર ચઢી બેઠાં અને તે રકાબીઓ જરા વારમાં સાફ કરી નાંખી, અને સેહજ મીઠાઇ જે તે રાક્ષસે અગાઉથી ઉંચકી લીધી હતી તે નીચે પોપટને વાસતે લઇ ગયો.

"ઠીક," હું મારાં મન સાથે વીચાર કરવા લાગ્યો; "એબી ડહાપણ શીખવાની એક સારી નીશાળ છે. આવતી કાલે તો હવે બચ્ચાંની માફક રીસાવાને બદલે મારા હાથમાં હોય તેટલામાં ખાઇ લેવું.

પ્રકરણ ૫ મું.

હું કાણો થયો.

બીજે દીવસે પણ તેવીજ રીતની મેં કંગાલીયત જોઇ; મને તે ચક્કર સાથે જોડવામાં આવ્યો, અને જ્યારે હું ફરતો હતો ત્યારે પાસેના ઓરડામાં કાંઇ સણસણ જેવો અવાજ, તથા તે સાથે ધાતુઓ ઉપર મોટા હથોડા પડવાથી થતો ખણખણાટ મને સંભળાયો, આખરે તે કામ પુરૂં થયું, અને તે હકીમે મારા ઓરડામાં આવી મને સેકીન કરી મુબારકબાદી આપી કે આજે મેં સારૂં કામ કીધું હતું અને હંમેશ તે પ્રમાણે કરવું, પછી મને તે ખાણાં ઉપર લઇ ગયો; મેં તે દીવસે કાંઇપણ બડબડ કરયા વિના તે લીધું, અને ખરેખર તે ઘણું સ્વાદિષ્ટ હતું.

એ પ્રમાણે દીવસો પછી દીવસો ચાલી ગયા; કોઇ વખતે મને મોટાં ચક્કર સાથે તો કોઇ વખતે નાનાં ચક્કર સાથે જોડતા હતા, પણ દરેક વખતે જ્યારેબી મને મોટાં ચક્કર સાથે જોડવામાં આવતો, ત્યારે કામ ખલાસ થયા પછી પેહેલા દીવસની માફક તે હકીમ હાંફતો હાંફતો મારા ઓરડામાં આવી પડતો હતો; મારો પગાર પણ કબુલાત પ્રમાણે મને રોજ આપવામાં આવતો હતો, અને મને સરસ ખાણું મળતું હતું. હું એક વરસ સુધી તે હકીમની ચાકરીમાં રહયો, અને તેટલા વખતમાં મારી ખુશાલી વચ્ચે મારાં મોં ઉપરના બે ડાઘા જતા રહ્યા જે પરથી મને દીલાસો આવ્યો કે પાંચ વરસની મુદતમાં તે સઘલા ફીટી જશે. હવે સાડાચાર વરસ સુધી મેં શું શું ખમ્યું તેનું વર્ણન કરવા હું થોભીશ નહીં, પણ તે મુદતની આખેરીએ જે બનાવ બન્યો તેથી, તું આલી જનાબને, વાકેફ કરીશ."

એક દીવસ તે હકીમને બસોરાથી આવેલાં એક વહાણના કપતાનનાં મોતના બીછાના આગળ બોલાવી લઇ જવામાં આવ્યો. તે રાક્ષસ મારા શેઠના ઉપયોગને માટે કાંઇ પાલો તૈયાર કરવામાં ગુંટાયલો હતો, અને હું નવરો તથા એકલો હતો. મને જે ઓરડા માટે સાવચેતી આપવામાં આવી હતી, તેમાં ચીમાઇને જોવાની મને બહુ જીજ્ઞાસા થઇ; અને એક કરતાં વધારે વખત હું તે બારણા આગળ ગયો, પણ મારા કાનમાં ડહાપણ શીખામણ દેવા લાગ્યું કે હવે મારી મુદતના માત્ર છ મહીના બાકી છે, અને તે હકીમનો ગુસ્સો માથે ખેંચી લેવું મુનાસેબ નથી, જોકે હું વીચારવા લાગ્યો કે તે હકીમે તે પારખવું તદન અશક્ય હતું. એક દીવસ તે હકીમ પેલા બીમાર કપતાન આગળથી પાછો આવ્યો, ત્યારે મને કહેવા લાગ્યો કે તે કપતાન તદન સારો થયો હતો. "હા," તે આગળ બોલ્યો, મગરૂબીઆ (જે તે આરબ કપતાનનું નામ છે), તેણે જે દીવસે મને બોલાવ્યો તે દીવસને સદા આશીષ દેશે."

એ વાતને એક મહીનો થયા પછી હું એક દીવસ ઘેરની અગાશી ઉપર તે રાક્ષસ સાથે કામે વળગેલો હતો, તે વારે નીચે પ્રમાણે થાળી પીટાતી મેં સાંભળી,—કે "એક વહાણના કપતાન મગરૂબીઆની છોકરી તેનાં ઘરમાંથી એકાએક ગુમ થઇ છે, અને જેબી તે વાસ્તે કાંઇબી ખબર આપશે તેને મોટું ઇનામ આપવામાં આંવશે." હું અજબ થયો, પણ તે વાત મારા શેઠને કહી નહીં, કારણ કે મેં વીચાર કીધો કે મારી માફક તેણે પણ તે થાળી સાંભળેલી હોવી જોઇએ.

થોડા દીવસ પછી લોગ જોગે વળી પાછો હું એકલો પડયો, અને ઘેરમાં ફરતાં મેં કોઇના રડવાનો અને ડચકાં ખાવાનો પેલા છુપા ઓરડામાંથી અવાજ સાંભળ્યો; મેં બરોબર ધ્યાન દીધું, અને મને કાંઇ શક રહયો નહીં કે તે અવાજ એક સ્ત્રીનો હતો. "ઓ ખોદા," હું બોલ્યો. "એ પેલા આરબ કપતાનનીજ છોકરી હોંવી જોઇએ, ઓ જો એમજ હોય તો મારી મુદત પુરી થશે કે હું ત્યાંથી જઇ એના બાપને એ વીષે ખબર આપું અને મોટું ઇનામ મેળવી યઝદ શેહેરમાં જાવું, અને ત્યાં મારા મીત્રો યાસમીન અને મોહોબતઅલી સાથે તે વેહેંચી સુખમાં બાકીના દીવસો કાઢું."

નજદીકમાં કોઇ નહીં હોવાથી મેં તે ઓરડામાં ચીમાઇને જોવાનો ઠેડાવ કર્યો. ઘરમાં સઘળું શાંત હતું, તે પોપટ જેનું પીંજરૂં પેલા ઓરડાની બરોબર સાંમે ટાંગેલું હતું તેપણ સુતેલો હતો, અને તે બીલાડી અને વાંદરો કેહે બીજે ઠેકાણે રમતાં હતાં. તે બઇરીનાં રડવાનો હજુર અવાજ આવ્યા કીધો, અને મેં તેને હાંક મારયો હતો, પણ પેલા પોપટથી મને ઘણી ડર લાગતી હતી, કાંરણકે જ્યારેબી તે કોઇને વાત કરતાં સાંભળતો ત્યારે ચીચયારીઓ પાડી મોટો ઘોંઘાટ કરી મુકતો અને એવી રીતે તે જગ્યાએ પેલા રાક્ષસને લાવતો. મેં તે બારણું તપાસ્યું, પણ તે અંદરથી બંધ કીધેલું હતું. અંદર ચીમાઇને જોવાને મેં કુંચી નાકાં આગળ મારી આંખ ધરી, એવામાં એકાએક મારાં ભેજાંમાં બળતાંનો ચમકાત થયો અને મારી જમણી આંખનો તદન નાશ થયો, તથા મારી ડાબી આંખ ઘણી નબલી થઇ તેમાં એવું તો દુઃખ ચાલવા લાગ્યું, કે મારેથી રોશની પણ જોવાઇ શકી નહીં, અને મારી ઉપર જેવી આ આફત વીટી તેવી તે પોપટે એક મોટી ચીચયારી પાડી, અને પીંજરામાં એક તરફથી બીજી તરફ ઉડી તરફડીઆં મારવા લાગ્યો.

તરત તે રાક્ષસ નીચે દોડી આવ્યો, અને તે મારી આંખ જોઇ નહીં શકે એવા વીચારથી મેં તેની તરફ મારી પીઠ ફેરવી પણ સઘળું ફોકટ; તે બરોબર ચેતી ગયો હતો, અને તરતજ દોરડું લાવી એક થાંભલા સાથે મને એવો તો તુહટ બાંધ્યો કે મારાં શરીરમાં મારૂં લોહી પણ ફરતું અટકયું. મારી જમણી આંખ કાળા કોલસા જેવી થઇ ગઇ હતી, અને ડાબી આંખ ઘણી દુઃખતી હતી તથા દરેક પળે હું ઓછું ને ઓછું જોઇ શકતો હતો. પણ

તોબી તબનગને ઘરમાં દાખલ થતાં મેં જોયો, અને મારી આવી હાલત જોઇ તે બહુજ ગુસ્સે થયો.

"મુરખ!" તે બોલ્યો, "મેં તુંને કહ્યું હતું નહીં કે તે ઓરડામાં ડોકયું કરવાથી તારૂં સત્યાનાશ વળશે. તુંને તારો બદલો મળ્યો છે. આજે ત્યાંથી એક ભીખારી, અને વળી આંધળો તુંને દુનિયામાં છુટો મેળવામાં આવશે. બદનજર," તે બોલ્યો, "એ કંગાલને છોડ, અને એને બહાર કાઢી મુક."

મેં ઘણાબી કાલાવાલા કરી તેની પાસે થોડા તુમાન માંગ્યા, પણ સઘળું ફોકટ; એક ખોટોબી તુમાન તેણે મારા હાથમાં મેળ્યો નહીં. એક વખતની સેહેજ નાતાબેદારીથી મારી નજદીક પાંચ વરસની સઘળી મેહેનત બરબાદ ગઇ હતી, અને તે ચાકરી માત્ર એક ભીખારીજ નહીં, પણ વળી નજદીક આંધળો, અને પેલા દસમાંના બે ડાઘા સહિત છોડી; પણ તે ડાઘા ખોદાના કરવાથી મારી દાઢી ઉપર આવેલા છે, અને તે ઉપર ઘણા બાલ ઉગવાથી દેખાતા નથી, અને એ આલીજનાબ તે તુંને દેખાડવાની મને ફરજ પાડશે નહિ એવી અરજ કરૂંછું

હું ત્યાંથી ભીખમાંગતો બસોરા ગયો, અને બસોરાથી મોખા તરફનો રસ્તો લીધો, જ્યાં જવાની તે નાપાક હકીમે મને શીખામણ આપી હતી; પણ તેમ કરવામાંબી તે શું પરાક્રમ રચ્યો હતો, તે થોડા વખતમાં માલમ પડયું.

મોખા ગયા પછી મારી ડાબી આંખ જરા સુધરી અને હું જોવા લાગ્યો. એક દીવસ હું ભીખ માંગતો રસ્તામાં ફરતો હતો તેવામાં એક મજબુત બાંધાના આદમીએ મારો હાથ પકડયો અને મારી પાસે પોતાની છોકરી માંગવા લાગ્યો.

"ઓ ખોદા!" હું બોલ્યો; "તું કોણ છે? ને તું એ શું બકેછે? મારા કબજામાં કોઇબી સ્ત્રી નથી."

"હું" તેણે જવાબ દીધો, "મગરૂબીઆ કપતાન છું, અને તારી પાસથી મારી છોકરી ઝનાનાને માગુંછ, જેને લઇ તું નાસી ગયો હતો અને જે—ભલા તબનગ હકીમના કેહવા પ્રમાણે—તારા બચાવ હેઠેળ રહેછે."

"ઓ સાહેબ," હું બોલ્યો, "તેને ભલો કેહે ના; તે માણસનાં રૂપમાં શેતાન પોતે છે, અને પાંચ વરસ સુધી મને દલદેસરી કરવાથી સંતોષ નહીં પામી, તેણે તુંને ઠગ્યોછે કે તું તારા ગુસ્સામાં મારો જીવ લે. તારી છોકરી મને ફીકર લાગેછ કે તે નાપાક હકીમનાં ઘેરમાંજ છે; અને તે બાબદની તહેકીક કરતાં મેં આ મારી જમણી આંખ ખોઇ છે."

પેહલાં તો મગરૂબીઆએ મારી વાત માની નહીં, પણ જ્યારે મેં તેને મારી સઘલી તવારીખ કહી સંભળાવી, ત્યારે તેની ખાતરી થઇ અને તે તેને હજારો ગાળો દેવા લાગ્યો અને બોલયો કે "બગદાદના હાકેમની મદદ લઇ હું મારી છોકરી મેળવીશ" પછી તેણે મને મકે તેની સાથે જવાની બોહોંસ કીધી પણ મેં નરમાશથી તે અરજ ના પાડી અને તેનાં તે કામમાં ફતેહ ચાહી.

આ વાતને થોડા દીવસ થયા પછી હું એક વેપારીને ત્યાં ચાકરી રહ્યો, અને મારૂં કામ દેશાવર ખાતે મોકલવાની કાફી કોથળાઓમાં ભરી સીવી તૈયાર કરવાનું હતું. હવે મારા શેઠનું ઘેર તેની વખારથી ચાર માઇલ દુર આવેલું હોવાથી, ત્યાં રોજ જવાને મને એક આરબી ઘોડો આપેલો હતો તે ઉપર બેસી હું એક દીવસ મારાં કામ ઉપર જતો હતો, એવામાં જંગલમાં મારો રસ્તો ભુલ્યો અને દુર નીકળી ગયો. આખરે જ્યારે મેં જોયું કે હું એક ઘણી ખડકવાલી

જગ્યાએ આવ્યો હતો, અને મારા ઘોડાના પગ ઠરતા નથી, ત્યારે હું તેને એક ઝાડના ઠડ સાથે બાંધી મારો રસ્તો શોધી કાઢવાને એક ઉંચી ટેકડી ઉપર ચઢયો.

એવામાં દુરથી મને એક જઇફ ડોસો દેખાયો જેને મેં વાંકો વળી સલામ કીધી અને મારો રસ્તો પુછ્યો. તેણે મને જોઇતી ખબર આપી અને ત્યાંથી ઘણું નજદીકમાં આવેલાં તેનાં ઝુપડાંમાં જરા આસાએશ લેવાની તેણે મને અરજ કીધી. મને તો હવે દરેક જઇફ આદમીને જોઇ દીલમાં ધ્રુજરી છુટતી હતી કારણ કે તેથી તરત તબનગ મને યાદ આવતો હતો, પણ હાલ તરત ખરી બપોર થવાથી તથા તડકાંથી મારી આંખ બહુ દુઃખવાથી મેં તેની અરજ બહાલ રાખી, જ્યાં ગયા પછી તેણે મારી આગળ દુધ, રોટલી અને ખજુર મુકયાં. હું ખાઇ રહ્યા પછી તે બોલ્યો, "મારા મીત્ર, તુંને કાંઇ બહુ દુઃખ થતું હોય તેવો તું લાગેછે. તારી એક આંખ તદન જતી રહી છે, અને ડાબી આંખ ઘડી ઘડી તું ડાબ્યા કરે છે?"

"અરે સાહેબ," હું બોલ્યો, "હું બગદાદના હકીમને નામે ખપતા એક બદબખતના હાથમાં ફસી પડયો હતો."

તે બુજરોગ પુરૂષ આ શબ્દો સાંભળી ચોંકયો અને બોલી ઉઠયો, "ઓ ખોદા, તે તબનગ તો નહીં હોય?"

"ઓહો," હું બોલ્યો, "ત્યારે તો તું તેને ઓળખે છે?"

"હા, હું ઓળખું છ" તે બોલ્યો, "જ્યારે સઘળા હકીમોએ મારી આશા મુકી હતી ત્યારે તેણે મને સાજો કીધો, પણ તેનો મને ભારી બદલો આપવો પડયો. મારી છોકરીને તે ચોરી લઇ ગયો, મારી બઇરી એકાએક મરી ગઇ, અને મારાં વહાણો (કારણ કે હું એક વેપારી હતો તે) સઘળાં ડુબી ગયાં, અને હું એક ભટકતો ભીખારી બન્યો. જ્યારે મેં પેહેલાં તબનગને બોલાવા કહ્યું ત્યારે મારા સઘળા મીત્રોએ મને ઘણો સમજાવ્યો કે એ વાતથી હાથ ઉઠાવ, કારણકે તે તુંને સાજો કરશે પણ તારા મનનું સુખ સદાનું છીનવી લેશે, અને તારી આખી જીંદગી સુધી તને દલગીરીના દરીયાવમાં ગરકાવ કરશે. મેં તેઓના એ વેહેમની દરકાર કીધી નહીં, અને આખરે તેઓનો બોલ ખરો પડયો, અને મારા મનનું શાંતપણું સદાનું ગયું. પાંચ વરસની વાત ઉપર, મને તારા જેવોજ એક દુઃખી માણસ મળ્યો હતો, જેણે મારી આગળ તબનગની સઘળી વાતો કહી સંભળાવી; અને તું એ પણ, હું ધારૂંચ કે, તેની માફક પેલા ઓરડામાં નજર કરવાથી તારી આંખ ખોઇ છે."

મેં તેના જવાબમાં ડોકું ધુણાવ્યું, અને પછી મારી સઘલી હકીકત તેને કહી સંભલાવી.

"તું ઘણો કમનસીબ છે ખરો," તે બોલ્યો, "પણ મારાં ઝુપડાંની અંદરના એક ઓરડામાં એક માણુસ મરવા સુતો છે, જેણે માત્ર તબનગનીજ નહીં, પણ સેહતાનની પોતાની ચાકરી કીધી છે."

તે બુજરોગ પુરૂષ પછી મને અંદર લઇ ગયો, જ્યાં એક બિછાના ઉપર તવાઇ હાડપીંજર જેવો થઇ ગયેલો એક આદમી પડેલો હતો, હું તેની નજદીક ગયો, પણ મારી અજાએબીનું શું વર્ણન કરૂં? કારણ કે તે મરવા સુતેલો આદમી તે પેહેલો શખસ જેણે મને તબનગનું ઘર દેખાડયું હતું તેજ હતો.

મેં જ્યારે તે વાત પેલા પીરને કહી ત્યારે તે બોલ્યો, "એમ હોવુંજ જોઇએ કારણકે જ્યાં સુધી એ તબનગને માટે ભોગો મેલવી શકતો હતો, ત્યાંસુધી જીવતો હતો, પણ તું તેની ચાકરીમાંથી નીકલ્યો ત્યાર પછી કોઇબી માણુસ તેને નહીં મળવાથી તેની આ હાલત થઇ છે. તેનેથી આવાં દુઃખમાં જેટલું બન્યું તેટલું મને કહી સંભલાવ્યું છે, અને તે નીચે પ્રમાણે છેઃ—

તેનેબી કોઇએ તે હકીમના ઘેરમાં ફસાવ્યો હતો, અને જાતે બહુ કંગાલ હોંવાથી તેની નોકરી કબુલ કીધી; પણ કમનસીબે તેણે પેલા છુપા ઓરડામાં મુદલ નજર કીધી નહીં."

"ઓહો, હું ઇચ્છુંછ કે હુંબી તેના જેવો કમનસીબ હતે" હું બોલ્યો.

"નહીં, મારા દીકરા," તે પીર બોલ્યો, "તારી નાતાબેદારી માટે દીલગીર થવાને બદલે સામું ખુશી થવાનું તુંને કારણ છે. સાંભળ, પાંચ વરસની મુદત પુરી થયા પછી તે હકીમ, તેની તાબેદારીનો બદલો આપવાને તેને છુપા ઓરડામાં લઇ ગયો. અને હજી તે તેનો ઉંબર ઓલંગે નહીં તેટલાં મોટી કાળા પાંખોવાલું એક રાક્ષસી કદ તેને દેખાયું, અને તેનાં ખભાંને અડકી તે બોલ્યો, "એ તો મારો, હમેશ સુધી મારો થયો!" અને તરત ગેબ થઇ ગયું. એ બિચારાના ધાસ્તીથી હોશ કોશ ઉડી ગયા, અને બેશુદ્ધ થઇ જમીન ઉપર પડયો; જ્યારે તેને પાછા હોશ આવ્યા, ત્યારે તે હકીમથી તેણે તેનો ખુલાસો ચાહયો; જે ઠંડે કલજે બોલ્યો કે તે હવે સેતાનનો નોકર થયો હતો, પણ જો દર પાંચ વરસે અથવા તો જ્યારેબી તે ચાહે ત્યારે તેને માટે એક જોરાવર મદદનીશ તે મેલવી શકે તો તે સુખ અને દોલતમાં જીવી શકશે, અને તે માટે શેહેરમાં તેને છુટો પણ મુકવામાં આવશે; પણ જો તેમાં તે નીષ્ફળ થાય તો તેનો ભયંકર વખત નજદીક આવશે, અને સેતાન તેને ઊચકી જશે.

તે તેને માટે બે મદદનીશો મેળવી શકયો, જેઓની જીજ્ઞાસા અને નાતાબેદારીએ તેઓની આંખ ખોવારી પણ તેઓનો આત્મા બચાવ્યો. તારા પછી, એ બીજો કોઇ મદદનીશ નહીં મેળવી શકયાથી બગદાદમાંથી નાસી આવ્યો, અને વીચારતો કે એવી રીતે સેતાનના પંજામાંથી તે છુટશે; પણ આ જંગલમાં તેના દુશ્મને તેને પકડી પાડયો. હું ધારૂંછ કે એણે મને પેલાં બે ચક્રરનો ભેદબી સમજાવ્યો. મોટાં ચક્રરથી દોજખમાંથી સેતાન સોનું રૂપું લઇને ઉપર આવતો હતો, અને નાનું ચક્રર પૈસા ઉપર છાપ પાડવામાં કામે આવતું હતું.

"અને તારી તવારીખ ઉપરથી જણાયછ કે તબનગને કોઇ મદદનીશ નહીં મળવાથી તેણે એક કન્યાને ચોરી સેતાનને રાજી રાખવાની કોશષ કીધીછે."

આ સાંભળી મને વીચાર આવ્યો કે જો એ વાત ખરી હોય તો માત્ર એકજ આંખની નુકસાનીથી છટકી જવાથી મારે સામું ખુશી થવું જોઇએ. "અને તું શું ધારેછ," હું તે પીરને પુછવા લાગ્યો, "કે બુઢા તબનગનું હવે શું થયું હશે?"

"હું તે કહી શકતો નથી," તેણે જવાબ દીધો; "પણ તે વેપારીની છોકરી આપવાથી જો કદાચ સેતાને તેને બચાવ્યો પણ હોય, તોબી તેની મોટી દોલત તેની પાસે રહેવા દીધી હોય એમ હું ધારતો નથી."

અમો ઉપર પ્રમાણે વાત કરતા હતા ત્યારે તે સીક આદમી બીછાનામાં દુઃખથી તડફડયાં મારતો હતો, અને હવે એકાએક બુમ પાડી બોલ્યો, "ઓ આવેચ! આવેચ!!" અમો આથી બીહી તે ઓરડામાંથી નાસી ગયા, અને એક કલાક સુધી ત્યાં જવાની હીંમત કીધી નહીં. તે પીરે આખરે પાછો નજદીક જવાની હીંમત કરી, અને પાછો આવી મને કહેવા લાગ્યો કે આખો ઓરડો ધુમાડાએ ભરાઇ ગયો હતો, અને અંદરની કોઇબી ચીજ દીસતી હતી નહીં. થોડા વખત પછી અમો બેઉ જણા સાથે અંદર ગયા. તે વેળાએ તે ઓરડામાં મુદલ ધુમાડો હતો નહીં, પણ તે બીમાર આદમીબી ત્યાં હતો નહીં, ને તેની કાંઇબી નીશાણી ત્યાં દેખાઇ નહીં.

તે ભલા પીરે મને મારાં દુઃખ માટે દીલાસો દીધો, અને પછી પેલા અભાગ્યા પુરૂષ માટે અમો બેઉ જણાએ બંદગી કીધી, અને તે પીરે મને મારો રસ્તો દેખાડયાથી હું મારા

શેઠની વખારે ગયો, જ્યાં મારો શેઠ પણુ આવેલો હતો. મેં તેની આગળ જે ખુલાસો કીધો તેથી તે રાજી થયો, અને મને કાંઇ ઠપકો આપ્યો નહીં. આખરે હું મોખા કાશીથી કંટાળી ગયો, અને એક ટક મળતાં, ઘોડાઓથી ભરેલાં મુંબઇ તરફ આવતાં એક પડાવમાં મેં જગા લીધી, અને તે ઘોડા વેચનારની ચાકરીમાં રહેવાની અરજ કીધી, જે તે વેપારીએ તરત બાહાલ રાખી, મુંબઇમાં આવ્યા પછી અમારા ઘોડા તરતજ કીનારે ઉતારવામાં આવ્યા, અને ઘોડા તો તેજ દીવસે વેચાયા. મારો શેઠ તેથી ઘણો ખુશી થયો; કારણકે તેણે ત્યાંથી નીકળ્યા પેહેલાં બીજા ઘોડાઓ તેની પાછળ મોકળવાનો હોકમ કીધો હતો, પણ રૂતુ ખરાબ હોવાને લીધે ત્રણ મહીના સુધી તે આવી પુગ્યા નહીં.

તે ઘોડાઓને કીનારે ઉતારવાને તથા કાંઇબી અકસમાત થતો અટકાવવાને મને તે વહાણુપર મોકલવામાં આવ્યો, પણ જ્યારે તે વહાણુના કપતાન તરીકે મેં મગરૂબીઆને જોયો ત્યારે મારી અચરતીનો પાર રહયો નહીં. તેણે પેહેલાં તો મને ઓળખ્યો નહીં, પણ મારી નીશાણી આપતાં તે મારો હાથ હીલવી બોલ્યો કે મને મળવાથી તે બહુ ખુશી થયો હતો. મેં તેને તરત પુછયું કે તે પોતાની છોકરીને મેળવવામાં ફતેહ પામ્યો હતો કે નહીં?”

“અફસોસ! નહીં,” તે બોલ્યો; “તે નાપાકે મારી દીકરીને સદાની છીનવી લીધી છે. બગદાદ ગયા પછી મેં ત્યાંના હાકેમ આગળ મારી બીના કહી, જેણે તરતજ પોતાના લશકરને હોકમ કીધો કે તે હકીમના ઘરને ઘેરો ઘાલવો. તેના ઘેરનું આગલું બારણું ઉઘાડું હતું, જે જોઇ તે ઘણો અચરત પામ્યો. અમો અંદર દાખલ થયા. પેહેલી ચીજ તો પીંજરામાં મુએલો એક પોપટ અમોને દેખાંયો અને દાદર ઉપર વાંદરો અને બીલાડી બેઉ મુએલાં પડેલાં હતાં. મેં તારા કહેવા પ્રમાણે તે દીવાનખાનાની જમણી બાજુનું બારણું ઉઘાડયું, પણ તેમાંથી એટલો તો ધુમાડો નીકળવા લાગ્યો, કે એક પળમાં આખું ઘર ભરાઇ ગયું, અને સઘળી શોધ ત્યાંની ત્યાંજ રહી ગઇ; અમો તે ધુમાડાથી એવા તો ગુંગળાઇ ગય કે અમારેથી નહીં જોવાયું કે નહીં દમ લેવાયે હતો.

મેં બીજી વખત તે હાકેમ આગળ ફરીયાદ કીધી, જેણે તે ઘર જમીનદોસ્ત કરી નાંખવાનો હોકમ કીધો; પણુ તે કામ માથે લેવાની દરેક જણે સાફ ના પાડવાથી તેનાં ઘેરની સાંમે મોટી ટોપો ગોઠવવામાં આવી, અને દારૂગોલો શરૂ કીધો, પણુ તેથી તે ઘેરની ઉપર લગાર પણુ અસર થઇ નહીં. તોપચીની ગમે તેટલીબી સંભાળ અને નેમ છતાં ગોળાઓ સાફ તે ઘરનાં છાપડાં ઉપરથી ઉડી નીકળી જતા, અને આજુબાજુનાં ઘેરો તથા આદમીનો નાશ કરવા લાગ્યો. થોડા વખતમાં ત્યાં લોકો ટોળાબંધ આવી દારૂ ગોળો બંધ કરવાને અમોને બહુ આજીજી કરી કહેવા લાગ્યાં કે તેથી શેહેરના ઘણાં માણસો મરણુ પામ્યાં હતાં. અમો આથી બહુ અચરત થવા લાગ્યા, અને દારૂગોલો બંધ કરી, હાકેમને પાછી તેની ખબર કહી. હાકેમ પણુ તે સાંભળી બહુ અજબ થયો અને ઘેરને સુરંગથી ઉડારવાને પોતાનાં માણસો મોકળ્યાં. તરત તેઓએ હુશીઆર ખાણુ ખોદનારાઓને લઇ તે ઘેરનો પાયો અંદરથી પોકલ કરી નાંખ્યો, અને પછી અંદર દારૂ ભરી સળગાવ્યો, પણુ કાંઇ વલ્યું નહિ. અમોને તે કોશેષ છોડી દેવાની ફરજ પડી, અને તે ઇમારત હજુર સુધી જેવીને તેવી મકમ ઉભેલી છે.

જ્યારે મેં તે કપતાનને કહ્યું કે તે સેતાનનું ઘેર હતું, અને મેં પોતે અજાણુમાં સેતાનની નોકરી કીધી હતી, ત્યારે તેની અજાએબી ઓછી થઇ, અને બોલ્યો, “જો એમજ હોય તો અમારી કોશેશ નીષ્ફળ ગઇ તેમાં કાંઇ અચરતી જેવું નથી; કારણુ કે સેતાનની સાથે લડવા પેહેલાં આપણુને ઘણી મજબુત તોપો અને દારૂગોળો શોધી કાઢવો પડશે.”

પણ આ શબ્દો તેનાં મોંમાથી ક્વચિતજ બહાર પડયા તેવામાં તેનું આખું શરીર ધ્રુજવા લાગ્યું, તે વહાણની તુટક ઉપર હાંફતો હાંફતો પડયો, તથા તેના ડોળા દેવાના આદમીના ડોળા માફક ફરવા લાગ્યા, અને પાંચ મીનીટમાં તે મુદદું થઇ પડયો. કેવો દુઃખદાયક દેખાવ! મારો મીત્ર જે પાંચ મીનીટ અગાઉ એક તંદરોસ્ત અને જીવતો આદમી હતો, તે હાલ મટોડીનાં હાલાંમાફક મુડદું પડયો હતો. તબનગે તેની ઉપર કીનો લીધો હતો."

મેં પછી મગરૂબીઆને ક્રીયા કરી દફનાવાનો હોકમ કરી, ઘોડાઓને કીનારા ઉપર ઉતારયા. તેમાંથી ત્રીસ એક ઘોડા હેદરાબાદ તથા નાગપોર ખાતે મોકલવાને મારા શેઠે પસંદ કીધા, અને તેની સાથે જવાનો મને હોકમ કીધો, અને તેના જે પૈસા આવે તે ત્યાંના મહમદ અલીખાન નામના એક આરબ વેપારીની પેહેડીમાં ભરવાને કહ્યું.

સઘલી ચીજ તૈયાર થતાં અમો હેદરાબાદ જવાને ઉપડયા, અને પુણા, સીરૂર, અને ઔરંગાબાદથી અમારો રસ્તો લીધો. અમો હેદરાબાદથી એક દીવસની કુચે આશાએશને માટે છાવણી નાંખી પડયા હતા, તેવારે એક માણુસ મારી આગલ આવ્યો અને મને કહેવા લાગ્યો કે તેના શેઠનો ઘોડો બહુ દુબલો થઇ જવાથી તે મારી પાસથી એક સારો ઘોડો ખરીદવાને ઇચ્છતો હતો.

"ને તારો શેઠ કયાં છે?" મેં પુછયું.

"તેનો તંબુ જ્યાંથી થોડેક દુર એક અમરાઇ તલે નાંખેલો છે; અને તે તારી ત્યાં રાહ જોતો ઉભો છે, વાસ્તે જો તું મારી સાથે તારો સૌથી સરસ ઘોડો લઇ આવશે તો મોટી મેહેરબાની થશે."

"તે પૈસાદાર છે?" હું બોલ્યો.

'ઘણોજ," તેણે જવાબ દીધો.

"ઠીક," હું બોલ્યો, "હમણાં હું તેના તંબુ આગલ આવ્યો.'

એમ બોલી, મેં એક સૌથી ઉમદા ઘોડો ચુંટી કાઢયો, અને તે માણુસ સાથે તેના શેઠના તંબુ આગલ ગયો, અને તે ઘોડા સાથે હું બહાર ઉભો રહયો, તેટલાં તે ચાકર અંદર જઇ પોતાના શેઠને તે ખબર કહી આવી મને પુછવાં લાગ્યો કે જો મને કાંઇ હરકત નહિ હોય તો તેનો શેઠ તે ઘોડા ઉપર તેની ત્યાં અજમાએશ લેવા માંગતો હતો.

"ખચીત કાંઇજ નહિ," મેં જવાબ દીધો; "જ્યાં જમીન સારી છે, અને મારી ખુશી છે કે તેની દરેક રીતે તે તપાસ લે, એ ઘણો ગરીબ અને કાંઇબી ખોડ ખાપણ વીનાનો છે."

"એ ઝડપથી દોડી શકેછ?" તંબુમાથી મને કોઇએ પુછયું.

"હા, સાહેબ," મેં જવાબ દીધો, "ઝડપમાં તો એ પેગંબરના બોરાક સમાન છે."

આ શબ્દો હું હજુરતો બોલી રેહેતું તેટલાં મારૂં ઘરાક, જેનું મોં શાલવતી ઢાંકેલું હતું તે તંબુમાંથી આવી એકદમ ઘોડા ઉપર કુદી પડયો, અને ઓસ્તવાર બેઠા પછી પોતાના મોં ઉપરથી શાલ કાઢી નાંખી મારી તરફ પોતાનો ચેહેરો ફેરવ્યો; પણ ઓ ખોદા! તે કોણુનો ચેહેરો હતો? પેલા બગદાદના જાદુગર તબનગનો, જે હું ધારતો હતો કે સેતાન સાથે કામમાં રોકાયલો હશે, અને ફરીથી મારા વાટમાં આવશેજ નહિ. તે ઘોડાની બાજુમાં કાંટા ભોંકી પહાડો અને ખીણો કુદાવતો એક પળવારમાં મારી નજર આગલથી ગેબ થઇ ગયો, અને ત્યારપછી મેં તેને ફરીથી જોયો નથી અથવા તો તેને માટે કાંઇ સાંભલયું નથી. હવે હું શું કરૂં? મેં તેના અભાગ્યા ચાકરને પકડયો, અને પૈસા માંગ્યા; પણ તે બીચારો નીર્દોષ જે વાખાનો મારયો તેની ચાકરીમાં રહેલો તે શું કરે? "ખરેખર, સાહેબ," તે બોલ્યો, "હું જાણુતો નહિ હતો કે તે

માણસ એવો છે, નહિ તો એની ચાકરીમાં રેહેતે નહીં, પણ તારા ઘોડાના બદલામાં એનો આએ ઘોડો તું લઇ જા.”

મેં હકીમના ઘોડા તરફ નજર કરી, અને ખરેખર તેનાં કરતાં વધારે દુબલું ગધેડું મેં જોયું હતું નહિ. તે બંગાલના હલકી જાતના ઘોડાઓમાંનો એક હતો, અને ઘણી ખોડવાલો હતો. મારા ખુબસુરત આરબ ઘોડાની આએ બદલીમાં! હું શું કરૂં? મારા શેઠની આગળ શું મોહોડું દેખાડું? ને તેઓ મારી વાત કેમ માને? ખરેખર તેઓ મારી વાત માનવાના નહિ, ને તેનો બદલો મને મુંબઇમાં જોવો પડવાનો.

મેં મારી સાથે તે ચાકર તથા ઘોડાને લીધો, અને મારા શેઠનાં મારી સાથે આવેલાં બીજાં માણસો આગળ તેઓને લઇ જઇ મારી હકીકત કહી સંભળાવી. તેઓ કાંઇ બોલ્યાં નહીં, પણ એક બીજાને આંખ મારવા લાગ્યા જે પરથી હું સમજ્યો કે તેઓ મારી વાત માનતા હતા નહીં. થોડા વખતમાં મહમદઅલી ખાનને તે વાતની ખબર થઇ, અને મેં ગમે તેટલો સમજાવ્યો અને સોગંદ ખાધા, તથા તે હકીમના ચાકરે સાહેદી આપી પણ સઘળું ફોકટ ગયું. મને તેણે બંદીખાને નખાવ્યો, અને દરેક રીતનું દુઃખ દેખાડયું તથા ભુખમરો પાડયો અને તે મુદત પછી જ્યારે કાંઇ વળેલું જોયું નહીં, ત્યારે મને છોડયો, અને ભીખારી હાલતમાં કાઢી મુકયો; તે હાલતમાં હું હજુર સુધી રહેલો છું; એક દીવસ ભટકતો હું આ શેહેરમાં આવી પોંહોંચ્યો જ્યાં યાસમીનને બજારમાં લંગડાતાં ચાલતા જોઇ, અચરત પામ્યો. ત્યાં મને મારી મોટી દલગીરી વચ્ચે માલમ પડયું કે તે પણ મારા જેવોજ કમનસીબ નીવડયો હતો અને તેથી અમો બેઉ જણા દશ વરસની મુદત પુરી થવાની આતુરતાથી રાહ જોવા લાગ્યા, કે મોહોબતઅલી પૈસાદાર બની અમોને ચઝદમાં મળશે અને પાળશે અને એક મહીનો પછી આજ શેહેરમાં, તને ઠુંઠો અને અમારી માફક ભીખ માંગતો જોઇ અમારી સઘળી આશાનો ભંગ થયો. તે કેમ અને કેવી રીતે આવી હાલતમાં આવ્યો તેનું બ્યાંન, તું આલી જનાબ આગળ, તે હમણાં કહી સંભળાવશે.

સોરટીની ટીકીટ.

(એક સંપુર્ણ વાર્તા.)

લખનાર—'અદી.'

કાલે મારી બાયડીની વરસગાંઠ હોવાથી એ મારી વ્હાલી પ્રીયાને તેણીની શાલગરેહને શુભ ટાંકણે કંઇ ચીજની નવાજેશ કરી તેણીને ખુશી કરવાના વીચારમાં ને વીચારમાં, સાંજે મારાં કામપરથી ફારેગ બની, હું બ્રોડ વે નામના મોહલ્લામાંથી મારો રસ્તો લેતો હતો. તેણીને માટે કંઇ જણુસ લેવું યા સુંદર પોષાક તેણીને ભેટ આપું એવા વીચાર મારા મનમાં ભમતા હતા તેવામાં મારી ખાંધપર ધીમેથી કોઇએ હાથ મુકયો અને મને થોભવા જણાવ્યું. થોભીને તે ધણી તરફ જોતાં મને માલમ પડયું કે તે શખ્સ સાઠાઠ વરસનો એક બુઢો ગ્રહસ્થ હતો.

"હું ધારૂંછ કે તમારૂં નામ મી० બ્રેમ્પતન છે" તેણે મને પુછ્યું.

"હા, મારૂં નામ તેજ છે" મેં કહ્યું.

"હું એક ચોક્કસ અગતની બાબતસર તમોને કાંઇ પુછવા માંગુંછ. તમો મારી સાથે મારે ત્યાં પધારશો?" તે ધણીએ ઘણીજ નરમાસથી મને ઉપલો સવાલ પુછ્યો.

ઘડીઆળમાં જોતાં મને માલમ પડયું કે હજી જરાક સક્કારૂં હતું, તેથી મેં તે ગ્રહસ્થની સાથ જવા કબુલ્યું, અને તરેહવાર મોહલ્લાઓ પસાર કર્યા પછી તેનાં ઘર આગલ, કે જે બોન્ડ નામના મોહોલ્લામાં હતું ત્યાં હમો જઇ પુગ્યા. પોતાના એક ખાંનગી ઓરડામાં તે મને લઇ ગયો અને મને ત્યાં એક ખુરસીપર બેસવા જણાવી પોતેબી મારી સાંમે બેઠો અને પછી નીચે પ્રમાણે તેણે બોલવા માંડયું:—

"મારૂં નામ મોરતન છે. હું હાલ કાંઇ નોકરી ધંધો કરતો નથી, પણ મારી પાસ પુરતી પુંજી એકઠી કીધેલી હોવાથી એકાંત જીંદગીજ ભોગવુંછું. મારી ઘણી જાગીરો છે, જેનાં ભાડાં હું પોતે જાતે ઉઘરાણી છું. ગઇ કાલેજ હું તે સઘલાં ભાડાં ઉઘરાવી લાવ્યો હતો અને રાતના તે બધા પૈસા મેં પેલી તમો સામે જુવો છો તે તીજોરીમાં બંધ કીધા હતા; લગભગ તે રકમ ૫૦૦૦ ડૉલર જેટલી હતી. જ્યારે આજે સહવારનાં તે બધો અવેજ બેંકમાં મુકી આવવા સારૂ હું તીજોરીમાંથી તે કહાડવા ગયો કે જોઉંછ તો તીજોરીમાં એક પૈ પણ નથી. અનામત તે રકમ કોઇ ચોરી ગયું છે, તીજોરી તદન આખીજ હતી. હું ધારૂંછ કે જેબી ધણીએ એ ચોરી કીધીછ તેની પાસ તીજોરીની બીજી કુંચી હોવીજ જોઇએ."

ઉપલું બોલી રહ્યા પછી તે થોભ્યો અને મારી તરફ જોવા લાગ્યો. તેને સવાલ પુછવાની હવે મારી વારી આવી.

"તમો કોણ પર શક લઇ જાવો છો?"

"મને કંઇબી સમજ પડતીજ નથી મી० બ્રેમપત, જ્યારે મેં એ ચોરી વીષે મારા વકીલોને જણાવ્યું ત્યારે તેઓએ મારી આગળ તમારૂં નામ દીધું અને તમોને એ કેસ સોંપવાની મને ભલામણ કીધીછ."

"તમારી સાથ બીજું કોણ વસેછ?" મેં પુછ્યું.

"ફક્ત હું મારી બાયડી અને બે દાસીઓ સીવાય મારે ત્યાં બીજું કોઇજ નથી."

"તમોને તે કામ કરનારી છોકરીઓપર શક છે?"

"નહીં, મુદલ નહીં. તે બેઉ જણીઓ તો ઘણો વખત થયો મારે ત્યાં નોકરી છે. મને તેઓપર તો મુદલ શક નથી. આ ચોર કોઇ બાહારનો ત્રાહીત શખ્સજ હોવો જોઇએ." તે બુઢો બોલ્યો.

"તમો જણાવોછ કે તીજોરી સહવારનાં બંધજ હતી અને ઘરનાં બારણાં કોઇએ મુદલ ભાગ્યાંતાંજ નહીં, ત્યારે તો તે ચોર પાસ તમારાં બારણાંઓનીબી કુંચી હોવી જોઇએ. ઘણુંજ અજબ જેવું છે, પણ જરાક મહેરબાંની કરી મને ફેરવીને તમારૂં બધું ઘર દેખાડશો?"

મી૦ મોરટન તરતજ ઉઠયા અને મને ઘર બતલાવવા માંડયું. તે ઘરમાં દાખલ થવાના બે રસ્તા હતા. એક તો આગલું મોટું બારણું હતું ત્યાંથી અને બીજો રસ્તો એક બારી વાટે હતો જે બારી, પાસેનાં છાપડાંની અડોઅડજ આવેલી હતી. હવે જો પાસેના ઘરનું કોઇબી આદમી મોરટનનાં ઘરમાં દાખલ થવા માંગે તો સહેલાઇથી એ બારીમાંથી તે આવી શકે એમ હતું. બધાંની તપાસ કર્યા પછી વીગતવાર બારીક નોંધો ટપકાવી લઇ ત્યાંથી તે ઘરધણીને મેં બીજે દીવસે આવવાનું જણાવી રૂખસદ લીધી. ઘર જતાંને વાર મેં તે નોંધો પાછી બરાબર વાંચી જોઇ અને હવે તે પરથી સાર ઉપજાવી કાઢવા માંડયા. મેં ખબર કહાડી કે મી૦ મોરટનનાં ઘરની જમની તેમજ ડાબી બાજુએ કોણ કોણ રહેતું હતું. જે બાજુમાં મી૦ મોરટનનાં ઘરની બારી આવી હતી ત્યાં મી૦ કારપેનતર કરીને કોઇ શખ્સ રહેતો હતો; અને તે મી૦ કારપેનતરનાં ઘરમાં મી૦ મોરતનનો એક ભત્રીજો હમેશાં આવજાવ કરતો હતો. બારીક પુછપરછ કર્યાથી માલમ પડયું કે જે દીવસે ચોરી થઇ તે દીવસે મી૦ મોરટનના આ સગાએ તે માળ કે જેનાં છાપડાંપરથી મી૦ મોરટનનાં ઘરમાં કુદાતું હતું ત્યાં ઉતારો લીધો હતો. આવી રીતની બધી જુસતેજો કરી હું પાછો બીજે દીવસે મોડેથી મી૦ મોરટનને ત્યાં ગયો. મી૦ મોરટન, પોતાનો પેલોજ ભત્રીજો કે જેની પર મને જરાક શક હતો, તેની સાથ વાતે રોકાયા હતા. તે સોહામણા ચેહરાનો એકવીસ વરસનો એક જુવાન્યો હતો, અને બાહેરના તેના દેખાવ પરથી તે ઘણોજ નીરદોશ અને ભલો દેખાતો હતો. તેણે જે પેષાક પેહેડયો હતો તે બહુજ એસકી અને કીંમતી હતો. જ્યારે હું તે ઓરડામાં દાખલ થયો ત્યારે કાકા ભત્રીજા બેઉ પેલી ચોરીનીજ વાતો કરતા હતા. જેવો હું દાખલ થયો કે થોડા વખતમાં પેલો જુવાન્યો ઓરડો છોડી ચાલી ગયો અને હવે મને મી૦ મોરટન પુછવા લાગા "કેમ મી૦ બેમ્પટન કંઇ નવી જુની ખબર?"

"હું તમોને તમારા સવાલનો જવાબ આપું તેની આગમજ જે થોડાક સવાલ હું તમોને પુછવા માંગુંછ તેના જવાબ તમારે મને આપવા પડશે?" મેં જરા તડખાત બેસાડયો.

"મોટી ખુશીથી."

"તમારી તીજોરીની કેટલી કુંચીઓ છે?"

"ફક્ટ એક."

"જે રાત્રે ચોરી થઇ તે રાત્રે આ કુંચી તમારા સ્વાધીનમાં હતી."

"હા, તે કુંચી હું હંમેશ જે ખીલાપર ઓલવુંછ ત્યાંજ મેં ઓલવી હતી?"

"તમો જણાવોછ તેમ તમારી, સાથ તમારી બાયડી અને પેલી બે ચાકરડીઓ સીવાય કોઇ રહેતુંજ નથી?"

"હા, પણ હાલ મારી બાયડીબી મારે ત્યાં નથી. તેણી તો આજ ત્રણ અઠવાડયાં થયાં ફીલેડેલફીયામાં પોતાને મહીરે ગયલી છે."

"એમ કે? વારૂં જે રાત્રે ચોરી થઇ તે રાત્રે તમોને જરાકબી ગડબડનો સાદ સંભલાયો હતો?"

"આસરે સહવારનાં પોહોરમાં ત્રણએક વાગે કસાંનો ખડખડાત મને સંભલાયો હતો ખરો, પણ તે અમસથો હશે કરીને હું સુઇજ રહ્યો."

"સહવારના જ્યારે તમો ઉઠયા ત્યારે તમોએ તીજોરીની કુંચી તેજ ખીલાપર જોઇ હતી કે?"

"હા."

"વારૂં તમારાં આગલાં બારણાંની કેટલી કુંચીઓ છે?"

"બે. એક હું રાખુંછું અને બીજી મારી બાયડી રાખે છે."

"હવે હું જે બીજું માંગુંછ તે એ કે તમારી દાસીઓને જરાક મારી આગલ બોલાવો." તરતજ તેઓને બોલાવવામાં આવી. મેં તેણીઓને તરેહવાર સવાલો પુછયા પણ કંઇબી જાણવા જોગ ન મલવાથી તેમને પાછી મોકલી દીધી.

"વારૂં, મી૦ મોરટન જ્યારે હું ઓરડામાં આવ્યો ત્યારે તમો કોઇ એસકી જવાન સાથ વાત કરતા હતા, તે ધણીનું નામ મને જણાવશો?"

"તેનું નામ રૉબર્ટ લવ છે, અને તે મારો ભત્રીજો થાય છે."

"એવણ શું ધંધો કરે છે?"

"એક વેપારીની પેહેડીમાં એવણ કલાર્ક છે"

"શું કમાય છે?" ઉપરા સાપરી સવાલો પુછવાનું મેં જારીજ રાખ્યું.

"વરસ દહાડે ૭૦૦ ડોલરનો એનો પગાર છે, પણ મી૦ બ્રેમપતન એ બધા સવાલોનું શું કામ?"

"એ બધાંનુ કારણ આસ્તે આસ્તે તમોને માલમ પડશે," અખાડા કરીને ઉડાવનારો જવાબ મેં આપ્યો.

"પણ તમારા ભત્રીજાને તમારા પાડોશીઓ સાથ બહુ સારૂં છે એમ મેં સાભલ્યુંછ."

"હા જરાક છે તો ખરૂં, કોઇ કોઇ વખત તો એ આખી રાત તેઓને સાંજ તોડી પાડેછે."

"તમોને એની પર પુર ભરોસો છે કે?"

"મારો પુર વીસ્વાસ એ મારા પ્રમાણીક ભત્રીજા પર છે. હું નહીં ધારતો કે તમો એની ઉપર શક લઇ જાવો."

"એ કમાયછ તો ફકત ૭૦૦ ડોલરજ કેની?"

"હા, પણ એટલામાંથીબી રૉબર્ટને એની વીધવા મા અને બેહનનું ગુજરાણ કરવું પડેછ."

"એમ છે, ત્યારે મી૦ મોરટન, આટલા થોડા પગારમાં આવો ઠાઠ માઠ એ શાનો રાખેછ? અને આવી મોંઘી હીરા જડીત વીંટીઓ શાની લટકાવેછ?"

"વીંટી લટકાવેછ? શું કહોછ મી૦ બ્રેમપતન મેં તો કાંઇ એના હાથપર વીંટી જોઇજ નહીં?"

"તમોએ નહી જોઇ હશે પણ મેં તો જોઇછ. તે ઘણીજ કીંમતી હતી અને અંદર સફેદ નંગ જડેલું હતું. ઓછામાં ઓછી તેની કીંમત ૫૦૦ ડાલરની હશેંજ હશે."

"ખરેખર! એ વીટી લાવ્યો ક્યાંથી? હું એને પુછી જોઇશ" મી૦ મોરટન ગુસ્સાથી લાલચોળ થઇ જઇ બોલ્યા.

"નહીં. નહીં, એવું ભુલ ભરેલું પગલું લેતાજ ના, નહીં તો મારી બધી શોધપર પાણી ફેરવશો. બેઅદબી માફ છે, પણ હાલ તરત તો મારો ધારેલો શીકાર એ તમારો ભત્રીજોજ છે. હમણા તો એ વાત એને કાને મુદલ જવી જોઇએ નહીં અને તમો પણ એની સાથ જેમ આગળ વરતંતા હતા તેમજ વરતજો કે એને મુદલ શક પડેજ નહીં. બીજું હું

તમોને પુછુંછ તે એ છે કે જે નોટો ચોરાઇછ તે તમો જાણોછ કેવી હતી? તમો તે નોટોને ઓળખી શકશો?"

"તે ઓળખવાની તો હું બરાબર ખાતરી આપી શકતો નથી, પણ તેમાં ઘણી નોટો બૅલ્ટીમોર બેંકની હતી એટલું હું જાણુછું."

"આ રોબર્ટ લવ રહેછે કયાં?"

મી૦ મોરટને મને તેનાં ઘરનું ઠેકાણું આપ્યું અને મેં ત્યાંથી હવે રજા લીધી. રસ્તે ચાલતાં હવે આગળ કેમ પગલાં ભરવાં તેના હું વીચારમાં પડયો. મારી હવે લગભગ ખાતરી થઇજ ચુકી હતી કે રોબરટેજ આ ચોરી કીધી હતી. મને તે મારા અભાગ્યા શીકારને માટે દયા લાગી આવી. જુવાનીમાંજ આવી રીતનું બુરૂં કર્મ કરી પોતાની ભવીષની બાંધેલી આશાઓ પર તેણે આવી રીતે જે કાપ મેલ્યો હતો તેને માટે મને દયા લાગી આવી. વળી તેની વીધવા મા કે જે પોતાના આ એક પુરા દીકરાનાં પ્રાક્રમથી બીનમાહેતગાર હતી, અને જેણી પોતાનું તેમજ પોતાની એક દીકરીનું ગુજરાણ આ અભાગ્યા દુકતાની કમાઇમાંથીજ કરતી હતી, તેણી જ્યારે તેજ દીકરાની આવી લુચ્ચાઇઓ અને ચોરીઓ જાણશે ત્યારે તેણીને કેવું દુઃખ થશે તેનો મને વિચાર આવવા લાગ્યો.

પણ તે વિચાર એક પલમાં નાબુદ થઇ ગયો અને દયાની લાગણી તરતજ મનમાંથી નીકલી ગઇ, કારણ કે મારા ધંધાની રૂહે હરેક બુરાઓને તેઓની ફ્રેજે પુગાડવાની મારી પવીત્ર ફરજ મને યાદ આવી.

બધા વીચારો પડતા નાંખી આગળ કેમ પગલાં લેવાં તેનો મેં ઠેડાવ કીધો.

જે કીંમતી વીટી મેં રોબર્ટને આંગળે જોઇ હતી, તેવી કીંમતી વીટીઓ ફક્ત બેજ જવેરીને ત્યાંથી મલી શકે. મેં તે બેઉ દુકાનપર ખબર કાઢવાનો ઠેડાવ કીધો, અને એક વખત ઠેડાવ કીધો કે પછી તે ઠેડાવને અમલમાં મુકતાં વાર કેટલી? લાગલો હું એકને ત્યાં જઇ પુગ્યો, અને થોડીક કીંમતી વીટીઓ મેં જોવા માંગી. રોબર્ટે જે વીંટી પહેરી હતી તેમાં-નીજ એક વીટી મેં ત્યાં જોઇ; મેં તે ઉંચકી અને તેની કીંમત પુછતાં મને જણાવવામાં આવ્યું કે તે ૫૨૫) ડાલરની હતી.

હવે મેં તે દુકાનના ધણીને મલવાની ખાહેશ દેખાડી; મને એકદમ તેની નજદીક લઇ જવામાં આવ્યો. મેં તેને મારો ધંધો કહી સંભલાવ્યો અને પુછયું કે તેણે આવી વીટીમાંની બીજી કોઇને વેચી હતી.

"હા, ગઇ પરમ દીનેજ એક એસ્કી જવાન શખસ એમાંની વીટી વેચાતી લઇ ગયો હતો." તે ધણી બોલી ઉઠયો.

"તેણે જે તમોને નોટો આપી હતી તે ધણીખરી બેલટીમોર બેંકની હતી?"

"હા. તેજ હતી. હજીસુધી તે નોટો મારા કેશ બોકસમાં પડેલી હશે."

હવે મને કંઇજ શક ન રહયો કે રોબર્ટજ ચોર હતો અને તેજ આ દુકાનપરથી વીટી લઇ ગયો હતો. મેં તે દુકાનદારને મારૂં બધું કામ સમજાવી દીધું અને તેણે મને ઉલટી મદદ આપવાની ખાહેશ બતાવી; વગર ઢીલે હું તે દુકાનપરથી નીચે ઉતરયો અને એક બગીમાં બેસી હવે મને મલેલાં ઠેકાણાં પ્રમાણે રોબર્ટને ત્યાં જવા હું ઉપડયો. ઘર આગલ ઉતરી હું ઉપર ગયો, જ્યાં મેં એક વીધવા બાઇને બેઠેલાં જોયાં. રોબર્ટનાં માય તરીકે તેવણને મેં તરતજ ઓલખ્યાં. મેં તેવણ સાથ ખાનગી વાત કરવાની રજા માંગી અને મને તેણીએ તરતજ એક ઓરડામાં લઇ જઇ બેસાડયો.

હવે મેં તેણીને પુછયું "બાઇ તમોને ખબરતો હશેજ કે તમારા સગા મી૦ મોરટનને ત્યાં મોટી ચોરી થઇછ?"

"હાજી હું બધું જાણુંછ. મારો રોબર્ટ હમોને તે બધી ચોરીની વાતથી વાકેફ કરતો હતો.

"તમારા દીકરાના હાથપર હાલ એક ઘણીજ સરસ વીટી જોવામાં આવેછ?"

"હા રોબર્ટ એક વીટી પેહેરેછ ખરો. એ કહેછ કે એ વીટી એને એના કાકાએ આપીછ પણ તમે કોણ છો અને એટલું બધું શુ કામ પુછો છો?"

"હું એક ડીટેકટીવ અમલદાર છું. જ્યાં જરાબી શક પડે ત્યાં ખોલ કરવાની મને સત્તા છે, વાસ્તે મને તમારા દીકરાનો સુવાનો ઓરડો દેખાડશો?"

પેલી બાઇ આ મારાં બોલવાથી ઘભરાઇ ગઇ અને તેણીની આંખોમાંથી આંસુઓ ટરટર ટપકવા મંડયાં. ગુંગલાતે સાદે તેણી બોલી ઉઠી "પણ શું તમે મારા દીકરા રોબર્ટપર તે ચોરીને વાસ્તે શક લાવોછ કે!"

"મેહરબાન બાનું તમો એટલાં આકલાં નાપાડો. ઇનસાફની દેવી નીરદોષને કદી હેરાન કરતી નથી, માટે તમારો દીકરો જો નીરદોષ હશે તો એના બાલને કોઇ હેરાંન ગતી નથી પુગવાની." મે વાજબી ધીરજ આપી. મને હવે તેણી પોતાના દીકરાના સુવાના ઓરડામાં લઇ ગઇ. આજુ બાજુ તપાસ કરતાં મને એક ત્રંક ત્યાં જણાઇ જે બંધ હતી. મેં તે તરતજ ઉંઘાડી અને જોતાં માલમ પડયું કે તે ચોપડીઓ અને કાગજોથી ભરેલી હતી. મેં એક એક પછી ચોપડીઓ કહાડવા માંડી તો છેક નીચે મુકેલી એક મોટી ચોપડીમાં મેં કાંઇ બંડલ ખોસેલું જોયું. મેં વગર ઢીલે તે ખેંચી કહાડયું અને મને માલમ પડયું કે તે બંડલતો બ્લેતી-મોર બેંકની નોટોનું હતું, જે મી૦ મોરટનને ત્યાંથી ચોરાયું હતું. પેલી વીધવા બાઈ જેણી અત્યાર લગી પોતાના દીકરાનાં પ્રમાણીકપણાં પર ભરોસો રાખી ઉભી હતી, અને જેણી તેને તદનજ નીરદોષ માનતી હતી, તેણીએ જ્યારે પોતાના દીકરાની પેટીમાંથી આવી રીતે નોટોનું બંડલ નીકલેલું જોયું ત્યારે તદનજ દંગ થઇને ઉભી રહી. પછી લગભગ બેભાન જેવી હાલતમાં હાથ સાથ હાથ જોરથી અફાળી ડુસ્કે ડુસ્કે રડતાં તેણી બોલી ઉઠી:

"જો સાહેબ, એ તદનજ નીરદોષ છે, મારો દીકરો આવું કામ કરેજ નહી."

કમનસીબ માંય! તુંને થોડીજ ખબર છે કે તારા તે અભાગ્યા દીકરાનું પાપી કામ પુરવાર કરવાને વાસ્તે કેવી મજબુત સાબેતીઓ મોજુદ છે; તે નોટ મેં મારા સ્વાધીનમાં લીધી અને હમો પાછાં આગલા ઓરડામાં આવ્યાં તેવામાં રોબર્ટજ સામેથી આવતો મને જણાયો. તે બીચારો આ બધાથી તદનજ બેખબર હતો; મને જોઇને તે લગાર અજબ થયલો દેખાયો. કાંઇ પણ વખત ખોયા વગર હું તેની ઉપર કુદી પડયો અને તેનો હાથ પકડી બોલ્યો "મી૦ મોરટનના ચોર તરીકે હું તમોને પકડુંછ."

"મારા કાકાનો હું ચોર! તમો મારી મશકેરી કરોછ." તદન ફગલાયલા નીરદોષ દેખાવે તે બોલ્યો.

"તમારી સામે સખત સાબેતીઓ મોજુદ છે" મેં તેને જણાવ્યું અને ત્યાર પછી પેહેલેથી છેલ્લે સુધી તેની સામે શું શું સાબેતીઓ હતી તે બધી વીગતવાર તેને મેં જણાવી. મારી મોટી અજાયબી વચ્ચે ફગલાઇ જવાને બદલે તે ઉલટો બહુજ દલગીર થયલો જણાયો અને બોલ્યો "મેં મોટી ભુલ એ કીધી કે મેં મારી માય આગલ આ વીંટી વાસ્તે ખોટું કહ્યું."

"પણ આ બાકીના પુરાવાઓ માટે તમો શું કહોછ?"

"હું તદનજ નીરદોષ છું. હું મારો બચાવ નીચે પ્રમાણે કરૂં છું, જે કદાચ તમો તો માનવાને અચકાશો પણ તે તદનજ સાચો છે એમ હું ખાતરી આપુંછું" એટલું બોલી નીચે પ્રમાણે તેણે પોતાનો ખુલાસો કીધોઃ—

બે અઠવાડીઆંની વાતપરે હું મારા એક દોસ્ત સાથ સેન્ટ નીકોલાસ હોટેલના રીડીંગ રૂમમાં ગયો, ત્યાં "સન" નામનાં બૅલટીમોરમાં છપાતાં એક પત્રમાં એક સોરટીની જાહેર ખબરે મારૂં ધ્યાન ખેંચ્યું. જો કે હું સોરતીને અને તેના પુંજારીઓને ધીક્કારતો હતો તે છતાં મારા પેલા દોસ્તની ભલામણથી મેં એક ટીકીટ લીધી. થોડાક દીવસ પછી સોરટી કહાડવામાં આવી અને ન્યુસપેપરમાં મારૂં નંબર પેહલ્લું આવ્યું અને મને ૫૦૦૦) ડાલર મલ્યા. મેં તરતજ કાગજ લખ્યું અને મારા નામે આવેલી રકમ બેલટીમોર બેંકની નોટોમાં મોકલી આપવાની મેં માંગણી કરી. સોરટી મને મલી હતી, એમ મેં કોઇનેબી જણાવ્યું હતુંજ નહીં, કારણ કે હું બહુજ શરમાતો હતો કે કદાચ મને મારાં માય ઠપકો આપે. ગઇ પરમદીનેજ મને મારાં નાણાં મલ્યાં; અને મેં તરતજ જઇ એક વીંટી વેચાતી લીધી અને બાકીના મારી માયની અલગસે પેતીમાં ઉંચા કીધા કે જ્યાંથી હાલ તમો તે લઇ આવ્યાછ."

"એ તદનજ ખરૂં કહેછ, મારો દીકરો ચોર નથીજ" પેલી ગરીબ માતા પોતાના દીકરાના બચાવમાં બોલી ઉઠી.

પેલા જવાને જે ખુલાસો મને આપ્યો હતો તે કંઇક એવી નીરદોષ ઢપનો હતો કે ઘડીભર હુંબી મનમાં માનવા લાગ્યો કે કદાચ તે નીરદોષ હોય, પણ તરતજ મારી નજર આગળ પેલી ભેગી સાબેતીઓ આવી ઉભી રહી, અને મારાં મનમાંથી એવા બધા ખ્યાલો નીકલી ગયા. હું બે ત્રણ મીનીટ વીચારમાં ઉભોજ રહયો.

પછી મેં તેને પુછ્યું "તમે પેલા સોરતીના એજંટોનાં જરા કાગજ મને બતાવશો?"

"મેં તે ફાડી નાખ્યાંછ."

"તમો તેનું નામબી તો જાણોછ કે નહી?"

"નહી."

"તમારી ટીકીટનું નંબર શું હતું?"

"મને તેબી યાદ નથી, પણ તે ૧૭—હજારપર હતું."

"તમારે મારી સાથ મેજીસ્ત્રેટ આગળ આવવુંજ પડશે. તમારો ખુલાસો મારે ગળે નથી ઉતરતો."

"મને કાંઇ અડચણ નથી. હું આવવા તૈયાર છું. ખુદા જાણેચ કે હું કેટલો નીરદોષ છું" અમો મેજીસ્ત્રેટ આગલ ગયા જેણે બધું વીગતવાર સાંભળી લેઇ મી૦ રોબર્ટને તપાસ ચાલે ત્યાં સુધી પહેરેજ કરવાનો હોકમ કીધો.

રાતના દસેકને અમલે હું મારા ઓરડામાં બેઠો હતો તેવામાં મારૂં બારણું ઠોકાયું. મેં તે ઉઘાડયું અને તરતજ મારો મીત્ર જારડીન ડીટેકટીવ અંદર દાખલ થયો.

"કેમ જારડીન ક્યાંથી આવ્યો?" મેં પુછ્યું.

"અમથો જરાક તુંને મલવા આવ્યો, બૅમ્પટન આપણે ઘણા દીવસ થયા મલ્યા નથી. હુંબી હાલ એક કેસમાં સજ્જડ ગુંટાઇ ગયોછ."

"અરે યાર બોલ ના, હાલ હુંબી એક કેસ સંબંધી ગુચવણમાં પડયોછ" હું મારા રોદરા રડયો.

"કેમ, તારા હાથમાં કોણનો કેસ છે?"

"બોન્ડ મોહલામાં મી૦ મોરતન નામના કોઇ ગૃહસ્થનાં ઘરમાંથી ગઇ પરમ દહાડે રાતનાં કોઇ નાણાંની મોટી રકમ તીજોરી ઉઘાડી લઇ ગયું છે, તે કેસ મને સોંપવામાં આવ્યો છે."

હું ઉપલું બોલવું પુરૂં કરૂં નહીં તેટલાં મી૦ જારદીન એકદમ બોલી ઉઠયો "એ ચોર કોઇ ઓરત છે. મી૦ બ્રેમપતન, ગઇ પરમ દહાડે રાતના હું બે વાગે ફીલેડેલફીયાથી ત્યાં આવતો હતો, તે વખતે મારી સાથ ટ્રેનમાં એક ઓરતને મેં બેઠેલી જોઇ. તેણીએ મોઢાં પર બુરખો નાંખ્યો હતો, અને મારી બધી કોશેશ છતાં તેણી મારી સાથ વાત કરવાને બીહતી હોય તેમ લાગ્યું. મને તેણીની ઉપર શક ગયો. જ્યારે હું ત્યાં ત્રણ વાગે ઉતરયો ત્યારે તેણીબી ઉતરી અને બોન્ડ મોહલા તરફ પોતાનો રસ્તો લીધો. હું દુરથી તેણીની પાછલ ગયો. તેણી એક ઘરમાં દાખલ થઇ. વધારે ખોલ કરવાની મેં કનવાર કીધી નહીં. પણ મારી મોટી અજાયબી વચ્ચે જ્યારે હું એક કલાક પછી પાછો મારી શોધ કરી ફીલાડેલફીયા તરફ જવા ઉપડયો ત્યારે મને તેજ ઓરત પાછી ટ્રેનમાં મલી. હું ભુલતો નહીં હોવું તો તેણી બોન્ડ સ્ટ્રીટમાં મી૦ મોરટનનાં ઘરમાંજ ગઇ હતી."

આ ખુલાસાથી હું તો દંગજ થઇ ગયો. થોડીક વાતચીત પછી મી૦ જારડીન ગયો અને હું પાછો એકલો વીચારમાં પડયો; ફીલેડેલફીયામાં તો મને જણાવ્યા પ્રમાણે મી૦ મોરતનની બાયડીનું મહીરૂં હતું, ત્યારે શું મીસીસ મોરટને ફીલેડેલફીયા વેરથી ન્યુયોર્ક આવી પોતાના ધણીની ચોરી કરી પાછી રાતો રાત ટ્રેનમાં તેણી નાસી ગઇ? એબી બનવાજોગ હતું. વખત ખોયા વગર હું હવે બેલતીમોર ગયો અને પેલા સોરટીના એજંટને હું મલ્યો અને તેને પેલી તીકીટ વીષે મેં પુછી જોયું. તેણે મને જણાવ્યું કે તે સોરતી તો કોઇ રોબર્ટ લવ નામનો ન્યુયોર્કનો રહેવાસી જીતી ગયોછે. આ સાંભળી મેં એક છુટકારાનો દમ ખેંચ્યો. હવે હું માનવા લાગ્યો કે ગરીબ રોબર્ટ નીરદોષ પણ હોય!

ત્યાંથી નીકળી હું ફીલેડેલફીયા ગયો અને મીસીસ મોરતનનાં ઘરનો પત્તો મેલવી તેણીને મલવા ગયો. ઓરડામાં જતાંને વારજ હુ એકદમ બોલી ઉઠયો "મીસીસ મોરટન તમારા ભત્રીજા મી૦ રોબર્ટને તેના કાકાની ચોરી માટે બંદીખાને નાખ્યો છે તે તમો જાંણોછ?"

આ બોલવાથી તેણી ઉપર શું અસર થાય છે, અને આ ખબર તેણી કેવી રીતે સાંભલે છે, તેની તપાસ હું બરાબર રાખતો હતો.

આ ખબર સાંભલી તેણી તદન ફીકકી પડી ગઇ, અને બેભાન જેવી હાલતમાં પાસેની ખુરશીમાં પડી ગઇ.

"શું તમે મારા ભત્રીજાને પકડયોછ?"

"હા બાઇ તે બીચારો બહુજ ગભરાયલો લાગેછ અને પોતે નીરદોપ છે, એમ જણાવેછ" તેણી તરતજ ઉભી થઇ પછી ઓચીંતી બોલી ઉઠી "તે ખરેખરજ નીરદોષ છે."

મારી ખુશાલીનું પુછવુંજ શું? ઓ ખોદા કેવા સંજોગે એક ભલા નીરદોષ આદમીને મારેજ હાથે ગેર ઇનસાફ થતો સેજમાં બચી ગયોછ. હું બોલી ઉઠયો "હું જાણુંછ કે તે નીરદોષ છે, મીસીસ મોરસ્તન, અને તે પૈસાના ચોર તમે પોતે છો; તમો તે ચોરીની રાત્રે બુરખો ઓઢી ન્યુયોર્ક ગયાં હતાં; ત્યાં રાતના ૩ વાગે ઉતરી તમો તમારા ધણીનાં ઘરમાં દાખલ થયાં. તેના સુવાના ઓરડામાં ગયાં, ખીલા પરથી તીજોરીની કુંચી લીધી, તે ઉઘાડી તેમાંથી નોટનું બંડલ તફડાવી પાછું બધું વગેસગે કરી, તેજ રાતના ટ્રેનમાં પાછાં તમો તમારે મુકામ ગયા હતાં."

ઉપરા સાપરીના આ મારા હુમલા રૂપી ખુલાસાથી ધારેલી અસર તેણીની ઉપર થઇ. તેણી તરતજ મોઢાંપર હાથો ઢાંકી રડી પડી અને બોલી ઉઠી "હું બધું કબુલ કરૂં છ. મેંજ મારા ધણીની ચોરી કીધીછ ખોદા મને માફ કરો!"

મેં તેણીને એ બધી વાત લખીને પોતાના ધણી આગળ કબુલ કરી દેવા સલાહ આપી. તેણીએ મારા સુચવ્યા પ્રમાણે જે ચોકકસ કારણોસર તેણીને આ ભુલ ભરેલું પગલું લેવું પડ્યું હતું, તે બધું લંબાણથી લખી પોતાના ધણીની માફી ચાહી.

પોતાની ઓરતને ચોર ઠરેલી જોઇ તે બુધા ગ્રહસ્થને બહુજ લાગી આવ્યું, પણ મારા વચ્ચે પડવાથી સૌ સલાહ સંપજથી તે વાદલ વીખરાઇ ગયું, અને બેઉજણ વચ્ચે પાછો ધાડો એખલાસ ચાલુ થયો.

મી૦ રોબર્ટને એકદમ છોડી દેવામાં આવ્યો. વગર કારણે, ગોયા ખુદરતીજ રીતે તેની સાંમે કંઇબી સાબેતીઓ પડયા વગર તેને જે હેરાનગતી પુગી હતી, તેનો બદલો તેના પૈસે પુર કાકાએ તેને તેની ઑફીસમાંજ તેના શેઠ સાથ વેપારમાં ભાગ કરાવી આપી વાલી આપ્યો.

મારી હીરાની વિંટી અથવા ચાલાક ઠગ.

લખનાર—માણેકલાલ લક્ષ્મીદાસ ધોળકીયા.

એક અજાણ્યા મુસાફરે કહ્યું, "સાહેબ, આ વિંટી મારી છે."

અમે અમારા સેકન્ડ કલાસની ગાડીના ખાનામાં એકલા સામસામા બેઠા હતા, ગાડી કલાકના ત્રીસ માઇલને વેગે દોડતી હતી. સાંજ પડવા આવી હતી અને અમે **લીગ અને બ્રુસેલ્સ** વચ્ચેનો અરધો રસ્તો લગભગ કાપી ગયા હતા. મારા નાના ડબાના સામેના ખુણામાં હું જરા ઉંઘતો પડયો હતો; ત્યાંથી મારો સાથી મારા સામે ટગર ટગર જોવા લાગ્યો. તેના વાળ કાળા હતા અને તેના ચેહેરાપર વિખરાઇ ગયલા તેના વાળના ગુચ્છા આમતેમ ફરતા હતા તેની આંખો વિક્રાળ પણ ચળકતી હતી. તેણે મોટો જભો પેહેર્યો હતો અને ગળાંમાં રૂવાંવાળો ગળેબંધ લટકાવી દીધો હતો.

મને બોલવાની હિંમત આવી. મેં કહ્યું, "સાહેબ, આપ બોલ્યા?"

"હા, સાહેબ," તેણે કહ્યું, "તમોએ એક ઘણી કિંમતી હીરાની વિંટી પેહેડી છે. એ હીરો ઉમદા પાણીનો છે; પણ એ વિંટી તમારી નથી."

"શું? મારી નથી?"

મારા સાથીએ ડોકી ધુણાવી!

એ વિંટી ખરીદ કર્યાને મને હજી એક અઠવાડીયું નહોતું થયું. **બરલીનમાં** ઝવેરીની દુકાનની બારીમાં એ વિંટી પડી હતી, તે ઉપર મારી નજર પડતાં મારૂં મન તે ખરીદવા તલપાપડ થઇ રહ્યું હતું; અને મને તેની કિંમત—પણ ના, તેની કિંમત શી બેઠી તે કહેવાની મારી હીમત ચાલતી નથી; કેમકે વખતે મારી સ્ત્રી જો એ જાણેતો પછી ઘરમાં કાંઇ નવું જુનું થઇ જાય.

મેં મારા ગજવામાંથી પોકેટ બુક બહાર કહાડી અને તેમાંથી બીલ કહાડીને મારા સાથીના હાથમાં મુક્યું.

મેં કહ્યું, "સાહેબ, મેહેરબાની કરી આ કાગળીયું વાંચી જોશોતો આપની ખાત્રી થશે કે આ વિંટી મારીજ છે—તમારી નથી."

તે પેલું કાગળીયું ઉપર ટપકે જોઇ ગયો અને મને પાછું આપતાં જરા ખભાં ઉંચા કરીને બોલ્યો, "સાહેબ, આ બિલ જોતાં એ વિંટી તમારી છે એમ જણાય છે પણ વારસાનો હક ધ્યાનમાં લેતાં એ મારી છે. જો મારી વાત સાંભળવાની તમારી ઇચ્છા હોયતો હું તમને સેહેલાઇથી ખાત્રી કરી આપું; અને પછી એ વિંટી તમે મારે હવાલે કરી શકો એવી કાંઇ ગોઠવણ કરીશું."

મારા સાથીના આવા ખાત્રી ભરેલા શબ્દોથી મને ફાળ પડી અને તેથી હું તેના સામું નિરાશાની નજરે જોવા લાગ્યો. તેણે બીડી સળગાવી, અને પછી પુછ્યું, "કેમ સાહેબ, મારી વાત ચલાવું?

મેં જવાબ દીધો, "હા; બેલાશક ચલાવો."

તે મનમાં જરાક હસ્યો; પછી નિઃશ્વાસ નાંખી તેણે ડોકી ધુણાવી. પોતાના વિખરાઇ ગયેલા વાળના ગુચ્છા ઉપર બે ત્રણવાર આંગળીઓ ફેરવી, અને મારી સામે તે બેઠો હતો ત્યાંથી બાજુએ ખસી સામી બેઠક ઉપર એક પગ ટેકાવી તે ઉપર બીજો પગ મંડાવી નિરાંતે બેઠો અને મારા સામી નજર કરી નીચે પ્રમાણે બોલ્યો:

"જોકે હું રૂશિયાનો વતની છું અને સેન્ટપીટર્સબર્ગમાં જન્મ્યો છું તોપણ હું હીંદુકુળનો છું. મારા દાદા હૈદ્રાબાદના રહીશ હતા પણ તેઓ નાના હતા ત્યારે મુસાફરી કરતાં બાલઘાટમાં જઇ વસ્યા હતા. ત્યાં મોટી હીરાની ખાણમાં તેઓ કામ કરવા લાગ્યા. આ ખાણ સાધારણ રીતે ગોવલકોંડાની ખાણના નામથી મશહુર છે. મારા દાદા ગંભીર, ચુપ અને મળતાવડા સ્વભાવના નહિ હોવાથી તેની સાથે ખાણમાં કામ કરનારા માણસો તેને ચાહતાં નહોતાં. તોપણ ખાણના ઉપરીનો મારા દાદા ઉપર સંપુર્ણ ભરોસો હતો. તેથી રફ્તે રફ્તે તેણે મારા દાદાને ઓવરસીયરની જગો આપી. પછી મારો દાદો પરણ્યા; તેને એકજ પુત્ર હતો અને તેણે તેનું નામ અજય ઘોસલ પાડયું; આ મારા પિતા. તમે જાણો છે કે હિંદુલોકો વિદ્યાને સર્વોત્તમ ગણે છે. અને ગરીબમાં ગરીબ લોકો પણ કેળવણીને ઘણુંજ માન આપે છે! આ લાગણી મારા દાદાના મનમાં એટલીતો બળવાન હતી કે તેટલી તેની સ્થિતિનાં બીજાં માણસોમાં ભાગ્યેજ હશે. પોતે કેળવાયલા નહોતા પણ મારા પિતાને કેળવણીથી બેનશીબ રાખવા તેઓ રાજી નહોતા, અને જે લાભ માત્ર તવંગરોજ લઈ શકે છે તે મારા પિતાને આપવો એવો તેમનો ઇરાદો હતો. તેથી જ્યારે મારા પિતા ૧૧ વર્ષના થયા ત્યારે ઘણા ઉંચા પ્રકારનો અભ્યાસ કરવા મારા દાદાએ તેમને બનારસની મોટી પાઠશાળામાં મોકલી દીધા. લોકોને નવાઈ લાગી અને માંહો માંહે વાતો કરવા લાગ્યાકે આ તે શું? આનો કાંઈ અર્થ સમજાતો નથી. પોતાના પુત્રને કેળવણી આપવાનું સાધન ઓવરસીયરને ક્યાંથી મળ્યું, એક માણસે મારા દાદાને પુછ્યું, "શું તમોને કાંઈ ઓચિંતા રૂપિઆ મળી ગયા છે?" બીજાએ પુછ્યું, "કેમ નાના ઘોસલને તમે શું હીરાનો વેપારી બનાવવા ધારો છો?" પણ મારા દાદા કોઇને કાંઇ જવાબ આપતા નહિ અને મુંગે મોંઢે સાંભળ્યા કરતા. થોડાક વખત પછી અચંબો જતો રહ્યો અને વાત વિસારે પડી. આ પ્રમાણે બીજાં ૩૧ વર્ષ ચાલ્યાં ગયાં. મારા પિતાની ઉમર બાવીશ વર્ષની થઇ એવામાં મારા દાદા માંદા પડયા તેથી મરતા પિતાના છેલા આર્શીવાદ સાંભળવા મારા પીતાને બાલઘાટ આવવું પડ્યું. જ્યારે તે આવ્યા ત્યારે મારા વૃદ્ધ દાદા બીછાના ઉપર બેભાન ચતાપાટ પડયા હતા.

મારા દાદા આખરે બોલ્યા, "અજય, મારા પુત્ર—તું બરાબર વખતસર આવી પોંહોંચ્યો. તું જો વખતસર ન આવ્યો હોત તો તને જોયા વગર મારો જીવ ગતે જાત નહિ."

મારા પિતાએ મારા દાદાનો હાથ હેતથી દાબ્યો અને પોતાનું મોઢું ફેરવી નાખ્યું. મારા દાદાએ કહ્યું, "અજય, મારા પુત્ર, એક ભયંકર છુપી વાત મારે તને કહેવાની છે. એ વાત એવી છે કે મારો આત્મા તેને ઘોરમાં સાથે લઇ જવાની ના કહે છે. એ વાત તું સાંભળી શકીશ?"

"મારા પિતાએ એ વાત કહેવા આગ્રહ કર્યો—પણ ભાઈ એ વાત કહેતાં મને શરમ આવે છે. પણ તેની સજા ભોગવવા હું તૈયાર થયોછું. મારા પુત્ર મેં પાપ કર્યું છે." મારા પિતા સાંભળવા વધારે આતુર બન્યા. "ભાઈ, તું મને ધિક્કારીશતો નહિ?" મારા પિતાએ જવાબ આપ્યો, "સોગન ખાઈ કહું છું કે નહિ ધિક્કારૂં!"

"ત્યારે સાંભળ:"

મારા વૃદ્ધ દાદા કોણીને આધારે બેઠા થયા અને પોતાનામાં જેટલું કૌવત હતું તેટલું એકઠું કર્યું. મારા પિતા ઘુંટણીએ પડી સાંભળવા લાગ્યા.

મારા દાદાએ કહ્યું, "આજથી ત્રેવીશ વર્ષ ઉપર હું ખાણમાં કામ કરતો હતો તે દરમ્યાન એક દિવસ અસાધારણ પૈસાદાર બનવાનો ખ્યાલ મારાં દિલમાં આવી ગયો. મારા પુત્ર, મારૂં દિલ પીગળી ગયું. સેતાને મારા આત્માનો કબજો લઇ લીધો. લોભે મારાં મસ્તકને ભમણે

ચઢાવ્યું, અને મેં પાંચ હીરા સંતાડી રાખ્યા. એક અગણીત કિંમતનો હતો અને જાયફળ કરતાં મોટો હતો, અને મારી અક્કલ પ્રમાણે તે ઉમદા પાણીનો હતો. બીજા ચાર હીરા વટાણા જેવડા હતા. અફસોસ! જે વખતથી મેં એ હીરા સંતાડયા તે વખતથી મારી દશા શોકકારક થઇ પડી. ઘણી વખતે ચોરી કબુલ કરી દેવાની અણીપર આવી ગયો હતો, પણ શરમ, બ્હીક, અને લોભથી કબુલ કરતાં અટકી ગયો હતો. હું પરણ્યો અને વર્ષ પછી તારો જન્મ થયો. એટલે એ દોલતથી તને કેળવણી આપવાનો, પૈસાદાર બનાવવાનો અને આબાદ અને વિદ્વાન બનાવવાનો મેં નિશ્ચય કર્યો."

મારા પિતા એકદમ બોલી ઉઠયા, "અહા! તમે કેવા ઉદાર છો?"

મારા દાદા બોલવા લાગ્યા, "ભાઈ, જ્યારે હું તને **બનારસ** તેડી ગયો ત્યારે મેં ચાર નાના હીરાઓમાંથી એક હીરો વેચી નાખ્યો, અને તેના પૈસામાંથી મેં તારી કેળવણીનું ખરચ પુરં પાડયું. એ રકમમાંથી મેં કોઇ દિવસ એક પાઈ મારા પોતા માટે ખરચી નથી. તેમાંથી થોડીક સોનાની મોહોરો બચી છે તે મારી પાસે છે."

મારા પિતા લક્ષપુર્વક આ વાત સાંભળતા હતા તે અહીં બોલી ઉઠયા, "ખરેખર! પિતાજી! ત્યારે બાકીના હીરા કયાં છે?"

"ભાઈ, મારા મરણ પછી તું એ હીરા પાછા આપી દેજે."

"પાછા આપી દઉ?" મારા પિતા ગર્જના કરી બોલી ઉઠયા.

"હા, પુત્ર. મેં તને પુરતી કેળવણી આપી છે. ખરાબ રસ્તે મેળવેલી દોલતથી તું કદી સુખી થવાનો નથી. વિદ્યા તને અમૃત ફળ ચખાડશે અને તારા માથા ઉપરથી સુખનો સુર્ય કદી અસ્ત પામશે નહી, અને મારો જીવ ગતે જશે. બાકી બચેલા રૂપીયા ખુશીથી લઇલે અને દુનિયાં શરૂ કરવામાં તેનો ઉપયોગ કર."

મારા પિતાના મોંમાં છેક ખુણાસુધી હસવું આવી ગયું હતું તોપણ દાબી રાખી અજાયબ જેવા સ્વરે તેઓ બોલ્યાં, "ખરેખર!"

આ પળે વૃદ્ધ દાદાનો રંગ બદલાઇ ગયો અને ધ્રુજારી ચાલી. તેણે કહ્યુ, "મેં તને વખતસર કહી દીધું છે. મને લાગે છે કે હવે હું પાંચ મિનિટ જીવવાનો નથી. અહીં આવ, તને આશીર્વાદ આપું."

મારા પિતાએ કહ્યું, "પ્યારા પિતાજી, પેલા હીરા કયાં સંતાડયા છે તે હજુ તમે કહેવું વિસરી જાઓ છો."

તે મરતા માણસે બગાસું ખાતાં જવાબ દીધો, "ખરૂં! મારા પુત્ર, જો તું અહી-પણે સાદડી-પણ હું મરી જાઉં કે તરતજ એ હીરા પાછા આપી દઇશ?"

મારા પિતાએ અધીરાઇથી કહ્યું, "કયાં સંતાડયા છે તે કહેતા નથી તો હું કેવી રીતે પાછા આપી શકીશ?"

"ખરીવાત, પુત્ર, ખરીવાત. જે સાદડી હું ઓસીકા તરીકે વાપરૂં છું તેના વીંટામાં તપાસ કર. તેમાં એક મોટો અને ત્રણ નાના હીરા પડયા છે. તું સુપ્રિન્ટેન્ડેન્ટને મળજે. બેટા—મારા— * * *

જોરથી આંકડી આવતાં મારા દાદાના મોંમાંથી ચીસ નીકળી અને હાથો તાણાવા લાગ્યા. એમ કરતાં થોડી વારમાં મારા દાદા દેવલોક પામ્યા."

મારો સાથી એકદમ વાત કરતો બંધ પડી ગયો અને તેણે પોતાનો હાથ મારી બાંહ્ય ઉપર નાખ્યો, અને કહ્યું, "અને હવે સાહેબ, મારા પિતાએ શું કર્યું હશે તેની અટકળ કરી શકો છો?"

મને આ વાતમાં ઘણો રસ આવતો હોવાથી મેં જવાબ દીધો, "પછી કદાચ શોક કર્યો હશે અને,-અને-અને"—

"છટ, સાહેબ-તેવણ તો સાદડીના વીંટા પાસે ગયા."

"અને તેમને હીરા જડયા?" મેં ઉત્સાહથી પૂછ્યું.

મારા સાથીએ પોતાનાં નાક ઉપર આંગળી મુકી જવાબ દીધો, "જડયા એટલુંજ નહીં પણ, સાહેબ, જડયા એટલુંજ નહીં પણ-તમે અટકળ નથી કરી શકતા?"

મેં આનાકાનીથી જવાબ દીધો, "ખરેજ, ખરેખર હું-એટલે-જો હું મારી અટકળથી તમને અપમાન ન આપતો હોઉં તો-તેમણે તે રાખ્યા."

મારા સાથીએ પોતાના બે હાથો ખુશીથી ઘસીને કહ્યું, "બરાબર, રાખ્યા, સાહેબ, મારા મત પ્રમાણે તેણે ઠીક કર્યું. પણ આપણી વાત આગળ ચલાવીએ.

મારા પુજ્ય દાદા સ્વર્ગમાં પધાર્યા કે તરતજ મારા પિતાએ **"બાલઘાટ"** છોડયું. અને **કલકત્તે** જઇને એક **રૂશિઅન** વહાણમાં બેસી **સેન્ટપીટર્સબર્ગ** જવા નિકળ્યા, **સેન્ટપીટર્સબર્ગ**માં આવી પોહોંચતાંજ મારા પીતાએ એ હીરા બરાબર કાપવા અને પાલીસ કરવા માટે એક હુશિયાર કારીગરને આપ્યા. સાહેબ, જ્યારે એ હીરા કપાયા અને પાલીસ થયા ત્યારે મોટામાં મોટા હીરાનું તોલ બધું મળીને એકસો નવાણુ ચણોઠીભાર થયું. મારા પિતાએ જાણ્યું કે હવે આપણો દહાડો વળ્યો, તેથી તેણે રાણીની મુલાકાત માટે અરજી મોકલાવી. મુલાકાત કરવાની પરવાનગી મળતાં મારા પિતા ત્યાં ગયા અને રાણીને હીરો બતાવ્યો. પણ તેની કિંમત મારા પીતાએ વધારે કહી તેથી રાણીએ ખરીદવા ના પાડી. મારા પીતાએ એ હીરો વેચ્યો નહીં, અને ત્યાંથી જરા દુર નદી ઉપર એક ભપકાદાર મહેલ લઇ રહ્યા. **રૂશિયન** પ્રજા તરીકેનું સર્ટીફીકેટ લઇ લીધું અને **પીટર પેટ્રોફસી** નામ ધારણ કરી સુખમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યા.

આ પ્રમાણે લગભગ બાર મહીના નિકળી ગયા અને મારા પિતા પાસે જે થોડા ઘણા રૂપીઆ હતા તે ખરચાઇ ગયા. હવે તેનું મન મુંઝાવા લાગ્યું. રાણીને તેણે હીરો ન વેચ્યો તે ઠીક કર્યું કેમકે એક સવારે ત્યાંના એક ધનાઢય વેપારીની ચીઠી આવી તેમાં લખ્યું હતું કે "તમારે તમારો હીરો લેઇ મારે મહેલે આવવું." મારા પિતા ત્યાં ગયા અને તેને ચાળીસ હજાર એકસો સાઠ પ્રાઉન્ડ તેર શીલીંગ અને ચાર પેન્સની કિંમતે વેચાતો આપ્યો.

તે એ વખતે **શાહજાદી કેથેરીન**નો માનીતો હતો તેથી શાહજાદીના જન્મ દીવસે તેણે તે હીરો તેને ભેટ કીધો.

હું વિસ્મય પામ્યો. મે પુછ્યું, "તમે જે વાત કરોછો તે બધી ખરી છે?"

મારો સાથી ક્રોધમાં બોલી ઉઠયો, "સાચી વાત, સાહેબ: સર્વ શાસ્ત્ર કોશમાં હીરાનો વિષય વાંચી ખાતરી કરો. સાચી વાત? અલબત્ત સાચી વાત. સાહેબ, રૂશિયાના રાજ્ય મુગટમાં એ હીરો છે." મેં નમનતાઇથી કહ્યું, "સારે સાહેબ માફ કરજો. હું વિનંતી કરૂ છું કે તમારી વાત આગળ ચલાવો.".

મારો સાથી ચીરડાઇ ગયો અને ચુપ થઇ રહયો. તેથી મેં તેને પુછ્યું, "આ બનાવ કયા વરસમાં બન્યો હશે?"

મારા સાથીએ જવાબ દીધો, "ઇ૦ સ૦ ૧૭૭૨ માં. મારા પીતાએ જાણ્યું કે હવે વેપાર કરવો ઠીક પડશે. તેથી તેણે કેટલીક પુંજી રૂવાંવાળાં ચામડાના વેપારમાં રોકી અને થોડા વખતમાં **રૂશિયા**ના વેપારી લોકોમાં અગ્રેસર થઇ પડયા. ઘણા વરસ સુધી તે પૈસો મેળવવામાં મંડયા રહયા, કેમકે મારે કબુલ કરવું જોઇએ કે મારા પિતા સોના પાછળ ગાંડા

થઇ જતા હતા, અને પૈસાને પરમેશ્વર માનતા હતા. લક્ષાધીપતીની ગણતરીમાં આવી ગયા, વિખ્યાતી ચારે કોર ફેલાઇ ગઇ—તો પણ પરણ્યા ન હોતા. તે છેક સાઠ વરસની ઉમરે—આલબાટ છોડયા પછી આડત્રીશમે વરસે પરણ્યા. અને તે પણ કોને? એક વૃધ્ધ વિધવાને! આ વિધવા પૈસાદાર અને આબરૂદાર ગણાતી હોવાથી મારા પીતાને બરાબર લાયક હતી. અરે! કેવી ભલી સ્ત્રી! કેવી માયાળુ માતા! સાહેબ, મને તે પગલે પગલે યાદ આવ્યા કરેછે.”

અહિઆં તે થોભ્યો અને એક ઝીણા સફેદ રૂમાલથી આંખો લુછી. આ રૂમાલ તેણે બહાર કહાડયો કે તુરતજ આખા ડબ્બામાં એક તરેહની સુગંધ ફેલાઇ રહી. પછી પોતાના જુસ્સાને દબાવીને તેણે વાત આગળ ચલાવી.

“મારા પિતા પરણ્યા પછી બે વરસના અરસામાં મારો જન્મ થયો. અને પેટ્રોફસીના કુટંબનો વંશ ચાલુ રહયો, તેથી મારા જન્મની બહુ ખુશાલી કરવામાં આવી. મારૂં નામ મારા બાપના નામ પ્રમાણે પીટર પાડયું. મારા નીશાળના સોબતીઓ મને બીજો પીટર* કહી બોલાવતા હતા. મને બચપણ કાંઇજ યાદ આવતું નથી. માત્ર મારી પાસે પુશ્કળ રૂપીઆ હતા. એક ઘોડો તથા એક ઘોડેસ્વાર મને સ્કુલમાં મુકવા તથા ત્યાંથી તેડવા આવતા. તેમજ શિક્ષકો પણ મારી બહુજ મેહરબાનીની ભરી ખુશામત કરતા હતા એટલુંજ મને યાદ આવે છે. નિશાળમાં મારા જેટલો મસ્તીખોર છોકરો કોઇ નહોતો. તેમજ મને જેટલી વખત માફી મળતી હતી તેટલી વખત કોઇને પણ મળતી ન હતી. પૈસા ઘણા ગુન્હા—તેમાં ખાસ કરી સેન્ટપીટર્સબર્ગમાં તો ઘણાજ—ઢાંકી દેછે.” એક પળ સુધી તે બોલતો બંધ રહ્યો. મારા મનમાં એક પ્રશ્ન પુછવાનું કયારનુંએ થતું હતું તે હવે પુછવાનો વખત આવ્યો.

“તમે મને હજી સુધી તમારા પીતાએ પેલા ત્રણ ન્હાના હીરાનું શું કર્યું તે કહયું નથી,” મેં પુછ્યું.

તે માણસે જવાબ દીધો, “સાહેબ, તે વિશે હું તરતજ બોલવાનો છું.”

મેં સલામ કરી અને ચુપ રહયો.

“સ્કુલમાંથી પછી હું કોલેજમાં દાખલ થયો. અમારા પિતાની સ્થિતિને લીધે ઉમરાવની કોલેજમાં હું દાખલ થઇ ન શકયો. તેથી હું પીંડ જર્મનીમાં ગયો અને હીડલબર્ગની યુનીવરસીટીમાં પાંચ વર્ષ સુધી મેં અભ્યાસ કર્યો. જુદા પડતી વખતે પિતાએ મને કહયું, “પીટર તારી જીંદગી કેવી બેમુલી છે તે યાદ રાખજે. મારા વ્હાલા બેટા, સખ્ત મેહેનત કરી તબીયતને બગાડજે નહિ. હું આ શિખામણ પ્રમાણે અક્ષરે અક્ષર વર્ત્યો. મારો અભ્યાસ હીડલબર્ગમાં બહુ આનંદદાયી હતો. તેમાં ત્રણ બાબતોનો સમાવેશ થતો હતો. હલેસાની કસરત, દારૂ પીવો અને ટંટો કરવો—આવી બાબતો પર મારી સઘળું ધ્યાન આપવાથી મને, “મોસીહેડ (શેવાળના માથાવાળો) એ ઉપનામ મળયું. ખરેખર હું એમજ કહી શકુ કે પીવામાં હું ગ્રેજ્યુએટ થયો અને જમવા કરવા તથા ખાવામાં મેં ડીગ્રી મેળવી.

“જ્યારે હું એકવીશ વરસનો થયો ત્યારે હું સેન્ટપીટર્સબર્ગમાં પાછો આવ્યો. મારી જન્મ ગાંઠને માત્ર થોડાજ દીવસ બાકી હતા. આ વખતે મારા પિતાએ પોતાના ઘરમાં ઉપરા સાપરી ખાણાઓ, નાચ રંગ કરવા માંડ્યા. મારા જન્મ ગાંઠને દીવસે તેમણે મને પોતાની અભ્યાસ કરવાની બેઠકમાં મારે કાંઇક ખાનગી કહેવું છે તથા કાંઇક આપવું છે એમ કહીને બોલાવ્યો. એક ત્રિકોણાકાર મોરોકો જાતના ચામડાની ન્હાની પેટી તેની ટેબલપર પડેલી મેં જોઇ. હું તે બેઠકની અંદર દાખલ થયોકે મારી ખાત્રી થઇ કે આ પેટી

* પીટર ધી ગ્રેટ નામનો એક મોટો નામાંકિત રાજા થઇ ગયો છે. મા. લ. ઘો.

મને આપવાની છે. મારા પિતા આરામ ખુરશીમાં આનંદથી અઢેલીને બેઠા હતા. તે ડહાપણ ભરેલી અને માયાળુ શિખામણો આપવા મંડયા પણ મારે દિલગીરીની સાથ કબુલ કરવું પડે છે કે તેની તરફ મારૂં ધ્યાન નહોતું. પોતાના વ્યાપારના બહોળાપણા વિશે તેમજ પોતાનો છોકરો પણ તેમાંજ ભાગ લેશે એમ જાણીને ખુશી થવા વીશે પણ તેણે કહયું તેમજ મને તે દીવસથી તેનો ભાગીદાર કરયોછે અને વાર્ષીક નફામાંથી સારો ભાગ આપવાની ખુશ ખબર કહી અને આખરે પિતૃભાવની નીશાની ખાતર તે પેટી મને ભેટ આપી. મેં તે ખુલ્લી કરી અને અંદર જોયું તો ઉમદા પ્રતિના હીરા જોયા. દરેક હીરો સારા પાણીવાળો હતો અને કદ સાધારણ વટાણાના જેવડું હશે.

"તેની કિંમત મને ખાત્રી છે કે અંગ્રેજી પૈસામાં ત્રણસો ગીનીથી ઓછી નહિ હશે. થોડોક વખત સુધી તાજુબી તથા ખુશીથી મારી જબાન પણ ઉઘડી નહિ, અને ઉપકારનો એક શબ્દ પણ હું બોલી શકયો નહિ. મારા પિતા હસ્યા અને મેં તમને જે હકીકત કહી તે મને તેમણે કહી સંભળાવી.

"આ વાત મેં કદી સાંભળી નહોતી. શહેરમાં જે ગપ્પા ચાલતા હતા તેજ માત્ર હું જાણતો હતો કે મારા પિતા રૂશિયામાં આવ્યા તે પહેલાં પૂર્વમાં મોટો વેપાર કરતા હતા અને ઘણા વર્ષપર એક નવીન હીરો, માહારાણી કેથેરાઇનને વેચાતો આપ્યો હતો. જો પહેલાં મને તાજુબી લાગી હતી તો હમણાં તો હું વધારે તાજુબ થયો અને જાણે સ્વપ્નામાં હોઉં એમ તે વર્ણન સાંભળ્યું. આખેર મારા પિતાએ કહ્યું 'મારા વ્હાલા પુત્ર તેં અટકળ તો કરી હશે, તેવીજ રીતે આ હીરા સાઠ વરસપર તારા પિતામહના તકીઆ નીચેથી મે લીધા હતા તે છે.' આ વખતથી હું બીજાઓને અદેખાઇ ઉપજે તેવી જીંદગી ભોગવતો હતો. મારી ગાડી સુંદરમાં સુંદર હતી, ઘોડાઓ પણ તેવાજ હતા, અને એક ન્હાનો કુતરો હતો. નીવાની ગોદીમાં રહેનારાં મોજ મજાના વહાણમાં મારૂં વહાણ ઉત્તમ હતું. નાટકોમાં પણ મારી જગ્યા નાના કૌન્ટ સેમસીકોપની પાસેજ હતી. આ શાહજાદો ફકડોમાં આગેવાન હતો. અમારી બેઠકની પાસેજ મોટા વગવાળા ઉમરાવોમાંનો એક અને રૂશિઆ લશકરનો જનરલ પ્રીન્સ રૂફેનટફેની બેઠક હતી. થોડા વખતમાંજ સેમસીકોપ અને મારા વચ્ચે ઘાડી મીત્રાઇ થઇ અને છ મહીના પૂરા ન થયા એટલામાંતો હું ફકડમાં ફકડ, પૈસાદારમાં પૈસાદાર જુવાનીઆ તરીકે શહેરમાં પંકાવા લાગ્યો.

"સાહેબ આ વખતેજ મેં પહેલ વહેલાંજ અપ્રતિમ કેટ્રીના જોઇ."

. આ નવીન માણસ આંહી થોભ્યો એમ ઉમેદ રાખીને કે હું અચંબો પામીશ પણ હું તો સભ્યતા અને ધ્યાનથીજ તેની વાત સાંભળતો હતો, એવું મારી મુખમુદ્રા પરથી જાણવાથી પોતાનું ઘડીઆળ તેણે જોયું, માથું ખંજવાળ્યું, બે ત્રણ વખત ખંખાર માર્યા અને વાર્તા પાછી આગળ ચલાવી.

"કદાચ આપ મુને પૂછશો કે આ કેટ્રીના કોણ હતી. સાહેબ તે એક ખડક ઉપર ખીલતું ફુલ હતી, વર્ષાદની વખતે વાદળામાંથી જન્મ પામેલ મેઘ ધનુષ્ય હતું, તે મારી જીંદગીનું સ્વપનું–કાવ્ય તેમજ મોહ હતી. સાહેબ પ્રીન્સ રૂફેનટફ જેનું નામ મેં હમણાંજ આપેલ છે તેની તે એક પુરી બેટી હતી.

"નવાઇ જેવી એ બાબત છે કે માણીઓમાં આવું સુંદર તેમજ દીવ્ય રત્ન આવા કરડાં માબાપથી ઉત્પન થયું. કેટ્રીના જેવી નમ્ર અને પ્રેમી તેવોજ આવેન રૂફેનટફ દારૂણ સિપાઇ અને સખ્ત બાપ હતો. ઘરમાં પણ છાવણીની રીતભાતો તેણે દાખલ કરી હતી અને તેના કુટુંબીઓ તેના સીપાઇઓની માફક તેનાથી ડરતા હતા. તેનો ચહેરો ડરામણો હતો

અવજ્ઞા સ્પષ્ટ સૂચવતો હતો. પણ તેની પાસેજ બેઠેલાં મૃદંગી પ્રાણીની તરફ મન્તએબ થતું કે કુદરતે આમ કેમ કર્યું હશે! બન્ને વચમાં કાંઇ શાની જોવાની મહેનત કરવી પણ ફોકટ. **ઇવાન** કદમાં રાક્ષસ અવયવોના ખુબીદાર સમતોલપણાની નાજુકાઇથી એક બચ્ચાંના જેવી હતી; બાપનો ચેહેરો કાળો હતો અને તેનો આકાર **તાર્તર** જાતના લોકોની કરીનો ચેહેરો તો સુંદર, શ્રેષ્ટ અને **ગ્રીસ**ના લોકોને મળતો આવતો હતો. મને ક્રૂર હતો; **કેટ્રીના** પ્રેમાળ, નિર્દોષ અને નારીની દયા અને કોમળતાનું મારમાં પડયો તેમાં ત્યારે નવાઇ શી? હું તેને થોડાજ ચાહી શકે તેવી જાતિની શક્તિ પ્રમાણે, હું મ્હારૂં ભાન ભૂલી જઇ તેને ચાહવા કોઇ વખત ખરેખર પ્યારમાં પડયો નહોતો. પણ હમણાં તો ખરેખર રીતે યા વગર મને ખાતરી થઇ કે હું પ્યારમાં પડયો છું. નીરાશાએ મારા પ્યારને ગ્યા અને મુશકેલીઓથી હું વધારે દૃઢ બન્યો. લાંબા વખત સુધી તો હું એક રીતે દેવની ભક્તી કરે છે તેવી રીતે માત્ર આંખોથી અને અંતઃકરણથી ચાહતો છટે હોવાથી માત્ર હું તેના સામુંજ જોઇ શકતો, તેના પ્યારા બોલવાનો અવાજ પણ આવ્યો ન હતો. જો મારૂં નામ તેણીને બોલતાં સાંભળતો તો હું મારી જીંદગી સફળ થઇ રેક રાત્રે નાટકોની રૂતુમાં મારી જગ્યા પરથી હું તેની તરફજ જોયા કરતો; જાણે આમાં હોઉં તેવી રીતે હુ ગાયન મુદ્દલ સાંભળતો નહીં. હું દિવસે દિવસે ક્ષીણ ાન ગ્રસ્ત થઇ ગયો, બેચેન સ્વપ્નાવસ્થા ભોગવતો અને કોઇ બોલાવતું તો આડા ાબ દેતો. ટુંકામાં જે જે મોજ શોખોના ગ્રહોમા અને જુગારખાનામાં મોજમજા ટે આતુર હતો ત્યાં એક ભૂતની માફક ભટકતો. આખરે **સેમસીકોફ** એક ર આવ્યો અને મારી વિનાકારણની ઉદાસી વિશે મારી સાથે વાતચીત ચલાવી. મુછ ચડાવતાં તેણે કહ્યું “મારા પ્યારા દોસ્ત તું મને ઇન્સાફ આપતો નથી; મેં રીતી દેખાડી, તેમાં આગળ વધાર્યો અને હવે તને આબેહુબ ફકડ બનાવ્યો. હું એટલુંજ લાગેછે કે મારા જ્ઞાન ઉપર આવો બટ્ટો મેલ્યો અને તમારા ચહેરા વિશે —શા માટે વધારે બોલવું? તમે જાણો છો કે દુનીઆને વાસ્તે કાંઇ નહીં ને કાંઇ પણ માણસે ખુશ તો રહેવું જોઇએ. શું? તમે કરજદાર છો? અને તમારા વ્હાલા કાયળાનું મોં શું સાંકડું કરે છે?”

મેં મારૂં માથું ધુણાવ્યું. હું તરતજ ભરીને આપું એટલો કરજમાં નહોતો અને મારા પતા હું વાજબી રીતે ઇચ્છી શકું એટલા મારી તરફ ઉદાર હતા; હકીકત એમ નહોતી.

“શું? એમ નહીં?” **સેમસીકોફ** બોલ્યો. “વારૂ ત્યારે તમે પ્યારમાં પડ્યા છો. હા; તમે શરમાઓ છો! સૂર્યના તેજ જેવી હકીકત સિદ્ધ છે, અને **પીટર,** ભપકાદાર **પીટર,** પ્યારમાં પડયો છે; હું દેવના સમ ખાઇને કહું છું કે આ સઘળું બહુજ હાસ્યજનક છે; પણ છોકરી કોણ છે?”

“**શાહજાદી કેટ્રીના,**” મેં વિશ્વાસથી જવાબ આપ્યો.

સેમસીકોફ ચમકયો અને ઉદાસીથી સીટી વગાડી.

તે જવાબમાં બોલ્યો; “**શાહજાદી કેટ્રીના?**”

મેં મારૂં માથું મેજ ઉપર નમાવ્યું; અને આંખમાં આંસુ ભરાઇ આવ્યાં.

“હું જાણું છું કે હું મુર્ખ છું!” મેં ડસકાં ખાતે ખાતે કહ્યું. “હું જાણું છું કે કોઇ તરેહની આશા નથી તેમજ કાંઇ પણ યુક્તી સુજતી નથી; પણ તેનો અંત દેશનિકાળપણું અથવા તો મૃત્યુ છે અને છતાં પણ હું તેણીને ચાહું છું; અરે તેણીને ચાહું છું; હું મરું છું; હું મરું છું; અહો રાત્રી મોતજ દેખું છું—”

મારા દોસ્તને દયા આવી—મારા ખભા ઉપર હાથ મેલી તે બોલ થાઓ." કારણ કે તેણીની તમારી સાથે મુલાકાત કરાવવાની મ્હોરા પાર તે નિષ્ફળ ગઇ તો બીજી તમે પોતે સફળ કરશો. તમારે તેને પગે પ કહેજો અથવા તો છાનુ પરણવાની તેને વિનતી કરજો. નજીકના બંદરે ટપ્પા રાખીશું અને તે પ્રસંગને માટે ભાડે લીધેલ એક વાહાણમાં હંક કાપ્યો એટલે પછી તમારી પાછળ કોણ પડવાનું છે. જોજો. મને લાગે છે અને જો તમે વધારે આનંદી મોહોડું કરો તો હું આ વિશેના રસ્તા વાને તત્પર થાઉં.

આ શબ્દો સાંભળીને રાત્રીમાંથી દિવસ થયો હોય એમ મને લા

"સેમર્સીકોફ" મેં કહ્યું, "તમે મારી જીંદગી બચાવી છે."

તેજ રાત્રે નાટકશાળામાં મને અચંબાની સાથે માલમ પડયું કે તે એક ઉમરાવની સાથે **પ્રિન્સ રૂફેનટફ** જ્યાં બેઠો હતો ત્યાં ગયો, અને ઘોરણ તેની દીકરીની ઓળખાણ કરી. તેણે ત્યાં થોડાજ વખતમાં **કેટ્રીના** સાથે વાત યુક્તી શોધી કહાડી. તે જગ્યા છોડી તે પહેલાંજ તુરતજ મારી તરફ તેણે માથું ધુ હાથની નીશાની કરી. તેણીએ તુરતજ આંખ આગળ દુરબીન લીધું. તેઓએ થોડી કરી કે તેણીએ ફરીથી જોયું અને મને આખા નાટકશાળા ફરતી હોય એમ જણ તેણે સલામ કરી રજા લીધી અને મારી બાજુએ પોતાની જગાએ આવ્યો.

"પાસો પડી ચુક્યો" તેણે ખુશીથી હાથ મસળતાં કહ્યું. "પાસો પડયો છે, અ થઇ છે. તમને હું જાણું છું એમ તેણીએ જોયું. કે તુરતજ કુદરતી રીતે તમે કોણ પુછ્યું. મેં ઉત્તર આપ્યો. સારા અંતઃકરણવાળો તથા અત્યુતમ જોડીનો **કેટ્રીના**એ પુછ્યું, "ઘોડાની?" "નહીં" મેં જવાબ આપ્યો "હીરાની;" તે ફરીથી જોયું. "તેની પાસે ઘોડા પણ છે." હું જરા વાતચીત ચલાવી બોલ્યો. તે ઘણો સારો માણસ છે અને મારો પ્રિય મિત્ર છે પણ તે સુખી નથી." અગા આતુરતાથી તમારી તરફ તેણે જોયું. ઓરતને પુરૂષના દુઃખ વિશે કહેવા જેવી નથી. તેણી તુરતજ તમારી સાથે અર્ધા પ્યારમાં તો પડી હશે." પછી **કેટ્રીના** એ ચહેરો ફિકો માલમ પડે છે. તેની દિલગીરીનું શું કારણ હશે." હું હસ્યો અને ડોકું **"શાહજાદી કેટ્રીના"** હું ગંભીર અર્થથી બોલ્યો, "તેની દિલગીરી રૂપી ભેદનો ખુલ હું આખા દુનીઆમાંથી તમને તો નજ કહી શકું." એમ કહીને મેં રજા લીધી અને ધારૂંછું કે તમે મારા બહુજ આભારી થયા છો." અને ખરેખર મારે તેના ઘણોજ ઉપકા માનવો જોઇએ. કેમ કે **કેટ્રીના**નું ધ્યાન તે રાત્રી નાટકના તખ્તાના કરતાં મારી તરફ લાગતું મેં જોયું. બે ત્રણ વખત અમારી આંખોનો મેલાપ પણ થયો.

હવેથી જીંદગીનું રૂપ મને સુંદર અને નવું ભાસવા લાગ્યું. યાતો મારા દોસ્તની સુચના ઉપરથી યાતો મારા પ્યારથી ભરપુર જાણે બોલતા હોય તેવાં કટાક્ષોનાં તેણીના ધ્યાન પુર્વક મનથી, ગમે તેમ હોય પણ કોઇ રીતે સુંદર **કેટ્રીના**ને મારા પ્યારની ખબર થઇ અને તેને નિરાશ કરવા જેટલી તેણીનામાં ક્રુરતા નહોતી. કેટલીક વખતે જ્યારે તે પિતા પુત્રી નાટકની અંદર દાખલ થવાના ઓરડામાં મારી નજદીક ઉભાં હોય ત્યારે તે પોતાનો રૂમાલ યાતો પંખો નીચે નાંખી દેતી તે એવી ઉમેદથી કે તેને તે ઉચકીને આપવાની મને તક મળે. કેટલીક વખત જતી વખતે પોતાની કલગીમાંથી એક ફૂલ બેસવાની જગ્યા નજદીક મૂકી જતી, જેથી હું જઇને તેઓ જતાં રહે ત્યારે ઉચકી લઉં. એમ થોડા વખત ચાલ્યા પછી આખરે તે મ્હને મુલાકાત આપવાને એકવેળા કબુલ થઇ.